
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય

## શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય

## શબ્દશઃ વિવેચન

✣ મૂળ ગ્રંથકાર ✣

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✣ વિવેચનકાર ✣

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

સુવિશાલગચ્છાધિપતિ – વ્યાખ્યાનવાચસ્પતિ
પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના
આજ્ઞાવર્તીની પૂજ્ય ચંદ્રાનનાશ્રીજી મ. સા.ના વિદુષી શિષ્યા
પૂજ્ય ચારુનંદિતાશ્રીજી મ. સા.ના શિષ્યા ધ્યાનરુચિતાશ્રીજી

સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.
ગીતાર્થ ગંગા

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન


❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**



વીર સં. : ૨૫૩૫ ❖ વિ. સં. : ૨૦૬૫ → આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૩૦૦

વીર સં. : ૨૫૩૮ ❖ વિ. સં. : ૨૦૬૮ → આવૃત્તિ : દ્વિતીય ❖ નકલ : ૩૦૦

**મૂલ્ય : રૂ. ૮૦-૦૦**

※ આર્થિક સહયોગ ※

**શ્રીમતી હસુમતિબેન શાંતિલાલ શાહ, (સિહોર-હાલ મુંબઈ)**

**હ. નીલકમલભાઈ, રજનીભાઈ, ઈલાબહેન, નીતાબહેન**

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૧૨

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

※ મુદ્રક ※

આકાશ એજન્સી

પહેલો માળ, મેહમુદ સૈયદ બિલ્ડીંગ, પ્રકાશ સિનેમા પાસે, ઘીકાંટા, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૨૪૬૧૦



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન

**✣ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✣ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✣ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✣ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✣ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✣ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**✣ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

**'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,**
**ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.**

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્તો**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. સદ્ગતિ તમારા હાથમાં !
૬. દર્શનાચાર
૭. શાસન સ્થાપના
૮. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૯. અનેકાંતવાદ
૧૦. પ્રશ્નોત્તરી
૧૧. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૨. ચિત્તવૃત્તિ
૧૩. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૪. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૫. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૬. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૭. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૮. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૯. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૫. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનનાં ગ્રંથો

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન

૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન

૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત
શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧     ૨. ધર્મતીર્થ ભાગ-૨

# પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાયની
# સંકલના

શ્રાવકને છ આવશ્યકમય પ્રતિક્રમણ પ્રતિદિન સવાર-સાંજ કર્તવ્ય છે જેનાથી સામાયિક તરફનો પરિણામ અભિમુખ થાય છે જે સામાયિકનો પરિણામ પ્રકર્ષને પામીને સર્વવિરતિનું કારણ બને છે અને સર્વવિરતિ જ પ્રકર્ષને પામીને અસંગભાવને પામીને વીતરાગનું કારણ બને છે, વીતરાગતા કેવળજ્ઞાનનું કારણ બને છે અને કેવળજ્ઞાન જ યોગ નિરોધનું કારણ બને છે. યોગનિરોધથી સર્વ દુઃખનો અંત થાય છે; જેથી દુઃખમય સંસારના પરિભ્રમણનો અંત થાય છે. માટે કલ્યાણના અર્થી જીવે ષડ્આવશ્યકમય પ્રતિક્રમણ કયા પ્રકારનાં પરિણામપૂર્વક કરવું જોઈએ તેનો વિશેષ બોધ કરાવવા અર્થે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે પ્રસ્તુત સજ્ઝાયની રચના કરેલ છે. યોગ્ય જીવો તેનું સમ્યક્ સમાલોચન કરીને પ્રતિક્રમણ કરવામાં યત્ન કરશે તો ગ્રંથકારશ્રીની રચનાનો યોગ્ય ઉપકાર આપણને પ્રાપ્ત થશે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

**વિ.સં. ૨૦૬૫, અષાઢ સુદ-૧૩** **– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૫-૭-૦૯, રવિવાર**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# સંપાદિકાની વાત...

મહામહોપાધ્યાય પૂજ્ય યશોવિજયજી મ. સા.એ અનેક સંસ્કૃત ગ્રંથોની રચના કરી શાસન પર અનન્ય ઉપકાર કર્યો છે. તેવી જ રીતે સામાન્ય લોકના ઉપકાર માટે ગુજરાતી ભાષામાં પણ સ્તવન-સજ્ઝાયો-ઢાળો વગેરેની રચના કરી લોકહૃદય સુધી પ્રભુશાસનનું તત્ત્વ પહોંચાડવા પ્રયત્ન કર્યા છે. પ્રસ્તુત "પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય" રૂપ સજ્ઝાય પણ તેમાંની એક છે. જેમાં પાંચેય પ્રતિક્રમણની ક્રિયાના ભાવોનું સુંદર વિવેચન છે.

પૂજ્ય ઉમાસ્વાતિ મ. સા. ફરમાવે છે "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ" – પ્રભુશાસનમાં જ્ઞાનની સાથે સાથે ક્રિયાનું પણ ખૂબ મહત્ત્વ છે. અને આ બધી ક્રિયાઓમાં શિરમોર કહી શકાય તેવી છ આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયા છે. આવશ્યક-નિર્યુક્તિમાં આવશ્યક શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કરતાં જણાવ્યું કે "અવશ્યં કર્તવ્યં ઇતિ આવશ્યકમ્" અથવા "ગુણાનાં આસમન્તાદ્ વશ્યં આત્માનં કરોતિ ઇતિ આવશ્યકમ્". વળી પૂ. ભદ્રબાહુસ્વામી મ. સા.એ 'કલ્પસૂત્ર'માં ફરમાવ્યું છે કે અતિચાર લાગે કે ન લાગે, પહેલા અને છેલ્લા જિનના સાધુઓએ ઉભયટંક પ્રતિક્રમણ કરવાનું છે. શ્રાવકનાં ૩૬ કર્તવ્યરૂપ "મન્હ જિણાણં સજ્ઝાય"માં પણ શ્રાવક માટે ફરમાવ્યું છે કે "છવ્વિહ આવસ્સયંમિ ઉજ્જુત્તો હોઈ પઈદિવસં". પરંતુ આજે શ્રાવક-શ્રાવિકાઓમાં આ કર્તવ્યની ખૂબ જ ઉપેક્ષા થઈ રહી છે. આજે શ્રી સંઘમાં પ્રતિક્રમણ કરનાર શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે.

આવી ગુણપોષક પ્રતિક્રમણની ક્રિયામાં ભાવપ્રાણ પૂરવા પૂ. યશોવિજયજી મ. સા.એ પ્રસ્તુત સજ્ઝાયની રચના કરી છે. ગુરુકુલવાસમાં રહી સંયમજીવનની આરાધના કરતાં કરતાં મારા મહાપુણ્યોદયે મને વિદુષી સાધ્વી પૂ. ગુરુદેવ ચારુનંદિતાશ્રીજી મ. સા.ની અનુજ્ઞાથી યોગીપુરુષ એવા પં. પ્રવીણભાઈ પાસે આ સજ્ઝાયના અર્થ કરવાની સુવર્ણતક સાંપડી. આમ તો પાંચ પ્રતિક્રમણની ક્રિયાનાં ઘણાં રહસ્યો આ કૃતિમાં ખોલ્યાં છે. દા.ત. પ્રતિક્રમણ દરમિયાન જ્ઞાનના અતિચારની શુદ્ધિ ક્યાં આવે, દર્શનના અતિચારની શુદ્ધિ ક્યાં આવે ! વગેરે. પરંતુ તે બધામાં શિરમોર કહી શકાય એવી, પ્રતિક્રમણ શબ્દના પર્યાયવાચી અર્થોને સમજાવતી છેલ્લી ઢાળો-૧૦ થી ૧૮ ખૂબ જ ચિંતન-મનન કરવા જેવી

છે. ખૂબી એ છે કે આ ઢાળોમાં આપેલ દૃષ્ટાંતો કપોલકલ્પિત નથી પરંતુ ઘણાં તો આગમિક દૃષ્ટાંતો છે. જેનું સરળ લોકભોગ્ય ગુજરાતી ભાષામાં પૂ. યશોવિજયજી મ. સા.એ વર્ણન કરેલ છે. અને મારા જેવા બાલજીવો ઉપર વિશેષ ઉપકાર કરવા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈએ એના ગૂઢાર્થ ખોલી સુંદર વિવેચન કર્યું છે.

આ આખી રચના પૂર્ણ થતાં ઢાળ-૧૯માં પૂ. યશોવિજયજી મ. સા.એ ઉલ્લાસથી ગાયું :

"વૈરાગ્ય બલ જીતીયું રે, દલિય તે દુર્જન દેખતાં રે, વિઘ્નની કોડાકોડ" - મને પણ આ ગ્રંથનું લખાણ નિર્વિઘ્ને પૂર્ણ થતાં અત્યંત આનંદ થયો. એકદમ ભાવના થઈ કે આ મહાપુરુષે રચેલ સ્તવન **'આનંદકી ઘડી આઈ.....'**ના અર્થ કરું. શ્રી પ્રવીણભાઈને પૂછતાં 'હા' પાડી એટલે આનંદની અભિવ્યક્તિરૂપ એ સ્તવનનું લખાણ થયું. જે આ કૃતિના અંતે મૂક્યું છે. માત્ર પાંચ કડીના સ્તવનમાં આ મહાપુરુષે સમ્યગ્દર્શનથી માંડી મોક્ષપ્રાપ્તિ સુધીનો આખો માર્ગ બતાવી દીધો છે જે તેઓશ્રીની યોગપ્રાપ્તિની રુચિ બતાવે છે.

આ સજ્ઝાયના અર્થ કરવાની અનુજ્ઞા આપનાર શ્રુતકાર્યમાં રત પૂજ્ય ગુરુદેવ ચારુનંદિતાશ્રીજી મ. સા.ની હું ખૂબ ખૂબ ઋણી છું. વળી, વડીલ સાધ્વી ભગવંતો પૂ. હિતરુચિતાશ્રીજી મ. સા. તથા પૂ. જિતમોહાશ્રીજી મ. સા. જેઓએ મારી પાસે અન્ય કામની અપેક્ષા ન રાખતાં મને પાઠ કરવાની અનુકૂળતા કરી આપી તેઓની પણ હું ઋણી છું. લખાણનું કાચું કામ કરી આપનાર જ્ઞાનરસિક અંકિતાબેનનો સહકાર પણ ભૂલી શકાય તેમ નથી.

પ્રાંતે આ કૃતિના લખાણ દ્વારા મારી પ્રતિક્રમણની ક્રિયા સમ્યગ્ બને અને હું પણ દોષોની નિંદા-ગર્હા કરતા કરતા આત્મશુદ્ધિ પામી કર્મનાં આવરણોને તોડતાં તોડતાં પરમપદને પ્રાપ્ત કરું એ જ એકની એક અભિલાષા.

'कल्याणमस्तु सर्वजीवानाम्'

**વિ.સં. ૨૦૬૫, અષાઢ સુદ-૧૩**
**તા. ૫-૭-૦૯, રવિવાર**
**ગીતાર્થગંગા, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, પાલડી,**
**અમદાવાદ-૩૮૦૦૦૭.**

**વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય ચારુનંદિતાશ્રીજી મ. સા.ની શિષ્યા સાધ્વી ધ્યાનરુચિતાશ્રીજી મ. સા.**

## અનુક્રમણિકા


| ઢાળ નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | પ્રસ્તાવ - મંગલાચરણ 'સામાયિકઆવશ્યક' આદિ છ આવશ્યકોની સંક્ષેપમાં સમજ. | ૧-૬ |
| ૧ | કયા આવશ્યકથી કયા આચારની શુદ્ધિ થાય તેનું વર્ણન. | ૭-૧૬ |
| | પ્રતિક્રમણ કરવાનો કાળ - (ઉત્સર્ગ-અપવાદથી). | ૧૪ |
| ૨ | દેવવંદનમાં આવતા બાર અધિકારોનું વર્ણન. | ૧૭-૨૦ |
| ૩ | અતિચારની શુદ્ધિ અને પ્રતિક્રમણ શબ્દના પર્યાયવાચી શબ્દોનાં નામ. | ૨૧-૨૯ |
| ૪ | 'પગામ સજ્ઝાય'થી બે વાંદણાં સુધીની વિધિનું વર્ણન. | ૩૦-૩૫ |
| ૫ | ચારિત્ર આદિની શુદ્ધિ માટે કરાતા 'કાયોત્સર્ગ આવશ્યક' તથા શ્રુતદેવી અને ક્ષેત્રદેવતાના કાઉસ્સગ્ગના હેતુનું વર્ણન. | ૩૬-૪૭ |
| ૬ | "સંસારદાવાનલ તથા નમોસ્તુ વર્ધમાનાય..." બોલવાનો હેતુ. | ૪૮-૫૭ |
| | 'પ્રતિક્રમણ'માં પંચાચારની શુદ્ધિ ક્યાં કઈ રીતે તેનું વર્ણન. | ૫૩ |
| | 'પ્રતિક્રમણ'ની ક્રિયાના કર્તા-કર્મ કોણ ? | ૫૫ |
| ૭ | રાઈ પ્રતિક્રમણની વિધિ - ચારિત્રાચાર આદિ ત્રણના કાયોત્સર્ગનો હેતુ. | ૫૮-૬૭ |
| | 'તપચિંતવણી કાઉસ્સગ્ગ' કરવાની વિધિ. | ૬૪ |

| ઢાળ નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૮ | 'પક્ખી પ્રતિક્રમણ', 'ચોમાસી પ્રતિક્રમણ' અને 'સંવત્સરી' પ્રતિક્રમણની વિધિ. | ૬૮-૭૫ |
| ૯ | 'પ્રતિક્રમણ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ. હેતુ-સ્વરૂપ-અનુબંધથી પ્રતિક્રમણ શું ? તેનું સ્પષ્ટીકરણ. | ૭૬-૮૦ |
| ૧૦ | 'પ્રતિક્રમણ' શબ્દના અર્થ ઉપર 'અધ્વ'નું દૃષ્ટાંત. | ૮૧-૮૭ |
| ૧૧ | 'પ્રતિક્રમણ' શબ્દના "પ્રતિકરણ" પર્યાયનો અર્થ અને તેના ઉપર 'પ્રાસાદ'નું દૃષ્ટાંત. | ૮૮-૧૦૧ |
| ૧૨ | 'પ્રતિક્રમણ' શબ્દના "પડિહરણ" પર્યાયનો અર્થ અને તેના ઉપર બે કુલપુત્રોનું દૃષ્ટાંત. | ૧૦૨-૧૦૭ |
| ૧૩ | 'પ્રતિક્રમણ' શબ્દના 'વારણા' પર્યાયનો અર્થ અને તેના ઉપર વિષભુક્ત તલવારોનું દૃષ્ટાંત. | ૧૦૮-૧૧૧ |
| ૧૪ | 'પ્રતિક્રમણ' શબ્દના "નિવૃત્તિ પર્યાય" ઉપર રાજકન્યાનું દૃષ્ટાંત. | ૧૧૨-૧૧૫ |
| ૧૫ | 'પ્રતિક્રમણ' શબ્દના 'નિવૃત્તિ' પર્યાય ઉપર ગચ્છ છોડવાની તૈયારી કરતા સાધુનું દૃષ્ટાંત. | ૧૧૬-૧૧૯ |
| ૧૬ | 'પ્રતિક્રમણ' શબ્દના "નિંદા" પર્યાય ઉપર ચિત્રકારની પુત્રીનું દૃષ્ટાંત. તદંતર્ગત બુદ્ધિ-ચાતુર્યના પ્રશ્ન-જવાબ. | ૧૨૦-૧૩૩ |
| ૧૭ | 'પ્રતિક્રમણ' શબ્દના "ગર્હા" પર્યાય ઉપર 'પતિમારિકા'નું દૃષ્ટાંત. | ૧૩૪-૧૩૮ |
| ૧૮ | 'પ્રતિક્રમણ' શબ્દના "શુદ્ધિ" પર્યાય ઉપર રાજાના વસ્ત્રોનું દૃષ્ટાંત. | ૧૩૯-૧૪૩ |
| | 'શોધિ' પર્યાય ઉપર ઔષધનું દૃષ્ટાંત. | ૧૪૪-૧૪૬ |

| ઢાળ નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૯ | નિર્વિઘ્ને સજ્ઝાય પૂર્ણ થયા પછી કૃતિકાર દ્વારા હર્ષની અભિવ્યક્તિ કરતી ઢાળ તથા આઠ દૃષ્ટાંતનો સંક્ષેપમાં સારાંશ. | ૧૪૭-૧૫૩ |
| | પૂજ્ય યશોવિજયજી મ. સા. કૃત "આનંદકી ઘડી આઈ" સ્તવનનું વિવેચન. | ૧૫૪-૧૫૯ |
| | સ્તવનનો 'ઉપસંહાર'. | ૧૫૯ |



❖ ⁂ ❖

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

# પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય

## ❖ પ્રસ્તાવ ❖

### -: દુહા :-

ગાથા :-

શ્રી જિનવર પ્રણમી કરી, પામી સુગુરુ પસાય;
હેતુગર્ભ પડિક્કમણનો, કરશ્યું સરસ સઝાય. ૧

ગાથાર્થ :-

જિનેશ્વર ભગવાનને પ્રણામ કરી, સુગુરુ=સદ્ગુરુના, પસાય=કૃપાને પામીને, "પ્રતિક્રમણ હેતુગર્ભિત સજ્ઝાય"નો સરસ સઝાય=સુંદર સ્વાધ્યાય, કરશું. ॥૧॥

ગાથા :-

સહજસિદ્ધ જિનવચન છે, હેતુ રુચિને હેતુ;
દેખાડે મન રીઝવા, જે છે પ્રવચનકેતુ. ૨

ગાથાર્થ :-

સહજસિદ્ધ એવું જિનવચન હેતુ છે. તે શેમાં હેતુ છે તેથી કહે છે : રુચિનો હેતુ છે. જે દેખાડે=બતાવવામાં આવે, તો મન રીઝે છે. વળી, જે પ્રવચનનો કેતુ છે=પ્રવચનમાં અગ્ર છે. ॥૨॥

**ગાથા :-**

**જસ ગોઠેં હિત ઉલ્લસે, તિહાં કહીજે 'હેતુ';**
**રીઝે નહિ બૂઝે નહિ, તિહાં હુઈ હેતુ 'અહેતુ'. ૩**

**ગાથાર્થ :-**

**જસ ગોઠેં=જેને જિનવચન ગમે, તેનું હિત ઉલ્લાસ પામે તે વ્યક્તિમાં જિનવચન રુચિનો હેતુ કહીજે. રીઝે નહિ, બૂઝે નહિ=જિનવચન સાંભળીને જે રીઝે નહિ, બૂઝે નહિ ત્યાં જિનવચનરૂપ હેતુ રુચિનો અહેતુ થાય છે. ॥૩॥**

**ગાથા :-**

**હેતુ યુક્તિં સમજાવીએ, જે છોડી સવિ ધંધ;**
**તેહજ હિત તુમે જાણજો, આ અપવર્ગ સંબંધ. ૪**

**ગાથાર્થ :-**

**છોડી સવિ ધંધ=સર્વ ધંધો છોડી, જે હેતુને=રુચિના હેતુને, યુક્તિથી સમજાવીએ તેહી જ હિત તુમે જાણજો. આ જિનવચન અપવર્ગ=મોક્ષ, સાથે સંબંધ કરાવનાર છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

સજ્ઝાયકાર અહીં "પ્રતિક્રમણ હેતુગર્ભિત સજ્ઝાય"નો સ્વાધ્યાય કરવા પૂર્વે 'મંગલાચરણ' કરતાં કહે છે કે : જિનેશ્વર ભગવંતને પ્રણામ કરી પોતે આ સ્વાધ્યાય કરે છે. વળી, સુગુરુના પસાયને પામીને આ સ્વાધ્યાય કરે છે=સુગુરુ પાસેથી તેનો પરમાર્થ જાણીને આ રચના કરે છે. વળી, તેનો વિષય બતાવતાં કહે છે કે પ્રતિક્રમણના હેતુ છે ગર્ભમાં જેને એવો આ સુંદર સ્વાધ્યાય છે. અર્થાત્ કયા હેતુથી પ્રતિક્રમણની પ્રવૃત્તિ છે ? તેનો યથાર્થ બોધ થાય તેવો આ સુંદર સ્વાધ્યાય છે.

વળી, આ પ્રતિક્રમણ એ સહજ સિદ્ધ એવું જિનવચન છે અર્થાત્ જિનવચનાનુસાર આ છ આવશ્યકની ક્રિયા છે. તે=છ આવશ્યકની ક્રિયા,

જિનવચન પ્રત્યે રુચિનો હેતુ છે જે યોગ્ય જીવોના મનને રીઝવવા માટે સજ્ઝાયકાર અહીં બતાવે છે. અર્થાત્ આ છ આવશ્યકનું વર્ણન સાંભળીને યોગ્ય જીવોનું ચિત્ત આ છ આવશ્યક પ્રત્યે આકર્ષણવાળું બને છે અને આ છ આવશ્યકમય પ્રતિક્રમણ પ્રવચનનો કેતુ છે અર્થાત્ પ્રવચનનો સાર છે. તેના સ્વરૂપનું વર્ણન સાંભળીને જેનું મન તે છ આવશ્યક પ્રત્યે રુચિવાળું થાય તે જીવોના હિતનો ઉલ્લાસ થાય છે અને તેવા જીવોને આ છ આવશ્યક રુચિનો હેતુ છે=મોક્ષમાર્ગના ઉપાયભૂત એવા છ આવશ્યક રુચિનો હેતુ છે અને જેઓ છ આવશ્યકમય પ્રતિક્રમણનાં સૂત્રોના અર્થને સાંભળીને પણ રીઝે નહિ, બૂઝે નહિ તેવા જીવો માટે આ પ્રતિક્રમણ કલ્યાણનો હેતુ હોવા છતાં કલ્યાણમાં અહેતુ છે.

વળી, સજ્ઝાયકાર કહે છે કે અન્ય સર્વ પ્રવૃત્તિઓ છોડીને હેતુ અને યુક્તિથી આ છ આવશ્યકમય પ્રતિક્રમણ સમજાવવું જોઈએ તે જ હિત છે તેમ તમે જાણજો. એટલું જ નહિ શુદ્ધાશયપૂર્વક યોગ્ય જીવોને આ પ્રતિક્રમણના હેતુઓ સમજાવવા એ અપવર્ગ સાથેના સંબંધરૂપ છે અર્થાત્ મોક્ષપ્રાપ્તિનું પ્રબળ કારણ છે.

**૧. સામાયિક :-**

અહીં વિશેષ એ છે કે ભગવાનના શાસનમાં છ આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયા છે તેમાં પ્રથમ **"સામાયિક આવશ્યક"** છે. સાધુ કે સામાયિક કરનાર શ્રાવક સામાયિક કાળ દરમિયાન વિકલ્પથી સમભાવને ઉત્પન્ન કરે છે. જેમ સંસારમાં બાહ્ય પદાર્થોને જોઈને વિચાર આવે કે "આ સુંદર છે" તો તે પદાર્થ ઉપર રાગ ઉત્પન્ન થાય છે તેમ સાધુ કે શ્રાવક વિકલ્પ કરે છે કે જીવ માટે સમભાવનો પરિણામ હિતકારી છે તેથી તેને સમભાવ પ્રત્યે રાગ થાય છે અને તે રાગને કારણે જ સમભાવમાં દૃઢ યત્ન થાય તો સમભાવનો પરિણામ પ્રગટ થાય છે. અને તે સમભાવનો પરિણામ એટલે સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર ઇત્યાદિ સર્વ ભાવો પ્રત્યે તુલ્ય ભાવ. આ પ્રકારનો સમભાવ મારે કરવો છે અને તે સમભાવની નિષ્પત્તિ થાય કે તેની વૃદ્ધિ થાય તેવી જ પ્રવૃત્તિ મારે સામાયિકકાળ દરમિયાન કરવી છે તે પ્રકારના માનસ વ્યાપારપૂર્વક સ્વાધ્યાયાદિ

ઉચિત ક્રિયા કરવામાં આવે તો સ્વભૂમિકા અનુસાર સામાયિકને અભિમુખભાવ કે સામાયિકનો પરિણામ કે વિદ્યમાન સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય છે. આ સામાયિકનો પરિણામ જ જીવને અસંગભાવ તરફ લઈ જાય છે અને અસંગભાવ જ વીતરાગતાની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે. માટે **સામાયિક એ પ્રવચનનો સાર છે.**

**૨. ચઉવિસત્થો :-**

ચોવીસ તીર્થંકરોનું સ્તવન એ **"ચઉવિસત્થો આવશ્યક"** છે. સામાયિકના પરિણામને અતિશયિત કરવા અર્થે સામાયિકના પરિણામની નિષ્પત્તિનો સંકલ્પ કર્યા પછી તેની વૃદ્ધિ માટે સામાયિકની પરાકાષ્ઠાને પામેલા અને સામાયિકની નિષ્પત્તિના ઉપાય રૂપે પ્રવચનને બતાવનાર અને યોગ્ય જીવોને યોગમાર્ગમાં પ્રવર્તાવનાર એવા ચોવીસ તીર્થંકરોનાં નામનું કીર્તન અને તે નામના સ્મરણ દ્વારા તેમના ગુણોની સ્મૃતિપૂર્વક, તેમના અભિમુખ બહુમાનભાવની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારરૂપ ચતુર્વિંશતિસ્તવ છે. જેથી પ્રગટ થયેલો સામાયિકનો પરિણામ અવશ્ય વૃદ્ધિને પામે છે.

**૩. વંદન :-**

વળી, સામાયિકના પરિણામના આદ્ય પ્રરૂપક તીર્થંકરની સ્તુતિ કર્યા પછી સામાયિકની ધુરાને વહન કરનારા અને વીતરાગ થવા માટે મહાપરાક્રમ ફોરવનાર એવા સુસાધુને વંદન કરી તેમનામાં વર્તતા સંયમના પરિણામ પ્રત્યેના પક્ષપાતની વૃદ્ધિ દ્વારા પોતાના સામાયિકના પરિણામની શુદ્ધિ અર્થે ત્રીજું **"વંદન આવશ્યક"** કરાય છે.

**૪. પ્રતિક્રમણ :-**

સામાયિકથી વિરુદ્ધના ભાવો સંસારનાં કારણ છે અને અનાદિથી સેવાયેલા તે ભાવોનો ત્યાગ કરીને સામાયિકના પરિણામમાં જવા માટે સામાયિક આવશ્યક કરાય છે અને તે સામાયિક આવશ્યકમાં જે કોઈ સ્ખલનાઓ થઈ હોય તેની શુદ્ધિ માટે સાધુ પ્રતિક્રમણની ક્રિયા કરે છે. શ્રાવક પણ સાધુપણાના અત્યંત અર્થી છે પરંતુ પૂર્ણ સામાયિક પાળવા સમર્થ નથી તેથી સર્વવિરતિ સામાયિકની

શક્તિના સંચય માટે દેશવિરતિ સામાયિકનું પાલન કરી સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. આ દેશવિરતિ સામાયિકમાં જે કોઈ સ્ખલના થઈ હોય તેની નિંદા-ગર્હા દ્વારા શુદ્ધિ કરીને તેના વિશુદ્ધ પરિણામની નિષ્પત્તિ અર્થે અને જેના ફલરૂપે સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત થાય તદર્થે શ્રાવકાચારમાં થયેલા અતિચાર દોષોની શુદ્ધિ અર્થે શ્રાવક પ્રતિક્રમણની ક્રિયા કરે છે. જે પ્રતિક્રમણની ક્રિયા શ્રાવકે દેશવિરતિ સામાયિકરૂપે સ્વીકારેલાં બારવ્રતોમાં થયેલા અતિચારની શુદ્ધિને અનુકૂળ વ્યાપારરૂપે આલોચના, પ્રતિક્રમણ અને કાઉસ્સગ્ગના ક્રમથી પ્રતિક્રમણમાં વણાયેલ છે. અહીં ષડ્આવશ્યકની ક્રિયામાં **આલોચના પ્રતિક્રમણના પૂર્વાંગરૂપ છે અને કાઉસ્સગ્ગ પ્રતિક્રમણના ઉત્તરાંગરૂપ છે.** તેથી સાધુ કે શ્રાવક ઉપયોગપૂર્વક આલોચનારૂપ પૂર્વાંગ, પ્રતિક્રમણરૂપ મુખ્યઅંગ અને કાઉસગ્ગરૂપ ઉત્તરાંગમાં યત્ન કરે અને લક્ષ્યના વિસ્મરણ વગર પ્રતિક્રમણકાળમાં અંતરંગ દૃઢ વ્યાપાર કરે; તો અવશ્ય અતિચારોરૂપ પાપની શુદ્ધિ દ્વારા દેશવિરતિ ચારિત્રની કે સર્વવિરતિ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ રીતે અતિચારની શુદ્ધિ અર્થે ચોથું **'પ્રતિક્રમણ આવશ્યક'** કરાય છે.

### ૫. કાયોત્સર્ગ :-

**કાયોત્સર્ગ=કાયાનો ઉત્સર્ગ=સ્થાન, મૌન અને ધ્યાનથી કાયાનો ત્યાગ.** આ રીતે કાયાનો ત્યાગ કરીને કાયોત્સર્ગ કાળમાં સાધુ કે શ્રાવક શુભચિંતવન દ્વારા વિશેષ પ્રકારે સમભાવને ઉલ્લસિત કરવા પ્રયત્ન કરે છે. આરંભ-સમારંભ વાળી કાયા છે, તેના ત્યાગપૂર્વક નિરારંભ યોગને ઉલ્લસિત કરે તે પ્રકારના મનોવ્યાપારરૂપ કાયોત્સર્ગની ક્રિયા તે **"કાયોત્સર્ગ આવશ્યક".** સંયમજીવનમાં કે શ્રાવકના જીવનમાં લાગેલા અતિચારો આલોચનાથી કે પ્રતિક્રમણથી શુદ્ધ થયા પછી કદાચ કોઈ અંશથી શુદ્ધ ન થયા હોય તો તે કાયોત્સર્ગથી શુદ્ધ થાય છે તેથી સામાયિકનો પરિણામ વિશુદ્ધતર બને છે.

### ૬. પચ્ચક્ખાણ :-

સામાયિકના પરિણામના પ્રકર્ષના અર્થી જીવો વિશુદ્ધભાવની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સંતોષવાળા હોતા નથી. તેથી પોતાના સામાયિકના ભાવના પ્રકર્ષ અર્થે વિશેષ પ્રકારના પચ્ચક્ખાણ કરે છે જેના બળથી સામાયિકનો

પરિણામ જ પુષ્ટ-પુષ્ટતર થાય છે. અને સામાયિકને અનુકૂળ વિશેષ પ્રકારનું વીર્ય ઉલ્લસિત થાય છે માટે સાધુ કે શ્રાવક સામાયિક વગેરે પાંચ આવશ્યક કર્યા પછી પોતાની શક્તિને ગોપવ્યા વગર **"પચ્ચક્ખાણ આવશ્યક"**માં શક્તિ અનુસાર ઉચિત પચ્ચક્ખાણ ગ્રહણ કરી તેના બળથી પણ પોતાના સામાયિકના પરિણામને વિશુદ્ધ બનાવે છે.

આ રીતે છ આવશ્યકનું સ્વરૂપ ઉપસ્થિત કરીને જેઓ છ આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયા કરે છે, તેઓને છ આવશ્યકોનો બોધ છ આવશ્યકોમાં રુચિને ઉત્પન્ન કરે છે અને રુચિપૂર્વક છ આવશ્યકની ક્રિયાથી જેમ જેમ બોધ સૂક્ષ્મ-સૂક્ષ્મતર થાય છે તેમ તેમ તેનું ચિત્ત છ આવશ્યકના વર્ણનથી રીઝે છે=હર્ષ પામે છે કે "અહો ! આ જિનવચન કેવું સુંદર છે !" એની પ્રાપ્તિથી મને સંસારથી બહાર નીકળવાનો ઉપાય મળ્યો. જે રીઝે નહીં કે બૂઝે નહિ તેને રુચિ થાય નહીં તેથી તેની છ આવશ્યકની ક્રિયા કલ્યાણનો અહેતુ છે. વળી, રુચિપૂર્વક જેઓ છ આવશ્યકની ક્રિયા કરે છે તેમને જેમ જેમ બોધ વધે છે તેમ તેમ રુચિ સૂક્ષ્મ-સૂક્ષ્મતર થાય અને જેમ જેમ રુચિ સૂક્ષ્મ-સૂક્ષ્મતર થાય તેમ તેમ સમ્યગ્ દર્શનની નિર્મલતા થાય છે. **॥૧થી ૪॥**

# ઢાળ પહેલી

(રાગ : ઋષભનો વંશ રયણાયરો-એ દેશી)

ગાથા :-

**પડિક્કમણ તે આવશ્યક, રૂઢિ સામાન્ય પયત્થો રે;**
**સામાયિક-ચઉવીસત્થો, વંદન-પડિક્કમણત્થો રે. ૧**
**શ્રુત-રસ ભવિયાં ! ચાખજો, રાખજો ગુરુકુલવાસો રે;**
**ભાખજો સત્ય, અસત્યને નાખજો, હિત એ અભ્યાસો રે. ૨**
**શ્રુત-રસ ભવિયાં ! ચાખમે. એ આંકણી.**

ગાથાર્થ :-

**પ્રતિક્રમણ તે આવશ્યક છે. એ પ્રમાણે રૂઢિથી સામાન્ય પદાર્થ છે=છ આવશ્યકમય પ્રતિક્રમણ છે તે પ્રકારનો રૂઢિથી સામાન્ય પદાર્થ છે. સામાયિક, ચઉવિસત્થો, વંદન, પ્રતિક્રમણ. શ્રુતરસિક ભવિયાં=હે ભવિકો ! શ્રુતરસને ચાખજો, ગુરુકુલવાસ રાખજો=ગુરુકુલવાસને સેવજો. સત્યને ભાખજો=કહેજો અને અસત્યને દૂર ફેંકજો એ હિતનો અભ્યાસ છે.॥૧॥**

ભાવાર્થ :-

સજ્ઝાયકારે પ્રતિજ્ઞા કરી કે "પ્રતિક્રમણ હેતુગર્ભિત સજ્ઝાય"નો સરસ સ્વાધ્યાય કરશું. તેથી પ્રતિક્રમણ શું છે તે સ્પષ્ટ કરતાં કહે છે : પ્રતિક્રમણ છ આવશ્યકમય છે એ પ્રકારનો રૂઢિથી સામાન્ય પદાર્થ છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે છ આવશ્યક અંતર્ગત જે "પ્રતિક્રમણ આવશ્યક" છે તે પ્રતિક્રમણ શબ્દની વ્યુત્પત્તિને આશ્રયી પાપથી પાછા ફરવાની ક્રિયારૂપે છે. પરંતુ જે સાધુ અને શ્રાવકો સવાર-સાંજ પ્રતિક્રમણ કરે છે તે પ્રતિક્રમણ તો આવશ્યક કૃત્યરૂપ છે. એ પ્રકારનો રૂઢિથી પ્રતિક્રમણનો સામાન્ય અર્થ છે. અને તે પ્રતિક્રમણનાં અંગભૂત છ આવશ્યક છે. તેમાંથી પ્રસ્તુત ગાથામાં ૪ આવશ્યકનાં નામો બતાવે છે. (૧) સામાયિક (૨) ચતુર્વિંશતિસ્તવ (૩) વંદન=ગુરુને વંદન (૪) પ્રતિક્રમણ=પાપથી પાછા ફરવાની ક્રિયા. વળી કહે છે કે, હે ભવિક જીવો !

શ્રુતના રસને ચાખજો અર્થાત્ આ છ આવશ્યક રૂપ પ્રતિક્રમણ તે શ્રુતનો સાર છે અને તેના રસને ચાખજો અને તેનો પરમાર્થ જાણવા માટે ગુરુકુલવાસને રાખજો=ગુરુકુલવાસમાં રહીને સદ્ગુરુ પાસેથી તેનો યથાર્થ અર્થ ગ્રહણ કરજો. વળી, સદ્ગુરુ પાસેથી પોતાને છ આવશ્યકનો યથાર્થ બોધ થયા પછી યોગ્ય જીવોને તે છ આવશ્યકનું સત્ય સ્વરૂપ ભાખજો, પરંતુ યથા તથા સ્વરૂપ કહેશો નહીં અને અસત્યને=યથા તથા કહેવા રૂપ અસત્યને, દૂર નાખજો=અનાભોગથી પણ અસત્ય ન બોલાઈ જાય તે પ્રકારની સાવધાની રાખજો. એ હિત કરવાનો અભ્યાસ છે. અર્થાત્ આ શ્રુતના રસને ચાખવું, ગુરુકુલવાસમાં રહી યથાર્થ સમજવું અને યોગ્ય જીવોને સત્ય કહેવું એ હિતનો અભ્યાસ છે. **॥૧-૨॥**

**ગાથા :-**

**કાઉસ્સગ્ગ ને પચ્ચખાણ છે, એહમાં ષટ્ અધિકારો રે;**
**સાવદ્ય યોગથી વિરમવું, જિન-ગુણ-કીર્તન સારો રે. શ્રુત૦ ૩**

**ગાથાર્થ :-**

**કાયોત્સર્ગ, પચ્ચક્ખાણ, એહમાં=પ્રતિક્રમણ આવશ્યકમાં, છ અધિકારો છે. હવે, સાવદ્યયોગથી વિરામ પામવો એ “સામાયિક” નામનું પ્રથમ આવશ્યક છે. જેમાં જિનગુણનું કીર્તન સાર છે તે ‘ચઉવિસત્થો’ નામનું બીજું આવશ્યક છે. ॥૩॥**

**ગાથા :-**

**ગુણવંતની પ્રતિપત્તિ તે, અતિક્રમ નિંદા ઘણેરી રે;**
**વ્રણ-ચિકિત્સા, ગુણ-ધારણા, ધુરિ શુદ્ધિ ચારિત્ર કેરી રે. શ્રુત૦ ૪**

**ગાથાર્થ :-**

**ગુણવંતની પ્રતિપત્તિ=ગુણવંતની ભક્તિ, તે વંદન નામનું ત્રીજું આવશ્યક છે. અતિક્રમ=અતિચારની નિંદા, ઘણેરી તે પ્રતિક્રમણ નામનું ચોથું આવશ્યક છે. વ્રણચિકિત્સા એ કાયોત્સર્ગ નામનું પાંચમું આવશ્યક છે. ગુણની ધારણારૂપ પચ્ચક્ખાણ છે તે છઠ્ઠું આવશ્યક છે. ધુરિ એવા પ્રથમ સામાયિક આવશ્યકથી ચારિત્રની શુદ્ધિ થાય છે. ॥૪॥**

**ગાથા :-**

**બીજે દર્શનના આચારની, જ્ઞાનાદિક તણી ત્રીજે રે;**
**ચોથે અતિચાર અપનયનની, શેષ શુદ્ધિ પાંચમે લીજે રે. શ્રુત૦ ૫**
**છઠે શુદ્ધિ તપ-આચારની, વીર્યાચારની સર્વે રે;**
**અધ્યયને ઓગણત્રીશમે, ઉત્તરાધ્યયનને ગર્વે રે. શ્રુત૦ ૬**

**ગાથાર્થ :-**

**ચઉવિસત્થો નામના બીજા આવશ્યકથી દર્શનાચારની શુદ્ધિ થાય છે, ત્રીજા વંદન આવશ્યકથી જ્ઞાનાદિકની શુદ્ધિ થાય છે. પ્રતિક્રમણ નામના ચોથા આવશ્યકથી અતિચારનું અપનયન થાય છે. કાયોત્સર્ગ નામના પાંચમા આવશ્યકથી શેષ અતિચારની શુદ્ધિ થાય છે. પચ્ચક્ખાણ નામના છઠ્ઠા આવશ્યકથી તપાચારની શુદ્ધિ થાય છે. અને સમગ્ર છએ આવશ્યકથી વીર્યાચારની શુદ્ધિ થાય છે. આ પ્રમાણે "ઉત્તરાધ્યયન-સૂત્ર"ના અધ્યયન-૨૯માં વર્ણન છે. ।।૫-૬।।**

**ભાવાર્થ :-**

પ્રથમ ગાથામાં ચાર આવશ્યક બતાવ્યાં. હવે પાંચમું આવશ્યક "કાયોત્સર્ગ" છે અને છઠ્ઠું આવશ્યક "પચ્ચક્ખાણ" છે. આ પ્રકારે પ્રતિક્રમણની ક્રિયાનાં છ આવશ્યકો છે. આ રીતે 'છ' આવશ્યકો બતાવ્યા પછી સામાયિક આવશ્યક શું છે તે સ્પષ્ટ કરતાં કહે છે, **"સાવદ્યયોગથી વિરામ તે સામાયિક આવશ્યક છે."** આનાથી એ પ્રાપ્ત થાય છે કે જે સાધુ કે શ્રાવક શ્રુતનો સંકલ્પ કરે કે ગ્રહણ કરાયેલ સામાયિકની પ્રતિજ્ઞાકાળ સુધી હું જગતના તમામ પદાર્થો પ્રત્યે સમભાવને ધારણ કરીશ. જેથી મારા ચિત્તમાં સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવનો પરિણામ વર્તે અને તે રીતે સંકલ્પ કરીને તેની વૃદ્ધિના ઉપાયરૂપ જે છ આવશ્યકમય ક્રિયા કરવાની છે તેમાં ઉપયુક્ત રહે તો તે ઉપયોગકાળમાં જગતના પદાર્થો પ્રત્યે કે શરીરની શાતા-અશાતા પ્રત્યે પક્ષપાતજન્ય રાગ-દ્વેષ થાય નહીં. પણ શ્રુતના સંકલ્પ અનુસાર સમભાવની વૃદ્ધિને અનુકૂળ છ આવશ્યકનાં સૂત્રોના અર્થમાં ચિત્ત ગતિ કરે, જેથી શ્રુતના સંકલ્પથી થયેલો

સમભાવનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. **સામાયિક આવશ્યકથી ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.**

બીજું આવશ્યક "ચતુર્વિંશતિસ્તવ આવશ્યક"રૂપ છે. જેમાં ૨૪ તીર્થંકરોના ગુણોનું કીર્તન છે. આ રીતના કીર્તનથી સ્વીકારાયેલા સામાયિકનો પરિણામ અતિશય-અતિશયતર થાય છે; કેમ કે તીર્થંકરો સામાયિકના પ્રકર્ષને પામેલા છે. આથી જ સમભાવના પ્રકર્ષરૂપ વીતરાગના ગુણોના કીર્તનથી સામાયિક પ્રત્યેનો પક્ષપાત વૃદ્ધિ પામે તે અર્થે જ બીજું આવશ્યક છે. **"ચઉવિસત્થો આવશ્યક"થી દર્શનાચારની શુદ્ધિ થાય છે;** કેમ કે જિનગુણનાં કીર્તન-કાળમાં જિનગુણના પરમાર્થને સ્પર્શનાર દર્શનશક્તિની વૃદ્ધિ થાય છે.

ત્રીજું આવશ્યક "વંદન આવશ્યક" છે. જેમાં ગુણવાન એવા પંચમહાવ્રતધારી સુસાધુની પ્રતિપત્તિ=ભક્તિ, કરવામાં આવે છે અને આ વંદન ક્રિયાથી પણ સામાયિકનો પરિણામ જ વૃદ્ધિ પામે છે; કેમ કે જેમ તીર્થંકરો સામાયિકના પ્રકર્ષવાળા છે તેમ સુસાધુઓ પણ તીર્થંકરનાં વચનાનુસાર સામાયિકના પ્રકર્ષને સાધી રહ્યા છે. તેથી તેઓ પ્રત્યેનો ભક્તિનો પરિણામ એ સામાયિક પ્રત્યેના રાગના જ અતિશયનું કારણ છે. જેનાથી સામાયિકનો પરિણામ વૃદ્ધિ પામે છે. આ રીતે સામાયિકના પરિણામને સ્થિર કરી જિનગુણકીર્તન દ્વારા અને ગુણવાન ગુરુને વંદનની ક્રિયા દ્વારા સમભાવની વૃદ્ધિ સાધુ કે શ્રાવક કરે છે. **"વંદન આવશ્યક"થી જ્ઞાનાચાર આદિની શુદ્ધિ થાય છે;** કેમ કે સુસાધુમાં વર્તતા જ્ઞાનાદિ પ્રત્યે રાગની વૃદ્ધિ થાય છે.

ચોથું આવશ્યક "પ્રતિક્રમણ આવશ્યક" છે. સાધુ પોતાના સંયમજીવનમાં લાગેલા અતિચારોની શુદ્ધિ અર્થે કે દેશવિરતિધર શ્રાવક પોતાના શ્રાવકજીવનમાં લાગેલા અતિચારોની શુદ્ધિ અર્થે અતિક્રમની ઘણી નિંદા કરે છે=સ્વીકારેલાં વ્રતોમાં જે અતિક્રમણ થયેલું હોય=મર્યાદાનું ઉલ્લંઘન થયેલું હોય, તેની ઘણી નિંદા કરે છે. જે નિંદાથી વિરતિ પ્રત્યેનો રાગભાવ જ પ્રકર્ષવાળો થાય છે અને પૂર્વમાં પ્રમાદવશ જે અતિચારો સેવાયેલા હોય તેના પ્રત્યે પણ અત્યંત જુગુપ્સાભાવ થાય છે. આનાથી પણ સ્વીકારાયેલું સામાયિક જ વિશુદ્ધતર બને છે. અને **સ્વીકારાયેલાં વ્રતોને નિરતિચાર પાળવાને અનુકૂળ શક્તિનો સંચય થાય છે.**

આ રીતે ચાર આવશ્યક કર્યા પછી વ્રણની ચિકિત્સા જેવું પાંચમુ આવશ્યક "કાયોત્સર્ગ આવશ્યક" કરાય છે. જેમ દેહમાં ક્યાંક વ્રણ=ઘા, પડ્યો હોય તો તેની ચિકિત્સા કરીને તે વ્રણને દૂર કરાય છે. તેમ સ્વીકારાયેલાં વ્રતોમાં જે કોઈ અતિક્રમ થયો હોય તેની નિંદા કરીને વ્રતોને નિરતિચાર પાળવાનો પક્ષપાત ઊભો કર્યા પછી તે નિંદાથી પણ કોઈ સૂક્ષ્મ અતિચાર દૂર ન થયો હોય તો તે અતિચાર વ્રતરૂપ દેહ માટે વ્રણતુલ્ય છે અને તેની શુદ્ધિ અર્થે કાયોત્સર્ગ કરાય છે. કાયોત્સર્ગ કાળમાં વર્તતા શુભધ્યાનથી વ્રણતુલ્ય અવશેષ અતિચારોનો નાશ થાય છે. આ પ્રકારના **કાયોત્સર્ગ આવશ્યકથી પણ સામાયિકના પરિણામમાં જ અતિશયતા આવે છે;** કેમ કે સામાયિક આવશ્યક સાવદ્યયોગની વિરતિરૂપ છે અને અતિચારો સાવદ્યયોગરૂપ છે. તેથી વ્રણતુલ્ય અતિચારની શુદ્ધિની ક્રિયા સાવદ્યયોગની વિરતિમાં જ અતિશયતાનું આધાન કરે છે.

વળી, છઠ્ઠું આવશ્યક "પચ્ચક્ખાણ આવશ્યક" છે જે ગુણધારણા રૂપ છે. અર્થાત્ પચ્ચક્ખાણ કરીને વિશેષ પ્રકારના ગુણની નિષ્પત્તિને અનુકૂળ ધારણાના ઉપયોગની ક્રિયા છે; કેમ કે પચ્ચક્ખાણ ગ્રહણ કર્યા પછી પચ્ચક્ખાણ કાળની અવધિ સુધી તે ગુણને ધારણ કરીને પાપવ્યાપારથી વિરામના પરિણામરૂપ પચ્ચક્ખાણ છે. જેમ ઉપવાસનું પચ્ચક્ખાણ કરેલું હોય તો આહારાદિની પ્રવૃત્તિ દ્વારા આહારસંજ્ઞા ન ઊઠે તેવા પ્રકારના પચ્ચક્ખાણ દ્વારા પચ્ચક્ખાણ કાલાવધિ સુધી આહારની પ્રવૃત્તિથી દૂર રહીને **ગુણવૃદ્ધિને અનુકૂળ એવો ધારણાનો વ્યાપાર પ્રવર્તે છે.**

છ આવશ્યકમાં પહેલાં ત્રણ આવશ્યક દ્વારા સામાયિકના પરિણામની નિષ્પત્તિને અનુકૂળ વ્યાપાર વિશેષ થાય છે, ત્યારપછી અતિચારના શોધન અર્થે પ્રતિક્રમણ નામનું ચોથું આવશ્યક કરાય છે જેના પૂર્વાંગરૂપે આલોચના કરાય છે અને પછી પ્રતિક્રમણ કરાય છે જેનાથી પાપની શુદ્ધિ થાય છે અને કંઈક અવશિષ્ટ પાપની અશુદ્ધિ રહેલ હોય તો તદર્થે ઉત્તરાંગરૂપે કાયોત્સર્ગ નામનું પાંચમું આવશ્યક કરાય છે. આ રીતે, પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ આવશ્યક દ્વારા અતિચારોની શુદ્ધિ કરાયા પછી પૂર્વના સંવરભાવ કરતાં અધિક સંવરભાવ પ્રાપ્ત થાય એવા પ્રકારના વિશેષ ગુણ નિષ્પત્તિનું કારણ બને તદર્થે અંતે

પચ્ચક્ખાણ ગ્રહણ કરાય છે. આનાથી નિરવદ્ય જીવનનો અધિક પક્ષપાત થાય છે અને પચ્ચક્ખાણના બળથી વિશેષ ગુણની ધારણાને કારણે સ્વીકારાયેલું સામાયિક આવશ્યક જ નિર્મલ-નિર્મલતર બને છે. આથી જે શ્રાવકે આ છ આવશ્યકના મર્મને ધારણ કરીને પ્રતિક્રમણકાળમાં સ્વશક્તિને ગોપવ્યા વગર શક્તિ અનુસાર પચ્ચક્ખાણ ગ્રહણ કરેલું હોય તે શ્રાવક સંસારની પ્રવૃત્તિમાં હોય ત્યારે પણ વિરતિ પ્રત્યેના પક્ષપાતનો પરિણામ ધારણ કરે છે; કેમ કે જો ઉપવાસનું પચ્ચક્ખાણ હોય તો સંસારની અન્ય પ્રવૃત્તિ થતી હોય ત્યારે પણ વિરતિ પ્રત્યેના પક્ષપાતને કારણે ઉપવાસ કાળમાં ઉપવાસને અનુકૂળ સંવરભાવ વર્તે છે. તેથી છ આવશ્યકમાં જે સામાયિકનો પરિણામ કહેલો છે તે વિરતિરૂપ છે અને અસામાયિક કાળમાં શ્રાવકો માટે સામાયિકના પરિણામરૂપ વિરતિ ગુણનું પાલન સંભવિત નથી તોપણ કાંઈક વિરતિના પરિણામરૂપ ઉપવાસ દ્વારા તે શ્રાવક પોતાના દેશવિરતિના પરિણામની જ વૃદ્ધિ કરે છે.

આ રીતે છ આવશ્યક બતાવ્યા પછી હવે, તે છ આવશ્યકથી પ્રધાનરૂપે કયા કાર્યો થાય છે તે ક્રમસર બતાવે છે.

"સામાયિક આવશ્યક"થી ચારિત્રની અત્યંત શુદ્ધિ થાય છે. સામાન્ય રીતે શ્રાવકને મોક્ષની અત્યંત ઇચ્છા હોવાથી મોક્ષના એક ઉપાયભૂત ચારિત્ર પ્રત્યે રાગ હોય છે તેથી શ્રાવક જિનપૂજા, ગુરુવૈયાવચ્ચ વગેરે જે કાંઈ ધર્મકૃત્યો કરે તે સર્વમાં ચારિત્રની શુદ્ધિ થાય છે; કેમ કે સર્વવિરતિની શક્તિના સંચય અર્થે જ શ્રાવક સઘળી ધર્મપ્રવૃત્તિ કરે છે. આમ છતાં પ્રતિક્રમણકાળમાં શ્રાવક જ્યારે સામાયિક ઉચ્ચરાવે છે ત્યારે "કરેમિ ભંતે" સૂત્ર દ્વારા કરાયેલી પ્રતિજ્ઞાથી શ્રાવકના ચિત્તમાં શ્રુતનો સંકલ્પ વર્તે છે કે આ પ્રતિજ્ઞાકાળ સુધી હું પણ સાધુની જેમ સર્વ પાપોના વિરામપૂર્વક સામાયિકનો પરિણામ વહન કરીશ. તેથી જિનપૂજા આદિ અન્ય ધર્મકૃત્યોના પ્રવૃત્તિકાળ દરમિયાન ચારિત્રની જે શુદ્ધિ થતી હતી તેના કરતાં સમભાવના પરિણામપૂર્વક સામાયિક થાય તો સામાયિકકાળમાં ચારિત્રમોહનીયકર્મનો વિશેષ નાશ થતો હોવાને કારણે ચારિત્રની શુદ્ધિ થાય છે.

સામાયિક આવશ્યક પછી ચઉવિસત્થો નામના બીજા આવશ્યકમાં દર્શનાચારની શુદ્ધિ થાય છે; કેમ કે જિનગુણનાં કીર્તન દ્વારા જિનવચન અને ચારિત્ર પ્રત્યે તીવ્ર પક્ષપાત વર્તે છે. તેથી તત્ત્વને જોવામાં પ્રતિબંધક એવા દર્શનમોહનીય કર્મનો વિશેષ નાશ થાય છે. જેના કારણે પૂર્વ-પૂર્વ કરતાં પણ તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત અતિશય-અતિશયતર થાય છે.

ત્રીજું આવશ્યક 'વંદન આવશ્યક' છે. સાધુમાં પ્રકર્ષવાળાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણ વર્તે છે અને તે ગુણોને સામે રાખીને સાધુ ભગવંત પ્રત્યેની ભક્તિથી જે વંદનની ક્રિયા કરાય છે તેનાથી જ્ઞાન આદિ ગુણોની શુદ્ધિ થાય છે, અર્થાત્ જ્ઞાન આદિ ગુણોનાં આવારક કર્મોનો નાશ થાય છે.

ચોથું આવશ્યક "પ્રતિક્રમણ આવશ્યક" છે. જેમાં અતિચારોના આલોચનપૂર્વક અતિચારો પ્રત્યે જુગુપ્સા કરાય છે. તેથી અતિચારો પ્રત્યેના જુગુપ્સાના સંસ્કારો અતિશય-અતિશયતર આધાન થાય છે. અને પૂર્વમાં જે અતિચારો સેવાયા હોય તેના સંસ્કારો અને અતિચારોના સેવનથી બંધાયેલું કર્મ નાશ પામે છે. તેથી ચોથા આવશ્યકમાં વ્રતોમાં લાગેલા અતિચારની શુદ્ધિ થાય છે.

પાંચમું આવશ્યક "કાયોત્સર્ગ આવશ્યક" છે. વ્રતોમાં લાગેલા અતિચારોની શુદ્ધિ અર્થે પ્રતિક્રમણ કર્યા પછી પણ કોઈ સૂક્ષ્મ અતિચારની શુદ્ધિ ન થઈ હોય તો તેની શુદ્ધિ અર્થે કાયાને વોસિરાવીને શુભધ્યાનમાં યત્ન કરાય છે. જેથી અવશેષ રહેલા અતિચારની શુદ્ધિ થાય છે.

આ રીતે શુદ્ધ થયા પછી છઠ્ઠું "પચ્ચક્ખાણ આવશ્યક" છે. જેનાથી તપાચારની શુદ્ધિ થાય છે; કેમ કે પચ્ચક્ખાણ કરવાથી તપ પ્રત્યેનો પક્ષપાત અને તપસેવનનો અધ્યવસાય વૃદ્ધિ પામે છે. જે મહાત્મા અપ્રમાદભાવથી આ છ આવશ્યક કરે છે તેઓને છ આવશ્યકની ક્રિયાથી વીર્યાચારની શુદ્ધિ થાય છે; કેમ કે છએ આવશ્યકના સેવન દ્વારા તે મહાત્મા સંસારના ઉચ્છેદને અનુકૂળ અને મોક્ષને અનુરૂપ સ્વવીર્યનો ઉત્કર્ષ કરે છે.

આ પ્રમાણે "ઉત્તરાધ્યયનસૂત્ર"ના અધ્યયન-૨૯માં સર્વ વર્ણન છે.

સામાન્યથી 'છ'એ આવશ્યકથી સામાયિક જ વિશુદ્ધ વિશુદ્ધતર થાય છે છતાં અપેક્ષા ભેદથી ઉત્તરાધ્યયન સૂત્રમાં તે તે શુદ્ધિ બતાવેલ છે માટે પૂર્વના કથન સાથે ઉત્તરાધ્યયનના કથનનો વિરોધ નથી. **॥૩થી ૬॥**

***અવતરણિકા :-***

*હવે, ઉત્સર્ગથી અને અપવાદથી સાંજના પ્રતિક્રમણ અને સવારના પ્રતિક્રમણનો કાલ બતાવે છે –*

**ગાથા :-**

**અરધ નિબુડ્ડ રવિ ગુરુ, સૂત્ર કહે કાલ પૂરો રે;**
**દિવસનો રાતિનો જાણીયે, દસ પડિલેહણથી સૂરો રે. શ્રુત૦ ૭**
**મધ્યાન્હથી અધરાતિતાઇં, હુએ દેવસી અપવાદે રે;**
**અધરાત્રિથી મધ્યાન્હતાઈં, રાઈય યોગ-વૃત્તિ નાદે રે. શ્રુત૦ ૮**

**ગાથાર્થ :-**

**અર્ધ ડૂબેલો સૂર્ય દિવસના પ્રતિક્રમણનો પૂરો=ઉચિત કાલ, ગુરુ સૂત્રથી કહે છે અને દસ પડિલેહણથી સૂરો=સૂર્યોદય થાય, તે રાત્રિ પ્રતિક્રમણનો કાલ જાણવો. વળી, અપવાદે મધ્યાહ્નથી અર્ધરાત્રિ સુધી દૈવસિક પ્રતિક્રમણ થાય છે. અપવાદે અર્ધરાત્રિથી મધ્યાહ્ન સુધી રાઈ પ્રતિક્રમણ થાય છે. યોગવૃત્તિના નાદથી=કથનથી, તે જણાય છે. ।।૭-૮।।**

**ભાવાર્થ :-**

સૂર્ય અડધો ડૂબ્યો હોય તેવો સાંજના પ્રતિક્રમણનો કાળ તે ઉત્સર્ગથી ષડ્આવશ્યકનો કાળ છે. અને સાધુ સવારનું પ્રતિક્રમણ કરી દસ પડિલેહણા કરી રહે ત્યારે સૂર્યનો ઉદય થાય તે રાત્રિ પ્રતિક્રમણનો કાળ છે. અહીં પંચવસ્તુક ગ્રંથની ગાથા-૨૫૭ પ્રમાણે દસ પડિલેહણા આ પ્રમાણે છે. મુહપત્તિ, રજોહરણ, બે નિસેથિયા, ચોલપટ્ટો, ત્રણ કપડાં, સંથારો અને ઉત્તરપટ્ટો. વળી, અપવાદથી મધ્યાહ્નથી માંડીને અર્ધરાત્રિ સુધી દેવસિય પ્રતિક્રમણનો કાળ છે અને મધ્યરાત્રિથી માંડીને મધ્યાહ્ન સુધી 'રાઈ પ્રતિક્રમણનો' કાળ છે. આ પ્રમાણેનો અર્થ "યોગવૃત્તિ"ના નાદથી=કથનથી, જણાય છે. **।।૭-૮।।**

**અવતરણિકા :-**

ષડ્આવશ્યકમય પ્રતિક્રમણ કરતાં પૂર્વે સાધુ સામાયિક આવશ્યકમાં હોય છે અને શ્રાવક સામાયિક આવશ્યકમાં નહિ હોવાથી પ્રથમ સામાયિક ગ્રહણ કરે છે અને પછી પ્રતિક્રમણનો પ્રારંભ કરે અને પ્રતિક્રમણનો પ્રારંભ કરતાં પૂર્વે સાધુ-શ્રાવક બંને દેવ-ગુરુને વંદન કરે છે. તેથી હવે, તે વંદન કેમ કરાય છે તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**સફલ સકલ દેવ ગુરુ નતિં, ઇતિ બારે અધિકારે રે;**
**દેવ વાંદી ગુરુ વાંદીએ, વર ખમાસમણ તે ચ્યારે રે. શ્રુત૦ ૯**

**ગાથાર્થ :-**

**સકલ કાર્યો દેવ-ગુરુની નતિંથી=નમસ્કારથી, સફળ બને છે. તેથી દેવસિક પ્રતિક્રમણમાં બાર અધિકાર દ્વારા પ્રથમ દેવને વંદન થાય છે. અને પછી "ભગવાનહં" વગેરે ચાર ખમાસમણથી ગુરુને વંદન થાય છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

સર્વ ઉત્તમ કાર્યના પ્રારંભમાં દેવ-ગુરુને નમસ્કાર કરવાથી જ તે કાર્ય સફળ થાય છે; કેમ કે ઉપાસ્ય એવા દેવ-ગુરુને નમસ્કાર કરવાથી ચિત્ત ગુણના પક્ષપાતવાળું બને છે. જેથી તેઓને કરાયેલા નમસ્કારના બળથી સંચિત વીર્યવાળા થઈને મહાત્માઓ તે કાર્ય સમ્યક્ પાર પમાડી શકે છે. તેથી પ્રતિક્રમણમાં પણ પ્રારંભમાં બાર અધિકારથી દેવને વંદન કરવામાં આવે છે. અને દેવને વંદન કર્યા પછી "ભગવાનહં" વગેરે ચાર ખમાસમણથી ગુરુને વંદન કરાય છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**હવે, દેવ-ગુરુને નમસ્કારપૂર્વક જ પ્રતિક્રમણનો આરંભ કેમ કરાય છે તે લોકપ્રસિદ્ધ દૃષ્ટાંતથી બતાવવા અર્થે કહે છે –**

ગાથા :-

**સિદ્ધિ લોકે પણ કાર્યની, નૃપ-સચિવાદિક ભક્તેં રે;**
**ગુરુ-સચિવાદિક થાનકે, નૃપ જિન સુજસ સુયુક્તેં રે. શ્રુત૦ ૧૦**

ગાથાર્થ :-

લોકમાં પણ સમસ્ત કાર્યની સિદ્ધિ રાજા-મંત્રી આદિની ભક્તિથી જ થાય છે. તે રીતે પ્રતિક્રમણમાં તીર્થંકર ભગવાન રાજાના સ્થાને છે અને ગુરુ ભગવંત સચિવ=મંત્રીના, સ્થાને છે. આ પ્રકારની સુયુક્તિથી પ્રથમ બાર અધિકારથી જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરાય છે અને ત્યારપછી ચાર ખમાસમણ દ્વારા ગુરુને વંદન કરાય છે. ||૧૦||

ભાવાર્થ :-

સુગમ છે. ||૧૦||

# ઢાળ બીજી – બાર અધિકાર

(રાગ : મારૂણી. ગિરિમાં ગિરૂઓ મેરૂ ગિરિવર રે - એ દેશી)

**પૂર્વ ઢાળ સાથે સંબંધ :-**

પૂર્વની ઢાળમાં કહ્યું કે પ્રતિક્રમણમાં પહેલાં બાર અધિકારથી દેવને વંદન કરાય છે. માટે હવે, પ્રસ્તુત ઢાળમાં તે બાર અધિકારનું વર્ણન કરે છે –

ગાથા :-

**પઢમ અહિગારેં વંદુ ભાવજિણેસરુ રે, બીજે દવ્વજિણંદ;**
**ત્રીજે રે ત્રીજે રે, ઈગ ચેઈઅ ઠવણાજિણા રે. ૧**
**ચોથે નામજિણ, તિહુઅણ ઠવણજિના નમું રે, પંચમે છઠે તેમ;**
**વંદુ રે વંદુ રે, વિહરમાન જિન કેવલી રે. ૨**

ગાથાર્થ :-

પ્રથમ અધિકારમાં "નમુત્થુણં સૂત્ર"ના "નમુત્થુણંથી જિઅભયાણં" સુધીના પાઠ દ્વારા ભાવજિનને નમસ્કાર છે. બીજા અધિકારમાં 'જે અ-અઈયા...થી તિવિહેણ વંદામિ" પાઠ દ્વારા દ્રવ્યજિનને નમસ્કાર છે. ત્યારબાદ ત્રીજા અધિકારમાં 'અરિહંત ચેઈઆણં" સૂત્ર દ્વારા એક ચૈત્યના સ્થાપનાજિનને વંદન છે, ચોથા અધિકારમાં 'લોગસ્સ સૂત્ર' દ્વારા ચોવીસ તીર્થંકરના નામની સ્તવના હોવાથી નામજિનને વંદન છે. પાંચમા અધિકારમાં 'સવ્વલોએ સૂત્ર'થી ત્રણ ભુવનના સ્થાપનાજિનને વંદન છે. 'પુક્ખરવરદીવડ્ઢે'ની પ્રથમ ગાથા દ્વારા છઠ્ઠા અધિકારમાં વિહરમાન જિનેશ્વરોને વંદન છે. ।।૧-૨।।

ગાથા :-

**સત્તમ અધિકારે, સુયનાણ વંદિએ રે, અઠમ થુઈ સિદ્ધાણ;**
**નવમેં રે નવમેં રે, થુઇ તિત્થાહિવ વીરની રે. ૩**
**દશમેં ઉજ્જયંત થુઈ, વલિય ઇગ્યારમેં રે, ચાર-આઠ-દસ દોઈ;**
**વંદો રે વંદો રે, અષ્ટાપદ-જિન જિન કહ્યા રે. ૪**

ગાથાર્થ :-

સાતમા અધિકારમાં 'પુક્ખરવરદીવડ્ઢે' સૂત્રની બાકીની ગાથા તથા 'સુઅસ્સ ભગવઓ' સૂત્ર દ્વારા શ્રુતને વંદન કરાય છે. ત્યારબાદ આઠમા અધિકારમાં 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રની પહેલી ગાથા દ્વારા સિદ્ધ ભગવંતોને વંદન છે. પછી 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રની બીજી, ત્રીજી ગાથા દ્વારા શ્રી વીરપ્રભુની સ્તુતિ સ્વરૂપ નવમો અધિકાર છે. દસમા અધિકારમાં સિદ્ધાણં બુદ્ધાણંની ચોથી ગાથા દ્વારા ગિરનાર પર્વત ઉપર જેમનાં દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ એમ ત્રણ કલ્યાણક થયાં છે તેવા નેમિનાથ ભગવાનને વંદન છે. તથા 'સિદ્ધાણં બુદ્ધાણં'ની પાંચમી ગાથા સ્વરૂપ અગિયારમા અધિકારમાં ચાર-આઠ-દસ-બે એમ અષ્ટાપદતીર્થ પર સ્થાપના કરાયેલા અને જિનેશ્વર ભગવંતે કહેલા ચોવીસ જિનોને વંદન કરાય છે. ॥૩-૪॥

ગાથા :-

**બારમેં સમ્યગ્દષ્ટિ, સુરની સમરણા રે, એ બારે અધિકાર;**
**ભાવો રે ભાવો રે, દેવ વાંદતાં ભવિજનાં ! રે. ૫**

ગાથાર્થ :-

બારમા અધિકારમાં "વૈયાવચ્ચગરાણં" સૂત્ર દ્વારા સમ્યગ્દષ્ટિ દેવોની સ્મરણા કરાય છે. હે ભવ્યજનો ! દેવવંદન કરતાં આ બારે અધિકારનું ભાવન કરો. ॥૫॥

ગાથા :-

**વાંદું છું ઇચ્છકારી સમસ્ત શ્રાવકો રે, ખમાસમણ ચઉ દેઇ;**
**શ્રાવક રે શ્રાવક રે, ભાવક, સુજસ ઈસ્યું ભણે રે. ૬**

ગાથાર્થ :-

ચારને ખમાસમણ આપીને 'ઈચ્છકારી સમસ્ત શ્રાવકને વંદુ' એ પ્રમાણે શ્રાવક ભાવન કરે છે. આ પ્રમાણે પૂ. યશોવિજયજી મ.સા. બોલે છે. ॥૬॥

**ભાવાર્થ :-**

નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એમ ચારે નિક્ષેપાથી દેવ વંદનીય છે તેથી 'દેવવંદન' કરતી વખતે ચારે નિક્ષેપાથી દેવને વંદન કરવું આવશ્યક છે. તેથી સૌ પ્રથમ નમુત્થુણં સૂત્રમાં 'નમુત્થુણં અરિહંતાણં...થી નમો જિણાણં જિઅભયાણં' સુધીના પાઠ દ્વારા ભાવતીર્થંકરને નમસ્કાર કરાય છે. આવા જે ભાવતીર્થંકર ભૂતકાળમાં થયા છે અને ભવિષ્યમાં થશે તે 'દ્રવ્યતીર્થંકર' કહેવાય છે. અને નમુત્થુણં સૂત્રના "જે અ અઈયા સિદ્ધા...થી તિવિહેણ વંદામિ" સુધી દ્રવ્યતીર્થંકરને વંદન કરાય છે; કેમ કે તીર્થંકર સન્માર્ગના પ્રવર્તન દ્વારા જગતનું અત્યંત હિત કરનારા છે. તેથી જેમ ભાવતીર્થંકર પૂજ્ય છે, તેમ દ્રવ્યતીર્થંકર પણ પૂજ્ય છે. વળી ભાવતીર્થંકરના વિરહકાળમાં ભાવતીર્થંકરની ઉપસ્થિતિનું પ્રબલ કારણ જિનપ્રતિમા છે તેથી બીજા અધિકારમાં દ્રવ્યજિનને નમસ્કાર કર્યા પછી ત્રીજા અધિકારમાં 'અરિહંત ચેઈયાણં' સૂત્ર દ્વારા સ્થાપનાજિનને નમસ્કાર કરાય છે. વળી, જેમ જિનની સ્થાપના જિન સાથે સંબંધિત હોવાથી વંદનીય છે તેમ જિનનું નામ પણ જિન સાથે સંબંધિત હોવાથી વંદનીય છે. તેથી ચોથા અધિકારમાં "લોગસ્સ" સૂત્ર દ્વારા જિનેશ્વર ભગવાનના નામનું કીર્તન કરાય છે. આ રીતે ચાર નિક્ષેપાથી જિનેશ્વર ભગવાનને નમસ્કાર કર્યાં પછી ભાવના પ્રકર્ષ અર્થે ત્રણલોકમા રહેલા સર્વ સ્થાપનાજિનને નમસ્કાર કરવા અર્થે "સવ્વલોએ અરિહંત ચેઈયાણં" સૂત્ર દ્વારા પાંચમો અધિકાર છે. પછી "પુક્ખરવરદીવડ્ઢે"ની પ્રથમ ગાથા દ્વારા છઠ્ઠા અધિકારમાં અઢીદ્વીપમાં રહેલા સર્વ વિહરમાન જિનેશ્વર ભગવંતોને ભક્તિ અર્થે નમસ્કાર કરાય છે. જેના દ્વારા તીર્થંકર પ્રત્યેનો જ ભક્તિનો ભાવ પ્રકર્ષવાળો બને છે.

આ રીતે, તીર્થંકરને નમસ્કાર કર્યાં પછી તીર્થંકરથી નિષ્પન્ન થયેલ શ્રુતજ્ઞાનનો સાતમો અધિકાર છે. જેથી 'પુક્ખરવરદીવડ્ઢે'ની બાકીની ગાથા અને 'સુઅસ્સ ભગવઓ સૂત્ર' દ્વારા શ્રુતજ્ઞાનને વંદન કરીને તીર્થંકર દ્વારા ઉપદેશાયેલ શ્રુતની ભક્તિ થાય. જે ભક્તિ પણ પરમાર્થથી દેવની ભક્તિમાં જ વિશ્રાંત પામે છે. વળી, "સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર"ની પહેલી ગાથા રૂપ આઠમા અધિકારમાં સિદ્ધ ભગવંતોની સ્તુતિ છે. જે તીર્થંકર ભગવંત દ્વારા ઉપદેશાયેલ શ્રુતધર્મનું ફળ છે. અને તે તીર્થંકરની તત્ત્વકાય અવસ્થા છે. તેથી સિદ્ધ ભગવંતોની સ્તુતિ પણ

પરમાર્થથી દેવની સ્તુતિમાં જ વિશ્રાંત થાય છે. આ રીતે નામાદિ ચાર નિક્ષેપાથી તીર્થંકરની, તીર્થંકરથી નિષ્પન્ન થયેલ શ્રુતની અને શ્રુતના સેવનથી પ્રગટ થયેલ સિદ્ધ અવસ્થાને નમસ્કાર કર્યા પછી વર્તમાનના તીર્થાધિપતિ વીર ભગવાનને વિશેષથી નમસ્કાર કરવા માટે "સિદ્ધાણં બુદ્ધાણં"ની ગાથા-૨, અને ૩ દ્વારા નવમા અધિકારમાં વીરપ્રભુની સ્તુતિ છે. વળી "સિદ્ધાણં બુદ્ધાણં"ની ચોથી ગાથા સ્વરૂપ દશમાં અધિકારમાં ઉજ્જયંત શિખર પર જેમનાં દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષ એમ ત્રણ કલ્યાણક થયાં છે તેવા નેમિનાથ ભગવાનની સ્તુતિ છે. વળી, સિદ્ધાણં બુદ્ધાણંની પાંચમી ગાથા દ્વારા ૧૧મા અધિકાર અષ્ટાપદ પર બિરાજમાન વર્તમાન ચોવીશીના ચોવીસે તીર્થંકર ભગવાનની સ્તુતિ છે. આ રીતે ચારે નિક્ષેપાએ તીર્થંકરની, તેમનાથી ઉપદેશાયેલા શ્રુતની અને તે શ્રુતના ફલરૂપ સિદ્ધ ભગવંતની સ્તુતિ કર્યા પછી ૯, ૧૦, ૧૧ અધિકાર દ્વારા ફરી વીર ભગવાનની, નેમનાથ ભગવાનની અને ૨૪ તીર્થંકર ભગવાનની સ્તુતિ કરી તે દોષરૂપ નથી; કેમ કે ગુણવાનની ભક્તિમાં પુનરુક્તિ દોષ નથી. આ રીતે અગિયાર અધિકાર દ્વારા તીર્થંકરની સ્તુતિ કર્યા પછી ૧૨મા અધિકારમાં સમ્યગ્દૃષ્ટિ દેવોનું સ્મરણ છે. જેનાથી શ્રાવક કે સાધુ સુખપૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે તેવી શક્તિનું આધાન થાય છે.

આ રીતે, પ્રતિક્રમણમાં દેવને વંદન કરતી વખતે આરાધક જીવોએ આ ૧૨ અધિકારનું ભાવન કરવું જોઈએ. જેથી ચાર નિક્ષેપાથી, સર્વ તીર્થંકર, તેમનો બતાવેલ મોક્ષમાર્ગ અને તેમના બતાવેલાં મોક્ષમાર્ગના સેવનના ફળરૂપ સિદ્ધ ભગવંતોની ભક્તિ થાય અને તેમાં અતિશયતાના આધાનમાં સહાયકતા અર્થે સમ્યગ્દૃષ્ટિ દેવોનું સ્મરણ થાય છે.

આ રીતે, દેવવંદન કર્યા પછી પ્રતિક્રમણમાં "ભગવાનહં" આદિ ચાર ખમાસમણ દ્વારા ગુરુને વંદન કરાય છે. અને ગુરુને વંદન કર્યા પછી શ્રાવક પોતાના સર્વ સાધર્મિકો પ્રત્યે ભક્તિની અભિવ્યક્તિ કરવા અર્થે કહે છે કે, "ઇચ્છાપૂર્વક હું સર્વ શ્રાવકોને વંદું છું." આ પ્રમાણે સાધર્મિકો પ્રત્યેની ભક્તિ અભિવ્યક્ત કરવાથી શુદ્ધ શ્રાવકાચાર પ્રત્યેનો પક્ષપાત વધે છે જેના દ્વારા શ્રાવક પોતાના ઉચિત આચાર પાળવા માટે શક્તિના સંચયવાળા બને છે. આ પ્રમાણે શ્રાવકને વંદન પણ કર્તવ્ય છે. **॥૧થી ૬॥**

# ઢાળ ત્રીજી

(રાગ : સાહિબા રંગીલા હમારા - એ દેશી)

ગાથા :-

**હવે અતિચારની શુદ્ધિ ઇચ્છાએ,**
**અતિચાર-ભાર-ભરિત નત કાયે,**
**ઉધમી ! ઉપયોગ સંભાલો,**
**સંયમી ! સવિ પાતિક ટાલો,**
**'સવ્વસ્સવિ દેવસિય ઇચ્ચાઇ',**
**પ્રતિક્રમણ બીજક મન લાઈ. ૧**
**ઉધમી ! ઉપયોગ સંભાલો-એ આંકણી.**

ગાથાર્થ :-

**હવે=દેવ-ગુરુને નમસ્કાર કર્યા પછી, પ્રતિક્રમણનો પ્રારંભ કરતાં અતિચારની શુદ્ધિની ઈચ્છાથી અને અતિચારના ભારથી ભરાયેલ હોવાને કારણે નમેલી કાયામાં ઉધમી=ઉધમી એવો શ્રાવક કે સાધુ, ઉપયોગને સંભાલો=અત્યંત ઉપયોગપૂર્વક પ્રતિક્રમણનો પ્રારંભ કરો અને સંયમી= સંયમી એવા શ્રાવક કે સાધુ, સર્વ પાતકને ટાળો. કઈ રીતે સર્વ પાતક ટાળો એથી કહે છે "સવ્વસવિ દેવસિય" વગેરે પ્રતિક્રમણના બીજને મનમાં લાવીને સર્વ પાતિક ટાળો. હે ઉધમી ! ઉપયોગને સંભાળો. ।।૧।।**

ભાવાર્થ :-

પ્રતિક્રમણનો પ્રારંભ કરતાં પૂર્વે દેવ-ગુરુને નમસ્કાર કર્યા, ત્યાર પછી સાધુ કે શ્રાવક પ્રતિક્રમણનો પ્રારંભ કરતાં પ્રથમ અતિચારની શુદ્ધિની ઇચ્છા કરે છે. અર્થાત્ આ પ્રતિક્રમણ ક્રિયાથી મારા શ્રાવકાચારમાં કોઈ અતિચારો લાગ્યા હોય તેની શુદ્ધિ કરું, જેથી સુવિશુદ્ધ બનેલ શ્રાવકાચાર સર્વવિરતિનું કારણ બને. તે રીતે, સાધુ પણ સાધ્વાચારમાં લાગેલ અતિચારની શુદ્ધિની ઇચ્છા કરે છે. અર્થાત્ મારા સાધુજીવનમાં લાગેલા અતિચારની શુદ્ધિ કરું. જેથી સંયમની

ઉત્તરોત્તર વૃદ્ધિ દ્વારા હું અસંગભાવને પ્રાપ્ત કરું. આ પ્રકારની અતિચારની શુદ્ધિની ઇચ્છાવાળા સાધુ કે શ્રાવક પોતે અતિચારના ભારથી ભરાયેલા છે તેની અભિવ્યક્તિ કરવા અર્થે નમાયેલી કાયાથી પ્રતિક્રમણના બીજભૂત "સવ્વસવિ" સૂત્ર બોલે છે. આ રીતે નમીને સૂત્ર બોલવા દ્વારા સાધુ કે શ્રાવકને ઉપસ્થિતિ થાય કે મારા પર અતિચારનો ઘણો ભાર છે અને તેને દૂર કરવા માટે હું આ પ્રતિક્રમણના બીજસૂત્રને બોલું છું અને અતિચારશુદ્ધિને માટે ઉદ્યમવાળા સાધુ કે શ્રાવકને સજ્ઝાયકાર કહે છે કે તે વખતે ઉપયોગને સંભાલો ! અને "સવ્વસવિ" ઇત્યાદિ પ્રતિક્રમણના બીજને મનમાં લાવીને સર્વ પાતક ટાલો.

આનાથી એ ફલિત થાય કે જે સાધુ કે શ્રાવક અત્યંત ઉપયોગપૂર્વક પાપ પ્રત્યેની જુગુપ્સા ઉલ્લસિત થાય અને સાધુવ્રતના કે શ્રાવકવ્રતના અતિચારોના પરમાર્થને જાણી જીવનમાં લાગેલા અતિચારો ઉપસ્થિત કરી તેના પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક આ બીજસૂત્ર બોલે તો અતિચાર પ્રત્યેનો વધતો એવો જુગુપ્સા ભાવ સંવરના પ્રકર્ષ દ્વારા સર્વ પાપોનો અવશ્ય નાશ કરે છે. તેથી પ્રતિક્રમણ કરીને સાધુનું કે શ્રાવકનું પાપની શુદ્ધિરૂપ જે પ્રયોજન છે તે બીજભૂત સૂત્રને બોલતી વખતે જ ઉપયોગના પ્રકર્ષથી સિદ્ધ થઈ શકે છે, આ બીજભૂત સૂત્ર બોલીને ઘણા મહાત્માઓ સર્વ પાપોની શુદ્ધિ કરનારા બન્યા છે. એટલું જ નહીં, પણ અનંતકાળમાં કરાયેલાં સર્વ પાપો પ્રત્યે જુગુપ્સાનો ભાવ થાય તો ક્ષપકશ્રેણી પર આરોહણ કરી કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શક્યા છે. માટે અપ્રમત્તભાવથી સાધ્ય એવા યોગમાર્ગના અર્થી જીવોએ અત્યંત ઉપયોગપૂર્વક સર્વક્રિયાઓ કરવી જોઈએ, જેથી ફળની પ્રાપ્તિ થાય.

અહીં "ઉદ્યમી"થી સંબોધીને કહ્યું કે, "ઉપયોગને સંભાલો." તેથી એ ફલિત થાય છે કે, જે શ્રાવક કે સાધુ અતિચારની શુદ્ધિની ઇચ્છાવાળા છે અને લાગેલા અતિચારો બુદ્ધિમાં ઉપસ્થિત રાખીને તેને કાઢવા માટે ઉદ્યમવાળા છે એવા સાધુ કે શ્રાવકો અતિચારની શુદ્ધિને અનુકૂળ ઉપયોગવાળા થાવ, અર્થાત્ દૃઢ માનસ વ્યાપારવાળા થાવ. પછી કહ્યું કે, સંયમી સર્વ પાતિક ટાલો. આનાથી એ પ્રાપ્ત થાય કે, સૂત્ર બોલતી વખતે જેનું ચિત્ત અત્યંત સંવૃત્ત છે અને તેના કારણે મન-વચન-કાયાના ત્રણે યોગો ગુપ્ત છે તેવા સંયમિત થઈને સાધુ કે શ્રાવક સૂત્ર બોલે જેથી સર્વ અતિચારરૂપ પાપો ટળે. **॥૧॥**

**અવતરણિકા :-**

હવે, પ્રતિક્રમણનાં બીજભૂત સૂત્ર બોલ્યા પછી પ્રતિક્રમણમાં શું કરાય છે તે બતાવતાં કહે છે –

**ગાથા :-**

**જ્ઞાનાદિક માંહે ચારિત્રસાર,**
**તદાચાર શુદ્ધિ અર્થ ઉદાર; ઉ૦**
**'કરેમિ ભંતે' ઇત્યાદિક સૂત્ર,**
**ભણી કાઉસ્સગ્ગ કરો પવિત્ર. ઉ૦ ૨**
**ચિંતવો અતિચાર તે પ્રાંત,**
**પડિલેહણથી લાગા જે ભ્રાંત; ઉ૦**
**'સયણાસણ' ઈત્યાદિક ગાથા,**
**ભાવજો તિહાં મત હોજો થાંથા. ઉ૦ ૩**

**ગાથાર્થ :-**

**જ્ઞાનાદિકમાં ચારિત્ર સાર છે અને તેના આચારની શુદ્ધિ ઉદાર અર્થ છે. અને તેના માટે 'કરેમિ ભંતે' ઈત્યાદિ સૂત્ર બોલી પવિત્ર કાઉસ્સગ્ગ કરો અને કાઉસ્સગ્ગમાં અતિચારનું ચિંતવન કરો.**

**સાધુ માટે સવારના પડિલેહણથી માંડીને પ્રાંત સુધી=દિવસના અંત સુધી, જે અતિચારો લાગ્યા હોય તેને 'સયણાસણ' ઈત્યાદિ ગાથાથી ભાવજો. તિહાં થાંથા મત હોજો=અતિચાર ચિંતવનમાં શિથિલ અર્થાત્ પ્રમાદવાળા થશો નહીં. ॥૨-૩॥**

**ભાવાર્થ :-**

સાધુ જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામવાળા હોય છે અને તે ત્રણેમાં ચારિત્ર શ્રેષ્ઠ છે. તેથી ચારિત્રાચારની શુદ્ધિ માટે ઉદાર અર્થવાળાં=સમભાવની પ્રાપ્તિમાં પ્રબળ કારણ બને તેવા ગંભીર અર્થવાળાં 'કરેમિ ભંતે'.....ઇત્યાદિ સૂત્રો બોલીને પવિત્ર અર્થાત્ આત્માને પવિત્ર કરવાનું કારણ બને એવો પવિત્ર,

કાઉસ્સગ્ગ કરાય છે અને તે કાઉસ્સગ્ગમાં સાધુ અતિચારોનું ચિંતવન કરે છે. કયા અતિચારોનું સાધુ ચિંતવન કરે છે તે બતાવતાં કહે છે.

સવારનું પ્રતિક્રમણ કર્યા પછી સાધુ પડિલેહણ કરે છે. તે પડિલેહણથી માંડીને દિવસના અંત સુધીમાં ચિત્તમાં ભ્રમને કારણે=અનુપયોગને કારણે, જે અતિચારો લાગ્યા હોય તે 'સયણાસણ' ઇત્યાદિ ગાથાનાં ચિંતવનમાં ભાવન કરજો=સાધુએ કાઉસ્સગ્ગમાં 'સયણાસણ'ની ગાથા બોલ્યા પછી તે ગાથાથી ઉપસ્થિત થયેલા દિવસ સંબધી સર્વ સાધ્વાચારોને સ્મૃતિમાં લાવી દિવસ દરમિયાન થયેલા સર્વ અતિચારોનું સાધુએ ભાવન કરવું જોઈએ. અર્થાત્ દિવસ દરમિયાન થયેલા સર્વ અતિચારો પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તેમ ભાવન કરવું જોઈએ. અને તેમાં "થાંથા" થવું જોઈએ નહીં=માત્ર શબ્દોથી વિચાર કરીને સંતોષ માનવો જોઈએ નહીં. પરંતુ સવારના પડિલેહણથી માંડીને દિવસ દરમિયાન થયેલા સર્વ અતિચારો પ્રત્યે તીવ્ર જુગુપ્સા ઉત્પન્ન થાય તે પ્રકારના મનનાં પ્રણિધાનપૂર્વક અતિચારોનું ચિંતવન કરવું જોઈએ. **॥૨-૩॥**

**ગાથા :-**

**ઈમ મનસા ચિંતન ગુરુ-સાખે,**
**આલોવા અર્થે ગુરુ દાખે; ઉ૦**
**શ્રાદ્ધ ભણે અડગાથા અત્થો,**
**કાઉસ્સગ્ગ પારી ચઉવિસત્થો. ઉ૦ ૪**

**ગાથાર્થ :-**

**ગુરુસાક્ષીએ પાપોને આલોવવા અર્થે આ પ્રકારે મનથી ચિંતવન=પૂર્વગાથામાં કહ્યું તે પ્રમાણે સાધુ 'સયણાસણ' ગાથામાં મનથી અતિચારોનું ચિંતવન કરે અને ત્યારપછી 'ગુરુ દાખે'=તે અતિચારો ગુરુને બતાવે, જે સ્વયં આગળ સજ્ઝાયકાર કહેશે. વળી, શ્રાદ્ધ=શ્રાવક, 'સયણાસણ'ના સ્થાને 'નાણંમિ દંસણંમિ' આદિ અતિચારસૂત્રની આઠ ગાથા બોલે છે અને અત્થો=અતિચારરૂપ અર્થનું ચિંતવન કરે છે. ત્યારપછી સાધુ-શ્રાવક કાઉસ્સગ્ગ પારીને 'ચઉવિસત્થો' બોલે છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે, સાધુ દિવસ દરમિયાન લાગેલા અતિચારોનું 'સયણાસણ' ગાથાથી આલોચન કરે છે. હવે તે શું કામ આલોચન કરે છે, તેથી કહે છે.

ગુરુસાક્ષીએ તે અતિચારોનું આલોચન કરવા અર્થે પૂર્વમાં કહ્યું તે પ્રકારે મનથી અતિચારોનું ચિંતવન કરે છે અને ત્યારપછી તે અતિચારો ગુરુને કહે છે; કઈ રીતે કહે છે તે સજ્ઝાયકાર સ્વયં આગળ કહેશે :

વળી, જેમ સાધુ ચારિત્રની શુદ્ધિ અર્થે કાઉસ્સગ્ગમાં 'સયણાસણ'ની ગાથા બોલે છે તેમ શ્રાવક શું બોલે છે તે બતાવે છે. શ્રાવક અતિચારસૂત્રની આઠ ગાથા બોલે છે. અને તે અતિચારની આઠ ગાથા બોલ્યા પછી સાધુની જેમ શ્રાવકે પણ દિવસ દરમિયાન પંચાચાર વિષયક જે આચારોનું સમ્યક્ પાલન ન કર્યું હોય તે આ આઠ ગાથાઓ બોલ્યા પછી પંચાચારના સ્મરણના બળથી તેમાં લાગેલા અતિચારોનું ચિંતવન કરવું જોઈએ. તેના ચિંતવનમાં થાંથા થવું જોઈએ નહીં=પ્રમાદી થવું જોઈએ નહીં.

આનાથી એ ફલિત થાય કે, જેમ સાધુ મોક્ષના અર્થી છે તેથી ચારિત્ર શુદ્ધિની અપેક્ષા રાખે છે માટે 'સયણાસણ'ની ગાથા બોલે છે. તેમ શ્રાવક પણ મોક્ષના અત્યંત અર્થી છે છતાં સાધુની જેમ સંપૂર્ણ નિરવદ્ય આચારના પાલનરૂપ ચારિત્રાચાર પાળી શકે તેમ નથી. માટે ચારિત્રાચારની શક્તિના સંચય અર્થે સ્વભૂમિકાનુસાર અપ્રમાદભાવથી પંચાચારનું પાલન કરે છે અને દિવસ દરમિયાન તે પંચાચારના પાલનમાં પ્રમાદવશ જે કાંઈ સ્ખલના થઈ હોય તે સર્વને આઠ ગાથાઓના ચિંતવનના બળથી સ્મરણ કરે; કેમ કે આઠ ગાથાઓ દ્વારા શ્રાવકને પાંચે આચારોની ઉપસ્થિતિ થાય છે અને તેની ઉપસ્થિતિ કર્યા પછી તે આચારોમાં કયા ઉચિત આચારો પોતે સેવ્યા નથી અથવા તો તે ઉચિત આચારો સેવ્યા હોવા છતાં પ્રમાદને વશ તેમાં સ્ખલના કરી હોય તેનું સ્મરણ કરીને કાઉસ્સગ્ગ પારે. સાધુની જેમ શ્રાવક પણ ગુરુસાક્ષીએ અતિચારો આલોવવા અર્થે અતિચારોનું સ્મરણ કરે છે. અને ત્યાર પછી સાધુ કે શ્રાવક પોતાના દ્વારા કરાયેલા કાયોત્સર્ગથી થયેલા હર્ષની અભિવ્યક્તિરૂપે 'ચતુર્વિંશતિસ્તવ' દ્વારા તીર્થંકરનાં નામનું કીર્તન કરે છે; કેમકે પોતે કાયોત્સર્ગ દ્વારા અતિચારોનું ચિંતવન કરીને,

અતિચાર પ્રત્યે જુગુપ્સા કરેલ છે અને ગુરુસાક્ષીએ આલોવવાનો અધ્યવસાય કરેલ છે. તેના કારણે પોતાને જે શુભ અધ્યવસાય થયો છે તેથી સાધુ અને શ્રાવકને ઉત્સાહ થાય છે કે, દિવસ દરમિયાન થયેલાં પાપોની શુદ્ધિ કરીને હવે હું નિર્મલ થઈશ અને તેથી હર્ષિત થઈ ભગવાનનાં નામના કીર્તનરૂપ પ્રગટ 'લોગસ્સસૂત્ર' બોલે છે. તે ચઉવિસત્થો નામનું બીજું આવશ્યક છે. **॥૪॥**

**ગાથા :-**

**સાંડાસા પડિલેહી બેસે, મુહપત્તિ તનુ પડિલેહે વિશેષે; ઉ૦**
**કાઉસ્સગ્ગ અવધારિત અતિચાર, આલોવા દે વંદન સાર. ઉ૦ ૫**

**ગાથાર્થ :-**

**સાધુ 'સયણાસણ'ની ગાથાપૂર્વક કાઉસ્સગ્ગ કર્યા પછી "લોગસ્સ સૂત્ર" બોલીને અને શ્રાવક અતિચારની આઠ ગાથાપૂર્વક કાઉસ્સગ્ગ કર્યા પછી "લોગસ્સ સૂત્ર" બોલીને સંડાસા પડિલેહણ કરી બેસે છે અને મુહપત્તિ દ્વારા શરીરનું વિશેષ પડિલેહણ કરે છે અને કાયોત્સર્ગમાં અવધારણ કરાયેલા અતિચારને ગુરુપાસે આલોવવા અર્થે વંદન કરે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

સાધુ 'સયણાસણ'ની ગાથા દ્વારા અને શ્રાવક અતિચારની આઠ ગાથા દ્વારા અતિચારોનું આલોચન કર્યા પછી "લોગસ્સ સૂત્ર" બોલે છે. ત્યાર પછી બેસીને મુહપત્તિનું પડિલેહણ કરે છે. વળી, મુહપત્તિના પડિલેહણ અર્થે બેસતાં સામાયિકની શુદ્ધિમાં ભંગ ન થાય તે માટે સંડાસાનું પડિલેહણ કરીને બેસે છે=બેસતી વખતે શરીરના જે જે ભાગો પૂંજવામાં ન આવે તો જીવહિંસા થવાનો સંભવ રહે તે તે સ્થાનોનું શાસ્ત્રીય વિધિ અનુસાર પડિલેહણ કરીને બેસે છે અને બેસીને પ્રથમ મુહપત્તિનું પડિલેહણ કરે છે. ત્યારપછી મુહપત્તિથી શરીરનું પડિલેહણ કરે છે. જેથી દેહ ઉપર કોઈક સૂક્ષ્મ જંતુ રહેલ હોય તો તેની પણ રક્ષા થાય. તે પડિલેહણ કર્યા પછી કાઉસ્સગ્ગમાં જે અતિચારોનું અવધારણ કરેલ તે અતિચારોની ગુરુ સાક્ષીએ આલોચના કરવા અર્થે ગુરુને વંદન કરે છે; કેમ કે વંદનપૂર્વક આલોચના કરવાથી વિનયપૂર્વકની આલોચનાની પ્રવૃત્તિ થાય છે. **॥૫॥**

ગાથા :-

**અવગ્રહ માંહિ રહિઓ નત અંગ,**
**આલોએ દેવસી જે ભંગ; ઉ૦**
**'સવ્વસ્સવિ દેવસિઅ ઈચ્ચાઇ',**
**ઉચ્ચરતો ગુરુસાખે અમાઈ. ઉ૦ ૬**
**મન-વચ-કાય સકલ અતિચાર,**
**સંગ્રાહક એ છે સુવિચાર; ઉ૦**
**'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્!',**
**પાયછિત્ત તસ માગે તપધન. ઉ૦ ૭**

ગાથાર્થ :-

**વંદન કર્યા પછી અવગ્રહમાં રહેલા નમેલા અંગવાળા સાધુ કે શ્રાવક દિવસસંબંધી જે ભંગ=અતિચાર, લાગેલા હોય તેને આલોવે અર્થાત્ આલોચનાસૂત્રથી આલોવે. ત્યારપછી 'સવ્વસવિ-દેવસિઅ' ઈત્યાદિ ઉચ્ચરતો અમાઈ=માયારહિત, ગુરુસાખે આલોવે છે. અને મન-વચન-કાયાના સકલ અતિચારનો સંગ્રાહક એ સુવિચાર છે=ગુરુસાખે 'સવ્વસવિ દેવસિઅ'થી જે આલોવે છે તે સુવિચાર છે. એને ગુરુસાખે આલોવ્યા પછી "ઇચ્છાકારેણં સંદિસહ ભગવન્" બોલવા દ્વારા તપધન=તપ છે ધન જેનું, એવા સાધુ કે શ્રાવક તેનું પ્રાયશ્ચિત માંગે છે. ||૬-૭||**

ભાવાર્થ :-

ગાથા-૫માં કહ્યું કે, કાઉસ્સગ્ગમાં અવધારણ કરાયેલા અતિચારોના આલોચન માટે સાધુ કે શ્રાવક ગુરુને વંદન કરે છે અને તેમાં બે વાંદણાં આપ્યા પછી બીજા વાંદણામાં અવગ્રહમાંથી બહાર નીકળતા નથી. પરંતુ અવગ્રહમાં રહીને અતિચારના ભારથી પોતે ભરેલા છે તેની અભિવ્યક્તિ અર્થે નમાવેલાં અંગવાળા દિવસસંબધી જે ભંગ=અતિચાર, થયા છે તેને સાધુ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિં આલોઉં ?" અને "ઠાણે કમણે ચંકમણે" સૂત્રો દ્વારા અને શ્રાવક "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિં આલોઉં ?" સૂત્ર દ્વારા આલોવે

છે. તેનું આલોચના કર્યા પછી ગુરુની સાક્ષીએ માયા વગર આલોચન કરવા અર્થે ‘સવ્વસવિ દેવસિઅ’ ઇત્યાદિ સૂત્ર બોલે છે. આ સૂત્ર સાધુ ‘પગામ સજ્ઝાય’ કરતાં પૂર્વે અને શ્રાવક ‘વંદિત્તુસૂત્ર’ બોલતાં પૂર્વે બોલે છે અને ‘સવ્વસવિ દેવસિઅ’ સૂત્ર મન-વચન-કાયાથી લાગેલા બધા જ અતિચારોનો સંગ્રાહક સુંદર વિચાર છે. તેના દ્વારા ગુરુ પાસે માયારહિત આલોચન કરીને, તપ છે ધન જેને એવા તપોધન સાધુ કે શ્રાવક ‘ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્’ ઇત્યાદિ સૂત્ર દ્વારા પ્રાયશ્ચિત માંગે છે. અર્થાત્ કહે છે કે, હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક સંદિસહ=મને ઇચ્છાપૂર્વક પ્રાયશ્ચિત્ત આપો. આ પ્રકારે પ્રાયશ્ચિત્ત માંગ્યા પછી ગુરુ શું કહે છે તે હવે બતાવે છે. **॥૬-૭॥**

**ગાથા :-**

> **‘પડિક્કમહ’ ઇતિ ગુરુ પણ ભાખે,**
> **પડિક્કમણાખ્ય પાયચ્છિત્ત દાખે; ઉ૦**
> **સ્વસ્થાનકથી જે બહિગમણ,**
> **ફિરી આવે તે છે ‘પડિક્કમણ.’ ઉ૦ ૮**

**ગાથાર્થ :-**

**‘પડિક્કમેહ’ એ પ્રમાણે ગુરુ પણ પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત્ત બતાવે છે. આ પ્રાયશ્ચિત્ત શું છે તે સ્પષ્ટ કરે છે, સ્વસ્થાનકથી=દેશવિરતિ કે સર્વવિરતિ સ્થાનકથી, જે બહિર્ગમન ત્યાંથી ફરી આવે=પાછો આવે, તે પ્રતિક્રમણ છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

ગુરુ પાસે “ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્” કહી પ્રાયશ્ચિત્ત માંગ્યા પછી ગુરુ ‘પડિક્કમેહ’ એ પ્રકારનાં વચનથી કહેલા અતિચારના આલોચનરૂપ “પ્રતિક્રમણ” નામનું પ્રાયશ્ચિત્ત આપે છે. જે પ્રાયશ્ચિત્ત સાધુ ‘પગામસજ્ઝાય સૂત્ર’ દ્વારા અને શ્રાવક ‘વંદિત્તુસૂત્ર’ દ્વારા કરે છે. પ્રતિક્રમણ શું વસ્તુ છે તે સ્પષ્ટ કરતાં કહે છે કે, **અતિચાર સેવવાને કારણે પોતે સ્વીકારેલા સંયમસ્થાનથી જે બહિર્ગમન થયું છે તેનાથી પાછા ફરીને સ્વીકારાયેલા સંયમસ્થાનકમાં પાછા આવવાની ક્રિયા તે પ્રતિક્રમણ છે. ॥૮॥**

**અવતરણિકા :-**

આ રીતે ગુરુએ પ્રતિક્રમણનું પ્રાયશ્ચિત્ત આપ્યું તે બતાવીને અને પ્રતિક્રમણ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ બતાવીને હવે પ્રતિક્રમણના પર્યાયવાચી આઠ શબ્દો કહે છે –

**ગાથા :-**

**પડિક્કમણ, પડિઅરણ, પવત્તિ,**
**પરિહરણા, વારણા, નિવત્તિ; ઉ૦**
**નિંદા-ગરહા, સોહી અઠ,**
**એ પર્યાય સુજસ સુગરીઠ. ઉ૦ ૯**

**ગાથાર્થ :-**

**પ્રતિક્રમણ, પ્રતિકરણ, પ્રવૃત્તિ, પ્રતિહરણ, વારણા, નિવૃત્તિ, નિંદા-ગર્હા અને શોધી આ આઠ પર્યાય સુયશના સુગરિષ્ઠ છે=સુયશના કારણભૂત સુગરિષ્ઠ એવા આ આઠ પર્યાયો છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

"પ્રતિક્રમણ" શબ્દના આ આઠ પર્યાયવાચી શબ્દોના અર્થ સજ્ઝાયકાર સ્વયં આગળ દરેક પર્યાય પર એક એક ઢાળની રચના કરવા દ્વારા સ્પષ્ટ કરવાના છે તેથી અહીં સ્પષ્ટતા કરી નથી. **॥૯॥**

# ઢાળ ચોથી - પ્રતિક્રમણ વિધિ

(રાગ : પ્રથમ ગોવાલા તણે ભવેજી - એ દેશી)

**ત્રીજી અને ચોથી ઢાળનું જોડાણ :-**

આ રીતે ગુરુ આગળ પ્રાયશ્ચિત્તનું નિવેદન કરીને ગુરુએ પ્રતિક્રમણનું પ્રાયશ્ચિત્ત આપ્યું એમ પૂર્વમાં કહ્યું. હવે સાધુ કે શ્રાવક પ્રતિક્રમણ કઈ રીતે કરે છે તે બતાવે છે –

**ગાથા :-**

**બેસી 'નવકાર' કહી હવેજી, કહે 'સામાયિક' સુત્ત;**
**સફલ નવકારથી જીવનેજી, પડિક્કમવું સમચિત્ત.**
**મહાજસ ! ભાવો મનમાં રે હેત. એ આંકણી. ૧**

**ગાથાર્થ :-**

**હવે=ગુરુએ પ્રાયશ્ચિત્ત આપ્યું પછી, બેસીને નવકાર કહી, "સામાયિક-સૂત્ર" કહે અને 'નવકાર'પૂર્વક સામાયિકસૂત્રથી સમચિત્ત=સમભાવવાળું ચિત્ત, કરીને પ્રતિક્રમણ કરવું જીવને માટે સફલ=ફલવાળું છે. હે મહાયશવાળા સાધુ કે શ્રાવક મનમાં હેતથી ભાવો=હેતથી પ્રતિક્રમણ-સૂત્રને ભાવો. ॥૧॥**

**ભાવાર્થ :-**

ગુરુ પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત્ત આપે છે. ત્યાર પછી સાધુ કે શ્રાવક તે પ્રતિક્રમણ કરવા અર્થે બેસીને પ્રથમ નવકાર અને ત્યારપછી "સામાયિકસૂત્ર" બોલે છે. અહીં પ્રશ્ન થાય કે, ગુરુએ પ્રતિક્રમણ કરવાનું પ્રાયશ્ચિત્ત આપ્યું તેમાં પ્રતિક્રમણ કરવાનું છોડીને નવકાર, સામાયિકસૂત્ર કેમ બોલે છે ? તેથી કહે છે -

નવકાર બોલવાથી પંચપરમેષ્ઠિને અભિમુખ અત્યંત ઉપયોગ થાય છે અને પ્રણિધાનપૂર્વક સામાયિકસૂત્ર બોલવાથી ચિત્ત સમભાવવાળું બને છે. આ રીતે પંચપરમેષ્ઠિને અભિમુખ થઈ ચિત્તને સમભાવવાળું બનાવ્યા પછી થયેલા પાપનું

પ્રતિક્રમણ કરવામાં આવે તો તે પ્રતિક્રમણ માત્ર સૂત્રોચ્ચારણરૂપ ન બને, પરંતુ ફલવાળું બને અર્થાત્ થયેલા અતિચારોથી પાછું ફરી ચિત્ત પોતાના સ્થાનમાં આવે તેવું બને છે. માટે પ્રતિક્રમણને સફલ કરવા અર્થે તેની ભૂમિકાને અનુરૂપ ચિત્ત નિર્માણ કરવું આવશ્યક છે. અને તે કરવા માટે નવકાર અને સામાયિકસૂત્ર બોલાય છે. આ પ્રકારે પાપની શુદ્ધિ કરીને ગુણસ્થાનકમાં આરોહણ કરવાની મતિવાળા, મહાયશવાળા સાધુ અને શ્રાવક મનમાં હેતપૂર્વક ભાવન કરે અર્થાત્ હવે બોલાતું પ્રતિક્રમણસૂત્ર મનમાં હેતપૂર્વક ભાવન કરે. જેથી ગુણસ્થાનકનો પરિણામ ફરી સ્થિર થાય. **॥૧॥**

**અવતરણિકા :-**

**હવે પ્રતિક્રમણ કરતાં સાધુ શું બોલે છે તે પ્રથમ બતાવે છે –**

**ગાથા :-**

**'ચત્તારિ મંગલ'મિત્યાદિકેજી, મંગલ અર્થ કહેઈ;**
**'ઈચ્છામિ પડિક્કમિઉં' ઈત્યાદિકેજી,**
**દિન અતિચાર આલોઈ. મહાજસ ! ૦૨**
**'ઇરિયાવહિ' સુત્ત ભણેજી, વિભાગ આલોયણ અત્થ;**
**'તસ્સ ધમ્મસ્સ' લગે ભણેજી, શેષ વિશુદ્ધિ સમત્થ. મહાજસ!૦૩**

**ગાથાર્થ :-**

**"ચત્તારિ મંગલં" ઈત્યાદિકથી મંગલ અર્થને કરે છે અને "ઈચ્છામિ પડિક્કમિઉં"સૂત્રથી દિવસના અતિચારનું આલોચન કરે છે અને 'ઈરિયાવહિસૂત્ર' ભણીને વિભાગથી આલોચનનો અર્થ કરે છે. "તસ્સ ધમ્મસ્સ" સુધી શેષ વિશુદ્ધિને સમર્થ એવું પ્રતિક્રમણ ભણે છે. ॥૨-૩॥**

**ભાવાર્થ :-**

સાધુ અતિચારની શુદ્ધિ અર્થે પ્રતિક્રમણ કરવા પ્રારંભમાં "ચત્તારિ મંગલં" ઇત્યાદિ બોલે છે. જે મંગલ માટે છે; કેમ કે મંગલપૂર્વક કરાયેલું કાર્ય હંમેશાં

ફળવાળું થાય છે. પાપનું શુદ્ધીકરણ એ અતિદુષ્કર કાર્ય છે. તેથી મંગલપૂર્વક પાપનું શુદ્ધીકરણ કરવામાં આવે તો "ચત્તારિ મંગલં" ઇત્યાદિ દ્વારા પવિત્ર થયેલું ચિત્ત સુખપૂર્વક પ્રતિક્રમણ કરીને શુદ્ધિ પ્રાપ્ત કરે માટે મંગલ માટે "ચત્તારિ મંગલં" બોલે છે. ત્યાર પછી "ઇચ્છામિ પડિક્કમિઉં" ઇત્યાદિ સૂત્રથી દિવસ સંબંધી થયેલા અતિચારોનું આલોચન કરીને તેના પ્રત્યે જુગુપ્સા કરાય છે. અને ત્યાર પછી વિભાગપૂર્વકની આલોચના અર્થે=જીવોના વિભાગપૂર્વકની આલોચના કરીને પાપથી પાછા ફરવા રૂપ પ્રતિક્રમણ અર્થે "ઇરિયાવહિસૂત્ર" બોલાય છે, ત્યાર બાદ "પગામ સજ્ઝાય" દ્વારા "તસ્સ ધમ્મસ્સ" સુધી શેષ વિશુદ્ધિ કરવાની બાકી રહી હોય તેની શુદ્ધિ કરવા માટે સમર્થ એવુ પ્રતિક્રમણ કરાય છે. આ રીતે સાધુ 'પગામ સજ્ઝાય'થી દિવસના અતિચારોનું પ્રતિક્રમણ કરે છે. **॥૨-૩॥**

**અવતરણિકા :-**

**હવે, શ્રાવક કઈ રીતે પ્રતિક્રમણ કરે છે તે બતાવે છે –**

**ગાથા :-**

**શ્રાવક આચરણાદિકેજી, 'નવકાર' 'સામાયિક સૂત્ર;'**
**'ઈચ્છામિ પડિક્કમીઉં' કહી કહેજી, શ્રાદ્ધ સૂત્ર સુપવિત્ર. મહ૦૪**

**ગાથાર્થ :-**

**શ્રાવક આચરણાદિથી નવકાર અને સામાયિકસૂત્ર બોલે છે અને "ઈચ્છામિ પડિક્કમિઉં" કહીને સુપવિત્ર એવું શ્રાદ્ધસૂત્ર="વંદિત્તુસૂત્ર", કહે છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્ત લઈને પ્રતિક્રમણ કરવા અર્થે બેસીને પ્રથમ નવકાર તથા સામાયિકસૂત્ર બોલે છે. નવકાર બોલવા દ્વારા પંચપરમેષ્ઠિના સ્મરણથી ભાવિત થઈને સામાયિક સૂત્ર દ્વારા શ્રાવકનું ચિત્ત સમભાવવાળું બને છે. અને સમભાવવાળું ચિત્ત એટલે સમભાવ પ્રત્યે ઉલ્લસિત થયેલો રાગ. અને

સમભાવ પ્રત્યે ઉલ્લસિત થયેલા રાગવાળા શ્રાવક અતિચારનું આલોચન કરે તો એવા ઉત્તમ ચિત્તથી અતિચારની શુદ્ધિ થાય છે. માટે નવકાર અને સામાયિકસૂત્ર બોલવાપૂર્વક શ્રાવક પ્રતિક્રમણ કરે છે અને ત્યાં પ્રથમ "ઇચ્છામિ પડિક્કમિઉં" સૂત્ર દ્વારા સંક્ષેપથી સર્વ પાપની જુગુપ્સા કરે છે. ત્યારપછી શ્રાવક સુપવિત્ર એવું શ્રાદ્ધસૂત્ર=વંદિત્તુસૂત્ર બોલે છે, અને પ્રણિધાનપૂર્વક બોલાયેલા સૂત્રના બળથી શ્રાવકજીવનમાં કોઈ અતિચાર લાગ્યા હોય તેની શુદ્ધિને તે મહાત્મા પ્રાપ્ત કરે છે અને અતિચાર ન લાગ્યા હોય તોપણ તે સૂત્ર બોલવાથી અતિચાર પ્રત્યે થયેલો તીવ્ર જુગુપ્સાનો ભાવ અતિચારરહિત શ્રાવકાચાર પાળવા માટેની શક્તિનો સંચય કરાવે છે. માટે અત્યંત પ્રણિધાનપૂર્વક સૂત્ર અને અર્થમાં અર્પિત થયેલા માનસવાળા અને પ્રતિક્રમણની લેશ્યાવાળા થઈને અર્થાત્ અતિચારો પ્રત્યે જુગુપ્સા ઉત્પન્ન થાય તેવી લેશ્યાવાળા થઈને, સાધુએ કે શ્રાવકે પોતાનું પ્રતિક્રમણસૂત્ર બોલવું જોઈએ. **॥૪॥**

**અવતરણિકા :-**

**પ્રતિક્રમણ કર્યા પછી સાધુ કે શ્રાવક ઊભા થઈને અવશેષ સૂત્ર કેમ બોલે છે તે બતાવવા કહે છે –**

**ગાથા :-**

**અતિચાર-ભાર-નિવૃત્તિથીજી, હલુઓ હોઈ ઉઠેઈ;**
**'અબ્ભુઠિઓ મિ' ઈત્યાદિકેંજી, સૂત્રનિઃશેષ કહેઈ. મહા૦ ૫**

**ગાથાર્થ :-**

**અતિચારના ભારની નિવૃત્તિથી હલકા થયેલા સાધુ કે શ્રાવક ઊઠે છે, કઈ રીતે ઊઠે છે : 'અબ્ભુટ્ઠિઓમિ' ઈત્યાદિ બોલતાં ઊભા થાય છે અને સૂત્ર નિઃશેષ કહેઈ=નિઃશેષ સૂત્ર કહે છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

પ્રતિક્રમણસૂત્રના અંતે અતિચારનું આલોચન પૂરું થાય છે ત્યારે પ્રતિક્રમણ સૂત્ર દ્વારા અતિચારની શુદ્ધિ થયેલી હોવાથી પોતાના ઉપરથી અતિચારની

ભારની નિવૃત્તિ થઈ છે તેની અભિવ્યક્તિ કરવા અર્થે અતિચારનાં ભારથી હલકા થયેલા એવા સાધુ કે શ્રાવક ઊભા થાય છે અને "અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ વિરઓમિ વિરાહણાએ" ઇત્યાદિ દ્વારા શેષ સૂત્ર બોલે છે. તેના દ્વારા સંયમ પ્રત્યેના પક્ષપાતની વૃદ્ધિ થાય તેવા ઉત્તમ ભાવો ઉલ્લસિત થાય છે. ॥૫॥

**અવતરણિકા :-**

**આ રીતે પ્રતિક્રમણ કર્યાં પછી સાધુ કે શ્રાવક શું કરે છે તે હવે બતાવે છે –**

**ગાથા :-**

**અવગ્રહ ખમાસમણ વંદણંજી, તીન ખમાવે રે દેઈ;**
**પંચાદિક મુનિ જો હુએજી, કાઉસ્સગ્ગાર્થ ફિરેઈ. મહા૦ ૬**
**ભૂમિ પુંજી અવગ્રહ વહીજી, પાછે પગે નિસરેઈ;**
**આયરિય ઉવઝાય ભલે ભણેજી, અભિનય સુજસ કહેઈ. મહા૦ ૭**

**ગાથાર્થ :-**

**અવગ્રહમાં રહીને ખમાસમણ માટે=ખમાવવા માટે, વંદન આપે છે. અને પાંચ આદિ મુનિ હોય તો ત્રણ વખત ખમાવે અને કાઉસ્સગ્ગ માટે ફરી વંદણા આપે=કાઉસ્સગ્ગ માટે ફરી વંદન કરે પછી ભૂમિ પૂંજીને, અવગ્રહમાંથી પાછા પગે બહાર નીકળે છે. અને ત્યાર પછી સુયશને કરનાર અભિનય=કાંઈક નમીને, ભલે=સુંદર, એવું 'આયરિય ઉવજ્ઝાય' સૂત્ર બોલે છે. ॥૬-૭॥**

**ભાવાર્થ :-**

પ્રતિક્રમણસૂત્ર બોલ્યા પછી સાધુ કે શ્રાવક અવગ્રહમાં રહીને સાધુને ખમાવવા અર્થે વંદન આપે છે અર્થાત્ બે વાર વાંદણાસૂત્ર બોલે છે અને પાંચ કે પાંચથી વધારે સાધુ હોય તો ત્રણ વખત 'અબ્ભુટ્ઠિઓમિ'સૂત્રથી ખમાવે છે. તે ખમાવ્યા પછી અવશેષ અતિચારોની શુદ્ધિ અર્થે આગળ જે કાઉસ્સગ્ગ કરવાનો છે તેના

માટે ફરી ગુરુને વંદન કરે છે. બે વખતનાં આ વંદનમાં સાધુ કે શ્રાવક અવગ્રહમાં રહેલા હોય છે. તેથી અવગ્રહમાંથી બહાર નીકળવા માટે ભૂમિ પૂંજીને પાછલા પગે ગુરુના અવગ્રહમાંથી બહાર નીકળે છે. અને ત્યાર પછી કાયાને કાંઈક નમાવી સુયશને કરનાર સુંદર એવું 'આયરિય ઉવજ્ઝાયસૂત્ર' બોલે છે. 'આયરિય ઉવજ્ઝાયસૂત્ર' કેમ બોલે છે તે આગળની ઢાળમાં સજ્ઝાયકાર સ્વયં સ્પષ્ટ કરશે. **॥૬-૭॥**

# ઢાળ પાંચમી

(રાગ : રસિયાની દેશી)

**પૂર્વ ઢાળ સાથે જોડાણ :-**

પૂર્વમાં કહેલ કે પ્રતિક્રમણસૂત્ર બોલ્યા પછી ગુરુને ખમાવવા માટે વંદન કરી ગુરુને ખમાવી પછી કાયોત્સર્ગ અર્થે ફરી વંદન કરે છે. તેથી હવે પ્રતિક્રમણ કર્યા પછી સાધુ કે શ્રાવક કાયોત્સર્ગ કેમ કરે છે તે સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**આલોયણ પડિક્કમણે અશુદ્ધ જે,**
**ચારિત્રાદિક અતિચાર; ચતુરનર !**
**કાઉસ્સગ્ગ તેહની શુદ્ધિ અર્થે કહ્યો,**
**પહિલો ચારિત્ર શુદ્ધિકાર. ચતુરનર ! ૧**

**ગાથાર્થ :-**

**હે ચતુરનર ! આલોચન અને પ્રતિક્રમણથી પણ જે શેષ અશુદ્ધ ચારિત્રાદિકના અતિચાર છે=ચારિત્ર, દર્શન અને જ્ઞાનના અતિચાર છે. તેની શુદ્ધિ અર્થે પહેલો ચારિત્રની શુદ્ધિ કરનારો કાઉસ્સગ્ગ કહેવાયો છે. ||૧||**

**ભાવાર્થ :-**

પૂર્વની ઢાળમાં કહેલ કે પ્રતિક્રમણસૂત્ર બોલ્યા પછી કાયોત્સર્ગ માટે સાધુ ફરીથી વંદન કરે છે. તેથી જિજ્ઞાસા થાય કે, પ્રતિક્રમણ કર્યા પછી સાધુ કાયોત્સર્ગ કેમ કરે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે : સાધુ કે શ્રાવક અત્યંત પ્રણિધાનપૂર્વક આલોચના કરે તો આલોચનાથી જ કઠિન પણ પાપની અવશ્ય શુદ્ધિ થાય છે. જે ભાવોથી પાપ થયું છે તેનાથી તીવ્ર જુગુપ્સા ઉત્પન્ન કરે તેવા સંવેગપૂર્વક આલોચના થાય તો તેનાથી પાપની શુદ્ધિ થાય. તેથી આરાધક સાધુ કે શ્રાવક પ્રણિધાનપૂર્વક સંવેગ ઉલ્લસિત થાય તે પ્રકારે આલોચના કરે છે.

આમ છતાં સંવેગ અને સંવેગના પ્રકર્ષનો પરિણામ અતિ દુષ્કર છે. તેથી આલોચના કાળમાં સંવેગનો પરિણામ થયો હોય પણ કોઈ સ્થાનમાં તે પ્રકર્ષવાળો ન થયો હોય તો અતિચારોની પૂર્ણ શુદ્ધિ થાય નહીં. તેની શુદ્ધિ અર્થે ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરે છે. હવે, ગુરુએ આપેલ પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત્ત સાધુ કે શ્રાવક પ્રણિધાનપૂર્વક કરે તો આલોચનાથી અવશેષ રહેલાં પાપો અવશ્ય શુદ્ધ થાય છે. આમ છતાં પ્રતિક્રમણકાળમાં અતિચારોના કોઈક સ્થાનમાં તે પ્રકારના ઉપયોગના અભાવને કારણે અનાભોગથી કોઈક પાપોની શુદ્ધિ ન થઈ હોય તો તેની શુદ્ધિ અર્થે ચારિત્રાદિકના અતિચારોના શોધન માટે ત્રણ કાઉસ્સગ્ગ થાય છે.

ઉપરોક્ત કાઉસ્સગ્ગમાં ચતુરનરને સંબોધીને સજ્ઝાયકાર કહે છે કે, ચારિત્રની શુદ્ધિને કરનારો આ પહેલો કાઉસ્સગ્ગ છે. અહીં "ચતુરનર" તરીકેના સંબોધનથી એ ફલિત થાય કે, **થયેલાં પાપની શુદ્ધિ કરવામાં જે ચતુર હોય તે જ પરમાર્થથી આ પ્રતિક્રમણ કરવાના અધિકારી છે** અને તેવા ચતુરનરને યથાર્થ બોધ કરાવીને શુદ્ધિ માટે સન્મુખ ભાવ થાય તે અર્થે 'ચતુરનર'થી સંબોધન કરે છે. વળી, અતિચારની શુદ્ધિ અર્થે ત્રણ કાઉસ્સગ્ગ છે. તેમાં પહેલો કાઉસ્સગ્ગ ચારિત્રની શુદ્ધિ કરનારો છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે, ચારિત્રાદિ ત્રણના અતિચારની શુદ્ધિ અર્થે કાઉસ્સગ્ગ છે અને તેમાં પહેલો ચારિત્રની શુદ્ધિને કરનારો કાઉસ્સગ્ગ છે. તેથી હવે ચતુરનરને માર્ગાનુસારી વીર્યોલ્લાસ કરાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**પરીક્ષક હો તો હેતુને પરખજો, હરખજો હિયડલા માંહિ; ચ૦**
**નિરખો રચના સદ્‌ગુરુ કેરડી, વરષો સુરસ ઉછાહિ. ચતુર૦ ૨**

**ગાથાર્થ :-**

**પરીક્ષક હો તો=શાસ્ત્રકારોએ જે પ્રતિક્રમણની વિધિ બતાવી છે તે કયા સંદર્ભથી બતાવી છે તેની પરીક્ષા કરીને તે વિધિ કરવામાં તત્પર**

**હોવ તો, હેતુને પરખજો=શ્રાવક અને સાધુના અતિચારની શુદ્ધિ અર્થે જે આલોચના, પ્રતિક્રમણ અને કાઉસ્સગ્ગ કહ્યાં છે તે હેતુને પરખજો અને હૈયામાં હરખજો=ભગવાને આરાધક સાધુઓને અને શ્રાવકને સ્ખલનાની શુદ્ધિના કેવા સુંદર ઉપાયો બતાવ્યા છે તેનું સમ્યગ્ સમાલોચન કરીને હૈયામાં હરખજો. સદ્ગુરુ કેરી રચના ને નિરખજો=ગણધર ભગવંતોએ પાપની શુદ્ધિ માટે કરેલી રચનાના પરમાર્થને જાણજો. અને સુંદર રસના ઉત્સાહથી વરસજો=થયેલી અતિચારશુદ્ધિના આ સુંદર ઉપાયો છે તે પ્રકારના સુરસને જાણીને ઉત્સાહથી તે રીતે ભાવથી વર્તો. જેથી સંયમજીવન અતિચાર રહિત બને અને ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિ થાય. ॥૨॥**

**ભાવાર્થ :-**

સજ્ઝાયકારે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કર્યા પછી પાપની શુદ્ધિ અર્થે કરાતા ષડાવશ્યક અંતર્ગત "પ્રતિક્રમણ આવશ્યક"માં કાયોત્સર્ગ કેમ કરવામાં આવે છે તે ચતુરનરને સંબોધીને બતાવ્યું. જેથી પ્રતિક્રમણ કરીને શુદ્ધિ કરે તેવા ચતુર પુરુષો તે વચનો સાંભળીને પોતાનાં વ્રતોની શુદ્ધિ માટે ઉલ્લસિત વીર્યવાળા બને. વળી, આ સ્થાને વિચારકને માર્ગાનુસારી બોધ કરાવવો આવશ્યક છે તેવું જણાવવાથી આગળના પ્રતિક્રમણના જોડાણને બતાવતા પૂર્વે સજ્ઝાયકાર કહે છે કે, માત્ર વિચાર્યા વગર પ્રતિક્રમણ કરનારા જીવો તો ક્રિયા કરીને સંતોષ પામે તેવા છે. પરંતુ જેઓ વિચારક છે તેઓ તો કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પહેલાં પરીક્ષા કરીને જે પ્રવૃત્તિમાં મહાફળ દેખાય તેવી પ્રવૃત્તિ કરે છે. આથી, પ્રતિક્રમણ કરવાને સન્મુખ થયેલા એવા જીવો પણ જો પરીક્ષક હોય તો પાપની શુદ્ધિ માટે ભગવાને જે આલોચના, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ કહ્યાં છે તે હેતુને પરખજો.

આનાથી એ પ્રાપ્ત થાય કે, વ્રતો ગ્રહણ કરવાની ઇચ્છા કરવી પણ અતિદુષ્કર છે. વળી, ઇચ્છા થયા પછી સત્ત્વશાળી જીવો જ તે વ્રતોને ગ્રહણ કરી શકે છે અને અસિધારા પર ચાલવા તુલ્ય વ્રતોનું સમ્યક્ પાલન તો અતિશક્તિશાળી જીવો જ કરી શકે છે. હવે આવા જીવોથી પણ અનાભોગ આદિથી વ્રતોમાં

સ્ખલનાઓ થવાનો સંભવ રહે છે અને તે સ્ખલનાઓને જો દૂર કરવામાં ન આવે તો તે સ્ખલનાઓની પ્રતિદિન વૃદ્ધિ થાય. અને તેમ થાય તો બાહ્યથી વ્રતો પાલન થતાં હોય તોપણ અંતરંગ પરિણામથી વ્રતો નાશ પામે છે. તેથી આરાધક સાધુએ અને શ્રાવકે પોતાનાં સ્વીકારાયેલાં વ્રતોને સુરક્ષિત રાખવાં અતિઆવશ્યક છે; કેમ કે સુરક્ષિત થયેલાં વ્રતો જ ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ બને છે અને જો અતિચારોના સેવનથી સ્વીકારાયેલું વ્રત જીર્ણ-જીર્ણતર થઈને નાશ પામે તો તે વ્રતોની ક્રિયાથી કે તે વ્રતોના આચારથી પણ સાધુને કે શ્રાવકને કાંઈ ફળ મળે નહીં.

સ્વીકારેલાં વ્રતો નિષ્ફળ ન જાય તેના માટે સદ્ગુરુ એવા ગણધરોએ પ્રતિક્રમણની ક્રિયામાં શુદ્ધિ અર્થે ક્રમસર આલોચના, પ્રતિક્રમણ અને કાઉસ્સગ્ગ મૂક્યાં છે; કેમ કે વ્રતો મલિન ન થાય તેની ચિંતાવાળા સાધુએ કે શ્રાવકે પોતાના અનાદિકાળના પ્રમાદના કારણે કોઈ અતિચાર સેવેલો હોય તો તેની શુદ્ધિ અતિઆવશ્યક છે. અને તે શુદ્ધિ માત્ર ક્રિયાથી નહીં પણ સંવેગના પ્રકર્ષથી જ થાય છે. સંવેગનો પ્રકર્ષ અતિદુષ્કર છે. તેથી સદ્ગુરુ એવા ગણધરોએ સૌ પ્રથમ કાઉસ્સગ્ગમાં અતિચારોનું અવધારણ બતાવ્યું અને કાઉસ્સગ્ગમાં અતિચારોનું અવધારણ કર્યા પછી તેની શુદ્ધિ માટે પ્રથમ ભૂમિકાના ઉપાય તરીકે આલોચના બતાવી. શક્તિશાળી જીવો તે આલોચનાથી અવશ્ય શુદ્ધિને પ્રાપ્ત કરે છે. છતાં કોઈકનું વીર્ય તેવું પ્રકર્ષવાળું ન થાય અને વીર્યની કાંઈક મંદતાના કારણે પૂર્ણ શુદ્ધિ ન થઈ હોય તો તેની શુદ્ધિ અર્થે આલોચના કર્યા પછી ફરી પ્રતિક્રમણ બતાવ્યું. જેથી પ્રાયઃ કરીને સાધુના કે શ્રાવકના અતિચારની શુદ્ધિ અવશ્ય થાય છે. આમ છતાં, પ્રતિક્રમણકાળમાં પણ કાંઈક શુદ્ધિ અવશેષ બાકી રહી હોય તો તે અશુદ્ધિથી વ્રતો મલિન ન રહે તેના માટે કાયોત્સર્ગરૂપ શુદ્ધિનો ઉપાય બતાવ્યો. પરંતુ જેઓ આ ત્રણે શુદ્ધિમાંથી કાંઈ પણ શુદ્ધિમાં યત્ન કરી શકતા નથી તેઓ તો પરમાર્થથી પ્રતિક્રમણના અનધિકારી જ છે તે બતાવવા અર્થે કહે છે કે,

જો તમે પરીક્ષક હોવ તો અતિચારોની શુદ્ધિના હેતુને પરખજો અને આ પ્રકારના શુદ્ધિના ઉપાયોને જાણીને હૈયામાં હરખજો અર્થાત્ વિચારજો કે

જગતના જીવોના મહા ઉપકાર અર્થે તીર્થંકરે આ કેવો રૂડો માર્ગ બતાવ્યો છે કે જેથી સાધક આત્મા ક્યારેક અનાભોગથી વ્રતમાં ભંગ કરે તોપણ શુદ્ધિ કરીને ફરી ગુણસ્થાનકની વૃદ્ધિમાં યત્ન કરી શકે. તેમ વિચારીને પ્રસ્તુત ઉપાય પ્રત્યે હૈયાથી હરખજો અને સદ્‌ગુરુ એવા ગણધરોની આ રચનાને યથાર્થ રૂપે નિરખજો. તેથી તે રચનાના પરમાર્થને જાણીને વ્રતોની શુદ્ધિ કરવા તમે સમર્થ બનો. વળી, આ રચનાને જાણીને સુંદર રસ=તીવ્ર સંવેગના પરિણામરૂપ સુંદર રસ, ઉત્સાહથી પ્રતિક્રમણકાળમાં વરસજો. જેથી કરાયેલું પ્રતિક્રમણ ગુણસ્થાનકની વૃદ્ધિનું પ્રબળ અંગ બને. **॥૨॥**

**અવતરણિકા :-**

**દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિ અર્થે આલોચના, પ્રતિક્રમણ અને ત્યાર પછી કાયોત્સર્ગ છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું. તેમાં પ્રથમ ચારિત્રની શુદ્ધિને કરનારો કાઉસ્સગ્ગ હોય છે એમ ગાથા-૧માં કહ્યું. તેથી હવે ચારિત્રની શુદ્ધિ કઈ રીતે થાય તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ચારિત્ર કષાય-વિરહથી શુદ્ધ હોએ, જાસ કષાય ઉદગ્ર; ચ૦**
**ઉચ્છુ પુષ્ફ પરિ નિઃફલ તેહનું, માનું ચરણ સમગ્ર. ચ૦ ૩**
**તેણેં કષાયતણા ઉપશમ ભણી, આયરિય ઉવઝાય ઈત્યાદિ; ચ૦**
**ગાથાત્રય ભણી કાઉસ્સગ્ગ કરો, 'લોગસ્સ દોઈ' અપ્રમાદિ.**
**ચ૦ પરી૦ ૪**

**ગાથાર્થ :-**

**કષાયના વિરહથી ચારિત્રાચારની શુદ્ધિ થાય છે. જેને કષાય ઉદગ્ર છે તેનું ઉચ્છુપુષ્પની જેમ=કરમાયેલા પુષ્પની જેમ, સમગ્ર ચારિત્ર નિષ્ફળ માનવું. તેથી કષાયના ઉપશમ માટે 'આયરિય ઉવજ્ઝાય' ઈત્યાદિ ગાથાત્રય બોલીને અપ્રમાદી એવા સાધુ કે શ્રાવક બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરો. ॥૩-૪॥**

**ભાવાર્થ :-**

સર્વ જીવોને દસમા ગુણસ્થાનક સુધી કષાયનો ઉદય અવશ્ય હોય છે. તોપણ જે જીવો મન-વચન-કાયાને ગુપ્ત કરીને વિદ્યમાન કષાયોને કષાયોના ઉચ્છેદમાં પ્રવર્તાવે છે અર્થાત્ મોક્ષના ઉપાયભૂત જિનવચનાનુસાર પ્રવૃત્તિમાં પોતાનો રાગ પ્રવર્તાવે છે અને સંયમમાં લાગતા અતિચારોમાં પોતાનો દ્વેષ પ્રવર્તાવે અને જગતના પદાર્થો પ્રત્યે રાગ-દ્વેષ ન થાય તે માટે ઉપેક્ષાવાળા થાય છે. તે સાધુમાં કષાયનો વિરહ હોવાથી ચારિત્ર શુદ્ધ વર્તે છે.

વળી, જે સાધુ આ ત્રણ ઉપયોગમાંથી કોઈ એક કાળે એક ઉપયોગમાં વર્તે પરંતુ આ ત્રણ ઉપયોગથી અન્ય ઉપયોગમાં ન વર્તે તો વિદ્યમાન કષાયોના ઉચ્છેદમાં અવશ્ય યત્ન થાય છે અને “नष्यमाणम् नष्टं” એ વચન પ્રમાણે તે મહાત્માના કષાયો નાશ પામતા હોવાથી તે મહાત્મામાં કષાયોનો વિરહ છે તેમ કહેવાય છે. વળી શ્રાવક પણ સ્વભૂમિકા અનુસાર દેશવરતિના પાલનથી કષાયનો ઉચ્છેદ કરતો હોય તો તેનું દેશવિરતિચારિત્ર શુદ્ધ છે. જેઓના કષાય ઉદગ્ર છે તેઓ મન-વચન-કાયાની ગુપ્તિપૂર્વક કષાયને સ્વઉચ્છેદમાં પ્રવર્તાવતા નથી, પરંતુ બાહ્ય વિષયોમાં પ્રવર્તાવે છે. તેવા સાધુનું કે શ્રાવકનું સમગ્ર ચારિત્ર=તેવા સાધુની ચારિત્રાચારના પાલનની ક્રિયા, અથવા તેવા શ્રાવકની દેશવિરતિના પાલનની ક્રિયા ઉચ્છુપુષ્પની જેમ=કરમાયેલ પુષ્પની જેમ, નિષ્ફલ છે. તેથી ચારિત્રની શુદ્ધિ કરવા અર્થે કષાયનો ઉપશમ આવશ્યક છે અને કષાયનો ઉપશમ અતિદુષ્કર છે.

પ્રતિક્રમણની ક્રિયા દ્વારા કષાયના ઉપશમ અર્થે મહાત્માઓ ‘આયરિય ઉવજ્ઝાય’ ઇત્યાદિ ત્રણ ગાથા બોલે છે. આ ગાથા દ્વારા કોઈ પણ જીવની સાથે દ્વેષ થયેલો હોય તો તેની નિંદા કરીને ઉપશમભાવનો પરિણામ ઉલ્લસિત થાય છે. આ રીતે “આયરિય ઉવજ્ઝાય” સૂત્ર બોલ્યા પછી સજ્ઝાયકાર કહે છે કે, અપ્રમાદી એવા સાધુ કે શ્રાવક ચારિત્રાચારની શુદ્ધિ અર્થે બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરો. જેથી જિનગુણના કીર્તનના બળથી થયેલા શુભભાવને કારણે ચારિત્રની શુદ્ધિ થાય. **॥૩-૪॥**

**અવતરણિકા :-**

**આ રીતે અપ્રમાદી થઈને કાઉસ્સગ્ગ કરવાનું કહ્યા પછી “આયરિય ઉવજ્ઝાય” સૂત્ર બોલીને ‘કરેમિ ભંતે’ આદિ સૂત્રો કેમ બોલાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**‘કરેમિભંતે’ ઈત્યાદિ ત્રય કહી,**
**ચારિત્રનો એ ઉસ્સગ્ગ; ચ૦**
**‘સામાયિક’ ત્રય પાઠ તે જાણીએ,**
**આદિ મધ્યાંત સુહસગ્ગ. ચ૦ પરીક્ષક૦ ૫**

**ગાથાર્થ :-**

**‘કરેમિ ભંતે’ ઈત્યાદિ ત્રય કહી=‘કરેમિ ભંતે’, ‘ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં’ અને ‘અન્નત્થ’ ચારિત્રનો એ કાઉસ્સગ્ગ છે=ચારિત્રની શુદ્ધિનો આ બે લોગસ્સનો કાઉસ્સગ્ગ છે. અહીં પ્રતિક્રમણની ક્રિયા દરમિયાન ત્રણ વખત ‘કરેમિ ભંતે’ બોલાય છે. તેથી કહે છે ત્રણ વાર ‘સામાયિક’નો પાઠ તે આદિ, મધ્યમ અને અંત સુહસગ્ગ=શુભનું કારણ જાણવો. ॥૫॥**

**ભાવાર્થ :-**

ચારિત્રની શુદ્ધિ અર્થે કાઉસ્સગ્ગ કરતાં પૂર્વે ‘આયરિય ઉવજ્ઝાયસૂત્ર’ બોલીને સાધુ કે શ્રાવક ‘કરેમિ ભંતે’ આદિ ત્રણ સૂત્રો બોલે છે. તેમાં ‘ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં સૂત્ર’ એ ચારિત્રના અતિચારોની આલોચનારૂપ છે. અને તેની શુદ્ધિ અર્થે કાઉસ્સગ્ગ કરવા “અન્નત્થ સૂત્ર” બોલાય છે. પછી ચારિત્રની શુદ્ધિ માટે બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે. અહીં જિજ્ઞાસા થાય કે, “આયરિય ઉવજ્ઝાય સૂત્ર” બોલ્યા પછી “કરેમિ ભંતે સૂત્ર” કેમ બોલાય છે ? તેથી કહે છે કે, “કરેમિ ભંતે” એ સામાયિક સૂત્ર છે અને તેના દ્વારા સમભાવનો પરિણામ સ્થિર થાય છે. તેથી પ્રતિક્રમણની ક્રિયા દ્વારા સમભાવનો પરિણામ અસ્ખલિત

પ્રવાહરૂપે રહે માટે આદિ, મધ્યમ અને અંતમાં એમ ત્રણ વાર સામાયિક સૂત્ર બોલાય છે. પ્રતિક્રમણને ઠાવ્યા પછી કરેમિભંતે સૂત્ર બોલાય છે, જે આદિમાં છે. સાધુના "પગામ સજ્ઝાય" કે શ્રાવકના વંદિત્તુસૂત્ર બોલતાં પૂર્વે "કરેમિ ભંતે સૂત્ર" બોલાય છે જે મધ્યમાં છે અને ચારિત્રની શુદ્ધિનો કાઉસ્સગ્ગ કરતાં પૂર્વે "કરેમિભંતે સૂત્ર" બોલાય છે જે અંતિમ છે. તેથી ચારિત્રની શુદ્ધિ અર્થે કાઉસ્સગ્ગના પ્રારંભમાં કરેમિ ભંતે બોલ્યા પછી અતિચારની આલોચનાને કહેનારા સૂત્ર બોલવાપૂર્વક બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે. જેમાં ચારિત્રની શુદ્ધિનો પરિણામ હોય છે. તેથી "પગામ સજ્ઝાય કે વંદિત્તુસૂત્ર" બોલીને પ્રતિક્રમણ કર્યાં પછી કોઈ અતિચારોની શુદ્ધિ ન થઈ હોય તેની પણ અવશ્ય શુદ્ધિ તે કાઉસ્સગ્ગ દ્વારા થાય છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**ચારિત્રની શુદ્ધિનો કાઉસ્સગ્ગ કર્યાં પછી દર્શનશુદ્ધિનો અને જ્ઞાનશુદ્ધિનો કાઉસ્સગ્ગ કરાય છે. તે બતાવે છે –**

**ગાથા :-**

**પારી 'ઉજ્જોય' ને 'સવ્વલોએ' કહી,**
**દર્શનાચાર શુદ્ધિસહ્ઠ; ચ૦**
**એક 'ચઉવિસત્થા'નો કાઉસ્સગ્ગ કરે,**
**પારી કહે 'પુખરવરદીવઢ્ઢ'. ચ૦ પરીક્ષક૦ ૬**
**'સુયસ્સ ભગવઓ' કહી 'ચઉવીસત્થય,'**
**કાઉસ્સગ્ગ કરિ પારે દંત; ચ૦**
**સકલાચાર ફલ સિદ્ધ તણી થૂઈ,**
**'સિદ્ધાણં બુદ્ધાણં' કહે મહંત. ચ૦ પરીક્ષક૦ ૭**
**તિત્થાધિપ વીરવંદન રૈવતમંડન,**
**શ્રી નેમિનતિ તિત્થસાર; ચ૦**
**અષ્ટાપદ નતિ કરી સુયદેવયા,**
**કાઉસ્સગ્ગ નવકાર. ચ૦ પરીક્ષક૦ ૮**

**ક્ષેત્રદેવતા કાઉસ્સગ્ગ ઈમ કરો,**
**અવગ્રહ યાચન હેત; ચ૦**
**પંચ મંગલ કહી પુંજી સંડાસગ,**
**મુહપત્તિ વંદન હેત, ચ૦ પરીક્ષક૦ ૯**

**ગાથાર્થ :-**

**પારી=ચારિત્રની શુદ્ધિનો કાઉસ્સગ્ગ પારી, ઉજ્જોય=લોગસ્સસૂત્ર અને 'સવ્વલોએ સૂત્ર' કહી દર્શનાચારની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કરાય છે. કાઉસ્સગ્ગમાં એક 'ચઉવિસત્થો'=એક લોગસ્સનો, કાઉસ્સગ્ગ કરે. તે પારીને 'પુક્ખરવરદીવડ્ઢે' અને 'સુઅસ્સ ભગવઓ' કહીને ચઉવિસત્થોનો કાઉસ્સગ્ગ કરે=જ્ઞાનાચાર શુદ્ધિ અર્થે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે અને પારે. અંતે 'સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર' દ્વારા મહાત્માઓ સકલાચારનાં ફલ=બધા આચારનાં ફળ રૂપ સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરે છે. ત્યાર પછી તિત્થાધિપ=તીર્થાધિપતિ એવા વીર પ્રભુને "સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર"ની બીજી, ત્રીજી ગાથાથી વંદન કરે, ચોથી ગાથાથી રૈવતમંડન શ્રી નેમનાથ પ્રભુને નમસ્કાર કરે અને પાંચમી ગાથાથી તીર્થના સાર એવા અષ્ટાપદતીર્થની નતિ કરે. ત્યાર પછી શ્રુતદેવતાનો એક નવકારનો કાઉસ્સગ્ગ કરે. અને એ રીતે અવગ્રહ યાચનાના હેતુથી ક્ષેત્રદેવતાનો એક નવકારનો કાઉસ્સગ્ગ કરે. ત્યાર પછી પંચમંગલરૂપ નવકાર કહી સંડાસાપૂર્વક પૂંજી મુહપત્તિનું પડિલેહણ અને વંદન હેતથી કરે. ॥૬-૭-૮-૯॥**

**ભાવાર્થ :-**

બે લોગસ્સના કાઉસ્સગ્ગ દ્વારા ચારિત્રની શુદ્ધિ કર્યા પછી પ્રગટ "લોગસ્સ" બોલાય છે. જેમાં ૨૪ તીર્થંકર ભગવાનનાં નામનું કીર્તન થાય છે. જે દર્શનશુદ્ધિનું પ્રબળ કારણ છે. અને દર્શનશુદ્ધિ અર્થે જ 'સવ્વલોએસૂત્ર' બોલીને સર્વ જિનપ્રિતિમાઓ પ્રત્યે વંદન-પૂજન-સત્કાર-સન્માન કરવાના શુભભાવથી પ્રણિધાન કરીને એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે. જેનાથી સાધુને કે શ્રાવકને

દર્શનાચારના પાલનમાં કોઈ અતિચારો લાગ્યા હોય અને પ્રતિક્રમણથી શુદ્ધિ કરવા છતાં તેમાં કાંઈક અશુદ્ધિ રહી ગઈ હોય તો તેની શુદ્ધિ થાય છે. આ દર્શનાચારની શુદ્ધિ માટેનો કાયોત્સર્ગ પારીને જ્ઞાનાચારની શુદ્ધિ અર્થે શ્રુતજ્ઞાનના માહાત્મ્યને કહેનાર "પુક્ખરવરદીવડ્ઢે" સૂત્ર બોલાય છે. જેથી ચિત્ત શ્રુતજ્ઞાન પ્રત્યે અત્યંત પક્ષપાતવાળું થાય છે. અને ત્યાર પછી "સુઅસ્સ ભગવઓ સૂત્ર" દ્વારા શ્રુત ભગવાનને વંદન-પૂજન-સત્કાર-સન્માન કરવા દ્વારા બહુમાનના ભાવની વૃદ્ધિ કરવા અર્થે પ્રણિધાનપૂર્વક એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે. જેથી પ્રતિક્રમણ દ્વારા જ્ઞાનાચારની પૂર્ણ શુદ્ધિ ન થઈ હોય તો તે આ કાયોત્સર્ગથી થાય છે.

આ રીતે રત્નત્રયીની શુદ્ધિ અર્થે બે-એક-એક એમ ત્રણ કાઉસ્સગ્ગ કર્યા પછી સર્વ આચારના પાલનનું ફળ સિદ્ધાવસ્થા છે. તેથી મહાત્માઓ 'સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર" દ્વારા સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરે છે. ત્યાર પછી વર્તમાન શાસનના તીર્થાધિપતિ શ્રી વીરપ્રભુ પ્રત્યે પોતાની ભક્તિ વૃદ્ધિ પામે તદર્થે "સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર"ની બીજી-ત્રીજી ગાથા દ્વારા વીરપ્રભુની સ્તુતિ કરાય છે. ઉત્તમ પુરુષોની સ્તુતિમાં ગુણગ્રાહી જીવોને સંતોષ હોતો નથી. તેથી વીરપ્રભુની સ્તુતિ કર્યા પછી ફરી ચોથી ગાથા દ્વારા રૈવતમંડન શ્રી નેમનાથ ભગવાનની સ્તુતિ કરે છે અને ત્યાર પછી તીર્થોમાં સાર એવા અષ્ટાપદતીર્થને નમસ્કાર કરીને ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તુતિ કરે છે.

ત્યારપછી શ્રુત પ્રત્યેની ભક્તિને કારણે શ્રુતપ્રાપ્તિમાં પ્રબળ કારણ એવા શ્રુતદેવતા પ્રત્યે આદર અભિવ્યક્ત કરવા અર્થે અને પોતાને સમ્યગ્ રીતે શ્રુત પરિણમન પામે તેમાં શ્રુતદેવતા નિમિત બને એવા અભિલાષથી સાધુ કે શ્રાવક એક નવકારથી શ્રુતદેવતાનો કાઉસ્સગ્ગ કરે છે અને અવગ્રહની યાચનાના હેતુથી ક્ષેત્રદેવતાનો એક નવકારનો કાઉસ્સગ્ગ કરે છે. અર્થાત્ આ રીતે ક્ષેત્રદેવતાની પાસે અવગ્રહની યાચના સાધુ કે શ્રાવક કરે તો તે સ્થાનમાં ધર્મની પ્રવૃત્તિ કરવામાં ક્ષેત્રદેવતા અંતરાયભૂત ન થાય તેથી ક્ષેત્રદેવતાનો કાઉસ્સગ્ગ કરે છે.

આ રીતે કાઉસ્સગ્ગ કર્યા પછી પંચપરમેષ્ઠિના મંગલરૂપ નવકારને કહે છે. જેથી ચિત્તમાં હંમેશાં પંચપરમેષ્ઠિને અભિમુખ ભાવ સ્થિર થાય અને જીવરક્ષાના પરિણામ અર્થે સંડાસા પૂંજી સાધુ કે શ્રાવક બેસે છે. ત્યાર પછી છઠ્ઠા "પચ્ચક્ખાણ આવશ્યક" નિમિત્તે મુહપત્તિનું પડિલેહણ કરે છે અને ત્યાર પછી ગુરુને વંદન કરે છે. ॥૬-૭-૮-૯॥

**અવતરણિકા :-**

**હવે, છ આવશ્યક સમાપ્ત થયાં છે, તેના હર્ષની અભિવ્યક્તિરૂપે સાધુ કે શ્રાવક શું કરે છે તે બતાવે છે –**

**ગાથા :-**

**'ઈચ્છામો અણુસહ્ઠિં'કહી ભણે,**
**સ્તુતિ ત્રય અર્થગંભીર; ચ૦**
**આજ્ઞા કરણ નિવેદન વંદન,**
**ગુરુ અનાદેશ શરીર. ચ૦ પરીક્ષક૦ ૧૦**
**દેવસિયે ગુરુ ઇક 'થુતિ' જવ કહે,**
**પક્ખિઆઈક કહે તીન; ચ૦**
**સાધુ શ્રાવક સહુ સાથે થુઈ કહે,**
**સુજસ ઉચ્ચ સ્વર લીન. ચ૦ પરીક્ષક૦ ૧૧**

**ગાથાર્થ :-**

**'ઈચ્છામિ અણુસટ્ઠિં' કહી અર્થથી ગંભીર એવી ત્રણ સ્તુતિ બોલે છે="નમોऽસ્તુ વર્ધમાનાય" આદિ ત્રણ સ્તુતિ બોલે છે. આજ્ઞા કરણના નિવેદન રૂપે વંદન કરે છે. અને ગુરુ અનાદેશ શરીર અને દેવસિયે= દેવસિક પ્રતિક્રમણમાં, ગુરુ જ્યારે એક સ્તુતિ કહે=નમોऽસ્તુની પ્રથમ ગાથા કહે અને પક્ખીમાં તીન કહે=પક્ખી પ્રતિક્રમણમાં જ્યારે ગુરુ ત્રણ ગાથા કહે, ત્યારે સાધુ અને શ્રાવક સહુ સાથે ઉચ્ચ સ્વરથી લીન થઈને સુયશને કરનાર સ્તુતિ કહે='નમોऽસ્તુ' આદિ ત્રણ સ્તુતિઓ કહે. ॥૧૦-૧૧॥**

**ભાવાર્થ :-**

છ આવશ્યક પૂરા થયા પછી સામાયિક, ચઉવિસત્થો ઇત્યાદિ બોલી "ઇચ્છામો અણુસટ્ઠિં"="હું અનુશાસનને ઇચ્છું છું" એમ કહેવાય છે.

ગુરુની અનુજ્ઞાથી પોતે છ આવશ્યક પૂર્ણ કર્યા છે એમ પ્રગટ રીતે બોલાય છે તે પોતે કરેલી ગુરુની આજ્ઞાના પાલનના નિવેદનરૂપ છે. અને તે નિવેદન વંદનપૂર્વક કરવું જોઈએ તેથી છઠ્ઠા આવશ્યકની મુહપત્તિનું પડિલેહણ કર્યા પછી ગુરુવંદન કરાય છે અને તે વંદનપૂર્વક 'છ' આવશ્યક પોતે પૂરાં કર્યાં તેનું ગુરુને નિવેદન કરાય છે. વળી, સાધુએ કે શ્રાવકે ગુરુના આદેશવગરના શરીરવાળા રહેવું જોઈએ નહીં તેથી ગુરુના અનાદેશ શરીરના નિર્વતન અર્થે હું અનુશાસનને ઇચ્છું છુ એમ કહેવાય છે, જેનાથી ગુરુપારતંત્ર્યનો પરિણામ સ્થિર થાય છે. અર્થથી ગંભીર એવી ત્રણ સ્તુતિ કહે=નમોઽસ્તુ રૂપ ત્રણ સ્તુતિઓ કહે. હવે, કઈ રીતે અર્થથી ગંભીર એવી ત્રણ સ્તુતિ કહે તે બતાવે છે.

દેવસિક પ્રતિક્રમણમાં ગુરુ ત્રણ સ્તુતિમાંથી એક સ્તુતિ બોલે ત્યારપછી સાધુ અને શ્રાવક સાથે ઊંચા સ્વરથી સ્તુતિના અર્થમાં લીન થઈને સર્વ સ્તુતિઓ કહે અને પક્ખી પ્રતિક્રમણમાં ગુરુ ત્રણ સ્તુતિઓ કહે. ત્યાર પછી સાધુ અને શ્રાવક, ગુરુ સાથે મળી ફરી ત્રણ સ્તુતિ કહે. પોતાનાં છ આવશ્યક સુંદર રીતે પૂર્ણ થયાં છે તેના હર્ષની અભિવ્યક્તિરૂપે આ ત્રણે સ્તુતિ છે. તેથી પ્રથમ સ્તુતિ ઉચ્ચ સ્વરથી બોલાય છે અને ઘણા અક્ષરમાનવાળી છે. તેના કરતાં બીજી સ્તુતિ વિશેષ અક્ષરમાનવાળી છે. અને વિશેષ ઉચ્ચ સ્વરે બોલાય છે. અને ત્રીજી સ્તુતિ બીજી કરતાં પણ અધિક અક્ષરમાનવાળી છે. અને અધિક ઉચ્ચસ્વરથી બોલાય છે; કેમ કે તે રીતે હર્ષની અભિવ્યક્તિ થાય છે. આ પ્રકારનો અર્થ "પંચવસ્તુક" ગ્રંથ અનુસાર છે. **||૧૦-૧૧||**

# ઢાળ છઠ્ઠી

(રાગ : નમસ્કાર સ્વકૃત જગન્નાથ જેતા શ્લોકની દેશી)

ગાથા :-

**શ્રાદ્ધી સુસાધ્વી તે કહે ઉચ્છાહા,**
**'સંસાર દાવાનલ' તીન ગાહા;**
**ન સંસ્કૃતે છે અધિકાર તાસ,**
**કેહી કહે એકહી પૂર્વ ભાસ. ૧**

ગાથાર્થ :-

**સુસાધ્વી અને શ્રાવિકા ઉત્સાહથી "સંસાર દાવાનલ દાહ નીરં"ની ત્રણ ગાથા કહે છે : સંસ્કૃતમાં તેઓને અધિકાર નથી. કેટલાક કહે છે આ="નમોઽસ્તુ વર્ધમાનાય...", પૂર્વભાસ કહ્યું છે=પૂર્વમાંથી ઉદ્ધૃત કર્યું છે, માટે સાધ્વી અને શ્રાવિકા તે કહેતા નથી. ॥૧॥**

ભાવાર્થ :-

'છ આવશ્યક' પૂર્ણ કર્યા પછી "ઇચ્છામો અણુસટ્ઠિં" કહીને સાધુ અને શ્રાવક "નમોઽસ્તુ વર્ધમાનાય..." કહે છે તેના સ્થાને સાધ્વી અને શ્રાવિકા "સંસાર દાવાનલ સૂત્ર"ની પ્રથમ ત્રણ ગાથા કહે છે જે છ આવશ્યક પૂર્ણ થયા તેના હર્ષની અભિવ્યક્તિરૂપ છે. તેથી "નમોઽસ્તુ વર્ધમાનાય..."ની જેમ જ પૂર્વ પૂર્વ ગાથા કરતાં ઉત્તરની ગાથા વૃદ્ધિ અક્ષરવાળી છે અને ઉચ્ચ-ઉચ્ચ સ્વરે બોલાય છે.

અહીં પ્રશ્ન થાય કે પુરુષોની જેમ સાધ્વીને કે શ્રાવિકાને "નમોઽસ્તુ વર્ધમાનાય..." કેમ બોલાતું નથી તેથી કહે છે કે તેઓને સંસ્કૃતમાં અધિકાર નથી. તે બતાવવા અર્થે તેઓ "નમોઽસ્તુ વર્ધમાનાય..."ને બદલે "સંસાર દાવાનલ"ની ત્રણ ગાથા બોલે છે. વળી, કેટલાક કહે છે કે "નમોઽસ્તુ વર્ધમાનાય..." સૂત્ર પૂર્વમાંથી ઉદ્ધૃત છે તેથી બહેનોને તે બોલવાનો અધિકાર નથી માટે તેને સ્થાને "સંસાર દાવાનલ" કહે છે. **॥૧॥**

અવતરણિકા :-

અહીં પ્રશ્ન થાય કે આ 'નમોઽસ્તુ વર્ધમાનાય...' કે "સંસાર દાવાનલ"ની સ્તુતિ જ કેમ બોલવામાં આવે છે તેથી કહે છે –

ગાથા :-

અછે તીર્થ એ વીરનું તેણેં હર્ષે,
પ્રતિક્રમણ નિર્વિઘ્ન થુઈ તાસ કર્ષે;
કહી 'શક્રસ્તવ' એક જિન-સ્તવન ભાખે,
કૃતાંજલિ સુણઈ અપર 'વરકનક' ભાખે. ૨

ગાથાર્થ :-

આ શ્રી વીરપ્રભુનું તીર્થ છે તેથી હર્ષમાં=પ્રતિક્રમણ નિર્વિઘ્ને પૂર્ણ થયું તેના હર્ષમાં, તેમની=વીરપ્રભુની, સ્તુતિ બોલાય છે. તે સ્તુતિ કરીને શક્રસ્તવસૂત્ર બોલાય છે અને (પછી) એક વ્યક્તિ જિનનું સ્તવન બોલે છે અને બીજા હાથ જોડી ને સુણે=સાંભળે છે. ત્યાર પછી "વરકનક સૂત્ર" બોલાય છે. ।।૨।।

ભાવાર્થ :-

સુગમ છે. ।।૨।।

ગાથા :-

'નમોર્હત્' થકી (ચતુઃ વંદન તાઇં) દેવ-ગુરુ ભજન એહ,
ધુરિ અંતે વલી સફલતા કર અછેહ;
યથા 'નમુત્થુણં' ધુરિ અંતે 'નમો જિણાણં'
જિણ વંદન ઈક 'સક્કત્થય' દુગ પમાણં. ૩

ગાથાર્થ :-

'નમોર્હત્'થી માંડીને ચારને વંદન સુધી દેવ-ગુરુભજન એહ=સાંજના પ્રતિક્રમણમાં સ્તવન પૂર્વે 'નમોર્હત્' બોલાય છે અને ત્યાર પછી જિનસ્તવન

**કરાય છે તે 'દેવભજન' છે. ચાર ખમાસમણ દઈને 'ભગવાનહં' કહેવાય છે તે 'ગુરુભજન' છે. વળી ધુરિ અને અંતમાં= પ્રારંભ અને અંતમાં, સફળતાને કરનાર આ દેવ-ગુરુને વંદન છે. એમાં દૃષ્ટાંત બતાવે છે. જેમ 'નમુત્થુણં સૂત્ર'માં પ્રારંભમાં 'નમ' છે અને અંતમાં "નમો જિણાણં" વખતે 'નમ' છે તેમ પ્રતિક્રમણમાં પ્રારંભમાં દેવ-ગુરુનું ભજન છે અને અંતમાં પણ દેવ-ગુરુનું ભજન છે. જિનવંદન એક અને શક્રસ્તવ દુગ એ પ્રતિક્રમણના પ્રારંભમાં અને અંતમાં દેવ-ગુરુના ભજનને સ્વીકારવા માટે પ્રમાણ છે. ॥૩॥**

**ગાથા :-**

**દુબદ્ધં સુબદ્ધં તિ લોગસ્સ ચ્યાર,**
**કાઉસ્સગ્ગ કરે દેવસી શુદ્ધિકાર;**
**પારી કહીય 'લોગસ્સ' મંગલ ઉપાય,**
**'ખમાસમણ' દોઈ દેઈને કરે સઝાય. ૪**

**ગાથાર્થ :-**

**"દુબદ્ધં સુબદ્ધં" દ્વિબદ્ધ સુબદ્ધ થાય છે એથી કરીને પ્રતિક્રમણમાં બે વખત દેવ-ગુરુનું ભજન થાય છે. ત્યાર પછી દેવસિયની શુદ્ધિને કરનાર ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગ પારી મંગલના ઉપાય રૂપ પ્રગટ લોગસ્સ બોલે છે. પછી બે ખમાસમણ દઈને સજ્ઝાય કરે. ॥૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગાથા-૨ સુધી સાંજના પ્રતિક્રમણમાં સ્તવન બોલ્યા પછી 'વરકનક સૂત્ર' બોલવાની વિધિ સુધીનું વર્ણન કર્યું. હવે ત્યાર પછી સાધુ-સાધ્વી આદિ શું કરે છે તે બતાવતાં કહે છે.

સાધુ કે શ્રાવકો "નમોઽર્હત્" બોલીને જિનનું સ્તવન કરે છે અને સાધ્વી તથા શ્રાવિકાઓ વગેરે પણ જિનનું સ્તવન કરે છે તે દેવનું ભજન છે. અને પછી જે "ભગવાનહં" આદિ ચાર ખમાસમણથી વંદન કરે છે તે ગુરુનું ભજન છે.

અહીં પ્રશ્ન થાય કે સાંજના પ્રતિક્રમણમાં 'પ્રતિક્રમણ'ના પ્રારંભમાં જ ચાર થોય દ્વારા દેવનું ભજન કરેલ અને ત્યાર પછી 'ભગવાનહં' આદિ ચાર ખમાસમણથી ગુરુનું ભજન કર્યું તોપણ પ્રતિક્રમણના અંતમાં ફરીથી દેવ-ગુરુનું ભજન કેમ કરાય છે ? તેથી કહે છે : પ્રતિક્રમણના પ્રારંભમાં અને પ્રતિક્રમણના અંતમાં કરાયેલું દેવ-ગુરુનું ભજન સફળતા કરનાર છે. અર્થાત્ પ્રતિક્રમણની ક્રિયાને સફળ કરનાર છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે. જે પ્રમાણે "નમોત્થુણં સૂત્ર"માં પ્રારંભમાં 'નમ'નો પ્રયોગ છે. અને અંતે "નમો જિણાણં" પદમાં પણ "નમ"નો પ્રયોગ છે. તેથી પ્રારંભ અને અંતમાં કરાયેલો "નમ"નો પ્રયોગ જેમ સફળ છે તેમ પ્રતિક્રમણના પ્રારંભમાં અને પ્રતિક્રમણના અંતમાં કરાયેલ દેવ-ગુરુનું ભજન સફળતાને કરનાર છે.

વળી, પ્રતિક્રમણના પ્રારંભમાં અને અંતમાં દેવ-ગુરુનું ભજન સફળ છે તેમાં બે પ્રમાણ છે તે કહે છે :

'જિનવંદન' પ્રમાણ છે. અર્થાત્ એક શક્રસ્તવમાં પ્રથમ 'નમ' શબ્દ અને અંતે 'નમ' શબ્દ બોલાય છે એ જિનવંદન પ્રમાણ છે અને બીજું શક્રસ્તવ દુગ પ્રમાણ છે. અર્થાત્ સાંજના પ્રતિક્રમણમાં ચૈત્યવંદન કરીને પ્રથમ શક્રસ્તવ બોલાય છે અને ચાર થોય બોલ્યા પછી ફરી શક્રસ્તવ બોલાય છે તે શાસ્ત્રવચન પ્રમાણે છે, તે રીતે પ્રતિક્રમણના પ્રારંભમાં 'દેવ-ગુરુ'નું ભજન અને પ્રતિક્રમણના અંતમાં દેવ-ગુરુનું ભજન પ્રમાણ છે. તે બતાવવા માટે અહીં કહે છે કે "શક્રસ્તવ" દુગ પ્રમાણ છે.

અહીં પ્રશ્ન થાય કે એકવાર દેવ-ગુરુને વંદન કર્યા પછી પ્રતિક્રમણના અંતે ફરી દેવ-ગુરુને વંદન કેમ કરાય છે તેથી કહે છે "દુબદ્ધં સુબદ્ધં ભવતિ"એ પ્રકારનો ન્યાય છે. અર્થાત્ કોઈ પણ કથન બે વાર કહેલું હોય તો તે સુબદ્ધ થાય છે તે પ્રકારનો ન્યાય છે. આનાથી એ ફલિત થાય કે પ્રતિક્રમણના પ્રારંભમાં દેવનું ભજન અને ગુરુનું ભજન કરેલું હોય તેનાથી પ્રતિક્રમણ કરનારા મહાત્માનું ચિત્ત દેવ-ગુરુના ગુણોથી અત્યંત વાસિત થયેલું હોય છે અને પ્રતિક્રમણ સમાપ્ત થયા પછી ફરી તે દેવ-ગુરુનું વંદન કરવાથી ચિત્ત દેવ-ગુરુના ગુણોથી પૂર્વ કરતાં પણ અતિશય વાસિત થાય છે. જેથી પ્રતિક્રમણ કર્યા

પછી દેવ-ગુરુના ગુણોના સંસ્કાર અતિ દૃઢ થયેલા હોવાને કારણે જીવનમાં સદા તેમના ગુણોનું સ્મરણ રહે છે. આ રીતે સાધુ-સાધ્વી આદિનું અંતઃકરણ દેવ-ગુરુના ભાવોથી વાસિત રહેવાથી તેઓ સદા અપ્રમાદપૂર્વક યોગમાર્ગમાં યત્ન કરી શકે છે.

આ રીતે અંતમાં દેવ-ગુરુનું ભજન કર્યા પછી સાંજના પ્રતિક્રમણમાં દિવસ સંબધી પ્રવૃત્તિની શુદ્ધિને કરનાર ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે. અને કાઉસ્સગ્ગ પારીને દિવસ સંબધી શુદ્ધિને કરનાર કાઉસ્સગ્ગ કર્યા તેના મંગલ ઉપાયરૂપ પ્રગટ "લોગસ્સ" બોલાય છે. ત્યાર પછી બે ખમાસમણ આપીને અર્થાત્ "સજ્ઝાય સંદિસાહુ ?" "સજ્ઝાય કરું ?" એ પ્રકારનાં બે ખમાસમણ આપીને સાધુ આદિ સજ્ઝાય કરે છે. ક્યાંસુધી સજ્ઝાય કરે છે તે આગળની ગાથામાં બતાવે છે. **॥૩-૪॥**

**ગાથા :-**

> **જાવ પોરિસી મૂલવિધિ હોઈ સઝાય,**
> **ઉત્કૃષ્ટ તે દ્વાદશાંગી અધ્યાય;**
> **પરિહાણિથી જાવ નમુક્કાર હોઈ,**
> **સામાચારિ વશ પંચ ગાથા પલોઈ. ૫**

**ગાથાર્થ :-**

**જ્યાં સુધી "પોરિસી" પૂરી થાય ત્યાં સુધી મૂલવિધિ પ્રમાણે સ્વાધ્યાય કરે છે. કેટલો સ્વાધ્યાય કરે છે ? તેથી કહે છે ઉત્કૃષ્ટથી દ્વાદશાંગીનો સ્વાધ્યાય કરે છે અને વર્તમાનમાં શક્તિની હાણિને કારણે સામાચારીને વશ "નવકાર"થી માંડીને પાંચ ગાથાઓનું પલોયણ કરે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

વર્તમાનમાં સાંજના પ્રતિક્રમણમાં બે ખમાસમણ દઈને એક જણ સજ્ઝાય બોલે છે અને તે સજ્ઝાય સ્વાધ્યાયરૂપ છે. અને મૂળવિધિ પ્રમાણે પ્રથમ પોરિસિ પૂરી થાય ત્યાં સુધી સાધુ-સાધ્વી સ્વાધ્યાય કરે છે. અને ઉત્કૃષ્ટથી દ્વાદશાંગી સુધીનો સ્વાધ્યાય કરાય છે. વર્તમાનમાં શક્તિની પરિહાણિ થયેલી

છે તેથી તેટલો સ્વાધ્યાય કરવા માટે કોઈ સમર્થ નથી તેથી અને 'સામાચારી'ના વશથી 'નવકાર' બોલીને પાંચ કે તેથી વધારે ગાથાની સજ્ઝાય બોલાય છે. આ રીતે સાંજના પ્રતિક્રમણની વિધિ અહીં પૂરી થાય છે. ॥૫॥

**અવતરણિકા :-**

**હવે સાંજના પ્રતિક્રમણમાં પંચાચારની શુદ્ધિ કઈ રીતે થાય છે તે બતાવે છે –**

**ગાથા :-**

**કહી પડિક્કમણે પંચ આચાર સોહિ,**
**તિહાં દીસે એ તિણ્ણહ (ન) દુણ્હંણ હોઈ;**
**ઈશ્યું પભણિ તપ વીર્ય આચાર શુદ્ધિ,**
**અવશ્યેં હુઈ જો હુઈ ત્રિક વિશુદ્ધિ. ૬**

**ગાથાર્થ :-**

**પ્રતિક્રમણમાં 'પંચાચાર'ની શુદ્ધિ કહી છે. ત્યાં ત્રણ પ્રકારની= જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર એમ ત્રણ પ્રકારની શુદ્ધિ દેખાય છે. પરંતુ બે પ્રકારની=વીર્યાચાર, તપાચારની શુદ્ધિ દેખાતી નથી. એ પ્રમાણે પ્રશ્ન કરીને ઉત્તર આપે છે. તપાચાર અને વીર્યાચારની શુદ્ધિ અવશ્ય થાય. જો હુઈ ત્રિક વિશુદ્ધિ=જો રત્નત્રયીની શુદ્ધિ થાય. ॥૬॥**

**નોંધ :-**

ગાથા-૬ની બીજી કડીમાં છેલ્લે "તિણ્ણહ દુણ્હંણ હોઈ"ને ઠેકાણે "તિણ્ણહ ન દુણ્ણહં હોઈ" જોઈએ.

**ભાવાર્થ :-**

પ્રતિક્રમણમાં 'પંચાચાર'ની શુદ્ધિ થાય છે તેમ કહેલ છે પરંતુ પ્રતિક્રમણની વિધિમાં જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર એમ ત્રણની શુદ્ધિના કાઉસ્સગ્ગ જ કરાય છે. તેથી પ્રતિક્રમણની વિધિમાં ત્રણ આચારની શુદ્ધિ જ દેખાય છે. તપાચાર, વીર્યાચારની શુદ્ધિ દેખાતી નથી. એ પ્રમાણે પ્રશ્ન કરીને ઉત્તર આપે

છે. જો પ્રતિક્રમણ કરનાર સાધુ કે શ્રાવક આદિથી અંત સુધી ઉપયુક્ત થઈને પ્રતિક્રમણ કરે તો જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધિ અવશ્ય થાય છે અને તે શુદ્ધિ થવાથી તપાચાર-વીર્યાચારની શુદ્ધિ પણ અવશ્ય થાય છે; કેમ કે તપાચાર-વીર્યાચાર રત્નત્રયીમાં અંતર્ભાવ પામેલ છે. આથી ચારિત્રાચારની શુદ્ધિમાં તપાચારની શુદ્ધિ થઈ જાય છે અને અપ્રમાદભાવથી જ્ઞાનચારાદિ ત્રણ આચારોની શુદ્ધિના ઉપાયો સેવવામાં આવે તો વીર્યાચારની શુદ્ધિ પણ થાય છે. II૬II

**અવતરણિકા :-**

**વળી, રત્નત્રયીની શુદ્ધિ સાથે તપાચાર-વીર્યાચારની શુદ્ધિ કઈ રીતે થાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**ગાથા :-**

**પ્રતિક્રમણ-પચ્ચખાણ-ચઉવિહાર મુનિને,**
**યથાશક્તિ પચ્ચખાણ શ્રાવક સુમનને;**
**કાઉસ્સગ્ગ અંતરંગ તપનો આચાર;**
**વલિ વીર્યનો ફોરવે શક્તિસાર. ૭**

**ગાથાર્થ :-**

**મુનિ ચોવિહારના પચ્ચક્ખાણપૂર્વક અને શ્રાવક યથાશક્તિ પચ્ચક્ખાણપૂર્વક સુંદરમનથી પ્રતિક્રમણ કરે છે. અને કાઉસ્સગ્ગ અંતરંગ તપનો=અભ્યતંરતપનો, આચાર છે. વળી, પ્રતિક્રમણમાં શક્તિ અનુસાર વીર્ય ફોરવે છે. આ રીતે પ્રતિક્રમણમાં તપાચાર-વીર્યાચારની શુદ્ધિ થાય છે એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. II૭II**

**ભાવાર્થ :-**

સાધુ-સાધ્વી સુંદરમનથી ચોવિહારના પચ્ચક્ખાણ પૂર્વક અને શ્રાવક-શ્રાવિકા સુંદરમનથી યથાશક્તિ પચ્ચક્ખાણ કરવાપૂર્વક સાંજનું પ્રતિક્રમણ કરે છે. તેથી પ્રતિક્રમણમાં તપાચારની શુદ્ધિ થાય છે. વળી પ્રતિક્રમણની ક્રિયામાં અનેક પ્રકારના કાઉસ્સગ્ગ આવે છે તે સર્વે અંતરંગ અભ્યંતરતપરૂપ છે. તે રીતે પણ

તપાચારની શુદ્ધિ થાય છે. વળી, જે સાધુ કે શ્રાવક પોતાની શક્તિને ગોપવ્યા વિના અપ્રમત્તભાવથી સૂત્ર-અર્થ અને પરિણામમાં ઉદ્યમવાળા થાય છે તેઓ પ્રતિક્રમણની ક્રિયા દરમિયાન શક્તિ અનુસાર પોતાનું વીર્ય ફોરવે છે. તે રીતે વીર્યાચારની શુદ્ધિ પણ થાય છે. માટે પ્રતિક્રમણમાં જ્ઞાનાચાર આદિના ત્રણ કાઉસ્સગ્ગથી રત્નત્રયીની અને પ્રસ્તુત ગાથામાં બતાવ્યું તે રીતે તપાચાર, વીર્યાચારની શુદ્ધિ પણ થાય છે. આ રીતે પ્રતિક્રમણમાં પાંચે આચારની શુદ્ધિ થાય છે એમ પૂર્વની ગાથા સાથે સંબંધ છે.

અહીં કહ્યું કે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સુંદરમનપૂર્વક પચ્ચક્ખાણ કરે છે તેથી એ પ્રાપ્ત થાય કે વિવેકસંપન્ન એવા સાધુ આદિ આત્માને અભોજન ભાવનાથી ભાવિત કરવાના પરિણામવાળા હોય છે તેથી પોતાની શક્તિ અનુસાર પચ્ચક્ખાણ કરીને પણ આત્માને આહારસંજ્ઞાથી પર કરવા યત્ન થાય તે પ્રકારના સુંદરમનથી પચ્ચક્ખાણ કરે છે તેથી તપાચારની શુદ્ધિ થાય છે. ॥૭॥

**ગાથા :-**

**પ્રતિક્રમણ પદથી ક્રિયા કર્તૃ કર્મ,**
**જણાએ તિહાં પ્રતિક્રમણ ક્રિયામર્મ;**
**પ્રતિક્રમણ કર્ત્તા તે સાધ્વાદિ કહીએ,**
**સુદૃષ્ટિ સુઉપયુક્ત યતમાન લહિએ. ૮**
**પ્રતિક્રમ્ય તે કર્મ-ક્રોધાદિ જાણો,**
**ટલે તેહ તો સર્વ લેખે પ્રમાણો;**
**મલે જો સુજનસંગ દૃઢરંગ પ્રાણી,**
**ફલે તો સકલ કજ્જ એ સુજસ વાણી. ૯**

**ગાથાર્થ :-**

**"પ્રતિક્રમણ" પદથી ક્રિયા=પ્રતિક્રમણની ક્રિયા, પ્રતિક્રમણની ક્રિયાનો કર્તા અને પ્રતિક્રમણની ક્રિયાનું કર્મ જણાય છે. તિહાં=પ્રતિક્રમણ પદથી ત્રણ વસ્તુ જણાય છે તેમાં, મર્મવાળી ક્રિયા પ્રતિક્રમણ છે અર્થાત્ મર્મને**

**સ્પર્શે તે પ્રકારે કરાયેલી ક્રિયા પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણના કર્તા તે સાધુ આદિ સુદૃષ્ટિ, સુઉપયુક્ત, યતમાન લહીએ અને પ્રતિક્રમ્ય તે ક્રોધાદિ કર્મ જાણો. ટલે તેહ=પ્રતિક્રમણની ક્રિયાથી તે ક્રોધાદિ કર્મ ટલે તો, સર્વ લેખે પ્રમાણો=સર્વ પ્રમાણ જાણવું અર્થાત્ પ્રતિક્રમણની ક્રિયા લેખે લાગી એમ માનવું. મળે જો સુજનસંગ=પ્રતિક્રમણ કરનાર જીવોને સુજનનો સંગ મળે તો, પ્રાણી દઢરંગવાળો થાય અને તો સકલ કાર્ય ફલે એ "સુયશ"ની વાણી છે=પૂજ્ય યશોવિજયજી મ. સા.નું વચન છે. ॥૮-૯॥**

**ભાવાર્થ :-**

પ્રતિક્રમણ એ ક્રિયાવાચક પદ છે. તેથી પ્રતિક્રમણ શબ્દ દ્વારા અર્થથી ત્રણ વસ્તુની પ્રાપ્તિ થાય છે. પ્રતિક્રમણની ક્રિયા, પ્રતિક્રમણ કરનાર કોણ છે અને પ્રતિક્રમણનું કર્મ શું છે અર્થાત્ શેનું પ્રતિક્રમણ કરે છે ? તેથી પ્રતિક્રમણ પદથી પ્રતિક્રમણની ક્રિયા, પ્રતિક્રમણની ક્રિયાનો કર્તા=કરનાર અને પ્રતિક્રમણની ક્રિયાનું કર્મ એ ત્રણે શું છે તે જાણવાની જિજ્ઞાસા થાય. તેને સ્પષ્ટ કરે છે.

મર્મવાળી એવી જે ક્રિયા તે પ્રતિક્રમણ છે અર્થાત્ પોતાનું ઇષ્ટ કાર્ય કરે તેવી મર્મસ્પર્શી ક્રિયા તે પ્રતિક્રમણ છે. માત્ર સૂત્રોચ્ચારણ રૂપ પ્રતિક્રમણ નથી. પ્રતિક્રમણના કર્તા સાધુ આદિ છે. અહીં સજ્ઝાયકાર પ્રતિક્રમણના કર્તાનાં ત્રણ વિશેષણ બતાવતાં કહે છે કે **"સુદૃષ્ટિ - સુઉપયુક્ત - યતમાન" એવા સાધુ-સાધ્વી વગેરે પ્રતિક્રમણના કર્તા છે.** તેથી એ પ્રાપ્ત થાય કે પાપ એ જીવનું અહિત કરનાર છે. માટે "મારે મારાં પાપોનો નાશ કરવો છે અને સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવું છે" એવી સુંદર દૃષ્ટિ જેમને છે એવા સુદૃષ્ટિ સાધુ આદિ પ્રતિક્રમણના કર્તા છે. વળી, સુઉપયુક્ત સાધુ આદિ એટલે પ્રતિક્રમણકાળમાં સૂત્ર અને અર્થમાં અત્યંત ઉપયુક્ત થઈને પ્રતિક્રમણ કરે છે તથા યતમાન એટલે પ્રતિક્રમણથી નિષ્પાદ્ય એવા ઉત્તમભાવોની નિષ્પત્તિ માટે અંતરંગ યત્નયુક્ત બહિરંગ સર્વ ઉચિત વિધિમાં યતમાન હોય એવા સાધુ વગેરે પ્રતિક્રમણની ક્રિયા કરે છે. તે પ્રતિક્રમણની ક્રિયાના કર્તા છે. અન્ય નામ માત્રથી પ્રતિક્રમણના કર્તા છે. વાસ્તવિક કર્તા નથી.

વળી, પ્રતિક્રમણની ક્રિયાથી પ્રતિક્રમ્ય=પ્રતિક્રમણ કરવા યોગ્ય, ક્રોધાદિ ચાર કષાયો છે તેથી પ્રતિક્રમણની ક્રિયાનું કર્મ ચાર કષાયો છે. માટે જેઓ અત્યંત ઉપયોગપૂર્વક વીતરાગતાને અનુકૂળ જીવવીર્ય ઉલ્લસિત થાય તે પ્રમાણે યત્નપૂર્વક પ્રતિક્રમણ કરે છે તેઓમાં ક્રોધાદિના પ્રતિપક્ષ એવા ક્ષમાદિભાવોની વૃદ્ધિ થાય છે અને તે પ્રમાણે કરાયેલું પ્રતિક્રમણ જ પ્રમાણભૂત છે; અન્યથા પ્રતિક્રમણની ક્રિયા કાયવાસિત ક્રિયા માત્ર છે.

અહીં પ્રશ્ન થાય કે મહાત્માઓને આવું પ્રતિક્રમણ કેવી રીતે થાય છે તેથી કહે છે – જો ઉત્તમ પુરુષનો સંગ મળે તો પ્રાણી દૃઢરંગવાળા થાય છે અર્થાત્ જિનવચનથી ભાવિત મતિવાળા એવા ઉત્તમ જનનો સંગ થાય તો તેવા અપ્રમાદી ઉત્તમ જનના સંગને કારણે પ્રાણી દૃઢરંગવાળા થાય છે. તેથી તેઓની પ્રતિક્રમણની ક્રિયા જોઈને પોતે પણ તે રીતે પ્રતિક્રમણની ક્રિયા કરવા માટે યત્નવાળા બને છે. અને જો સુજનના સંગને પ્રાપ્ત કરીને પ્રતિક્રમણ કરનાર જીવો દૃઢરંગવાળા થાય તો તેમનાં સકલકાર્ય ફળે અર્થાત્ તેમની પ્રતિક્રમણની ક્રિયા સફળ બને તે પ્રકારની 'સુંદરયશ'ને કહેનારી ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની વાણી છે. **॥૮-૯॥**

# ઢાળ સાતમી - રાઈ પ્રતિક્રમણ વિધિ

(રાગ : બ્રહ્મચર્યના દશ કહ્યા અથવા જુઓ જુઓ અચરિજ અતિભલું-એ દેશી)

**ગાથા :-**

**દેવસી પડિક્કમણ વિધિ કહ્યો,**
**કહિએ હવે રાઇનો તેહ રે;**
**'ઈરિય' પડિક્કમિય 'ખમાસમણ'સ્યું,**
**'કુસુમિણ દુસુમિણ' જેહ રે. ૧**
**ચતુરનર ! હેતુ મન ભાવજો-એ આંકણી.**
**તેહ ઉપશમ કાઉસ્સગ્ગ કરો,**
**ચાર 'લોગસ્સ' મનિ પાઠ રે;**
**'દિઠિ-વિપરિયાસ' સો ઉસ્સાસનો,**
**'ધી-વિપરિયાસ' શત આઠ રે. ચતુર૦ ૨**

**ગાથાર્થ :-**

**દેવસિય પ્રતિક્રમણનો વિધિ કહ્યો. હવે તે=પ્રતિક્રમણની વિધિ, રાઈની કહે છે. ઈરિયાવહી પ્રતિક્રમણ કરીને ખમાસમણપૂર્વક "કુસુમિણ દુસ્સુમિણ"નો કાઉસ્સગ્ગ કરાય છે. ચતુરનર=બુદ્ધિમાન પુરુષ, હેતુને મનમાં ભાવજો=પ્રતિક્રમણના હેતુને મનમાં ભાવજો. તે=કુસુમિણ દુસ્સુમિણનો કાઉસ્સગ્ગ, ઉપશમ માટે કરવો. ચાર લોગસ્સ મનમાં પાઠ કરો, દૃષ્ટિના વિપર્યાસમાં સો શ્વાસોચ્છ્વાસ અને બુદ્ધિના વિપર્યાસમાં એકસોઆઠ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરો. ॥૧-૨॥**

**ભાવાર્થ :-**

ઢાળ-૬ સુધી "દેવસિય પ્રતિક્રમણ"ની વિધિ બતાવી. હવે "રાઈય પ્રતિક્રમણ"ની વિધિ કહે છે. તેમાં પ્રથમ ઇરિયાવહી પ્રતિક્રમણ કરીને સાધુ તથા શ્રાવક આદિ ખમાસમણ આપવાપૂર્વક "કુસુમિણ દુસ્સુમિણ" ઇત્યાદિ બોલીને "અન્નત્થસૂત્ર" પૂર્વક ઉપશમ કરવા અર્થે તે કાઉસ્સગ્ગ કરે છે=રાત્રિ

દરમિયાન જે કુસ્વપ્ન કે દુઃસ્વપ્ન આવ્યાં હોય તેનાથી આધાન થયેલા કુસંસ્કારોના ઉપશમ માટે=નાશ માટે, આ કાઉસ્સગ્ગ કરે છે અને કાઉસ્સગ્ગમાં ચાર લોગસ્સનો પાઠ કરે છે.

સંયમજીવનથી વિપરીત સ્વપ્ન આવ્યું હોય તો તે દૃષ્ટિવિપર્યાસ છે=કુસ્વપ્ન છે. અર્થાત્ સાધુના સંયમજીવનમાં સર્વ ભાવો પ્રત્યે જે સમભાવનો પરિણામ છે તેને મલિન કરે તેવું સ્વપ્ન અને શ્રાવકને પોતાના વ્રતમાં મલિન કરે તેવું સ્વપ્ન એ કુસ્વપ્ન છે. તેની શુદ્ધિ માટે સો શ્વાસોચ્છ્વાસ પ્રમાણ="ચંદેસુ નિમ્મલયરા" સુધીનો કાઉસ્સગ્ગ કરાય છે અને કામના વિકાર એ બુદ્ધિનો વિપર્યાસ છે. તેથી નિદ્રામાં સાધુને કે શ્રાવકને ચોથા વ્રત સંબંધી સ્વપ્નમાં કોઈ વિકાર થયો હોય તો તે દુઃસ્વપ્ન છે અને તેની શુદ્ધિ માટે એકસોઆઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ="સાગરવરગંભીરા" સુધીનો કાઉસ્સગ્ગ કરાય છે; કેમ કે કુસ્વપ્ન કરતાં અધિક મલિનતા દુઃસ્વપ્નથી થાય છે તેથી તેની શુદ્ધિ માટે કાઉસગ્ગ પણ મોટો છે.

વળી 'નર'ને સંબોધીને સજ્ઝાયકાર કહે છે : "હે ચતુરનર ! પ્રતિક્રમણના હેતુને મનમાં ભાવન કરજો. જેથી તમારું પ્રતિક્રમણ ફલની નિષ્પત્તિનું કારણ બને." **॥૧-૨॥**

**ગાથા :-**

**'ચિઈ વંદન' કરિય સઝાય મુખ,**
**ધર્મવ્યાપાર કરે તાવ રે;**
**જાવ પડિક્કમણ વેલા હુએ,**
**ચઉ 'ખમાસમણ' દિએ ભાવ રે. ચતુર૦ ૩**

**ગાથાર્થ :-**

**કાઉસ્સગ્ગ કર્યા પછી ચૈત્યવંદન કરીને સજ્ઝાય પ્રમુખ ત્યાં સુધી ધર્મવ્યાપાર કરે જ્યાં સુધી પ્રતિક્રમણની વેળા થાય. ત્યારપછી ચાર ખમાસમણ દેઈને="ભગવાનહં" આદિ ચાર ખમાસમણ દેઈને, ભાવથી ગુરુને વંદન કરે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

"રાઈય પ્રતિક્રમણ"ની વિધિમાં "કુસુમિણ દુસ્સુમિણ"નો કાઉસ્સગ્ગ કર્યા પછી સાધુ આદિ ચૈત્યવંદન કરે છે. ત્યાર પછી "ભરહેસર બાહુબલી"ની સજ્ઝાય બોલે છે. તે સજ્ઝાય વગેરે ધર્મવ્યાપાર સાધુ ત્યાં સુધી કરે જ્યાં સુધી શાસ્ત્રમર્યાદા અનુસાર પ્રતિક્રમણની વેળા થાય અને તે વેળા થાય ત્યાર પછી "ભગવાનહં" આદિ ચાર ખમાસમણ આપીને રાઈય પ્રતિક્રમણમાં ગુરુને વંદન કરાય છે.

અહીં વિશેષ એ છે કે સાધુ પ્રતિક્રમણ કરીને દસ વાનાનું પડિલેહણ કરે ત્યારે 'સૂર્યોદય' થાય તે પ્રતિક્રમણની વેળા છે. સાધુ 'સૂર્યોદય'થી એક પ્રહર પૂર્વે ઊઠે છે અને ઊઠીને કુસુમિણ દુસ્સુમિણનો કાઉસ્સગ્ગ કર્યા પછી ચૈત્યવંદન કરે છે અને નવકાર બોલીને "ભરહેસરની સજ્ઝાય" બોલે છે. ત્યાર પછી અન્ય ઉચિત ધર્મવ્યાપાર કરે અર્થાત્ સ્વાધ્યાય આદિ ધર્મવ્યાપાર કરે અને પ્રતિક્રમણની વેળા થાય ત્યારે ગુરુને વંદન કરવા અર્થે ઉપયોગપૂર્વક ચાર ખમાસમણ આપે. ત્યાર બાદ પ્રતિક્રમણની શું વિધિ કરે તે આગળની ગાથામાં કહે છે. **॥૩॥**

**ગાથા :-**

**'રાઈ પડિક્કમણ ઠાઉં' ઈમ કહી,**
**'સવ્વસ્સવિ રાઈ' કહેઈ રે;**
**'સક્કત્થય' ભણી 'સામાયિક' કહી,**
**'ઉસ્સગ્ગ' એક ચિંતેઈ રે. ચતુર૦ ૪**

**ગાથાર્થ :-**

**"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઈય પડિક્કમણ ઠાઉં ?" એમ કહીને "સવ્વસવિ રાઈય"એ પ્રમાણે કહે પછી "શક્રસ્તવ" ભણીને "સામાયિક" કહે="કરેમિ ભંતે સૂત્ર" કહે અને એક લોગસ્સના કાઉસ્સગ્ગનું ચિંતવન કરે. ॥૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં બતાવ્યું તે પ્રમાણે ચાર ખમાસમણથી "ગુરુવંદન" કર્યા પછી પ્રતિક્રમણના બીજભૂત "રાઈય પ્રતિક્રમણ ઠાઉં ?" ઇત્યાદિ કરીને "સવ્વસવિ સૂત્ર" બોલે. ત્યાર પછી "શક્રસ્તવ" રૂપ "નમુત્થુણં સૂત્ર" બોલે. ત્યાર પછી "ઇચ્છામિ ઠામિ" ઇત્યાદિ સૂત્ર બોલીને "ચારિત્રાચાર"ની શુદ્ધિ માટે એક "લોગસ્સ"નો કાઉસ્સગ્ગ કરે. **॥૪॥**

**ગાથા :-**

> **બીજે એક દર્શનાચારનો,**
> **ત્રીજે અતિચાર ચિંત રે;**
> **ચારિત્રનો તિહાં એક હેતુ છે,**
> **અલ્પ વ્યાપાર નિસિ ચિત્ત રે. ચતુર૦ ૫**

**ગાથાર્થ :-**

**બીજે એક દર્શનાચારનો કાઉસ્સગ્ગ કરે, ત્રીજે અતિચારનું ચિંતવન કરે, તેમાં=ત્રણ કાઉસ્સગ્ગમાંથી પહેલા કાઉસ્સગ્ગમાં, ચારિત્રાચારનો એક=એક લોગસ્સનો કાઉસ્સગ્ગ છે તેમાં, રાત્રિના વિષે ચિત્તનો વ્યાપાર અલ્પ છે એ હેતુ છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું તેમ એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કર્યા પછી પ્રગટ લોગસ્સ બોલીને "સવ્વલોએ...." ઇત્યાદિ સૂત્ર બોલીને દર્શનાચારની શુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે અને "પુક્ખરવરદીવડ્ઢે સૂત્ર" બોલીને ત્રીજા કાઉસ્સગ્ગમાં અતિચારનું ચિંતવન કરાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ એક લોગસ્સનો કાઉસ્સગ્ગ ચારિત્રની શુદ્ધિનો હેતુ છે, બીજો એક લોગસ્સનો કાઉસ્સગ્ગ દર્શનાચારની શુદ્ધિનો હેતુ છે અને અતિચારના ચિંતવન રૂપ ત્રીજો કાઉસ્સગ્ગ જ્ઞાનાચારની શુદ્ધિનો હેતુ છે. ત્યાં પ્રશ્ન થાય કે સાંજના પ્રતિક્રમણમાં ચારિત્રની શુદ્ધિ માટે બે લોગસ્સનો કાઉસ્સગ્ગ હતો અને રાઈય પ્રતિક્રમણમાં ચારિત્રની શુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કેમ કરાય છે ? તેથી કહે છે : રાત્રિમાં

ચિત્તનો વ્યાપાર અલ્પ હોવાને કારણે ચારિત્રના અતિચારો અલ્પ થવાની સંભાવનાથી તેની શુદ્ધિ અર્થે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ જ કરાય છે. ॥૫॥

**ગાથા :-**

**પારી 'સિદ્ધસ્તવ' કહી પછે,**
**જાવ કાઉસ્સગ્ગ વિહિ પુવ્વ રે;**
**પ્રત્યેક કાઉસ્સગ્ગ પડિક્કમણથી,**
***અશુદ્ધનો શોધ એ અપુવ્વ રે. ચતુર૦ ૬***

**ગાથાર્થ :-**

**પારી=ત્રીજો અતિચાર આલોચનવાળો કાઉસ્સગ્ગ પારી "સિદ્ધસ્તવ" કહે છે="સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર" બોલે, પછી કાઉસ્સગ્ગ સુધી= તપચિંતવનના કાઉસ્સગ્ગ સુધી, પૂર્વની વિધિ છે=દેવસિય પ્રતિક્રમણની વિધિ પ્રમાણે રાઈય પ્રતિક્રમણની વિધિ છે. પ્રત્યેક કાઉસ્સગ્ગ પ્રતિક્રમણથી=પૂર્વમાં વર્ણન કરેલા ચારિત્ર, દર્શન અને જ્ઞાનના અતિચારના ત્રણ એવા પ્રત્યેક કાઉસ્સગ્ગ અને ત્યાર પછી "વંદિત્તુસૂત્ર" આદિ રૂપ પ્રતિક્રમણથી અશુદ્ધિનો શોધ=રાત્રિ દરમિયાન થયેલી રત્નત્રયીની અશુદ્ધિની શુદ્ધિ, અપૂર્વ થાય છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

ત્રીજા જ્ઞાનાચારની શુદ્ધિ માટે અતિચારના આલોચનરૂપ કાઉસ્સગ્ગ કર્યા પછી રાઈય પ્રતિક્રમણ કરતાં "સિદ્ધાણં બુદ્ધાણં" સૂત્ર બોલે છે. ત્યારપછી તપચિંતવણીના કાઉસ્સગ્ગ સુધીની સર્વ વિધિ દેવસિય પ્રતિક્રમણની વિધિ પ્રમાણે છે અર્થાત્ દેવસિય પ્રતિક્રમણમાં જેમ અતિચારના ચિંતવન પછી ત્રીજા આવશ્યકની મુહપત્તિનું પડિલેહણ વગેરેથી માંડીને "આયરિય ઉવજ્ઝાયસૂત્ર" બોલાય છે તે પ્રમાણે સર્વ વિધિ રાઈય પ્રતિક્રમણમાં જાણવી.

વળી, રાઈય પ્રતિક્રમણમાં અત્યાર સુધી રત્નત્રયીના પ્રત્યેકના ત્રણ કાઉસ્સગ્ગ કર્યા અને "પગામ સજ્ઝાય" કે "વંદિત્તુસૂત્ર" રૂપ જે પ્રતિક્રમણ કર્યું તેનાથી અપૂર્વ રત્નત્રયીની અશુદ્ધિનો શોધ થાય છે. અર્થાત્ રત્નત્રયીની શુદ્ધિ થવાથી સાધુની કે શ્રાવકની સ્વભૂમિકા અનુસાર રત્નત્રયીની પરિણતિ અપૂર્વ બને છે.

દેવસિય પ્રતિક્રમણમાં પહેલાં અતિચારોનું ચિંતવન કરાય છે, જ્યારે રાઈય પ્રતિક્રમણમાં ચારિત્રશુદ્ધિ, દર્શનશુદ્ધિ અર્થે કાયોત્સર્ગ કર્યા પછી જ્ઞાનશુદ્ધિ અર્થે કરાતા કાયોત્સર્ગમાં અતિચારોનું ચિંતવન થાય છે. તો આ રીતે પાછળથી અતિચારોનું ચિંતવન કરવામાં શું હેતુ છે ? "પંચવસ્તુક ગ્રંથ"ની ગાથા-૪૯૮માં આનું કારણ નીચે મુજબ છે :

સવારના ઊંઘમાંથી ઊઠેલા સાધુ પ્રતિક્રમણ કરવાના સમય સુધી કદાચ નિદ્રાની અસરવાળા હોઈ શકે, અને તેવા નિદ્રાવાળા સાધુ જો પ્રતિક્રમણમાં અતિચારોનું ચિંતવન પહેલાં કરે તો સમ્યગ્ રીતે સર્વ અતિચારોનું ચિંતવન ન કરી શકે. આથી આવા પ્રકારની જીવોની સ્થિતિને ખ્યાલમાં રાખીને શાસ્ત્રકારોએ અતિચાર ચિંતવનનો કાયોત્સર્ગ પ્રથમને બદલે ત્રીજો રાખેલ છે; કેમ કે સાધુઓ સામાન્યથી નિદ્રાના પરિહાર માટે યત્ન કરનારા હોય છે, છતાં તેવા પ્રકારની શારીરિક સ્થિતિને કારણે કોઈક સાધુની નિદ્રા પ્રતિક્રમણના પ્રારંભકાળમાં દૂર થઈ ન હોય તોપણ પ્રથમના બે કાયોત્સર્ગમાં કરાતા યત્નથી તે દૂર થઈ જાય છે, જેથી ત્રીજા કાયોત્સર્ગ વખતે નિદ્રાની અસર દૂર થઈ ગઈ હોવાથી સમ્યગ્ રીતે અતિચારોનું ચિંતવન થઈ શકે છે. આથી સવારના પ્રતિક્રમણમાં અતિચારોનું ચિંતવન પાછળથી કરાય છે.

અહીં પ્રશ્ન થાય કે રાત્રિપ્રતિક્રમણમાં ચારિત્રાદિની શુદ્ધિ નિમિત્તક ત્રણ કાયોત્સર્ગો પ્રથમ કેમ કરાય છે ? વસ્તુતઃ જેમ દૈવસિક પ્રતિક્રમણમાં પ્રથમ અતિચારોનું ચિંતવન, પછી આલોચન, પ્રતિક્રમણ કરીને અંતે રત્નત્રયીની શુદ્ધિ નિમિત્તક ત્રણ કાયોત્સર્ગો કરાય છે, તેમ રાત્રિક પ્રતિક્રમણમાં આ ત્રણ કાયોત્સર્ગો અંતે કેમ કરાતા નથી ? તેથી કહે છે —

સવારમાં ગાઢ અંધકાર હોય છે. તેથી સાધુઓ જ્યારે સવારે નિદ્રામાંથી જાગે ત્યારે અત્યંત અંધકાર હોવાને કારણે પરસ્પર એકબીજાને જોઈ પણ શકતા નથી, અને તેવા અંધકારમાં જો સાધુઓ ગુરુ પાસે જઈને અતિચારોનું આલોચન કરે, તો પરસ્પર એકબીજાને અથડાવાનો સંભવ રહે. માટે તે દોષના પરિહાર અર્થે પહેલાં ત્રણ કાયોત્સર્ગ કરાય છે, જેથી ત્રણ કાયોત્સર્ગ કરે તેટલા કાળમાં પહેલા કરતાં અંધકાર કંઈક ઓછો થયો હોવાથી ગુરુ પાસે અતિચારોનું આલોચન કરવા જતાં સાધુઓના પરસ્પર અથડાવાની સંભાવના ઓછી રહે.

વળી, અતિચારોનું આલોચન પહેલાં કરવામાં આવે તો આલોચન કરવા માટે જ્યારે સર્વ સાધુઓ ગુરુ પાસે જઈને આચાર્યને વંદન કરે ત્યારે કોઈ નિદ્રાધીન સાધુ વંદન કર્યા વગર બેસી રહ્યા હોય તોપણ તે સાધુ કોઈને દેખાય નહિ. જેથી તે સાધુને અંધકારમાં વંદન નહીં કરવાના દોષો લાગે. આવા દોષોના પરિહાર માટે સાધુઓ પ્રથમ ત્રણ કાયોત્સર્ગ કરે છે, જેથી થોડું અજવાળું થતાં સર્વ સાધુઓ એકબીજાને જોઈ શકે ત્યારપછી બધા સાધુ ગુરુ ભગવંત પાસે આવીને શેષ પ્રતિક્રમણની વિધિ ગુરુ પાસે કરે છે. અને કંઈક અજવાળું થયેલ હોવાથી કોઈ સાધુ નિદ્રાને કારણે ગુરુને વંદન કરતા ન હોય તો અન્ય સાધુઓ તેઓને જાગૃત કરે છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે કાઉસ્સગ્ગ સુધી રાઈય પ્રતિક્રમણમાં દેવસિય પ્રતિક્રમણ જેવી વિધિ છે. તેથી હવે તે વિધિ પછી કરાતા કાઉસ્સગ્ગમાં સાધુ કે શ્રાવક શું ચિંતવન કરે છે તે બતાવે છે –**

**ગાથા :-**

**ઈહાં વીર છમાસી તપ ચિંતવે,**
**હે જીવ ! તું કરી શકે તેહ રે;**
**ન શકું એ ગાઈ ઈગુણતિસતાં,**
**પંચ માસાદિ પણ જેહ રે. ચતુર૦ ૭**
**એક માસ જાવ તેર ઊણડો,**
**પછે ચઉતિસ માંહિ હાણી રે;**
**જાવ ચઉથ આંબિલ-પોરિસિ,**
**નમુક્કારસી યોગ જાણી રે. ચતુર૦ ૮**
**શક્તિ તાંઈ ચિત્ત ધરી પારીએ,**
**મુહપત્તિ વંદન પચ્ચખ્ખાણ રે;**
**'ઈચ્છામો અણુસઠ્ઠિં' કહી તિગ થુઈ,**
**થય-ચિઈવંદણ સુહજાણ રે. ચતુર૦ ૯**

**ગાથાર્થ :-**

**ઈહાં="તપચિંતવણી"ના કાઉસ્સગ્ગમાં વીર છમાસીતપ ચિંતવે=વીર ભગવાને કરેલુ છમાસીતપનું ચિંતવન કરે. હવે તે કઈ રીતે ચિંતવે તે કહે છે : *"હે જીવ ! તું તે કરી શકીશ ? તેમ ચિંતવે.* "ન શકું=હું કરી શકું તેમ નથી" એ પ્રમાણે ગાઈને=વિચારીને, ઈગુણતિસતાં=છ મહિનામાં એક દિવસ ઊણ તિસતાં=ત્રીસ સુધી, ચિંતવન કરે=છ મહિનામાં એક દિવસ ન્યૂન, એમ એક એક દિવસ ન્યૂન ન્યૂન કરતાં ત્રીસ દિવસ ન્યૂન સુધી ચિંતવે. પછી "પંચ માસાદિ પણ જેહ રે"=પાંચમાસી કરી શકીશ ? ચારમાસી કરી શકીશ ? ઈત્યાદિ ચિંતવન કરે. એક માસ યાવત્ તેર ઊણડો ચિંતવન કરે=તેર દિવસ ન્યૂન સુધી ચિંતવન કરે. પછી "ચઉતીસમાંહિ હાણી રે"=ચોત્રીસ ભક્તમાં હાનિનું ચિંતવન કરે. તે ક્યાંસુધી ચિંતવન કરે તો કહે છે જ્યાં સુધી ચતુર્થ, આયંબિલ, પોરિસી, નવકારશીનો યોગ જાણી ચિંતવન કરે. "શક્તિ તાંઈ ચિત્ત ધરી પારીએ"=ચિત્તમાં શક્તિ અનુસાર તપ કરવાનું ધારણ કરી કાઉસ્સગ્ગ પારે. પછી મુહપત્તિ, વંદન અને પચ્ચક્ખાણ કરે. પછી "ઈચ્છામો અણુસટ્ઠિં" કહી ત્રણ થુઈ=વિશાલલોચન અથવા "સંસાર દાવાનલ" કહે. પછી શક્રસ્તવ અને ચૈત્યવંદન શુભ જાણ કરે. ||૭-૮-૯||**

**ભાવાર્થ :-**

સવારના "તપચિંતવણી"ના કાઉસ્સગ્ગમાં વીરપ્રભુના શાસનમાં છમાસી તપ છે તેનું ચિંતવન કરે. કઈ રીતે ચિંતવન કરે તે બતાવે છે : વિચારે કે "હે જીવ ! તું છમાસી તપ કરી શકીશ ?" તેમ વિચારી શક્તિ ન હોય તો કહે ! "શક્તિ નથી, પરિણામ નથી." એ પ્રમાણે વિચારીને એક ઊણ છમાસી, બેઊણ છમાસી, ઇત્યાદિ ઊણ કરતાં કરતાં ત્રીસ સુધી=ત્રીસ દિવસ ઊણ સુધી, વિચારે. ત્યાર પછી "પાંચમાસી તપ" કરી શકીશ? તેમ વિચારે. પછી ચારમાસી, ત્રણમાસી, બેમાસી એક ઊણ કરતાં કરતાં અંતે એકમાસીનો વિચાર કરે. તેમાં પણ એક એક દિવસ ન્યૂન કરતાં કરતાં તેર દિવસ ન્યૂન સુધી વિચારે.

ત્યારપછી "ચોત્રીસભક્ત" કરી શકીશ ? તેમ વિચારે. ત્યાં પણ બે-બે ભક્ત ન્યૂન કરતાં કરતાં યાવત્ "ચતુર્થભક્ત" સુધી વિચારે. તે શક્તિ ન જણાય તો આયંબિલ, વિચારે. તે શક્તિ પણ ન જણાય તો આયંબિલથી ક્રમસર ઘટતાં ઘટતાં પોરિસી-નવકારશીનો યોગ જાણે=નવકારશીની શક્તિ છે તેમ વિચારે. છેલ્લે જ્યાં શક્તિ હોય ત્યાં ચિત્તમાં તપ કરવાનું ધારણ કરીને કાઉસ્સગ્ગ પારે. તે કાઉસ્સગ્ગ પાર્યા પછી "લોગસ્સ" બોલીને મુહપત્તિનું પડિલેહણ કરે. ત્યારબાદ વંદન કરીને કાઉસ્સગ્ગમાં ધારેલું પચ્ચક્ખાણ ગ્રહણ કરે. પછી "ઇચ્છામો અણુસટ્ઠિં" કરીને વિશાલલોચન અથવા "સંસાર દાવાનલ"ની ત્રણ થોય કરે. તેમાં છ આવશ્યક નિવેદન="સામાયિક, ચઉવિસત્થો..... વગેરે કર્યું છે" તે પ્રમાણેનું નિવેદન કરે. જે છ આવશ્યકની સમાપ્તિરૂપ છે અને તેના હર્ષની અભિવ્યક્તિ રૂપ જ "વિશાલલોચન", "સંસાર દાવાનલ"ની ત્રણ થોય બોલાય છે. ત્યારપછી શક્રસ્તવ કરીને ચૈત્યવંદન કરે. **II૭-૮-૯II**

**ગાથા :-**

**સાધુ વલી શ્રાદ્ધ કૃતપૌષધો,**
**માગે આદેશ ભગવન્ન રે;**
**'બહુવેલ સંદિસાઉં' 'બહુવેલ કરું,'**
**લઘુતર અનુમતિ મન્ન રે. ચતુર૦ ૧૦**

**ગાથાર્થ :-**

**સાધુ અને પૌષધધારી શ્રાવક આદેશ માંગે હે ભગવંત ! "બહુવેલ સંદિસાહું" "બહુવેલ કરું ?" શું કામ આ આદેશ માંગે તેથી કહે છે : "લઘુતર અનુમતિ મન્ન રે"=લઘુતર અનુમતિને માનતો આદેશ માંગે. II૧૦II**

**ગાથા :-**

**ચઉ ખમાસમણ વંદે મુનિ,**
**'અટ્ઠાઈજ્જેસુ' તે કહે સટ્ઠ રે;**
**કરે રે પડિલેહણ ભાવથી,**
**સુજસ મુનિ વિદિત સુગુણટ્ઠ રે. ચ૦ ૧૧**

**ગાથાર્થ :-**

**ત્યાર પછી ચાર ખમાસમણથી મુનિને વંદે અને શ્રાવક "અડ્ઢાઈજ્જેસુ સૂત્ર" કહે. ત્યારપછી સુજશના જાણનારા એવા મુનિ સુગુણના અર્થે ભાવથી પડિલેહણ કરે=ઉપયોગપૂર્વક પડિલેહણ કરે. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું તેમ ચૈત્યવંદન કર્યા પછી સાધુ કે પૌષધધારી શ્રાવકો "બહુવેલ સંદિસાહું ?" "બહુવેલ કરશું ?" એમ બે આદેશ માંગે. કેમ બે આદેશ માંગે તે કહે છે : નાનામાં નાની પ્રવૃત્તિ પણ ગુરુની અનુમતિપૂર્વક કરવાની હોય છે તેથી જે પ્રવૃત્તિ કરતી વખતે ગુરુનો આદેશ માંગવો શક્ય ન હોય તેવા શ્વાસોચ્છ્વાસ આદિની પ્રવૃત્તિ કરવાની અનુમતિ મેળવવા માટે આ આદેશ માંગે છે. આનાથી ગુણવાન ગુરુના પારતંત્ર્યનો અધ્યવસાય સ્થિર થાય છે. ત્યારપછી 'ભગવાનહં' આદિ ચાર ખમાસમણ દ્વારા ગુરુને વંદન કરાય છે. અને શ્રાવક 'અડ્ઢાઈજ્જેસુ સૂત્ર' બોલે છે. આ રીતે પ્રતિક્રમણ પૂર્ણ કર્યા પછી 'સુયશ'ને જાણનાર સુગુણને અર્થે=જીવદયાના પાલન અર્થે, મુનિ કે પૌષધધારી શ્રાવક ષટ્કાયના પાલનના અધ્યવસાયરૂપ ભાવથી પડિલેહણ કરે. **।।૧૦-૧૧।।**

# ઢાળ આઠમી – પક્ખી પ્રતિક્રમણ વિધિ

(રાગ : મધુ બિંદુઆની, અથવા સરસતી ! મુઝ રે માતા ! દિયો બહુમાન રે-એ દેશી)

**અવતરણિકા :-**

હવે પક્ખી પ્રતિક્રમણની વિધિ કહે છે. તેમાં સૌ પ્રથમ પક્ખી પ્રતિક્રમણ ક્યારે કરે તો કહે છે –

**ગાથા :-**

**હવે પખિય રે ચઉદસિ દિન સુધી પડિક્કમે,**
**પડિકમતાં રે નિત્ય, ન પર્વ અતિક્રમે;**
**ગૃહ શોધ્યું રે પ્રતિદિન તો પણ શોધીયે,**
**પખસંધિ રે ઈમ મન ઈહાં અનુરોધિયે. ૧**

**ગાથાર્થ :-**

**હવે, ચઉદસના દિનના પૂર્વ દિવસ સુધી પ્રતિક્રમણ કરે અને નિત્ય પ્રતિક્રમણ કરતાં પર્વનો અતિક્રમ કરે નહીં. પર્વના દિવસે પક્ખી પ્રતિક્રમણ કેમ કરે તેથી કહે છે. "ગૃહ શોધ્યું પ્રતિદિન"=પ્રતિદિન ઘરની શુદ્ધિ કરી તોપણ પક્ષના સાંધામાં શોધિએ=પંદર દિવસે ગૃહ શોધીએ. એ પ્રમાણે અહીં આત્માની શુદ્ધિના વિષયમાં પ્રતિક્રમણની ક્રિયા વિષયક મનમાં અનુરોધીએ=મનમાં અનુસંધાન કરીએ. ॥૧॥**

**ભાવાર્થ :-**

હવે પક્ખી પ્રતિક્રમણ ક્યારે કરવું જોઈએ તે કહે છે. ચૌદશના દિવસ સુધી નિત્ય પ્રતિક્રમણ કરવા છતાં પર્વના દિવસે અતિક્રમણ કરવું જોઈએ નહિ. પરંતુ પર્વના દિવસે પ્રતિક્રમણ કરવું જોઈએ. અહીં પ્રશ્ન થાય કે પર્વના દિવસે પક્ખી પ્રતિક્રમણ કેમ કરવું જોઈએ તો તે દૃષ્ટાંત દ્વારા કહે છે. જેમ પ્રતિદિન ઘરની શુદ્ધિ કરવા છતાં પણ પંદર દિવસના સાંધામાં=બે પક્ષોની સંધિના કાળમાં, વિશેષથી ઘર શોધન કરાય છે તેમ રત્નત્રયીની શુદ્ધિ માટે પ્રતિદિન

દેવસિય-રાઈય પ્રતિક્રમણ કરાય છે તોપણ પંદર દિવસના પક્ષના સાંધામાં રત્નત્રયીની વિશેષથી શુદ્ધિ માટે પક્ખી પ્રતિક્રમણ કરાય છે. ॥૧॥

**ગાથા :-**

**ત્રુટક**

**અનુરોધિયે ગુરુ ક્રમ વિશેષે, ઉત્તર કરણ એ જાણીએ,**
**જિમ ધૂપ લેપન વર વિભૂષણ, તૈલ ન્હાણે માણીએ;**
**મુહપત્તી વંદણ સંબુદ્ધ ખામણ, તીન પાંચ પાંચ શેષ એ,**
**પક્ખિ આલોયણ અતિચારા, લોચના સુવિશેષ એ. ૨**

**ગાથાર્થ :-**

**ગુરુના અનુરોધથી ક્રમ વિશેષમાં=પ્રતિક્રમણના ક્રમ વિશેષમાં, 'ઉત્તરકરણ'એ પક્ખી પ્રતિક્રમણની ક્રિયા જાણવી. જેમ સ્નાનમાં ધૂપ, લેપન, વરવિભૂષણ, તૈલ માણીએ છીએ. પક્ખી પ્રતિક્રમણમાં મુહપત્તિ પડિલેહણ, વંદન, સંબુદ્ધ ખામણાં, પાંચ સાધુ હોય તો ત્રણ અને શેષમાં=પાંચથી અધિક સાધુમાં, પાંચ "સંબુદ્ધ ખામણાં" કરાય છે. વળી, પક્ખી આલોચના અતિચારની લોચના=વિચારણા, સુવિશેષથી છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

પક્ખી પ્રતિક્રમણમાં ગુરુના અનુરોધથી=ગુરુની પરંપરાથી વિશેષ ક્રિયાઓ કરાય છે. અર્થાત્ દેવસિય પ્રતિક્રમણ કરતાં વિશેષ ક્રિયા કરાય છે. આ ઢાળમાં તેનો વિશેષ ક્રમ બતાવેલ છે અને આ વિશેષ ક્રિયા ઉત્તરકરણ રૂપ છે. જેમ સ્નાન કર્યા પછી ધૂપ, લેપન, શ્રેષ્ઠ વિભૂષા અને સુંદર તૈલથી સ્નાનનો આનંદ મનાય છે તેમ પ્રતિદિન સાંજના પ્રતિક્રમણ કરતાં પક્ખી પ્રતિક્રમણમાં 'ઉત્તરકરણ'ની=વિશેષ શુદ્ધિની, ક્રિયાઓ કરાય છે. અને તે વિશેષ શુદ્ધિની ક્રિયાઓ કઈ છે તે બતાવતાં કહે છે. "પગામ સજ્ઝાય" કે "વંદિત્તુસૂત્ર" સુધી દેવસિય પ્રતિક્રમણ કર્યા પછી પક્ખી મુહપત્તિનું પડિલેહણ કરાય છે. ત્યારપછી

વાંદણાં દેવાય છે અને વાંદણાં પછી પાંચ સાધુ હોય તો ત્રણ "સંબુદ્ધ ખામણાં" અને પાંચથી અધિક સાધુ હોય તો પાંચ "સંબુદ્ધ ખામણાં" કરાય છે. વળી, વંદિત્તુસૂત્રથી અતિચારની આલોચના કર્યા પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પક્ખિઅં આલોઉં ? તથા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અતિચાર આલોઉં ? આદેશ માંગી અતિચારની વિચારણા દ્વારા સુવિશેષથી પક્ખીની આલોચના કરાય છે. **॥૨॥**

**ગાથા :-**

**ઢાલ**

**'સવ્વસ્સવિ' રે 'પક્ખિયસ્સ' ઈત્યાદિક ભણી,**
**પાયચ્છિત્ત રે ઉપવાસાદિક પડીસુણી;**
**વંદણ દેઈ રે પ્રત્યેક ખામણાં ખામીએ,**
**'દેવસિયં આલોઈયં' ઈત્યાદિક વિશ્રામિએ. ૩**

**ગાથાર્થ :-**

**વળી, "સવ્વસવિ પક્ખિઅં" ઈત્યાદિક ભણી પ્રાયશ્ચિત્ત ઉપવાસાદિક પડિસુણી=ગુરુના વચનોથી સાંભળી, વંદન દઈને "પ્રત્યેક ખામણાં" ખામીએ અને ત્યારપછી "દેવસિય આલોઈયં" ઈત્યાદિકથી વિશ્રામિએ. ॥૩॥**

**ભાવાર્થ :-**

પક્ખી પ્રતિક્રમણમાં અતિચાર બોલ્યા પછી "સવ્વસવિ પક્ખિઅં, દુચ્ચિંતિઅં, દુબ્ભાસિઅં..." ઇત્યાદિ બોલાય છે અને ત્યારપછી ગુરુ ભગવંત પાક્ષિકનું ઉપવાસ આદિ પ્રાયશ્ચિત્ત કહે છે. ત્યારપછી વંદન આપીને "પ્રત્યેક ખામણાં" ખામવાનાં હોય છે. જે "સંબુદ્ધ ખામણાં"ની જેમ પાંચ સાધુ ભગવંતો હોય તો ત્રણ વાર અને પાંચથી અધિક સાધુ હોય તો પાંચ વાર ખામણાં કરાય છે. ત્યારપછી "દેવસિય આલોઈઅ પડિક્કંતા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પક્ખિઅં પડિક્કમાવેહ" ઇત્યાદિ બોલીને વિશ્રામણા કરાય છે. **॥૩॥**

ગાથા :-

**ત્રુટક**

**વિશ્રામિએ સામાયિક સૂત્રે, ખમાસમણ દેઈ કરી,**
**કહે એક પખ્ખી સૂત્ર બીજા, સુણે કાઉસ્સગ્ગ ધરી;**
**પાખી પડિકમણ સૂત્ર કહીને, સામાયિક ત્રિક ઉચ્ચરી,**
**'ઉઝ્ઝોઅ' બાર કરે કાઉસ્સગ્ગ હર્ષ નિજ હિઅડે ધરી. ૪**

ગાથાર્થ :-

**વિશ્રામણા કરીને="દેવસિય...." ઈત્યાદિથી પાપની વિશ્રામણા કરીને "સામાયિકસૂત્ર"="કરેમિ ભંતેસૂત્ર" બોલે. ખમાસમણ આપીને એક સાધુ 'પક્ખીસૂત્ર' બોલે અને બીજા કાઉસ્સગ્ગ ધરીને સાંભળે. પક્ખીસૂત્ર કહી=પક્ખીસૂત્ર કહ્યા પછી, સાધુ "પગામસજ્ઝાય" અને શ્રાવક "વંદિત્તુસૂત્ર" કહીને સામાયિકત્રિક="કરેમિ ભંતે સૂત્ર" "ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં" અને "તસ્સઉત્તરીસૂત્ર" રૂપ સામાયિકત્રિક ઉચ્ચરે અને "ઉજ્જોઅ બાર કરે"=બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે. તે કેવી રીતે કરે તેથી કહે છે : પોતાના હૈયામાં હર્ષ ધરીને કાઉસ્સગ્ગ કરે." ।।૪।।**

ભાવાર્થ :-

"દેવસિય આલોઈય" સૂત્ર દ્વારા પાપની વિશ્રામણા કરીને પક્ખી પ્રતિક્રમણમાં સાધુ કે શ્રાવક "સામાયિકસૂત્ર"="કરેમિ ભંતે સૂત્ર" બોલે. ત્યાર પછી ખમાસમણ દઈને એક સાધુ પક્ખીસૂત્ર બોલે અને બીજા બધા કાઉસ્સગ્ગ મુદ્રામાં રહીને તેને સાંભળે. આ રીતે 'પક્ખીસૂત્ર' બોલ્યા પછી સાધુ પાક્ષિક પ્રતિક્રમણસૂત્ર= "પગામસજ્ઝાય" બોલે અને શ્રાવકો "પાક્ષિકસૂત્ર" રૂપ "વંદિત્તુસૂત્ર" બોલે. ત્યારપછી સામાયિકત્રિક બોલીને="કરેમિ ભંતે સૂત્ર" "ઇચ્છામિ ઠામિ સૂત્ર" અને "તસ્સઉત્તરીસૂત્ર" બોલીને પક્ખી પ્રતિક્રમણ સુંદર રીતે થયું છે, સારી રીતે આત્માની શુદ્ધિ થઈ છે ઇત્યાદિ ભાવોને કારણે હૈયામાં હર્ષને ધારણ કરીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે જેથી અતિચારોની અત્યંત શુદ્ધિ થાય. ।।૪।।

**ગાથા :-**

**ઢાલ**

**મુહપત્તીરે પડિલેહી વંદણ દિએ,**
**સમાપ્ત ખામણાં રે ખમાસમણ દેઈ ખામિએ;**
**ખમાસમણ ચ્યારે રે પાખી ખામણાં ખામજો,**
**'ઈચ્છામો અણુસઠિં' કહી દેવસી પરિણામજો. ૫**

**ગાથાર્થ :-**

**ત્યારપછી=બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, મુહપત્તિનું પડિલેહણ કરે અને ગુરુને વાંદણાં આપે, સમાપ્ત ખામણાં ખમાસમણ દેઈ ખામીએ= ત્યારપછી ચાર ખમાસમણ આપીને પાક્ષિક ખામણાં ખમાવે. ત્યારપછી 'ઈચ્છામો અણુસટ્ઠિં" કહી દેવસી કરે=દેવસિય પ્રતિક્રમણની ક્રિયા કરે. ।।૫।।**

**ભાવાર્થ :-**

બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કર્યા પછી પક્ખી પ્રતિક્રમણમાં મુહપત્તિનું પડિલેહણ કરે અને પડિલેહણ કરી ગુરુને વાંદણાં આપે. ત્યાર પછી ખમાસમણ આપીને "સમાપ્ત ખામણાં" કરે અર્થાત્ પક્ખીની વિધિ સમાપ્ત થઈ છે તે નિમિત્તે ખામણાં કરે. ત્યારપછી ખમાસમણ આપીને ચાર પક્ખી ખામણાં ખમાવે અને તે ખામણાં કર્યા પછી ગુરુના અનુશાસનની પ્રાપ્તિ અર્થે "ઇચ્છામો અણુસટ્ઠિં" કહી દેવસિય પ્રતિક્રમણની શેષ ક્રિયા કરે. **।।૫।।**

**અવતરણિકા :-**

**પક્ખી પ્રતિક્રમણમાં "સમાપ્ત ખામણાં" કર્યા પછી દેવસિય પ્રતિક્રમણનો શેષભાગ કરાય છે. તેમાં=કરાતા તે શેષ ભાગમાં, દેવસિય પ્રતિક્રમણ કરતાં શું ભેદ છે તે બતાવે છે –**

ગાથા :-

**ત્રુટક**

**પરિણામજો સવિ 'ભવનદેવી,' 'ક્ષેત્ર દેવી' મા ભલી;**
**તોપણ વિશેષે ઈહાં સંભારો, 'અજિત-શાંતિ-સ્તવ'વલી.**
**ઈહાં જ્ઞાનાચારની શુદ્ધિ, વંદન 'સંબુદ્ધ ખામણે' જાણીયે;**
**દર્શનાચારની 'લોગસ્સ' પ્રગટે, કાઉસ્સગ્ગ પ્રમાણીયે. ૬**

**ઢાલ**

**પ્રમાણે રે અતિચાર 'પ્રત્યેક ખામણે',**
**પાખી સૂત્ર દુગેં ચારિત્ર-શુદ્ધિ પાખી ખામણે;**
**કાઉસ્સગ્ગે રે તપ આચારની ભાખજો,**
**સઘલે આરાધ્યેં વીર્યાચારની દાખજો. ૭**

ગાથાર્થ :-

**દેવસિય પ્રતિક્રમણ વખતે પરિણામજો સવિ 'ભવનદેવી' 'ક્ષેત્રદેવી' 'મા' ભલી, તોપણ પક્ખી પ્રતિક્રમણમાં વિશેષે સંભારો=ભવનદેવી અને ક્ષેત્રદેવીનો કાઉસ્સગ્ગ કરજો. વળી, અજિતશાંતિ સ્તવન કહે.**

**ઈહાં=પક્ખી પ્રતિક્રમણમાં, વંદન, સંબુદ્ધ ખામણાથી જ્ઞાનાચારની શુદ્ધિ જાણીએ. પ્રગટ લોગસ્સ અને કાઉસ્સગ્ગથી દર્શનાચારની શુદ્ધિ પ્રમાણીયે તથા અતિચાર અને પ્રત્યેક ખામણાથી અને પક્ખીસૂત્ર દુગથી ચારિત્રની શુદ્ધિ જાણીએ, કાઉસ્સગ્ગમાં તપાચારની શુદ્ધિ કહેજો અને સઘલે=બધા આરાધ્યમાં, વીર્યાચારની શુદ્ધિ બતાવજો. ॥૬-૭॥**

ભાવાર્થ :-

પ્રસ્તુત ઢાળમાં પૂર્વે બતાવ્યું તેમ પક્ખી પ્રતિક્રમણમાં અવશેષ દેવસિય પ્રતિક્રમણ કરાય છે. ત્યારે અવશેષ દેવસિય પ્રતિક્રમણમાં જે શ્રુતદેવતા અને ક્ષેત્રદેવતાના એક એક 'નવકારના' કાઉસ્સગ્ગ થાય છે તેના સ્થાને પક્ખી પ્રતિક્રમણમાં વિશેષથી 'ભવનદેવતા' અને 'ક્ષેત્રદેવતા'ની ભલી "માતા"ને

સંભારવામાં=યાદ કરવામાં, આવે છે. અને સ્તવનને ઠેકાણે "અજિતશાંતિ સ્તવ" બોલાય છે.

આ રીતે પક્ખી પ્રતિક્રમણની વિધિમાં જે કાંઈ વિશેષ છે તે બતાવ્યા પછી પક્ખી પ્રતિક્રમણની ક્રિયામાં પંચાચારની શુદ્ધિ કઈ રીતે થાય છે તે બતાવતા સજ્ઝાયકાર કહે છે.

પક્ખી પ્રતિક્રમણમાં જે વંદન અને "સંબુદ્ધ ખામણાં" કરાય છે તેનાથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય છે અને પ્રગટ લોગસ્સ અને કાઉસ્સગ્ગ કરાય છે તેનાથી દર્શનાચારની શુદ્ધિ થાય છે. વળી, પક્ખી પ્રતિક્રમણમાં જે અતિચાર બોલાય છે, પ્રત્યેક ખામણાં કરાય છે, તેનાથી અને "પાક્ષિકસૂત્ર દુગ"થી= "પક્ખીસૂત્ર" અને "પગામસજ્ઝાય" રૂપ "પાક્ષિકસૂત્ર દુગ"થી ચારિત્રની શુદ્ધિ થાય છે. કાઉસ્સગ્ગથી તપાચારની શુદ્ધિ થાય છે અને આરાધ્ય એવા જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર એ ચારેયમાં અપ્રમત્તપણે યત્ન કરવાથી "વીર્યાચાર"ની શુદ્ધિ થાય છે. આ રીતે પક્ખી પ્રતિક્રમણમાં પાંચે આચારોની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. **॥૬-૭॥**

### ચઉમાસી-વરસી પ્રતિક્રમણ

### ત્રુટક

**ગાથા :-**

**દાખજો ચઉમાસ વરસી, પડિક્કમણનો ભેદ એ;**
**ચઉમાસી વીસ દુવીસ મંગલ, ઉસગ્ગ વરસિ નિવેદ એ;**
**પાખી ચોમાસી પંચ વરસે, સગ દુશેષે ખામીએ;**
**સઝાયને ગુરુ શાંતિ વિધિસ્યું, સુજસ લીલા પામીએ. ૮**

**ગાથાર્થ :-**

**ચોમાસી અને વરસી=સંવત્સરી, પ્રતિક્રમણનો આ ભેદ=આગળમાં કહેવાય છે એ ભેદ, બતાવજો. ચોમાસીમાં વીસ=વીસ લોગસ્સનો અને વરસિ=સંવત્સરીમાં, દુવીસ મંગલ=ચાલીસ લોગસ્સનો અને એક**

**નવકારનો કાઉસ્સગ્ગ, નિવેદન કરવો. પાક્ષિકમાં અને ચોમાસીમાં પાંચ સાધુને ખમાવીએ અને સંવત્સરીમાં દુઃશેષ રહે તો સાત સાધુને ખમાવીએ. સ્વાધ્યાય અને ગુરુ શાંતિ=મોટી શાંતિ, વિધિથી સુજસ લીલા પામીએ. ॥૮॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગાથામાં પક્ખી પ્રતિક્રમણ કરતાં ચઉમાસી પ્રતિક્રમણ અને સંવત્સરી પ્રતિક્રમણમાં શું ભેદ છે તે બતાવે છે. ચઉમાસી પ્રતિક્રમણમાં વીસ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે અને સંવત્સરી પ્રતિક્રમણમાં "દુવીસ મંગલ"=ચાલીસ લોગસ્સ અને એક નવકારનો, કાઉસ્સગ્ગ કરાય છે. વળી, પક્ખી પ્રતિક્રમણમાં તથા ચોમાસી પ્રતિક્રમણમાં પાંચ સાધુને 'અબ્ભુટ્ઠિઓ" ખમાવાય છે અને સંવત્સરી પ્રતિક્રમણમાં બે શેષ કે અધિક શેષ રહેતા હોય તો સાત સાધુને ખમાવાય છે.

તે સમયે=પૂ. યશોવવિજયજી મ.સા.ના સમયમાં ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં જ 'સજ્ઝાય' અને 'મોટી શાંતિ' બોલાતી હશે. પક્ખી પ્રતિક્રમણમાં મોટી શાંતિ બોલાતી નહિ હોય તેથી ગાથા-૬માં પક્ખી પ્રતિક્રમણની વિધિમાં તેનું વિધાન નથી. અને ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણના કથનમાં તેનું વિધાન છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે. **॥૮॥**

# ઢાળ નવમી - "પ્રતિક્રમણ"નો અર્થ

(રાગ : મેરે લાલ અથવા લૂખો લલના વિષયનો-એ દેશી)

ગાથા :-

**નિજ થાનકથી પર થાનકે, મુનિ જાએ પ્રમાદે જેહ, મેરે લાલ.**
**ફિરિ પાછું થાનકે આવવું, 'પડિક્કમણું' કહિયે તેહ, મેરે લાલ. ૧**
**પડિક્કમજો આનંદ મોજમાં,**
**ત્યજી ખેદાદિક અડ દોષ, મેરે લાલ.**
**જિમ જિમ અધ્યાતમ જાગશે,**
**તિમ તિમ હોશ્યે ગુણ પોષ. મે૦**
**પડિક્કમજો આનંદ મોજમાં. એ આંકણી. ૨**

ગાથાર્થ :-

**મુનિ પોતાના સ્થાનકથી પરસ્થાનકે પ્રમાદથી જે જાય (ત્યાંથી) ફરી પાછું સ્થાનકે આવવું તે પ્રતિક્રમણ કહીએ. પ્રતિક્રમણ કરજો આનંદ મોજમાં ત્યજી ખેદાદિ આઠ દોષ=ક્રિયાના ખેદાદિ આઠ દોષ ત્યજીને આનંદ મોજથી પ્રતિક્રમણ કરજો. જેમ જેમ અધ્યાત્મ જાગશે તેમ તેમ ગુણોનો પોષ હોશે અને આનંદ-મોજમાં પ્રતિક્રમણ કરજો. ॥૧-૨॥**

ભાવાર્થ :-

પ્રતિક્રમણ શબ્દની વ્યુત્પત્તિને સામે રાખીને "પ્રતિક્રમણ"નો અર્થ કરે છે.

મુનિ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા હોય છે અને ત્રણગુપ્તિના પાલનમાં ક્યાંયે અલ્પ પણ પ્રમાદ થાય તો મુનિ ત્રણગુપ્તિના સ્થાનથી પર એવા અગુપ્તિના સ્થાનમાં જાય છે. આ રીતે "**મુનિ અનાભોગ કે સહસાત્કારથી પરસ્થાનમાં** ગયા હોય તે ફરી પોતાના સ્થાને આવે અર્થાત્ ગુપ્તિના પરિણામમાં આવે તે પ્રતિક્રમણ કહેવાય છે."

આશય એ છે કે ત્રણ ગુપ્તિવાળા મુનિ આત્મામાં ગુપ્તિના સંસ્કારોનું આધાન કરે છે અને અનાભોગ-સહસાત્કારથી અગુપ્તિમાં જાય ત્યારે આત્મા પર અગુપ્તિના સંસ્કારોનું આધાન થાય છે. પ્રતિક્રમણની ક્રિયા દ્વારા આત્મા પર અગુપ્તિના કારણે આધાન થયેલા સંસ્કારોની નિંદા કરીને સાધુ તે અગુપ્તિના સંસ્કારોનું ઉન્મૂલન કરે છે તેથી ગુપ્તિ પ્રત્યેનો પક્ષપાત આધાન કરે તેવા સંસ્કાર આત્મામાં પડે છે, જે પ્રતિક્રમણની ક્રિયાથી ફરી પોતાના સ્થાનમાં આવવાની ક્રિયા છે. આ રીતે પ્રતિક્રમણ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ બતાવીને કેવી રીતે પ્રતિક્રમણ કરવાથી સાધુ ફરી પોતાના સ્થાનમાં પાછો આવે તે બતાવવા અર્થે કહે છે.

ખેદ, ઉદ્વેગ આદિ ક્રિયાના આઠ દોષોનો ત્યાગ કરીને આનંદ-મોજપૂર્વક પ્રતિક્રમણ કરજો. જેથી આત્મામાં ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ અધ્યાત્મભાવ પ્રગટ થશે અને જેમ જેમ અધ્યાત્મભાવ જાગશે તેમ તેમ ગુણનું પોષણ થશે અર્થાત્ ગુપ્તિના પરિણામની વૃદ્ધિ થવાથી ક્રોધાદિ ચાર કષાયથી વિપરીત ક્ષમાદિ ગુણો વૃદ્ધિ પામશે માટે ખેદાદિ દોષના પરિહારપૂર્વક અંતરંગ આનંદ ઉત્પન્ન થાય તે રીતે પ્રતિક્રમણ કરવું જોઈએ. **॥૧-૨॥**

**ગાથા :-**

**'પડિક્કમણું' મૂલ પદે કહ્યું, અણકરવું પાપનું જેહ, મેરે૦**
**અપવાદે તેહનું હેતુ એ, અનુબંધ તે શમ-રસ-મેહ. મે૦ પડિ૦ ૩**

**ગાથાર્થ :-**

**મૂલપદથી=ઉત્સર્ગપદથી, પાપનું જે અણકરવું=કરવું નહિ, તે પ્રતિક્રમણ કહેવાય છે અને અપવાદમાં તેહનો હેતુ=પાપ નિવારણાનો હેતુ, એ પ્રતિક્રમણ કહેવાયું છે. અને અનુબંધથી=ફલથી, તે 'શમરસ'નો મેઘ છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

હેતુ-સ્વરૂપ-અનુબંધથી પ્રતિક્રમણનો અર્થ બતાવે છે. ઉત્સર્ગથી પાપ જ ન કરવામાં આવે તે પ્રતિક્રમણ છે. જે સ્વરૂપથી પ્રતિક્રમણ છે. હવે, કોઈક રીતે

પાપ થઈ ગયું હોય અર્થાત્ સંયમજીવનમાં અતિચાર લાગી ગયા હોય, તો તે અતિચારરૂપ પાપના નિવારણનો હેતુ એવી જે પ્રતિક્રમણની ક્રિયા તે અપવાદથી પ્રતિક્રમણ છે જે હેતુથી પ્રતિક્રમણ છે. વળી, પ્રતિક્રમણ ક્રિયા કરવા દ્વારા શમરસની પ્રાપ્તિ તે પ્રતિક્રમણનું ફલ છે. તેથી જેઓ પાપ જ નથી કરતા તેઓ ઉત્સર્ગથી પ્રતિક્રમણ કરે છે અને પ્રતિક્રમણના ફલરૂપ સંયમના કંડકોની વૃદ્ધિરૂપ શમરસના ફલને પ્રાપ્ત કરે છે. હવે, જેઓથી પ્રમાદવશ સંયમમાં કોઈ અતિચાર લાગી ગયા હોય તો તેની નિંદા-ગર્હા કરીને જુગુપ્સાના અધ્યવસાયથી પ્રમાદથી થયેલા તે સંસ્કારોનું નિવર્તન કરે છે જેના ફલરૂપે સંયમની શુદ્ધિ પ્રાપ્ત થાય છે, જે શમરસના પરિણામરૂપ છે.

જેઓ ઉત્સર્ગથી પાપના અકરણરૂપ પ્રતિક્રમણ કરતા નથી અને સંયમમાં અતિચારો સેવ્યા પછી દ્રવ્યથી પ્રતિક્રમણ કરે છે પરંતુ અત્યંત ઉપયુક્ત થઈને પ્રતિક્રમણ કરતા નથી તેઓની પ્રતિક્રમણની બાહ્યક્રિયા પાપના નિવર્તનનો હેતુ બનતી નથી. આથી તેવા જીવોને બાહ્યક્રિયાત્મક પ્રતિક્રમણના ફલરૂપ શમરસની પ્રાપ્તિ થતી નથી. માટે પ્રતિક્રમણના ફલના અર્થીએ પાપ જ ન થાય તેવો યત્ન કરવો જોઈએ અને કદાચ અનાભોગ-સહસાત્કારથી પાપ થઈ ગયું હોય તોપણ અત્યંત ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ કરવું જોઈએ જેથી પાપકાળમાં થયેલા અધ્યવસાયથી વિરુદ્ધ અધ્યવસાય દ્વારા તે પાપના સંસ્કારો નાશ પામે અને પ્રતિક્રમણના ફલરૂપ શમરસની પ્રાપ્તિ થાય. **॥૩॥**

**ગાથા :-**

**પ્રતિક્રમકને પ્રતિક્રમણે કરી,**
**અઘ પ્રતિકર્તવ્ય અજ્ઞાણ, મે૦**
**શબ્દાર્થ સામાન્યે જાણીએ,**
**નિંદા સંવર પચ્ચખાણ. મે૦ પડિ૦ ૪**
**પડિક્કમણું ને પચ્ચખાણ છે,**
**ફલથી વર આતમ નાણ, મે૦**
**તિહાં સાધ્ય-સાધન-વિધિ જાણજો,**
**ભગવઈ અંગ સુજસ પ્રમાણ. મેરે લાલ. પડિ૦ ૫**

ગાથાર્થ :-

**પ્રતિક્રમક=પ્રતિક્રમણ કરનારને, પ્રતિક્રમણ એ અઘ=પાપ, કરીને પ્રતિકર્તવ્ય છે એ અજ્ઞાન છે. શબ્દાર્થ સામાન્યે=સામાન્યથી, પ્રતિક્રમણ શબ્દનો અર્થ જાણીએ. હવે તે સ્પષ્ટ કરે છે. નિંદા=અતીતની નિંદા, સંવર=વર્તમાનનું સંવર અને પચ્ચક્ખાણ=અનાગતનું પચ્ચક્ખાણ, એ પ્રતિક્રમણ છે અને ફલથી પચ્ચક્ખાણ વર આતમજ્ઞાન છે. તિહાં સાધ્ય-સાધન વિધિ જાણજો=પચ્ચક્ખાણ ગ્રહણની ક્રિયા તે સાધન છે અને વર આતમજ્ઞાન તે સાધ્ય છે એ પ્રમાણે જાણજો. શેનાથી જાણજો ? ભગવતીસૂત્રના વચનથી જાણજો. જે 'સુયશ'ને કહેનાર પ્રમાણ વચન છે. ॥૪-૫॥**

ભાવાર્થ :-

પ્રતિક્રમણ કરનાર પુરુષ પ્રતિક્રમક કહેવાય અને પ્રતિક્રમણ એ પાપથી પાછા ફરવાની ક્રિયા સ્વરૂપ છે. પ્રતિક્રમક એવા પુરુષને=પ્રતિક્રમણ કરનારને, પ્રતિક્રમણની બાહ્યક્રિયાથી પાપ પ્રતિકર્તવ્ય છે=પાપનો પ્રતિકાર કરવાનો છે. તેથી જો પાપ કર્યાં ન હોય તો પ્રતિક્રમણ કઈ રીતે થાય અર્થાત્ પાપ કરાય તો જ પ્રતિક્રમણ કર્યું લેખે ગણાય એમ કોઈ કહે છે તે અજ્ઞાન છે. હવે પ્રતિક્રમણનો સામાન્યથી શબ્દાર્થ બતાવે છે.

"અઈયં નિંદામિ, પડુપન્નં સંવરેમિ, અણાગયં પચ્ચક્ખામિ" એ વચનાનુસાર પ્રતિક્રમણનો સામાન્ય શબ્દાર્થ અતીતની નિંદા, વર્તમાનનું સંવર અને અનાગતનું પચ્ચક્ખાણ એ પ્રતિક્રમણ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે ભૂતકાળમાં થયેલાં પાપોની નિંદા કરીને તે પાપથી પાછા ફરે છે, વર્તમાનમાં પ્રતિક્રમણ કર્યા પછી સાધુ અતિસંવૃત્ત થઈ સંયમ યોગોમાં વર્તે છે જેથી પૂર્વની જેમ ફરી પાપ થતું નથી અને ભવિષ્યમાં તેવાં પાપ નહિ કરવાનો સંકલ્પ કરે છે. જે પચ્ચક્ખાણ રૂપ છે. આ પ્રમાણે પ્રતિક્રમણનો સામાન્ય શબ્દાર્થ છે. માટે પાપ કરીએ તો જ પ્રતિક્રમણ થાય એમ નથી પરંતુ પાપ ન કર્યાં હોય તોપણ અતીતના પાપની નિંદા, વર્તમાનમાં પાપનું સંવર અને અનાગતનું પચ્ચક્ખાણ થઈ શકે છે. માટે ઉત્સર્ગથી પાપ ન કરવાના યત્ન રૂપ જ પ્રતિક્રમણ છે.

ફક્ત વચ્ચેના બાવીશ તીર્થંકરના સાધુઓ પ્રાજ્ઞ હોવાથી તેઓ સદા અપ્રમાદથી સંયમમાં યત્ન કરતા હતા. જે યત્ન ભૂતકાળના સર્વપાપની શુદ્ધિનો હેતુ છે અને પ્રથમ અને ચરમજીવના સાધુઓ પ્રાજ્ઞ નહીં હોવાથી સંયમમાં તે પ્રકારની સ્ખલના થવાની સંભાવના રહે છે. તેની શુદ્ધિ આ પ્રકારના પ્રતિક્રમણથી થઈ શકે છે અને કોઈ મહાત્માના સંયમમાં સ્ખલના ન હોય તોપણ ભગવાનની આજ્ઞાના પાલનના પરિણામથી કરાતી પ્રતિક્રમણની ક્રિયાથી શુદ્ધિ થાય છે.

અતીત, વર્તમાન અને અનાગતને આશ્રયીને પ્રતિક્રમણનો અર્થ છે. તેમાં અનાગતનું પચ્ચક્ખાણ કરાય છે તે પચ્ચક્ખાણ ફલથી આત્માનું શ્રેષ્ઠ જ્ઞાન છે અર્થાત્ સંગ વગરના અસંગી એવા આત્માને પ્રગટ કરવાને અનુકૂળ જે મોહથી અનાકુળ એવો આત્માનો જ્ઞાનનો ઉપયોગ તે પચ્ચક્ખાણનું ફલ છે. અહીં, શ્રેષ્ઠ એવું આત્મજ્ઞાન તે સાધ્ય છે અને પચ્ચક્ખાણ લેવાની ક્રિયા તે સાધન છે. આ પ્રકારે સુંદર યશને કહેનાર ભગવતીસૂત્રનું વચન પ્રમાણ છે. **॥૪-૫॥**

# ઢાળ દસમી – પ્રતિક્રમણના પ્રથમ "પ્રતિક્રમણ" શબ્દનો અર્થ અને તેના ઉપર "અધ્વ"નું દૃષ્ટાંત

(રાગ : નંદલાલ વજાવે વાંસલી અથવા તું મતવાલે સાજના-એ દેશી)

ગાથા :-

**પડિક્કમણ પદારથ આસરી, કહું અધ્વતણો દિઠ્ઠંતો રે;**
**ઈક પુરે નૃપ છે તે બાહિરે, ઘર કરવાને સંભ્રંતો રે. ૧**
**તુમ્હે જોજો રે ભાવ સોહામણો, જે વેધક હુએ તે જાણે રે;**
**મૂરખ તે ઔષધ કાનનું, આંખે ઘાલી નિજમતિ તાણે રે. ૨**
**તુમ્હે જોજો રે ભાવ સોહામણો–એ આંકણી.**
**તિહાં બાંધ્યું સૂત્ર ભલે દિને, રખવાલા મેલ્યા સારા રે;**
**'હણવો તે જે ઈહાં પેસશે', ઈસ્યા કીધા પૂકારા રે. તુમ્હે૦ ૩**
**'જે પાછે પગલે ઓસરે, રાખીજે તેહના પ્રાણ રે';**
**ઈમ કહી તે સજ્જ હુઈ રહ્યા, ધરી હાથમાં ધનુષ ને બાણ રે.**
**તુમ્હે૦ ૪**

ગાથાર્થ :-

**પ્રતિક્રમણ પદાર્થને આશ્રયીને અધ્વતણો=માર્ગતણો, દૃષ્ટાંત કહું છું.**

**એક નગરમાં એક રાજા છે. તે (રાજા) નગરની બાહિરે=નગરની બહાર, માર્ગમાં ઘર=મહેલ, કરવાના સંભ્રાંતવાળો=સંકલ્પવાળો, છે. તમે જોજો ભાવ સોહામણો છે=પ્રતિક્રમણ શબ્દનો ભાવ સોહમણો છે. જે વેધક=સૂક્ષ્મપ્રજ્ઞાવાળો, હોય તે જાણે અને જે મૂર્ખ હોય તે કાનનું ઔષધ આંખમાં નાખીને નિજમતિને તાણે છે=બૂમાબૂમ કરે છે.**

હવે તે રાજા ઘર બાંધવા માટે શું કરે છે તે બતાવે છે –

**શુભદિવસે તે નગરના બહારના સ્થાનમાં સૂત્ર બાંધ્યું=ઘર કરવાના સ્થાને દોરડાં બાંધ્યાં અને સારા રખવાળા=રક્ષકો, મૂક્યા અને તેઓને કહ્યું કે જે આ સૂત્રના=દોરડાંના, અંદરમાં પેસે=પ્રવેશે, તેને હણજો=મારજો.**

**તે પ્રમાણે પૂકાર કીધા=આજ્ઞા કરી. જે પાછે પગલે ઓસરે=જે ભૂલથી સૂત્રમાં પેસીને પાછે પગલે વળે, તેના પ્રાણ રાખજો. રાજાની આ પ્રમાણેની આજ્ઞા સાંભળી તે=રક્ષકો, હાથમા ધનુષ્ય-બાણને ધારણ કરીને સજ્જ થઈ રહ્યા. ॥૧-૨-૩-૪॥**

**ભાવાર્થ :-**

પ્રતિક્રમણ પદાર્થને આશ્રયીને ગ્રંથકારશ્રી અધ્વનું=માર્ગનું, દૃષ્ટાંત કહે છે કે : કોઈક નગરમાં એક રાજા છે તે નગરની બહારમાં જે માર્ગ છે તે સ્થાનમાં ઘર=મહેલ, કરવાના પરિણામવાળો છે. ત્યારપછી આ દૃષ્ટાંતનું યોજન ગાથા-૩ સાથે કરે છે અને વચમાં બતાવે છે કે પ્રતિક્રમણ ક્રિયાનો ભાવ બહુ સોહામણો છે, તે તમે સાંભળજો. વળી, જે વેધક દૃષ્ટિવાળો=સૂક્ષ્મપ્રજ્ઞાવાળો, હશે તે આ પ્રતિક્રમણ શબ્દનો પરમાર્થ જાણશે. જે મૂર્ખ હશે તે કાનનું ઔષધ આંખોમાં ઘાલીને બૂમો પાડશે. તેમ પ્રતિક્રમણની ક્રિયા જે રીતે કરવાની છે તે રીતે કર્યા વગર ખાલી સૂત્રોચ્ચારણરૂપે કરીને કાનનું ઔષધ આંખમાં નાંખવા તુલ્ય વિપરીત ક્રિયા કરીને બૂમો પાડે છે કે આ પ્રતિક્રમણની ક્રિયા તો કંટાળાજનક પ્રવૃત્તિ છે. તેમાંથી કોઈ સુંદર ભાવ થતા નથી. વસ્તુતઃ તમે જોજો રે એ પ્રતિક્રમણ શબ્દનો ભાવ સોહામણો છે.

હવે તે રાજા ઘર=મહેલ, બાંધવાનો સંકલ્પ કર્યા પછી શું કરે છે તે કહે છે. સારા દિવસે રાજાએ ઉચિત સ્થાને દોરડાં બાંધ્યાં અર્થાત્ જ્યાં ગૃહ=મહેલ નિર્માણ કરવાનો છે તે સ્થાને દોરડાં બાંધ્યાં જેથી તે સ્થાનેથી લોકોની અવરજવર બંધ થાય અને તે ભૂમિમાં ગૃહ નિર્માણ અર્થે આવશ્યક શુદ્ધિનો ઉચિત કાળે પ્રારંભ થઈ શકે. તે દોરડાં બાંધ્યા પછી સારા રક્ષકો ત્યાં મૂક્યા અને તેમને કહ્યું કે આ દોરડાની અંદરમાં જે પ્રવેશે તેને તમે મારી નાંખજો અને ભૂલથી કોઈ પ્રવેશ કરે પણ પાછા પગલે બહાર નીકળે તો તેના પ્રાણનું રક્ષણ કરજો. આ પ્રમાણે રાજાની આજ્ઞા મેળવી તે રક્ષક પુરુષો હાથમાં ધનુષ્ય અને બાણને ધારણ કરીને સજ્જ થઈ ત્યાં ઊભા છે. **॥૧-૨-૩-૪॥**

*ગાથા :-*

**તસ વ્યાસંગે દોઈ ગામડી, તિહાં પેઠા તેણે દીઠા રે;**
**કહે 'કાં તુમ્હે પેઠા પાપીયા!' તિહાં એક કહે કરી મન ધીઠા રે.**
**તુમ્હે૦ ૫**

**'ઈહાં પેઠાં શ્યો મુજ દોષ છે?', તેણે તે હણીઓ બાણે રે;**
**પાછે પગલે બીજો ઓસર્યો, મૂક્યો કહે 'પેઠો અનાણે રે.' તુમ્હે૦ ૬**

**તે ભોગનો આભોગી હૂઓ, બીજે ન લહ્યો ભોગ-સંયોગ રે;**
**એ દ્રવ્યે ભાવે જાણજો, ઈહાં ઉપનય ધરિ ઉપયોગ રે. તુમ્હે૦ ૭**

**ગાથાર્થ :-**

**તેના વ્યાસંગમાં=તે રક્ષકોના અનુપયોગમાં, બે ગામડિયા ત્યાં પેઠા=દોરડાવાળા સ્થાનમાં પેઠા અને રક્ષકોએ તેમને દીઠા=જોયા. અને રક્ષકોએ કહ્યું કે "હે પાપિયા ! કાં તમે પેઠા ?" ત્યાં એક ગામડિયો ધિટ્ઠું મન કરીને કહે છે=ઇહાં પેઠા શો મુજ દોષ છે ?=અહીં પેઠા તેમાં મારો શું દોષ છે ? તેથી તે બાણથી હણાયો. બીજો ગામડિયો કહે, "અજ્ઞાનથી પેઠો" તેથી પાછે પગલે ઓસર્યો. માટે રક્ષકે તેને મૂક્યો. તે=બીજો, ભોગનો આભોગી થયો=જીવીને ભોગો ભોગવ્યા, અને જેને રક્ષકોએ માર્યો તે ભોગનો સંયોગ પામ્યો નહીં. એ દ્રવ્યભાવે જાણજો=દ્રવ્યપ્રતિક્રમણ અને ભાવપ્રતિક્રમણ વિષયક બે ગામડિયાનું દૃષ્ટાંત જાણજો. જે સાધુ કે શ્રાવક પ્રતિક્રમણ કર્યા પછી પાપથી પાછા ફરતા નથી તેઓ દ્રવ્યથી પ્રતિક્રમણ કરે છે અને જેઓ પાછે પગલે ફરે છે તે ભાવથી પ્રતિક્રમણ કરે છે તેમ જાણજો. ઈહાં=પ્રસ્તુત બે ગામડિયાનું દૃષ્ટાંત આપ્યું તેમાં, ઉપયોગને ધારણ કરીને ઉપનય વિચારજો=આગળમાં કહેવાય છે તે ઉપનય ધ્યાનપૂર્વક વિચારજો. ।।૫-૬-૭।।**

**ભાવાર્થ :-**

રક્ષકો તે સ્થાનનું રક્ષણ કરતા ઊભા છે અને તેઓના અનુપયોગ કાળમાં બે ગામડિયા તે દોરડાના સ્થાનમાં પેઠા અને રક્ષકે તેમને જોયા એટલે કહ્યું :

હે પાપિયા ! તમે અહીં કેમ પેઠા ? તેના જવાબરૂપે એક ગામડિયાએ કહ્યું "અહીં પેઠા એમાં મારો શું દોષ છે ?" તેથી રક્ષકોએ તેને બાણથી હણ્યો. જ્યારે બીજો ગામડિયો રક્ષકોને કહે છે : "અજ્ઞાનથી પેઠો છું માટે મને હણશો નહિ" તો રક્ષકો કહે છે કે પાછે પગલે જે રીતે અંદર ગયો છે તે રીતે પાછો ફરીશ તો અમે તને હણીશું નહીં. તેથી તે ગામડિયો પાછે પગલે બહાર નીકળે છે તેથી રક્ષકોએ તેને મૂક્યો=છોડી દીધો. રક્ષકોથી મુકાયેલો તે ભોગનો આભોગી થયો અને જેને રક્ષકોએ હણ્યો તેને ભોગનો સંયોગ મળ્યો નહિ.

આનાથી એ ફલિત થાય છે કે રાજાએ જેમ તે દોરડાવાળા સ્થાનમાં જવાનો લોકોને નિષેધ કર્યો છે તેમ ભગવાને મોક્ષમાર્ગમાં પ્રસ્તુત એવા સાધુ, શ્રાવકને અસંયમસ્થાનમાં જવાનો નિષેધ કર્યો છે. તે ઉત્સર્ગથી પ્રતિક્રમણ છે અને અનાભોગથી કોઈ તેમાં પ્રવેશ કરી લે તો અસંયમના સ્થાનોથી તેનું મૃત્યુ થાય. પરંતુ અપવાદપદથી તે થયેલા અતિચારોથી પાછા ફરે તો તે રક્ષકોએ બીજા ગામડિયાના પ્રાણને રાખ્યા તેમ અતિચાર થયા પછી કોઈ સાધુ કે શ્રાવક તે અતિચારથી પાછા ફરે તો તેમના ભાવપ્રાણનું રક્ષણ થાય.

આ કથાનકનો ઉપનય આ પ્રમાણે છે : જેમ તે રાજાએ દોરડાવાળા સ્થાનમાં પ્રવેશ કરવાનો નિષેધ કરેલો તેમ ભગવાને સાધુ કે શ્રાવકને પોતાનાં વ્રતોથી વિપરીત આચરણાઓ ન થાય તે પ્રકારે અત્યંત ઉપયોગપૂર્વક સંયમમાં યત્ન કરવાનું કહ્યું છે. જે વ્યક્તિ તે દોરડાના સ્થાનમાં પ્રવેશ કરતી નથી તેમ જે સાધુ કે શ્રાવક સંયમસ્થાનથી વિપરીત=અસંયમસ્થાનમાં, પ્રવેશ કરતા નથી તેઓ ઉત્સર્ગથી પ્રતિક્રમણ કરનારા છે. માટે તેઓ ભાવથી પ્રતિક્રમણ કરે છે.

વળી, રક્ષકોના વ્યાસંગ અવસ્થાને કારણે બે ગામડિયા ત્યાં પેઠા તેમ ભગવાનની આજ્ઞાપાલનમાં પરિણામરૂપ ક્ષયોપશમ ભાવના રાગદ્વેષ સ્વરૂપ રક્ષકોના સંયમયોગમાં વ્યાસંગ=અનુપયોગ, અવસ્થાને કારણે જે સાધુ કે શ્રાવક અતિચાર કરે છે તેઓ રાજાની આજ્ઞાની જેમ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા છે. તેથી પેલા ગામડિયાને મારવા માટે જેમ રક્ષકો સજ્જ થાય છે તેમ ભગવાનની આજ્ઞાપાલનમાં પરિણામમાં અનુયોગરૂપ રાગ-દ્વેષરૂપી રક્ષકો અસંયમસ્થાનમાં પેઠેલા જીવોને મારવા સજ્જ થાય છે. વળી, જે રીતે એક

ગામડિયો ધિટ્ઠો થઈને કહે છે કે "એમાં શું દોષ કર્યો ?" તેમ જે સાધુ કે શ્રાવક ધિટ્ઠા થઈને થયેલાં પાપોથી પાછા પગલે ફરતા નથી અર્થાત્ ઉપયોગ વગર પ્રતિક્રમણની ક્રિયામાત્ર કરે છે તેઓ દ્રવ્યપ્રતિક્રમણ કરે છે તેઓને રાગ-દ્વેષરૂપી રક્ષકો હણે છે. તેથી તે જીવો પ્રતિક્રમણના ફલને ભોગવનારા થતા નથી પરંતુ સંસારમાં રખડે છે.

વળી, અનાભોગથી પેઠેલ બીજો ગામડિયો કહે છે કે "અજ્ઞાનને કારણે હું પેઠો છું મને હણશો નહીં" તેમ જે સાધુ કે શ્રાવક વ્યાસંગ દશાને કારણે અસંયમસ્થાનમાં પ્રવેશ કરે છે પરંતુ રાગ-દ્વેષથી પોતાનું રક્ષણ કરવા પાછે પગલે ઓસરે છે તેઓ અપવાદથી પ્રતિક્રમણ કરીને પોતાનું રક્ષણ કરે છે. તેથી જેમ તે બીજા ગામડિયાને રક્ષકોએ હણ્યો નહિ તેમ ભાવથી પ્રતિક્રમણ કરનારને રાગ-દ્વેષરૂપી રક્ષકો હણતા નથી. અને રાગદ્વેષથી રક્ષણને પામેલા તે સાધુ, શ્રાવક ભાવથી કરાયેલા પ્રતિક્રમણના ફલને પામે છે. જેના કારણે સુગતિને અને પરંપરાએ મોક્ષને પ્રાપ્ત કરે છે.

આ દૃષ્ટાંતમાં રાજા આદિ સ્થાને કોણ કોણ છે તેનો ઉપનય ઉપયોગ ધરીને જાણજો જે સજ્ઝાયકાર સ્વયં આગળ બતાવે છે. **॥૫-૬-૭॥**

**ગાથા :-**

**રાજા તીર્થંકર તેણે કહ્યો, મારગ સંયમ રહો રાખી રે;**
**ચૂક્યો તે રખવાલે હણ્યો, સુખ પામ્યો તે સત્ય-ભાષી રે. તુમ્હે૦ ૮**
**પ્રતિક્રમણ પ્રમાદ અતિક્રમે, ઇહાં રાગાદિક રખવાલા રે;**
**તે જો રૂપ પ્રશસ્તે જોડીયે, તો હોવે સુજસ સુગાલા રે. તુમ્હે૦ ૯**

**ગાથાર્થ :-**

**અહીં રાજાને સ્થાને તીર્થંકર ભગવંત છે. તેમણે સંયમનો માર્ગ કહ્યો છે અને તેમાં રાખીને રહો=સંયમમાર્ગથી વિરુદ્ધ ન જાવ એમ કહ્યું છે અને ચૂક્યો=સંયમમાર્ગથી ચૂક્યો, તે રખવાલે હણ્યો અને જે સત્યભાષી તે સુખ પામ્યો=જેઓ સંયમમાર્ગથી ચૂકી ભગવાને નિષેધ કરેલા માર્ગમાં પેઠો તેને રક્ષકોએ હણ્યો અને જે સત્યભાષી="હું ભૂલથી પેઠો છું"**

**એમ સત્ય સ્વીકારી અને પાપથી પાછા પગલે પાછો ફરેલો સુખ પામ્યો. પ્રતિક્રમણથી પ્રમાદનો અતિક્રમ કરે છે=થયેલા પ્રમાદની શુદ્ધિ કરે છે અહીં રાગાદિ રખવાલા છે તે જો પ્રશસ્તરૂપે જોડીયે=આ દૃષ્ટાંતને ઉચિત રીતે પ્રતિક્રમણમાં જોડીયે, તો 'સુજસ'ના સુગાલા થાય=સુયશનાં સુંદર વચનો થાય. ॥૮-૯॥**

**ભાવાર્થ :-**

તે અધ્વના દૃષ્ટાંતમાં રાજા સ્થાનીય તીર્થંકર છે અને ગૃહ=મહેલ, કરવાનો જે માર્ગ છે તે સ્થાનીય સંયમમાર્ગ છે. રાજાએ તે માર્ગનું રક્ષણ કરવાનું રક્ષકોને કહેલું તેમ અહીં તીર્થંકરોએ સાધુ કે શ્રાવકને સંયમનું રક્ષણ કરવાનું કહ્યું છે અને ચૂક્યો તેને રખવાલે હણ્યો. એમ જે સાધુ સંયમથી ચૂક્યા અને પાછા પગલે પ્રતિક્રમણની ક્રિયાથી પાછા વળતા નથી તેને રાગાદિ રખવાલે હણ્યા. તેથી તે સાધુ ભોગના સંયોગને પામ્યા નહિ=સંયમના સેવનથી સુંદર સુગતિ અને મોક્ષ રૂપ ફળને પામ્યા નહિ પરંતુ દુર્ગતિમાં રખડ્યા. પરંતુ જેમ તે બીજો ગામડિયો સત્યભાષી હતો તેથી રક્ષકોને કહે છે કે "હું અજ્ઞાનથી પેઠો છું" માટે મને હણશો નહીં તેમ જે સાધુ અનાભોગથી પાપ કર્યા પછી પ્રતિપગલે પાપથી પાછા ફરે છે અને ફરી તે પાપ ન થાય તેવો દૃઢ યત્ન કરે છે તે સત્યભાષી સાધુ પ્રતિક્રમણના ફલને પામે છે. અને તેથી અતિચારવાળું થયેલું તેનું સંયમ શુદ્ધ થાય છે. જેના ફલરૂપે તે સાધુ સુગતિને અને પરંપરાએ મોક્ષસુખને પામે છે.

અહીં વિશેષ એ છે કે જે પ્રકારનું પાપ થયું હોય તે પાપમાં જે પ્રકારનો તીવ્રભાવ હોય તત્ સદૃશ=તેના સરખા, તીવ્રભાવથી કે તેનાથી અધિક તીવ્રભાવથી પશ્ચાત્તાપનો પરિણામ થાય તો તે પાપ નાશ પામે એ પ્રકારનો નિયમ છે. તેથી અતિચારના સેવનરૂપ પાપકાળમાં જે પરિણામ હતો તત્ સદૃશ કે તેનાથી તીવ્ર સંવેગનો પરિણામ પ્રતિક્રમણની ક્રિયાથી થાય તો તે પાપ નાશ પામે. મંદ સંવેગથી પ્રતિક્રમણ કરવામાં આવે તો પાપની કાંઈક શિથિલતા થાય પણ સંપૂર્ણ પાપ નાશ પામે નહિ અને સંવેગશૂન્ય પ્રતિક્રમણ કરવામાં આવે તો લેશ પણ પાપ નાશ પામે નહિ. માટે પ્રતિક્રમણની ક્રિયા કાળમાં બોલાતા સૂત્રોના

અર્થોમાં અત્યંત ઉપયોગ રાખીને યત્ન કરવાથી આલોચનાકાળમાં બોલાતા "ઉસ્સુત્તો ઉમ્મગ્ગો" વગેરે શબ્દોથી પોતાનાં પાપો ઉત્સૂત્રરૂપ છે, ઉન્માર્ગરૂપ છે ઇત્યાદિની ઉપસ્થિતિ થાય છે જેનાથી પાપો પ્રત્યે તીવ્ર જુગુપ્સારૂપ સંવેગ ઉલ્લસિત થાય છે. અને તે પ્રકારે જે મહાત્માઓ યત્ન કરે છે તેઓ પ્રતિક્રમણ કરીને શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

વળી, પ્રતિક્રમણ તે પ્રમાદનો અતિક્રમ છે=સંયમજીવનમાં પ્રમાદ ન કરવો તે પ્રતિક્રમણ છે. અથવા અનાભોગાદિથી પ્રમાદ થઈ ગયો હોય તો તે પ્રમાદથી પાછા ફરીને ફરી સંયમસ્થાનમાં સ્થિર થવારૂપ ક્રિયા છે. પૂર્વમાં જે દૃષ્ટાંત આપ્યું તેમાં રાજાએ જે રખવાલો રાખેલ તે રાગાદિ ભાવો છે. આ દૃષ્ટાંતનો સંક્ષેપથી ઉપનય ગાથા-૮ અને ૯માં બતાવ્યો તેને કોઈ પ્રશસ્તરૂપે જોડે=કોઈ યથાર્થ રૂપે જોડે, તો પ્રતિક્રમણનો પારમાર્થિક બોધ થાય. અને જે સાધુ કે શ્રાવક તે યથાર્થ બોધ કરીને તે પ્રમાણે પ્રતિક્રમણ કરવા પ્રયત્ન કરે તો 'સુયશ'ના સુગાલા થાય=સુયશનાં સુંદર ગાનો થાય; કેમ કે પ્રતિક્રમણ શબ્દનો યથાર્થ બોધ કરીને તે મહાત્મા યથાર્થ રીતે પ્રતિક્રમણની ક્રિયા કરવા યત્ન કરે છે જેથી સ્વશક્તિ અનુસાર સંયમની પ્રવૃત્તિને અનુકૂળ વ્યાપાર થાય તે રીતે તેનું પ્રતિક્રમણ બને છે. **॥૮-૯॥**

# ઢાળ અગિયારમી – પ્રતિક્રમણ શબ્દના બીજા "પ્રતિકરણ" પર્યાયનો અર્થ અને તેના પર દૃષ્ટાંત

(રાગ : કાંઈ જાણું કબ ઘરે આવેલો ? અથવા પ્રીત પૂરવ પામીયે-એ દેશી)

**ગાથા :-**

**'કાંઈ જાણાં કિઉં બની આવેલો ?**
**માહરા મોહનગારાશું સંગ હે મિત્ત !**
**માહરા પ્રાણ પિયારારા રંગ હો મિત્ત ! કાંઈ૦ ૧**

**ગાથાર્થ :-**

**હે મિત્ર ! કઈ રીતે જાણું કે કેમ બની આવેલો મારા મોહનગારા આત્મા સાથે સંગ થશે ? હે મિત્ર, મારા પ્રાણપ્યારા આત્મા સાથે રંગ થશે ? ॥૧॥**

**ભાવાર્થ :-**

મન આત્માના સંગવાળું થાય તો આત્માનું હિત થાય અને બાહ્ય પદાર્થોના સંગવાળું થાય તો આત્માનું અહિત થાય. મન અનાદિકાળથી બાહ્ય પદાર્થોના સંગવાળું છે તે સંગથી મનને પાછું ફેરવીને આત્માના સંગવાળુ કરવા અર્થે કહે છે : હું કઈ રીતે જાણું કે કઈ રીતે બનીને આવેલું મારું મન મોહનગારા એવા મારા આત્માની સાથે સંગ કરશે અને પ્રાણપ્રિય આત્માના સમભાવની સાથે રંગવાળું થશે ? જેથી થયેલા પાપોથી **'પ્રતિકરણ'** કરીને મન ફરી આત્મભાવોમાં નિવેશ પામે ? **॥૧॥**

**ગાથા :-**

**નદિય હોએ તો બાંધિએ,**
**કાંઈ સમુદ્ર બાંધ્યો ન જાઈ હે મિત્ત !**
**લઘુ નગ હોએ તો આરોહિએ,**
**મેરુ આરોહ્યો ન જાઈ હે મિત્ત ! કાંઈ૦ ૨**

**બાથ શરીરે ઘાલીએ,**
**નગને ન બાથ ઘલાઈ હે મિત્ત !**
**સરોવર હોય તો તરી શકાં,**
**સાહામી ગંગ ન તરાઇ હે મિત્ત ! કાંઈ૦ ૩**
**વચન કાયા તે તો બાંધીએ,**
**મન નવિ બાંધ્યો જાય હે મિત્ત !**
**મન બાંધ્યા વિણ પ્રભુ ના મિલે,**
**કિરિયા નિફલ થાય હે મિત્ત ! કાંઈ૦ ૪**

**ગાથાર્થ :-**

**નદી હોય તો બાંધીએ. સમુદ્ર કાંઈ બાંધ્યો જાય નહીં, લઘુ નગ=નાનો પર્વત, હોય તો આરોહણ કરીએ પણ મેરુપર્વત ઉપર આરોહણ થઈ શકે નહીં.**

**શરીરને બાથ આપી શકાય પરંતુ પર્વતને બાથ આપી શકાય નહિ. સરોવર હોય તો તરી શકાય, ગંગાનદી સામે પૂરે તરાય નહિ. તેમ વચન-કાયા તે તો બાંધીએ (પણ) મન બાંધ્યું ન જાય, મન બાંધ્યા વિના પ્રભુ મળે નહિ, ક્રિયા નિષ્ફળ જાય. ॥૨-૩-૪॥**

**ભાવાર્થ :-**

મનને આત્મભાવમાં સ્થિર કરવું દુષ્કર છે તે નદી આદિના દૃષ્ટાંતથી બતાવે છે.

નદી ઉપર પાળ બાંધી શકાય પરંતુ સમુદ્ર ઉપર પાળ બાંધી શકાતી નથી. અર્થાત્ નદી હોય તો પાળ બાંધીને તેના પાણીના વહેણને અન્યત્ર જતું અટકાવી શકાય પરંતુ સમુદ્રને પાળથી બાંધી શકાય નહિ. તેમ જે સંસારી જીવોના મન માટે સમુદ્ર જેટલી બહારની દુનિયા છે તે જીવો પ્રતિક્રમણાદિ ક્રિયામાં મનને બાંધી શકતા નથી. પરંતુ જે સાધુઓ કે શ્રાવકોએ તત્ત્વના ભાવનથી બહારની દુનિયા ઘણી કાપી નાંખી છે તેવા સાધુ કે શ્રાવક પ્રતિક્રમણની ક્રિયા કરે તો જેમ નદીના વહેણને બાંધી શકાય છે તેમ બાહ્ય ત્યાગ કરીને સંસારના વિષયોમાં

જતા મનને રોકીને આત્મભાવો તરફ વાળી શકાય છે. પરંતુ જેઓની મનની દુનિયા જગતના બાહ્ય પદાર્થોથી ઘેરાયેલી છે તેઓને માટે સમુદ્રને બાંધવો દુષ્કર છે તેમ મનને બાંધવુ પણ દુષ્કર છે.

વળી, નાના પર્વત ઉપર આરોહણ થાય પરંતુ મેરુપર્વત ઉપર આરોહણ થઈ શકે નહિ. તેમ જેઓનું મન બહારની દુનિયામાં પ્રવર્તે છે તેવા જીવો માટે યોગમાર્ગની પ્રવૃત્તિ મેરુપર્વત પર આરોહણ તુલ્ય છે. તેથી તેઓનું ચિત્ત તેના પર આરોહણ કરી શકતું નથી. પરંતુ જેમણે તત્ત્વના ભાવનથી બહારની દુનિયા નષ્ટપ્રાયઃ કરી છે તેઓને માટે મનને સ્થિર કરવાની પ્રવૃત્તિ નાના પર્વત પર આરોહણ તુલ્ય છે. તેથી તેવા સાધુ કે શ્રાવક પ્રતિક્રમણમાં મનને સુખપૂર્વક સ્થિર કરી શકે છે.

વળી, કોઈનું શરીર હોય તો તેને બાથ ભળાવી શકાય પરંતુ પર્વતને બાથ ભળાવી શકાય નહિ. વળી, સરોવર હોય તો તરી શકાય પરંતુ સામાપૂરથી આવતી ગંગાનદીને તરી શકાય નહિ. આ કાર્યો જેમ દુષ્કર છે તેમ વચન અને કાયા તો બાંધી શકાય=ધર્મઅનુષ્ઠાન કરવા માટે પ્રતિક્રમણ આદિ ક્રિયા કરતી વખતે, કાયાને સંસારની પ્રવૃત્તિથી રોકીને પ્રતિક્રમણમાં જોડી શકાય અને સૂત્રો બોલીને વચનયોગને ક્રિયામાં જોડી શકાય. પરંતુ સૂત્ર-અર્થમાં રમીને સંવેગના સ્વાદને લઈ શકે તે રીતે મનને બાંધી શકાતું નથી. વળી, મનને બાંધ્યા વગર પ્રભુ મળે નહિ=અર્થાત્ કરાતી ક્રિયામાં મનને અત્યંત સંવેગપૂર્વક પ્રવર્તાવ્યા વિના વીતરાગભાવને અનુકૂળ ઉદ્યમ થાય નહિ. જેથી પ્રભુની સાથે એકતાની પ્રાપ્તિ થાય નહિ અને પ્રભુ સાથે એકતાની પ્રાપ્તિ કર્યા વગર કરાયેલી ક્રિયા નિષ્ફળ જાય છે.

તેથી અનાભોગ-સહસાત્કારથી સાધુ, શ્રાવકને સંયમમાં અતિચાર લાગેલા હોય અને તેના નિવર્તન અર્થે 'પ્રતિક્રમણ'ની ક્રિયા કરવામાં આવે છે તે પ્રવૃત્તિમાં મન બંધાયેલું નહિ રહેવાથી ફરી સંયમના સ્થાનની પ્રાપ્તિરૂપ ભગવાનની આજ્ઞા સાથે મળી શકાય નહિ અને આ પ્રતિક્રમણની ક્રિયા નિષ્ફળ જાય છે. માટે શું કરવું જોઈએ જેથી પ્રતિક્રમણની ક્રિયા નિષ્ફળ ન જાય તેનો વિચાર 'સજ્ઝાયકાર' આગળ સ્પષ્ટ કરે છે. **॥૨-૩-૪॥**

ગાથા :-

**એક સહજ મન પવનરો,**
**જૂઠ કહે ગ્રંથકાર હે મિત્ત !**
**મનરી દોર તે દૂર છે,**
**જિહાં નહિ પવન પચાર હે મિત્ત ! કાંઈ૦ ૫**
**મિત્ત કહે 'મન! ચલ સહી, તોપણ બાંધ્યો જાય હે મિત્ત !**
**અભ્યાસ વૈરાગે કરી, આદર શ્રદ્ધા બનાય હે મિત્ત !**
**હું જાણું ઇચું બની આવેલો. એ આંકણી. ૬**

ગાથાર્થ :-

**કોઈ એક કહે છે કે મન અને પવનનો એક સહજમાર્ગ છે, અર્થાત્ જ્યાં પવન હોય ત્યાં મન હોય તે પ્રકારનો નિયમ છે. તેને સજ્ઝાયકાર કહે છે તે જૂઠ છે. કેમ જૂઠ છે તે કહે છે : મનની દોર તે દૂર છે જ્યાં પવનનો પ્રચાર નથી. મિત્ર કહે છે, મન ચલ છે, તોપણ બાંધ્યો જાય છે. કેવી રીતે બાંધ્યો જાય છે, તે કહે છે : આદર અને શ્રદ્ધાવાળા પુરુષથી અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મન બાંધ્યુ જાય છે. ઈશ્યું=એ પ્રમાણે, હું જાણું. ॥૫-૬॥**

ભાવાર્થ :-

પૂર્વમાં અનેક દૃષ્ટાંતોથી કહ્યું કે, ગમે એટલો યત્ન કરીએ. છતાં મન કોઈ રીતે સદ્અનુષ્ઠાનમાં બંધાતું નથી. પરંતુ વચન અને કાયા જ સદ્અનુષ્ઠાનમાં બંધાય છે. અને મન બંધાયા વિના ભગવાન મળે નહિ, માટે ક્રિયા નિષ્ફળ જાય છે. વળી, કોઈક કહે છે કે, જ્યાં પવન હોય ત્યાં મનનો સંચાર થાય છે, તેથી પ્રાણાયામ કરીને પવનને રોધ કરવામાં આવે તો મનનો રોધ થાય, માટે પવન અને મનનો એક સહજમાર્ગ છે. તેને સજ્ઝાયકાર કહે છે, તે જુઠ્ઠું છે; કેમ કે મનની દોર દૂર છે અર્થાત્ મન બાહ્ય પદાર્થોમાં ગમે ત્યાં જાય છે. જ્યાં પવનનો પણ પ્રચાર નથી; કેમ કે પવનનો પ્રચાર તો દેહના કોઈક સ્થાનમાં છે જ્યારે મન તો બાહ્ય કોઈ પણ પદાર્થમાં જાય છે.

ત્યાં કોઈ મિત્ર કહે છે કે, મન ચલ છે, તોપણ તેને સદ્અનુષ્ઠાનમાં બાંધી શકાય છે. કઈ રીતે મનને સદ્અનુષ્ઠાનમાં બાંધી શકાય છે ? તેથી કહે છે : **આદર અને શ્રદ્ધાવાળા પુરુષથી અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મન બાંધી શકાય છે.** હું જાણું છું આ રીતે બની આવેલ મારું મન મારા મોહનગાર એવા આત્મા સાથે સંગ કરનારું થાય છે.

આશય એ છે કે અનાદિકાળથી બાહ્યસંગની વાસનાને કારણે મન બાહ્ય પદાર્થોમાં જાય તેવા સંસ્કારો જ આત્મામાં પડ્યા છે અને તે સંસ્કારોથી પ્રેરિત આત્માના યત્નથી જ પુદ્ગલાત્મક દ્રવ્યમન બાહ્ય પદાર્થોમાં જાય છે, પણ કોઈક રીતે વિવેકચક્ષુ પ્રગટ થાય તો જીવમાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે; જેથી તે મહાત્માને યોગમાર્ગ પ્રત્યે આદર થાય છે અને યોગમાર્ગમાં શ્રદ્ધા રાખીને યોગમાર્ગની પ્રવૃત્તિમાં મનને રમાડવાનો અભ્યાસ તે મહાત્મા કરે છે. વળી, તેને પુષ્ટ કરવા અર્થે જો તે મહાત્મા સંસારના સ્વરૂપનું પર્યાલોચન કરીને આત્માને સાંસારિક ભાવોથી વિરક્ત કરે તો અનાદિના સંસ્કારોથી વિરુદ્ધ એવા વૈરાગ્યના સંસ્કારોનું આધાન તેના આત્મામાં થાય છે; જેનાથી તે મહાત્માનું ચિત્ત "યોગમાર્ગ" જ મારું એકાંતે હિત કરનાર છે તેવી સ્થિર રુચિ કરીને યોગમાર્ગની સુંદર આચરણાઓથી સંવેગના ભાવોને સ્પર્શે તેવું બને છે.

વળી, જીવનો એ સ્વભાવ છે કે જ્યાંથી આનંદ પ્રાપ્ત થાય ત્યાં સહજ સ્થિરતા આવે. તેથી પૂર્વમાં જેમ વિષયોમાંથી આનંદ પ્રાપ્ત થતો હતો તેથી પોતાના ઇષ્ટ વિષયોમાં ચિત્ત સ્થિર થતું હતું. તેમ હવે તત્ત્વના ભાવનથી તે મહાત્માને સદ્અનુષ્ઠાનથી આનંદ પ્રાપ્ત થાય તો તે મહાત્માનું ચિત્ત સદ્અનુષ્ઠાનમાં સ્થિરતાને પામે છે. આ પ્રમાણે મેં જાણ્યું કે આ રીતે બની આવેલું મારું મન મારા મોહનગારા એવા આત્મા સાથે સંગવાળું બને છે. **॥૫-૬॥**

**ગાથા :-**

**કિણહિ ન બાંધ્યો જલનિધિ, રામે બાંધ્યો સેત હે મિત્ત !**
**વાનર તેહી ઉપરિ ચલ્યા, મેરુ-ગંભીરતા લેત હે મિત્ત !**

**હું જાણું૦ ૭**

ગાથાર્થ :-

**કોઈએ જલનિધિ બાંધ્યો નથી. રામે સમુદ્ર ઉપર સેતુ=પુલ, બાંધ્યો. તેના ઉપર વાનરો ચાલ્યા અને રાવણના કિલ્લારૂપ મેરુની ગંભીરતા લેતા=ઠેકડા મારીને, કિલ્લા ઉપર ચઢ્યા. ||૭||**

ભાવાર્થ :-

સામાન્યથી સમુદ્ર ઉપર કોઈ પુલ બાંધી શકે નહિ. છતાં લોકમાન્યતાનુસાર રામના નામથી પત્થરો તર્યા અને તે પુલરૂપ બન્યા અને વાનરો તેના ઉપર ચાલીને રાવણની લંકાનગરીના કિલ્લાને ઓળંગી ગયા, તેમ કોઈ મહાપરાક્રમ કરે તો દુર્જય એવું પણ મન બાંધી શકાય છે અને ભગવાનની સાથે મેળ કરી શકાય છે. ||૭||

અવતરણિકા :-

**પૂર્વગાથામાં કહ્યું કે દુષ્કર એવા પણ સમુદ્ર ઉપર રામે પુલ બાંધ્યો તેની જેમ મન કઈ રીતે બાંધી શકાય છે તે બતાવવા અર્થે કહે છે –**

ગાથા :-

**શુભયોગેં ભડ બાંધિએ, અનુભવે પાર લહાઈ હે મિત્ત !**
**પડિઅરણા પડિક્કમણનો, ઈમ જ કહ્યો પરયાય હે મિત્ત !**
**હું જાણું૰ ૮**

ગાથાર્થ :-

**શુભયોગે ભડ એવા મનને બાંધીએ અને અનુભવના બળથી સાધ્યના પારને પ્રાપ્ત કરીએ. પ્રતિક્રમણનો પડિઅરણા=પ્રતિકરણા, એમ જ કહ્યો પર્યાય. ||૮||**

ભાવાર્થ :-

આત્મકલ્યાણના અર્થી જીવો પણ કાયા અને વચનથી જ આત્માને બાંધીને ક્રિયામાં યોજી શકે છે પરંતુ તેઓ માટે પણ મનને બાંધવું અતિદુષ્કર છે.

તોપણ શુભયોગ દ્વારા મનને બાંધી શકાય છે. શુભયોગથી અર્થાત્ શુભ કૃત્યોથી આત્મા ભાવિત થાય તે પ્રકારે પ્રયત્ન કરવાથી મન તે શુભકૃત્યોમાં બંધાયેલું રહે છે. મન શુભકૃત્યોમાં બંધાયેલું રહેવાને કારણે તત્ત્વથી ભાવિત મતિ થવાથી શાંતરસનો અનુભવ પ્રગટે છે અને તે શાંતરસ રૂપ અનુભવના બળથી પ્રતિક્રમણના ફળની પ્રાપ્તિ રૂપ પારને પ્રાપ્ત કરાય છે. એમ જ=આ પ્રકારના પદાર્થને ઉપસ્થિત કરીને, **પ્રતિક્રમણનો અપર પર્યાય "પડિઅરણા"** કહેલ છે.

આશય એ છે કે અશુભયોગના સંસ્કારોને કારણે પ્રતિક્રમણની ક્રિયાકાળમાં મન અન્યત્ર જાય છે પરંતુ અન્યત્ર જતા તે મનને વારવા માટે તેને શુભયોગોમાં યત્નપૂર્વક રમાડવામાં આવે અને શુભયોગથી ભાવિત થયેલું મન તે ક્રિયા કરે તો તેનાથી શાંતરસનો અનુભવ થાય છે અને તે શાંતરસના અનુભવથી આત્મા પાપથી પર બને છે. તે બતાવવા માટે પ્રતિક્રમણનો "પ્રતિકરણ" પર્યાય કહ્યો છે. **॥૮॥**

**ગાથા :-**

**પડિઅરણા ગતિ ગુણ તણી, અશુભથી તે પડિકંતિ હે મિત્ત !**
**તિહાં પ્રાસાદ દૃષ્ટાંત છે, સુણો ટાલી મનભ્રાંતિ હે મિત્ત !**
**હું જાણું૦ ૯**

**ગાથાર્થ :-**

**'પ્રતિકરણ' ક્રિયાની ગતિ=પ્રવૃત્તિ, ગુણ તણી છે; કેમ કે અશુભથી અર્થાત્ અશુભમનથી તે પડિકંતિ=તે દોષનું પ્રતિકરણ કરે છે. તેમાં પ્રાસાદનું દૃષ્ટાંત છે. જે મનની ભ્રાંતિ ટાળીને સાંભળો. ॥૯॥**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી આઠ ગાથાઓ દ્વારા કહ્યું કે મન સ્થિર થતું નથી તેથી વચન અને કાયાથી જ પ્રતિક્રમણની ક્રિયા થાય છે. તેના સમાધાનરૂપે મનને કેમ સ્થિર કરવું તે બતાવીને મન-વચન-કાયાના શુભયોગથી 'પ્રતિક્રમણ' કરવામાં

આવે તો તે પ્રતિક્રમણની ગતિ ગુણ તણી છે અર્થાત્ તે પ્રતિક્રમણની ક્રિયાનું ફળ ગુણની પ્રાપ્તિ છે.

હવે, તે કેમ ગુણની પ્રાપ્તિ છે તેથી કહે છે – પ્રમાદવશ અસંયમસ્થાનની પ્રાપ્તિરૂપ જે અશુભયોગ પ્રાપ્ત થયેલો તે અશુભયોગથી મહાત્મા પ્રતિક્રાંત થાય છે માટે પ્રતિકરણની ક્રિયાથી ગુણની પ્રાપ્તિ છે અને તેમાં પ્રાસાદનું દૃષ્ટાંત છે. માટે મનની ભ્રાંતિ ટાળીને=મારી પ્રતિક્રમણની ક્રિયાથી મને સંયમ સ્થાનની પ્રાપ્તિ થશે કે નહિ તે પ્રકારના મનની ભ્રાંતિ ટાળીને, તે પ્રાસાદનું દૃષ્ટાંત સાંભળો. જેથી તે દૃષ્ટાંતના બળથી પ્રતિક્રમણની ક્રિયાનો યથાર્થ બોધ કરીને સમ્યગ્ યત્ન કરવામાં આવે તો પ્રતિક્રમણની ક્રિયાનું ફલ અવશ્ય મળે. હવે તે દૃષ્ટાંત બતાવે છે. ॥૯॥

**ગાથા :-**

**કોઈ પુરે એક વણિક હુઓ, રતનેં પૂર્ણ પ્રાસાદ હે મિત્ત !**
**સોંપી ભાર્યાને તે ગયો, દિગયાત્રાયે અવિષાદ હે મિત્ત !**
**હું જાણું૦ ૧૦**

**ગાથાર્થ :-**

**કોઈ નગરમાં એક વણિક હતો. તેણે રત્નથી પૂર્ણ એવો પ્રાસાદ કર્યો અને પોતાની સ્ત્રીને તે=પ્રાસાદ, સોંપી વિષાદ રહિત=ચિંતા રહિત, તે દિગ્યાત્રાએ ગયો. ॥૧૦॥**

**ગાથા :-**

**સ્નાન વિલેપન ભૂષણે, કેશ નિવેશ શૃંગાર હે મિત્ત !**
**દર્પણદર્શન વ્યગ્ર તે, લાગે બીજું અંગાર હે મિત્ત ! હું જાણું૦ ૧૧**

**ગાથાર્થ :-**

**તેની સ્ત્રી સ્નાન, વિલેપન, ભૂષણ, કેશ-નિવેશ, શૃંગાર, દર્પણ-દર્શન વગેરેમાં વ્યગ્ર છે. તેથી બીજું કામ અંગાર લાગે છે=નિષ્ફળ લાગે છે. ॥૧૧॥**

ગાથા :-

પ્રાસાદ તેણીયે ન જોઈઓ, ખૂણો પડિયો એક હે મિત્ત !
'દેશ પડિસ્યું એહને' સા કહે ધરી અવિવેક હે મિત્ત ! હું
જાણું૦ ૧૨

ગાથાર્થ :-

તેથી તેણીએ પ્રાસાદને જોયો નહિ. એકવાર પ્રાસાદનો એક ખૂણો પડ્યો ત્યારે અવિવેક ધારણ કરીને દેશ=એકભાગ, પડવાથી શું ? એમ તે કહે=એ રીતે તે સ્ત્રી વિચારે છે. ।।૧૨।।

ગાથા :-

ભીતેં પીંપલ અંકૂર હુઓ, તે પણ ન ગણે સાઇં હે મિત્ત !
તેણેં વધતે ઘર પાડીયું, જિમ નદી-પૂરે વનરાઈ હે મિત્ત !
હું જાણું૦ ૧૩

ગાથાર્થ :-

ત્યારપછી ભીંતમાં=તે પ્રાસાદની ભીંતમાં, પીંપળનો અંકુરો ફૂટ્યો પણ તેને પણ તે સ્ત્રી ગણતી નથી અને ક્રમે કરી તેના વધવાથી તે અંકુરાએ ઘરને પાડ્યું. જેમ નદીના પૂરથી વનવૃક્ષો પડે છે. ।।૧૩।।

ગાથા :-

દેસાઉરી આવ્યો ઘરધણી, તેણે દીઠો ભગ્ન પ્રાસાદ હે મિત્ત !
નીસારી ઘરથી ભામિની, તે પામીયો અતિહી વિષાદ હે મિત્ત !
હું જાણું૦ ૧૪

ગાથાર્થ :-

દેશાવરથી તે ઘરધણી આવ્યો. તેણે ભગ્નપ્રાસાદ જોયો. એટલે તે સ્ત્રીને ઘરથી બહાર કાઢી અને પ્રાસાદ ભાંગેલો હોવાથી પોતે પણ અતિ વિષાદને પામ્યો. ।।૧૪।।

ગાથા :-

તેણે ફરી પ્રાસાદ નવીન કર્યો,
આણી બીજી ઘરનાર હે મિત્ત !
કહે 'જો પ્રાસાદ એ વિણસશે,
તો પહિલિની ગતિ ધાર' હે મિત્ત ! હું જાણું૦ ૧૫

ગાથાર્થ :-

તેણે ફરી નવો પ્રાસાદ કર્યો અને ઘરમાં બીજી સ્ત્રી લાવ્યો અને તે સ્ત્રીને વાણિયાએ કહ્યું કે જો પ્રાસાદ વિનાશ પામશે તો પહેલી સ્ત્રીની ગતિ=સ્થિતિ, જેવી તારી ગતિ થશે. ।।૧૫।।

ગાથા :-

ફિરિ ગયો દેશાંતરે વાણીયો, તે ત્રિહું સંધ્યાએ જોઈ હે મિત્ત !
ભાગું કાંઇ હોય તે સમારતાં, પ્રાસાદ તો સુંદર હોય હે મિત્ત !
હું જાણું૦ ૧૬

ગાથાર્થ :-

ફરી તે વાણિયો દેશાંતર ગયો. તે નવી સ્ત્રી ત્રણ સંધ્યાએ પ્રાસાદને જુએ છે. કાંઈ ભાંગ્યું હોય તો તે સમારતાં પ્રાસાદ સુંદર થાય છે. ।।૧૬।।

ગાથા :-

ધણી આવ્યો દીઠો તેહવો, ઘર-સ્વામીની કીધી તેહ હે મિત્ત !
બીજી હુઈ દુઃખ-આભોગિની, ઉપનય સુણજો ધરી નેહ હે મિત્ત !
હું જાણું૦ ૧૭

ગાથાર્થ :-

ધણી=ઘરધણી, આવ્યો અને પ્રાસાદને તેવો જ જોયો=પહેલાં હતો તેવો જ જોયો. તેથી તે સ્ત્રીને ઘરની સ્વામિની કરી. બીજી=પૂર્વની સ્ત્રી, દુઃખની આભોગી થઈ.

હવે સ્નેહ ધારણ કરીને કથાનો ઉપનય સાંભળો. ।।૧૭।।

ગાથા :-

**આચારજ ગૃહ-પ્રભુ વાણીયો, પ્રાસાદ તે સંયમ રૂપ હે મિત્ત !**
**તેહને તે રાખવો ઉપદિશે, ન કરે તે થાએ વિરૂપ હે મિત્ત !**
**હું જાણું૦ ૧૮**

ગાથાર્થ :-

**ગૃહના પ્રભુ=સ્વામી, એવા વાણિયાના સ્થાને આચાર્ય છે અને સંયમરૂપ પ્રાસાદ છે અને તેને સાચવવું તે આચાર્યનો ઉપદેશ છે, અને ન કરે=સંયમને સાચવે નહિ, તે વિરૂપ થાય. ॥૧૮॥**

ગાથા :-

**પ્રાસાદ તે જેણે થિર કર્યો,**
**તે પામ્યો સુજસ જગીશ હે મિત્ત !**
**ઈહાં પૃચ્છક કથક તે એક છે,**
**નય રચનાએ ગુરુને શિષ્ય હે મિત્ત ! હું જાણું૦ ૧૯**

ગાથાર્થ :-

**તે પ્રાસાદ=સંયમરૂપ પ્રાસાદ, જે સાધુએ સ્થિર કર્યો તે=જગતનો ઈશ એવો તે, 'સુજશ'ને પામ્યો. અહીંયાં=પ્રસ્તુત ઢાળમાં, પૃચ્છક=ગાથા ૧થી ૫ સુધી કોઈક પૃચ્છક બતાવેલ છે અને ગાથા-૬થી કથક બતાવેલ છે તે એક જ છે=પૃચ્છક અને કથક એક જ છે=સજ્ઝાયકારે જ તે પ્રકારની પૃચ્છા કરી છે અને સજ્ઝાયકારે જ ગાથા-૬થી તેનો ઉત્તર આપ્યો છે. વળી, નય રચનાથી શિષ્ય પૃચ્છક છે અને ગુરુ કથક છે. ॥૧૯॥**

ભાવાર્થ :-

પ્રતિક્રમણનો બીજો પર્યાય 'પ્રતિચરણ' છે અને માત્ર વચન કે કાયાથી તે 'પ્રતિચરણ' થાય નહિ પરંતુ મન, વચન, કાયાથી પ્રતિચરણ થાય. માટે ગાથા-૮માં કહેલું કે શુભયોગથી મનને બાંધી શકાય છે અને તે રીતે મનને

બાંધવાથી સાધુને કે શ્રાવકને જે અતિચારો લાગેલા હોય તેનાથી પ્રતિચરણની ક્રિયા થાય છે અને તેમાં પ્રાસાદનું દૃષ્ટાંત આપે છે.

કોઈ એક નગરમાં એક વાણિયો હતો અને તેણે રત્નથી પૂર્ણ એક પ્રાસાદ કર્યો. અહીં વાણિયાના સ્થાને આચાર્ય ભગવંત છે અને પ્રાસાદના સ્થાને સંયમ છે. તેથી આચાર્યએ પોતાના જીવનમાં રત્નથી પૂર્ણ=ઘણા ગુણોથી પૂર્ણ, એવો સંયમરૂપી પ્રાસાદ કર્યો અને તે પ્રાસાદ કર્યા પછી તે વાણિયો તે પ્રાસાદ સ્ત્રીને સોંપીને અવિષાદપૂર્વક દિગ્યાત્રા માટે જાય છે. તેમ આચાર્યએ પણ પોતાના જીવનમાં રત્નરૂપી પ્રાસાદ કર્યો અને તે પ્રાસાદ યોગ્ય શિષ્યને આપે છે. ગુરુના વચનાનુસાર અનેક ગુણોથી યુક્ત એવો પ્રાસાદ અર્થાત્ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા અનેક ગુણોથી યુક્ત એવો પ્રાસાદ શિષ્યને પ્રાપ્ત થાય છે.

ત્યારપછી "આ પ્રાસાદનું તારે રક્ષણ કરવું" એમ ઉપદેશ આપીને તે આચાર્ય તે વાણિયાની જેમ અધિક રત્નોની પ્રાપ્તિ અર્થે અન્ય ઉચિત કૃત્યોમાં વ્યાપારવાળા થાય છે. અર્થાત્ આચાર્ય ભગવંત સંયમજીવનમાં પહેલાં પોતે શાસ્ત્રો ભણી નિપુણ થાય છે અને પછી શિષ્યોને શાસ્ત્રમાં નિપુણ કરે છે. આ રીતે ગચ્છમાં રહેલા સર્વ સાધુઓ ભગવાનના વચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે તે પ્રમાણે ગચ્છની સાર-સંભાળ કરી અને યોગ્ય શિષ્ય નિષ્પન્ન થયો હોય તો તે આચાર્ય તે શિષ્યને પોતાના ગચ્છની વ્યવસ્થાની સર્વ પ્રવૃત્તિનો ભાર સોંપીને પોતાની શક્તિ હોય તો જિનકલ્પ સ્વીકારવા માટે કેટલોક કાળ યોગ્ય શિષ્યને ગચ્છનો ભાર સોંપી પોતે ધ્યાનાદિમાં યત્ન કરે છે અને જિનકલ્પ સ્વીકારવાની શક્તિ ન હોય તો શાસ્ત્રોથી ભાવિત થવા માટે ધ્યાનપરાયણ થાય છે. જે પ્રથમની સ્ત્રીને રત્નનો પ્રાસાદ સોંપીને દેશાંતર જનાર વાણિયાની પ્રવૃત્તિ તુલ્ય છે.

જેથી તે આચાર્ય સૂત્ર-અર્થના પરાવર્તનથી આત્માને ભાવિત કરીન વિશેષ પ્રકારના ગુણ રૂપી રત્નોની પ્રાપ્તિ કરી શકે છે. વળી, કોઈક નિમિત્તે આચાર્ય ભગવંત પોતે ગચ્છની પરિસ્થિતિ જોવા પ્રયત્ન કરે અને જેને ચારિત્રરૂપ મહેલ સોંપ્યો છે તે શિષ્ય પ્રમાદવાળો જણાય તો પ્રથમની સ્ત્રીને દૂર કરી બીજી

સ્ત્રીને જેમ તે વાણિયાએ પ્રાસાદ સોંપ્યો તેમ આચાર્ય ભગવંત અન્ય યોગ્ય શિષ્યને ગચ્છનો ભાર સોંપે છે. અને તે નવો શિષ્ય પ્રાસાદની સુખપૂર્વક રક્ષા કરે તો તે શિષ્યને પોતાની પદવી આપે છે. જે બીજી સ્ત્રીને તે વાણિયાએ ઘરની સ્વામીની કરી તેમ તે આચાર્યએ તે શિષ્યને મહાકલ્યાણનું કારણ એવું પોતાનું પદ આપ્યું તેમ જાણવું.

અહીં વિશેષ એ છે કે જેમ તે વાણિયાની પ્રથમ સ્ત્રીએ સ્નાન, વિલેપન, આદિમાં વ્યગ્ર રહીને પ્રાસાદનું રક્ષણ કર્યું નહિ પરંતુ ઉપેક્ષા કરી. તેમ જે સાધુ કે જે શ્રાવક ગુરુથી પ્રાપ્ત થયેલ સંયમરૂપી પ્રાસાદનું રક્ષણ કરતા નથી પરંતુ સાધુ રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવમાં પ્રવૃત્ત રહે છે અને શ્રાવક સંસારની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહે છે, અને અતિચારો સેવ્યા પછી માત્ર દ્રવ્યથી પ્રતિક્રમણની ક્રિયા કરે છે પરંતુ મન-વચન-કાયાના દૃઢ યત્નપૂર્વક તેનું શોધન કરતા નથી તે સાધુ કે શ્રાવક જેમ પહેલી સ્ત્રીએ તે પ્રાસાદનો વિનાશ કર્યો તેમ સંયમરૂપી પ્રસાદનો વિનાશ કરે છે. જેમ તે ઘરધણીએ તે સ્ત્રીને કાઢી મૂકી અને તેથી તે દુ:ખી થઈ તેમ જેઓ સંયમરૂપી પ્રાસાદનું રક્ષણ કરતા નથી તેઓ દ્રવ્યથી પ્રતિક્રમણ કરવા છતાં અતિચારોની શુદ્ધિ ન થવાને કારણે દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે તેથી દુ:ખી થાય છે. વળી, જેમ તે બીજી સ્ત્રી પ્રાસાદની બરાબર યતના કરે છે, ત્રણે સંધ્યાએ તેને જુએ છે અને ક્યાંક પ્રાસાદ ભાંગ્યો હોય તો તુરંત તેનું સમારકામ કરાવે છે તેથી તે પ્રાસાદ સુંદર રહે છે. તેમ જે સાધુ કે શ્રાવક આચાર્ય પાસેથી ગુણરૂપી રત્નોથી ભરેલા સંયમના પ્રાસાદને પામીને ત્રણે સંધ્યાએ સંયમ જીવનના અતિચારોનું આલોચન કરે છે અને ક્યાંક સ્ખલના થઈ હોય તો પ્રતિક્રમણની ક્રિયા દ્વારા "પ્રતિચરણ" કરે છે તેમનો સંયમરૂપી પ્રાસાદ અખંડિત રહે છે. જેમ તે બીજી સ્ત્રી પ્રાસાદની પ્રતિચરણાને કારણે ઘરની સ્વામિની થઈ અને સુખને પામી તેમ જે સાધુ કે શ્રાવક પ્રતિક્રમણની ક્રિયા દ્વારા અતિચારોની પ્રતિચરણા કરે છે તે સદ્ગતિની પરંપરા દ્વારા અંતે મોક્ષસુખના ભાગી થાય છે. આ રીતે જે સાધુ કે શ્રાવક સંયમરૂપી પ્રાસાદને સ્થિર કરે છે તે સુંદર યશને પામનાર જગતના ઈશ થાય છે અર્થાત્ મોક્ષસુખને પામે છે.

પ્રસ્તુત ઢાળમાં ગાથા-૧થી ૬ સુધી સજ્ઝાયકારે પૃચ્છારૂપે કથન કર્યું છે અને કહ્યું છે કે મન કોઈ રીતે બાંધ્યું જતું નથી અને મનને બાંધ્યા વિના પ્રભુને મળી શકાય નહિ=મોક્ષમાં જવાય નહિ અને મોક્ષ માટે કરાતી આ પ્રતિક્રમણની ક્રિયા વિફળ થાય છે. ત્યારપછી ગાથા-૭થી કોઈક મિત્ર કહે છે કે ચલ પણ મન અભ્યાસ અને વૈરાગ્યથી બાંધી શકાય છે તે સર્વ દૃષ્ટાંત દ્વારા અત્યાર સુધી ભાવન કર્યું. તે સર્વમાં સજ્ઝાયકાર પોતે જ પૃચ્છક છે અને સજ્ઝાયકાર પોતે જ કથક છે. તેથી પ્રસ્તુત ઢાળમાં પૃચ્છક અને કથક એક જ છે. નય રચનાની દૃષ્ટિથી શિષ્ય પૃચ્છક છે અને ગુરુ કથક છે એ પ્રમાણે જાણવું. **॥૧૦થી ૧૯॥**

# ઢાળ બારમી – પ્રતિક્રમણ શબ્દના ત્રીજા "પડિહરણ" પર્યાયનો અર્થ અને તેના પર દૃષ્ટાંત

(રાગ : બન્યોરે વિદ્યાજીરો કલ્પડો-એ દેશી)

ગાથા :-

**હવે પડિહરણા પડિક્કમણનો,**
**પર્યાય સુણો ઈણી રીતિ, હો મુણિંદ !**
**પરિહરણા સર્વથી વર્જના,**
**અજ્ઞાનાદિકની સુનીતિ, હો મુણિંદ ! ૧**
**પડિક્કમણ તે અવિશદયોગથી. એ આંકણી.**

ગાથાર્થ :-

**હવે, પ્રતિક્રમણનો "પડિહરણા" પર્યાય આ રીતે=આગળમાં વર્ણન કરે છે તે રીતે, સાંભળો. સુનીતિપૂર્વક અજ્ઞાન આદિની સર્વથી વર્જના "પડિહરણા" છે. પ્રતિક્રમણ તે અવિશદયોગથી છે="પડિહરણા"રૂપ પ્રતિક્રમણ તે અવિશદયોગથી છે. ||૧||**

ભાવાર્થ :-

**પ્રતિક્રમણ શબ્દનો બીજો પર્યાય "પડિહરણા"** છે અને આ રીતે=આગળમાં વર્ણન કરે છે તે રીતે, "પડિહરણા"નું સ્વરૂપ સાંભળો. તેમાં "પડિહરણા"નો અર્થ કરે છે. અજ્ઞાન, અવિરતિ, આદિ સંસારના કારણભૂત ભાવોની શાસ્ત્રની સંવેગનીતિથી સર્વ પ્રકારે=મન, વચન, કાયાથી જે વર્જના તે "પડિહરણા" છે અને અવિશદયોગથી=જે યોગમાં પોતાની શક્તિ નથી તેવા ઉપરના યોગથી પડિહરણારૂપ પ્રતિક્રમણ છે. **||૧||**

અવતરણિકા :-

હવે દૃષ્ટાંત દ્વારા "પડિહરણા"નો અર્થ સ્પષ્ટ કરે છે –

ગાથા :-

**એક ગામે એક કુલપુત્રની,**
**ભગિની દોઈ ગ્રામે ઉડ્ઢ હો મુણિંદ !**
**પુત્રી એક તસ દોઈ બહિનના,**
**હુઆ સુત યુવ ભાવ પ્રરૂઢ, હો મુણિંદ ! પડિ૦ ૨**
**પુત્રી અર્થે તે આવિયા,**
**કહે સુવિવેકી કુલપુત્ર, હો મુણિંદ!**
**તુમ સુત દોઇ મુજ એક જ સુતા,**
**મોકલી દિઉ જે હોય પવિત્ર, હો મુણિંદ! પડિ૦ ૩**

ગાથાર્થ :-

એક ગામમાં એક કુલપુત્રની બે ભગિનીઓ=બહેનો, કોઈક ગામમાં પરણેલી અને તે કુલપુત્રની એક પુત્રી હતી અને બે બહેનોના બે પુત્રો યુવાનભાવમાં આરૂઢ થયા અને તે કુલપુત્રની પુત્રી અર્થે તે આવ્યા=તે બે બહેનો તેમના પુત્ર પરણાવવા આવી. સુવિવેકી કુલપુત્રએ કહ્યું : તમારા પુત્રો બે છે અને મારી પુત્રી એક છે. જે હોય પવિત્ર=જે યોગ્ય હશે, તેને પુત્રી આપશું. ॥૨-૩॥

ગાથા :-

**તે ગઇ સુત દોઇ તે મોકલ્યા,**
**ઘટ આપી કહ્યો 'આણો દૂધ', હો મુણિંદ!**
**કાવડ ભરી દૂધ નિવર્ત્તિયા,**
**તિહાં દોઈ મારગ અનુરુદ્ધ, હો મુણિંદ! પડિ૦ ૪**

ગાથાર્થ :-

તે ગઈ=તે બે બહેનો પોતાના ગામે ગઈ, અને બંનેએ પોતાના પુત્રને

મોકલ્યા. કુલપુત્રએ ઘડો આપીને કહ્યું આણો દૂધ=દૂધ લાવો. કાવડ ભરી દૂધ નિવર્તિયા=દૂધ વડે કાવડ ભરીને તેઓ પાછા ફર્યા. ત્યાં પાછા આવવાના બે મારગ અનુરુદ્ધ હતા=પાછા આવવાના બે માર્ગ હતા. ॥૪॥

ગાથા :-

એક નિકટ તે અતિહિ વિષમ અછે,
દૂરે તે સમ છે મગ્ગ હો મુણિંદ!
સમે આવ્યો એક વિષમ ત્યજી,
બીજો નિકટથી વિષમ તે મગ્ગ, હો મુણિંદ! પડિ૦ ૫

ગાથાર્થ :-

તેમાંથી એક નિકટ માર્ગ તે અતિહિ વિષમ અછે=એક માર્ગ ટૂંકો હતો પરંતુ તે અતિ વિષમ હતો. અને જે લાંબો હતો તે સમ=ચાલવામાં તકલીફ ન પડે તેવો ખાડાટેકરા વિનાનો હતો. એક પુત્ર વિષમને છોડીને સમમાર્ગથી આવ્યો. બીજો નિકટ પણ વિષમ એવા માર્ગથી આવ્યો. ॥૫॥

ગાથા :-

ઘટ ભાગ્યે તસ ઇક પગ ખલ્યો,
બીજો પણ પડતો તેણ, હો મુણિંદ!
સમે આવ્યો તેણે પય રાખીયો,
સુતા દીધી તેણ ગુણેણ, હો મુણિંદ! પડિ૦ ૬

ગાથાર્થ :-

વિષમમાર્ગથી આવનારનો એક ઘટ ભાંગ્યો. તેનો પગ ખસ્યો. તેથી બીજો પણ પડ્યો=બીજો ઘડો પણ પડ્યો. સમમાર્ગે જે પુત્ર આવ્યો તેણે દૂધને સાચવ્યું. તેના તે ગુણથી પુત્રી આપી=કુલપુત્રએ પોતાની પુત્રી આપી. ॥૬॥

ગાથા :-

'ગતિ ત્વરિતે આવજો' નવિ કહ્યું,
'પય લાવજો' મેં કહ્યું એમ, હો મુણિંદ !
કુલપુત્રે વક્ર તિરસ્કર્યો,
ધરો ભાવ એ ઉપનય પ્રેમ, હો મુણિંદ ! પડિ૦ ૭

ગાથાર્થ :-

કુલપુત્ર તે પુત્રોને કહે છે, 'ત્વરિત ગતિથી આવજો'=જલ્દી આવજો, એમ મેં નહોતું કહ્યું પણ દૂધ લાવજો એમ કહ્યું હતું. એમ કહી વિષમ ગતિથી આવનાર પુત્રનો તિરસ્કાર કર્યો. એ ભાવ=ઉપનયનો એ ભાવ, પ્રેમપૂર્વક ધારણ કરો. ॥૭॥

ગાથા :-

તીર્થંકર તે કુલપુત્ર છે,
ચારિત્ર તે પય અભિરામ, હો મુણિંદ !
તે રાખે, ચારિત્ર કન્યકા પરણાવે
તે નિર્મલ ધામ, હો મુણિંદ ! પડિ૦ ૮

ગાથાર્થ :-

અહીં તીર્થંકર તે કુલપુત્ર છે, ચારિત્ર તે પય અભિરામ=સુંદર દૂધ છે. તે રાખે=ચારિત્રરૂપ દૂધને જે રાખે, તેને નિર્મલધામ રૂપ કન્યકા= શિવસુંદરી પરણાવે. ॥૮॥

ગાથા :-

ગોકુલ તે માનુષ્ય જન્મ છે,
મારગ તે તપ-જપ રૂપ, હો મુણિંદ !
તે થિવિરને દૂર નજીક છે,
જિનકલ્પીને તો અનૂપ, હો મુણિંદ ! પડિ૦ ૯

ગાથાર્થ :-

ગોકુલ તે મનુષ્યજન્મ છે. માર્ગ એ તપજપરૂપ છે. જે સ્થવિર= સ્થવિરકલ્પ તે દૂરનો માર્ગ છે અને અનૂપ=અનુપમ, એવો જિનકલ્પી તે નજીકનો માર્ગ છે. ॥૯॥

ગાથા :-

નવી અગીતાર્થ રાખી શકે,
ચારિત્રપય ઉગ્રવિહાર, હો મુણિંદ !
નિવૃત્તિ દુર્લભ છે તેહને,
બીજો પામે વહેલો પાર, હો મુણિંદ ! પડિ૦ ૧૦

ગાથાર્થ :-

નવિ અગીતાર્થ રાખી શકે ચારિત્ર પય ઉગ્રવિહાર=ઉગ્ર વિહાર કરનાર= પોતાની શક્તિથી ઉપરવટ એવો જિનકલ્પના સ્વીકાર રૂપ ઉગ્ર વિહાર કરનાર, અગીતાર્થ ચારિત્રરૂપ દૂધને ન રાખી શકે. નિવૃત્તિ દુર્લભ છે તેને=જે અગીતાર્થ જિનકલ્પી જેવો ઉગ્રવિહાર કરે તેને નિવૃત્તિ દુર્લભ છે. બીજો પામે વહેલો પાર=જેણે સ્થવિર માર્ગ સ્વીકાર્યો તે સાધુ સંસારના પારને જલ્દી પામે. ॥૧૦॥

ગાથા :-

દુગ્ધ-કાય દૃષ્ટાંત એ,
દૂધ-કાવડ તસ્સ અત્થ હો મુણિંદ !
'પરિહરણા' પદ વર્ણવ્યું,
ઈમ સુજસ સુહેતુ સમત્થ, હો મુણિંદ ! પડિ૦ ૧૧

ગાથાર્થ :-

"દુગ્ધકાય" દૃષ્ટાંત તેનો "દૂધકાવડ" એમ અર્થ જાણવો. એ પ્રમાણે "પડિહરણા" પદ વર્ણવ્યું તે સુયશનો સમર્થ હેતુ છે. ॥૧૧॥

**ભાવાર્થ :-**

"પડિહરણા" પર્યાય સમજાવવા માટે દૃષ્ટાંત આપે છે.

જેમ તે કુલપુત્ર પોતાની બહેનોના દીકરાઓને દૂધ લાવવાનું કહે છે, તેમ તીર્થંકર ભગવંત ચારિત્રનું પાલન કરવાનું કહે છે. અને તે બે પુત્રોમાંથી એક પુત્ર નિકટ અને વિષમમાર્ગથી આવે છે અને તેનો ઘડો ભાંગ્યો અને પગ ખસવાથી બીજો ઘડો પણ પડ્યો. તેમ અગીતાર્થ અતિ દુષ્કર એવો જિનકલ્પ માર્ગ સ્વીકારે તો સંયમમાં અતિચાર લાગવાથી અને અતિચારની પરંપરા થવાથી ચારિત્રનો નાશ થાય. તેથી જેમ તે પુત્રને કુલપુત્રએ પોતાની પુત્રી આપી નહિ તેમ શક્તિથી ઉપવરટ જઈ જિનકલ્પ સ્વીકારનાર સાધુને નિવૃત્તિ દુર્લભ થાય છે. માટે ભગવાને મોક્ષમાં જવા માટે પોતાની શક્તિનું સમાલોચન કરીને ઉચિત ક્રિયા કરવાનું કહ્યું છે. પરંતુ જેમ તે પુત્ર જલ્દી પહોંચવા માટે વિષમમાર્ગે ગયો તેને તે કુલપુત્ર કહે છે મેં જલ્દી આવવાનું ક્યાં કહેલુ ? દૂધનું રક્ષણ કરવાનું કહ્યું હતું. **તેમ ભગવાને પણ કઠોર અનુષ્ઠાન કરવાનું કહ્યું નથી. પરંતુ શક્તિ અનુસાર અનુષ્ઠાન કરી ચારિત્રનું રક્ષણ કરવાનું કહ્યું છે.** વળી, તેઓ જેમ ગોકુલમાં દૂધ લેવા ગયેલા તેમ મનુષ્યજન્મ પામીને મોક્ષના અર્થી જીવો સંયમરૂપી દૂધ લાવવા પ્રયત્ન કરે છે અને જેમ તે સમમાર્ગથી દૂધ લાવે છે તેમ સંયમરૂપી દૂધ પણ તપજપરૂપ માર્ગથી પ્રાપ્ત થાય છે.

વળી, બીજો પુત્ર સમાન માર્ગે આવ્યો અને દૂધનું રક્ષણ કર્યું. તેમ જે સાધુ પોતાની શક્તિને અનુરૂપ સંયમમાર્ગમાં અપ્રમાદથી યત્ન કરે છે તેઓ ચારિત્રરૂપી દૂધનું રક્ષણ કરે છે અને ક્રમે કરીને શીઘ્ર મુક્તિરૂપી કન્યાને પરણે છે.

આ રીતે "પડિહરણા"નો અર્થ એ થયો કે **શક્તિથી ઉપરવટ સંયમમાર્ગનો ત્યાગ કરવારૂપ અવિશદયોગથી પાછા ફરવારૂપ પ્રતિહરણા કરવા દ્વારા અપ્રમાદથી સંયમમાં યત્ન કરવામાં આવે તે "પડિહરણા" છે. ॥૨થી ૧૧॥**

# ઢાળ તેરમી - પ્રતિક્રમણના ચોથા "વારણા" પર્યાયનો અર્થ અને તેના ઉપર દૃષ્ટાંત

(રાગ : આસણરારે યોગી-એ દેશી)

ગાથા :-

વારણા તે પડિક્કમણ પ્રગટ છે,
મુનિને તે પ્રમાદથી જાણો રે, સુણો સંવરધારી !
ઈહાં વિષભુક્ત તલાવરો ભાખ્યો,
દૃષ્ટાંત તે મન આણો રે. સુણો સંવરધારી ! ૧

ગાથાર્થ :-

"વારણા" તે પ્રગટ પ્રતિક્રમણ છે અને મુનિને તે વારણા પ્રમાદથી જાણો. સંવરધારી તમે સાંભળો. ઈહાં=વારણામાં વિષભુક્ત તલાવરોનું= સૈનિકોનું, દૃષ્ટાંત ભાખ્યું=કહ્યું છે, તે મનમાં આણો. ॥૧॥

ગાથા :-

એક પુરે એક રાજે છે રાજા,
તેણે જાણ્યું પરદલ આવ્યું રે; સુણો૦
ભક્ષ્ય ભોજને મીઠા જલમાં,
ગામ ગામ વિષ ભાવ્યું રે. સુણો૦ ૨

ગાથાર્થ :-

એક નગરમાં એક રાજા શોભે છે. તેણે પરદલ=પરરાજાનું સૈન્ય, લડાઈ કરવા માટે આવ્યું છે તેમ જાણ્યું. તેથી પરદલના નાશ માટે રસ્તામાં ગામેગામ ભક્ષ્યભોજન અને મીઠા જલમાં વિષ ભેળવ્યું. ॥૨॥

ગાથા :-

પ્રતિ નૃપ પડહેં ઈમ ઘોષાવે,
'જે ભક્ષ્ય ભોજ્ય એ ખાશ્યે રે; સુણો૦

પીશ્યે મીઠા જલ હુઇ હોંશી,
તે યમ-મંદિર જાશ્યે રે. સુણો૦ ૩

ગાથાર્થ :-

પ્રતિરાજાએ=ચડાઈ કરનાર રાજાએ, પડહથી એમ ઘોષણા કરાવી કે હોંશવાળો થઈને જે ભક્ષ્ય અને ભોજ્ય એવા પદાર્થો ખાશે અને મીઠા જલ પીશે તે યમમંદિરમાં જાશે. ।।૩।।

ગાથા :-

દૂરથી આણી ભોજ્ય જે જમશે, ખારાં પાણી પીશ્યે રે; સુણો
તે જીવી હોશ્યે સુખ લહેશ્યે, જય-લચ્છિ એ વરશ્યે રે. સુણો૦ ૪

ગાથાર્થ :-

દૂરથી લાવેલા ભોજ્યને જે જમશે અને ખારાં પાણી પીશે તે જીવી સુખ લહેશે=તે જીવતો રહેશે અને સુખને પામશે અને અવશ્ય જયલક્ષ્મીને પામશે. ।।૪।।

ગાથા :-

જેણે નૃપ-આણ કરી તે જીવ્યા, બીજા નિધન લહંત રે; સુણો૦
દ્રવ્ય વારણાં એ ઇહાં ભાવો, ભાવે ઉપનય સંત રે ! સુણો૦ ૫

ગાથાર્થ :-

જેણે રાજાની આણ=આજ્ઞા, પાળી તે જીવ્યા, બીજા મૃત્યુને પામ્યા. એ દ્રવ્ય વારણાં છે અને ઈહાં=પ્રતિક્રમણના વિષયમાં, ઉપનય ભાવમાં ભાવો. ।।૫।।

ગાથા :-

જિનવર નૃપતિ વિષય વિષમિશ્રિત, ભવિને ભોજ્ય નિવારે રે;સુણો૦
ભવ ભમે રાગી ને તરે રે વૈરાગી, વાચક જસ તે સંભારે રે.
સુણો૦ ૬

**ગાથાર્થ :-**

**જિનવર નૃપતિ છે=ઉપનયમાં અરિહંત ભગવાન નૃપતિ છે અને વિષયો વિષમિશ્રિત ભોજ્ય છે અને ભગવાને તેનાથી ભવિજીવોને વાર્યા છે. રાગી=વિષયોમાં રાગી, ભવમાં ભમે અને વૈરાગી તરે. વાચક યશ= યશોવિજયજી મહારાજ તે સંભારે=તેઓનાં ગુણગાન કરે છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

**પ્રતિક્રમણનો ચોથો પ્રર્યાય "વારણા"** છે અને તે વારણા=સાધુને પ્રમાદથી વારણ કરવું. તેમાં વિષથી યુક્ત એવું તલાવરોનું=સૈનિકોનું દૃષ્ટાંત કહ્યું છે. તે આ પ્રમાણે છે.

એક નગરમાં એક રાજા વસે છે. તેમ સંસારરૂપી નગરમાં મોહરૂપી રાજા વસે છે. અને જેમ તે રાજાએ જાણ્યું કે પરદલ=શત્રુનું સૈન્ય, આવ્યું છે તેમ કર્મરાજાએ જાણ્યું કે મારા સંસારરૂપી રાજ્યનો નાશ કરવા માટે તીર્થંકરો જન્મ્યા છે. તેથી તે પરદલથી પોતાનું રક્ષણ કરવા માટે જેમ તે રાજાએ વચમાં આવતાં ગામોમાં ભક્ષ્ય ભોજન, મીઠાં જલો હતાં તેમાં વિષ નાંખ્યું. તેમ ભગવાનના વચનથી ભાવિત થઈને યોગમાર્ગમાં ચાલનારા મહાત્માઓ પોતાના રાજ્યનો નાશ ન કરે તે માટે મોહરાજાએ સંસારમાં ભોગસામગ્રીરૂપ વિષયોમાં અર્થાત્ સંયમજીવનમાં બાધ કરે એવા સુંદર આહાર, સુંદર વસ્ત્રો, સુંદર વસતિ આદિમાં રાગ ઉત્પન્ન થાય તેવું વિષ નાંખ્યું. અને જેમ તે પ્રતિરાજાએ પડહથી ઘોષણા કરાવી કે ભક્ષ્ય ભોજ્ય પદાર્થો ખાશે તથા મીઠાં જલ પીશે તે મૃત્યુને પામશે અને જે દૂરથી લાવેલાં ભોજન અને ખારાં પાણી પીશે તે જીવશે. તેમ ભગવાને પણ ભોગ્ય પદાર્થોમાં ભેળવેલા રાગરૂપી ઝેરથી રક્ષણ કરવા માટે સાધુને અંતઃપ્રાંત અને તુચ્છ ભોજન કરવાનું કહ્યું. નિર્દોષ વસતિ અને સંયમની વૃદ્ધિના ઉપાયોને સેવવાનું કહ્યું. પરંતુ ઇન્દ્રિયોને અનુકૂળ એવા આહાર આદિ ગ્રહણ કરવા રૂપ મીઠાં પીણા વગેર પીવાનો નિષેધ કર્યો. જેમ તે રાજાની આજ્ઞાનું પાલન જેણે કર્યું તે જીવ્યા. તેમ જે સાધુઓએ ભગવાનની આજ્ઞા અનુસાર ભોજન-પાન આદિ કરીને સંયમની યતના કરી તેઓ જીવ્યા. જેમ તે સૈનિકોએ શાતાના અર્થી થઈને સુંદર ભોજન ખાધાં અને મીઠું પાણી પીધું

તેઓ મૃત્યુ પામ્યા. તેમ જે સાધુઓએ ઇન્દ્રિયોને અનુકૂળ એવાં ભોજનો અને પાનને કર્યાં તે રાગાદિ વિષથી મૃત્યુ પામ્યા. અને જેઓએ ભગવાનના વચન અનુસાર શુદ્ધાહાર વગેરે દ્વારા સંયમ દેહનું પોષણ કર્યું તેઓ જીવ્યા. વળી, જેમ તે સૈનિકો સુખપૂર્વક શત્રુને જીતી શક્યા તેમ તે સાધુ મોહને જીતીને જયલક્ષ્મીને પામ્યા. તેથી જે સાધુ વિષયોમાં રાગી થયા તેઓ ભવમાં ભમ્યા અને જેઓ વૈરાગી થયા તેઓ ભવથી તર્યા. વાચકયશ તેઓને સંભારે છે અર્થાત્ તેઓનાં ગુણગાન કરે છે.

અહીં **"વારણા"નો અર્થ પ્રમાદઆપાદક વિષયોનું વારણ છે. ॥૧થી ૬॥**

# ઢાળ ચૌદમી – પ્રતિક્રમણ શબ્દના પાંચમા "નિવૃત્તિ" પર્યાય ઉપર પહેલું દૃષ્ટાંત

(રાગ : માડી ! માંને પરદેશીડાને કાં પરણાવ્યા રે અથવા ચંદ્રાવલાની દેશી)

ગાથા :-

પડિક્કમણ નિવૃત્તિ પ્રમાદથી રે, રાય કન્યા દિટ્ઠંત;
એક નગરે એક શાલાપતિ, ધૂર્ત સુતા તસ રત,
માડી ! માંને ભર યૌવનમાં કાંઈ ન દીધાં હે,
માડી ! માંને મનમથ માચતે કાંઈ ન દીધાં હે;
માડી ! માંને અવસર છયલ છબીલાને કાંઈ ન દીધાં હે,
માડી ! માંને લાવણ્ય લહરેં જાતે કાંઈ ન દીધાં હે.
ભોલી માડલી ! ૧

ગાથાર્થ :-

'પ્રતિક્રમણ' પ્રમાદથી નિવૃત્તિ છે. તેમાં રાજકન્યાનું દૃષ્ટાંત છે. એક નગરમાં એક શાલાપતિ=વણકર, હતો. તેની પુત્રી ધૂર્તમાં રત હતી. ધૂર્તમાં કેમ રત હતી તે બતાવે છે.

માડી ! માને ભરયૌવનમાં કાંઈ ન દીધા=હું ભરયૌવનમાં છું અને મને કોઈ સાથે પરણાવી નથી. વળી કહે છે : મને મનમથ=કામ, માચતે=ઊછળતો હોય ત્યારે, કોઈને દીધી નહિ.

માડી ! મને અવસરે છેલછબીલા એવા કોઈ પુરુષને કાંઈ દીધી નથી. માડી ! મને લાવણ્યની લહરો વર્તે ત્યારે કોઈને દીધી નથી. "એ પ્રમાણે ભોલી માડલી" આ પ્રમાણે ધૂર્તમાં રત એવી તે કન્યા વિચારે છે. ॥૧॥

અવતરણિકા :-

ત્યારે તે ધૂર્ત કહે છે –

ગાથા :-

તે કહે 'આપણ નાસિએ રે,' સા કહે 'સખી મુઝ નૃપ-પુત્તિ;
સંકેત તિણસ્યું છે કિઓ રે, તેડી લાવીસી ઝત્તિ.' માડી !
માંને ભર૦ ૨

ગાથાર્થ :-

ત્યારે તે ધૂર્ત તે કન્યાને કહે છે આપણે નાસીએ=આપણે ભાગી જઈએ. તે કન્યા કહે છે – રાજાની પુત્રી મારી સખી છે તેની સાથે સંકેત કર્યો છે કે આપણે એક પુરુષને પરણશું માટે હું જલ્દીથી તેને તેડી લાવીશ. ॥૨॥

ગાથા :-

તેણેં ગીત પરભાતે સુણ્યું રે, પાછી નિવર્ત્તિ તામ;
'આણું કરંડિયો રત્નનો' ઇમ વચન ભાંખી સ્યામ. માડી !
માંને ભર૦ ૩

ગાથાર્થ :-

તે પ્રમાણે તે=વણકરપુત્રી, રાજકન્યાને વાત કરે છે ત્યારે તેણે=તે રાજકન્યાએ, પ્રભાતે ગીત સાંભળ્યું અને તે ગીત સાંભળી પાછી નિવર્ત્તિ=પાછી ફરી, કઈ રીતે નિવર્તિ તે કહે છે :

"રત્નનો કરંડિયો લાવું" એમ વચન કરીને તે નિવર્તન પામી. ॥૩॥

અવતરણિકા :-

વળી તે રાજકન્યાએ પ્રભાતે કેવું ગીત સાંભળ્યું તે કહે છે –

ગાથા :-

ફૂલ્યાં તો સ્યું કણિઆરડાં રે !, અહિમાસ વુઠે અંબ;
તુજ ફૂલવું જુગતું નહિ, જો નીચ કરે વિડંબ. માડી !
માંને ભર૦ ૪

ગાથાર્થ :-

કણિઆરડાં ફૂલ્યાં=કરેણ ફૂલ્યાં, તો અધિમાસમાં શું આંબો વુઠે ?=

ખીલે ? તે સાંભળીને રાજકન્યા વિચારે છે તને=પોતાને, ફૂલવું યુક્ત નથી. જો નીચ કરે વિડંબ=નીચ એવી શાલવીપુત્રી વિડંબના કરે=ધૂર્ત સાથે જઈ પોતાની વિડંબના કરે તોપણ તને=પોતાને, ફૂલવું યુક્ત નથી. ॥૪॥

ગાથા :-

કોલિક-સુતા કણિઆરડી રે, હું લતા છું સહકાર;
અધિ માસ ઘોષણ ગીતએ, કાલ હરણ અશુભનું સાર. માડી !
માંને ભર૦ ૫

ગાથાર્થ :-

વળી તે વિચારે છે કે કોલિક-સુતા=વણકરની પુત્રી, કણઆરડી= કરેણના વૃક્ષ જેવી છે. હું સહકાર=આમ્રની, લતા છું. અધિમાસના ઘોષણ કરનારું એ ગીત અશુભકાલનું હરણ કરનાર એવું સાર છે. ॥૫॥

ગાથા :-

તસ તાત શરણે આવીયો, નૃપ ગોત્ર એક પવિત્ર;
પરણાવી પટરાણી કરી, નિજ રાજ્ય આપે જૈત્ર. માડી !
માંને ભર૦ ૬

ગાથાર્થ :-

તેના તાતને શરણે આવ્યો=રાજાના ગોત્રનો પવિત્ર એક રાજકુમાર રાજકન્યાના પિતાને શરણે આવ્યો. તે કન્યાનો પિતા તે રાજપુત્રને તેનું રાજ્ય જીતાડી આપે છે. રાજાએ તે કન્યાને તેની સાથે પરણાવી. રાજકુમારે તે કન્યાને પટરાણી કરી. ॥૬॥

ગાથા :-

કન્યા થાનક મુનિ, વિષય તે ધૂરત, સુભાષિત ગીત;
નિવર્તે તે જસ ને સુખ લહે, બીજી ન એ છે રીત. માડી !
માંને ભર૦ ૭

**ગાથાર્થ :-**

**કન્યા સ્થાનીય મુનિ છે, વિષયો તે ધૂર્ત છે. અને સુભાષિત સાંભળી નિવર્તે તે જસ અને સુખ પ્રાપ્ત કરે. બીજી=શાલીપુત્રીને, આ રીત નથી. ॥૭॥**

**ભાવાર્થ :-**

**પ્રતિક્રમણનો પાંચમો પર્યાય પ્રમાદથી નિવૃત્તિ છે.** તેમાં રાજકન્યા દૃષ્ટાંત છે અને તે આ પ્રમાણે છે.

કોઈ એક નગરમાં એક શાલીપતિની પુત્રી ધૂર્તમાં રત હતી. તેમ કોઈ મુનિ સાધુપણું લીધા પછી ધૂર્ત સ્થાનીય વિષયોમાં રક્ત છે. તે પાસત્થા સાધુ છે અને જેમ તે વણકરની પુત્રીને રાજપુત્રી સાથે મૈત્રી હતી તેમ અન્ય કોઈ કુલીન સાધુને પાસત્થા સાધુ સાથે મૈત્રી થાય તો તે તેના=પાસત્થાના, સહવાસથી પાપને અભિમુખ થાય. જેમ તે રાજકન્યા તે શાલીપુત્રીના સહવાસથી તેના પ્રત્યેની પ્રીતિને કારણે તે ધૂર્ત સાથે જવાનો વિચાર કરે છે. પરંતુ તે વખતે કોઈકે ગીત ગાયું જે સાંભળીને તે રાજકન્યા નિવર્તન પામી. તેમ પાસત્થાના સહવાસથી પાપને અભિમુખ થયેલા કુલીન સાધુને કોઈ અન્ય ગીતાર્થ સાધુ સદુપદેશ આપે તો તે સાંભળીને તે કુલીન સાધુ પ્રમાદથી નિવર્તન પામે છે. વળી, જેમ તે રાજકન્યા તે ગીત સાંભળીને નિવર્તન પામી તો તે રાજાને શરણે આવેલ કોઈક રાજપુત્રને પરણીને સુખી થઈ. અને તે રાજા પણ તે શરણે આવેલાનું રાજ્ય તેના શત્રુ રાજા પાસેથી જીતીને તેને અપાવે છે તેથી ખુશ થઈને તે રાજપુત્ર રાજકન્યાને પટરાણી બનાવે છે. તેમ પાસત્થાના સંસર્ગને કારણે પાપને અભિમુખ થયેલા તે કુલીન મુનિ ગીતાર્થના ઉપદેશથી નિવર્તન પામે છે અને સુસાધુ સાથે રહીને શાસ્ત્રો ભણીને ગીતાર્થ બને છે. તેઓ યશ અને સુખને પામે છે. વળી, જેમ તે બીજી કન્યા ધૂર્તમાં રત થઈને વિનાશ પામી તેમ જે પાસત્થા વિષયોમાં રત રહે છે તેઓ વિનાશ પામે છે અને દુર્ગતિની પરંપરા પ્રાપ્ત કરે છે. **॥૧થી ૭॥**

# ઢાળ પંદરમી - પ્રતિક્રમણ શબ્દના પાંચમા "નિવૃત્તિ" પર્યાય પર બીજું દૃષ્ટાંત

(રાગ : જ્વઈરિ (ઝવેરી) સાચો રે જગમાં જાણીયે રે-એ દેશી)

ગાથા :-

**બીજો પણ દૃષ્ટાંત છે રે, એક ગચ્છે એક છે સાધ રે;**
**ગ્રહણ-ધારણ-ક્ષમ તેહને રે, આચાર્ય ભણાવે અગાધ રે. ૧**

ગાથાર્થ :-

બીજું પણ દૃષ્ટાંત છે=પ્રતિક્રમણના નિવૃત્તિ પર્યાયમાં બીજું પણ દૃષ્ટાંત છે.

એક ગચ્છમાં એક સાધુ છે. ગ્રહણધારણામાં સમર્થ એવા તેને આચાર્ય અગાધ=ઘણું, ભણાવે છે=ઊંડાણવાળા શાસ્ત્રોના ગંભીર ભાવો ભણાવે છે. ॥૧॥

ગાથા :-

**ધારો રે ભાવ સોહામણો રે, તુહ્મે સારો રે આતમકાજ રે;**
**વારો રે તેહને પાપથી, સંભારો પામ્યું છે રાજ રે.**
**ધારો રે ભાવ સોહામણો રે-એ આંકણી. ૨**

ગાથાર્થ :-

સોહામણો એવો આ ભાવ તમે ધારણ કરો અને આતમના કાજ સારો=સાધો. તેહને પાપથી વારો=આતમને પાપથી વારો, પામ્યું છે રાજ=રાજ્ય પ્રાપ્ત થયું છે, તેને=સંયમ ગ્રહણ કરીને આત્માના પ્રભુત્વરૂપ રાજ્ય પ્રાપ્ત થયું છે તેને, સંભારો. સંયમનો સોહામણો ભાવ ધારણ કરો. ॥૨॥

ગાથા :-

પાપ કર્મ તસ અન્યદા હુઓ રે, ઉદયાગત અતિ ઘોર રે;
નીકલ્યો ગચ્છથી એકલો રે, જાણે વિષય ભોગવું જોર રે. ધારો રે૦ ૩

ગાથાર્થ :-

તસ=ગાથા-૧માં કહ્યું તે પ્રમાણે આચાર્ય જે સાધુને અગાધ ભણાવે છે તેને, અન્યદા ઉદયને પામેલ અતિઘોર એવું પાપકર્મ આવ્યું. તેથી તે સાધુ ગચ્છથી એકલો નીકળ્યો. અને વિચારે છે કે જાણે વિષયોને જોરથી ભોગવું=વિષયોને અત્યંત ભોગવું. ॥૩॥

ગાથા :-

કહે સુર તરુણ મંગલ તદા રે, ઉપયોગે સાંભલે તેહ રે;
જિમ તે ભટ પાછા ફિર્યા રે, તેણે કિધો ચારિત્રસ્યું નેહ રે. ધારો રે૦ ૪

ગાથાર્થ :-

તદા=તે વખતે, તરુણ સુર=તરુણપુત્ર મંગલ કહે છે અને તે સાધુ ઉપયોગથી સાંભળે છે. જેમ તે ભટ પાછા ફર્યા=તરુણપુત્રના મંગલ વચનથી જેમ ભટ પાછા ફર્યા. તેમ તે સાધુએ ચારિત્રસ્યું કિધો નેહ=ચારિત્ર સાથે સ્નેહ કર્યો. ॥૪॥

અવતરણિકા :-

હવે, સજ્ઝાયકાર તે તરુણ ભટ્ટે શું ગાયું તે બતાવે છે –

ગાથા :-

તરિયવ્વા પઇત્તિયા મરિયવ્વં વા સમરે સમત્થેણં ।
અસરિ સજ્જણ ઉલ્લાવા નહુ સહિયવ્વા કુલપ્પસૂએણં ॥

ગાથાર્થ :-

સમરમાં=યુદ્ધમાં, પઇત્તિયા=પ્રત્યનીકોને=શત્રુઓને, સમર્થ એવા પુરુષ

**વડે તરવા જોઈએ=જીતવા જોઈએ, અથવા મરિયવ્વં=મરવું જોઈએ. કુલપ્રસુત=કુલીન એવા પુરુષ વડે, અસર કરે એવા સજ્જનના ઉપાલંભો સહન કરવા જોઈએ નહિ. ॥૪॥**

**ગાથા :-**

**સાધુ ચિંતવે રે રણસમા રે પ્રવ્રજ્યા હું ભગ્ન રે;**
**લોક હીલાથી નિવર્ત્તિઓ રે, હુઓ સુજસ ગુરુ-પય-લગ્ન રે.**
**ધારો રે૦ ૫**

**ગાથાર્થ :-**

**તરુણસુતની તે ગાથા સાંભળીને તે સાધુ વિચારે છે : રણ જેવી= રણસંગ્રામ જેવી, પ્રવ્રજ્યાથી હું ભગ્ન છું. લોકહીલનાથી તે સાધુ નિવર્તન પામ્યો અને ગુરુના પાદમાં=ગુરુના ચરણમાં, લગ્ન=લાગેલો, એવો તે સુજસવાળો થયો. ॥૫॥**

**ભાવાર્થ :-**

કોઈ એક ગચ્છમાં એક સાધુ હતા જે શાસ્ત્રના પરમાર્થને ગ્રહણ કરવા અને ધારણ કરવા અત્યંત સમર્થ હતા તેથી તેની તે યોગ્યતા જાણીને આચાર્ય ભગવંત તેને શાસ્ત્રના ગંભીર અર્થો ભણાવે છે. આ પ્રમાણે પ્રથમ ગાથાના પૂર્વાર્ધમાં કહીને સજ્ઝાયકાર પ્રમાદથી નિવૃત્તિનો ભાવ કેવો છે તે કહે છે.

પ્રમાદથી નિવૃત્તિનો ભાવ સોહામણો છે તે પ્રમાણે તમે ધારણ કરો જેથી આત્માના કાર્ય સારો=સિદ્ધ કરો, અને પોતાના આત્માને પાપથી વારો અને સંભારો=યાદ કરો કે ચારિત્ર ગ્રહણ કરીને હું આત્માનું રાજ્ય પામ્યો છું.

આ રીતે તે સાધુ આચાર્ય પાસે ભણે છે તેમ બતાવ્યા પછી તે સાધુને સંયમથી પાત કરાવે તેવું અતિઘોર કર્મ ઉદયમાં આવ્યું. જેથી તે વિચારે છે કે "વિષયોને અત્યંત ભોગવું, આ સંયમથી સર્યું" એમ વિચારીને સાધુ ગચ્છમાંથી એકલો નીકળ્યો. તે વખતે કોઈક તરુણ પુત્ર મંગલ ગીત ગાય છે અને તે ગીતમાં બોલે છે કે સમર્થ પુરુષે યુદ્ધભૂમિમાં શત્રુઓને જીતવા જોઈએ અથવા

મરવું જોઈએ પરંતુ કુલવાન પુરુષે "આ યુદ્ધભૂમિમાં ગયો છતાં બાયલો છે" તેવા સજ્જનના ઉલ્લાપો સહન કરવા જોઈએ નહિ.

આ ગીત સાંભળીને સાધુ વિચારે છે કે હું પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરીને મોહને જીતવા નીકળ્યો છું છતાં પ્રમાદથી ભગ્ન પરિણામવાળો થયો છું. અને કોઈ પુત્રનું ગીત સાંભળીને યુદ્ધભૂમિમાં ચઢેલા સુભટો પાછા ફર્યા=શત્રુનો સામનો કરવા તત્પર થયા તેમ તે સાધુએ પણ તે ગીત સાંભળીને ચારિત્રનો સ્નેહ કર્યો અને લોકહીલનાથી નિવર્તન પામી ગુરુની પાસે જઈ રહે છે. અંતે ગુરુ પાસે શાસ્ત્રાભ્યાસ કરીને સુયશનો ભાગી થયો. આમ તે સાધુએ પાપથી નિવૃત્તિ કરી તે પ્રતિક્રમણનો 'નિવૃત્તિ' નામનો પાંચમો પર્યાય છે.

**પ્રતિક્રમણના ચોથા "વારણા" પર્યાય અને પાંચમા "નિવૃત્તિ" પર્યાય વચ્ચે ભેદ :-**

વારણામાં ભગવાને સંયમજીવનમાં જેનું વારણ કર્યું છે અર્થાત્ જે આહાર, વસતિ વગેરેનો નિષેધ કર્યો છે તેનો જે સાધુઓ ત્યાગ કરે છે તેઓનું રક્ષણ થાય છે અને જે સાધુઓ તેનો ત્યાગ કરતા નથી તેઓ વિનાશ પામે છે.

નિવૃત્તિમાં રાજપુત્રી જેમ ધૂર્ત સાથે જવા તૈયાર થઈ તેમ જે સાધુ પાસત્થાના સંસર્ગને કારણે શિથિલાચાર તરફ તત્પર થાય છે અને રાજકન્યા જેમ ગીત સાંભળીને નિવર્તન પામી તેમ તે સાધુ ગીતાર્થના ઉપદેશથી નિવૃત્ત થાય છે તે નિવૃત્તિ છે. અથવા ભગવાને જેનું વારણ કર્યું છે તેવા ભોગાદિને અભિમુખ થયેલા સાધુ પાતને અભિમુખ થયા છતાં ઉપદેશ સાંભળીને પાપથી નિવૃત્ત થયા તે નિવૃત્તિ છે.

નિવૃત્તિના પ્રથમ દૃષ્ટાંતમાં પાસત્થાના સંસર્ગને કારણે સુસાધુ પાતને અભિમુખ થાય છે અને બીજા દૃષ્ટાંતમાં સહજ પ્રમાદને વશ કર્મના ઉદયથી સુસાધુ પાતને અભિમુખ થાય છે અને પાતને અભિમુખ થયા પછી ઉપદેશને સાંભળીને પાપથી નિવૃત્ત થાય છે. **॥૧થી ૫॥**

# ઢાળ સોળમી – પ્રતિક્રમણ શબ્દના છટ્ઠા "નિંદા" પર્યાય ઉપર દૃષ્ટાંત

(રાગ : અહો મતવાલે સાહિબા-એ દેશી)

ગાથા :-

**નિંદા તે પડિક્કમણ છે, દૃષ્ટાંત ચિત્રકર-પુત્રી રે;**
**એક નગરે એક નૃપતિ છે, તે સભા કરાવે સચિત્રી રે.**
**ભવિ ! સુભાષિત રસ ગ્રહો. ૧ એ આંકણી.**

ગાથાર્થ :-

પ્રતિક્રમણ તે નિંદા છે. તેમાં દૃષ્ટાંત ચિત્રકારની પુત્રી છે. એક નગરમાં એક રાજા છે તે સચિત્રવાળી રાજસભા કરાવે છે. ભવિ જીવો ! સુભાષિતનો રસ ગ્રહણ કરો=પ્રતિક્રમણના નિંદા પર્યાયરૂપ સુભાષિતનો રસ ગ્રહણ કરો. ॥૧॥

ગાથા :-

**આપી ચિત્રકાર સર્વને, તેણે ચિત્રવા ભૂ સમભાગે રે;**
**ચિત્રવા તે એકને દીવે, ભાત આણી પુત્રી રાગે રે. ભવિ૦ ૨**

ગાથાર્થ :-

તે રાજાએ સર્વ ચિત્રકારને ચિત્ર કરવા ભૂ સમભાગે આપી=સરખા ભાગે ચિત્રશાલાની ભીંત આપી. એક ચિત્રકારને ચિત્રવા=ચિત્ર કરવા, તે દીયે=રાજા આપે છે અને તેની પુત્રી=ચિત્રકારની પુત્રી, રાગથી ભાત લાવે છે=ચિત્રકારને માટે ભોજન લાવે છે. ॥૨॥

ગાથા :-

**રાજા આવે વેગે હયેં, કષ્ટેં નાઠી તે આવે રે;**
**ભાત આણી તેમ તે રહી, તાત દેહ-ચિંતાયે જાવે રે. ભવિ૦ ૩**

ગાથાર્થ :-

તે વખતે રસ્તામાં હયે=ઘોડા ઉપર, રાજા વેગથી આવે છે. કષ્ટથી નાઠી રે=ઘોડાથી બચવા માટે મુશ્કેલીથી નાસીને, તે ચિત્રકારની પુત્રી આવે છે=પોતાના પિતા પાસે ભોજન લઈને આવે છે. ભાત આણી=ભોજન લાવીને, તેમ તે રહી=તે સ્થાને તે રહી. પિતા દેહચિંતા માટે જાય છે. ॥૩॥

ગાથા :-

આલેખે શિખિપિચ્છ સા, વાને કરી કુટ્ટિમ દેશે રે;
ગત આગત કરતો તિહાં, નૃપ દેખે લલિત નિવેશે રે. ભવિ૦ ૪

ગાથાર્થ :-

તેણી=તે ચિત્રકારની પુત્રી, "શિખિપિચ્છ"=મોરનું પીંછુ, આલેખે છે. કોનાથી આલેખે છે તો કહે છે : કુટ્ટીમ દેશમાં=રાજાએ આપેલ દેશને કુટીને સરખા કરેલા સ્થાનમાં, વાને કરીને=ચિત્ર દોરવાના સાધન વડે, સા=તે=ચિત્રકારની પુત્રી, શિખિન પિચ્છ=મોરના પીંછાને, આલેખે છે. ત્યાં આવ-જાવ કરતો લલિતવેશવાળો રાજા=સુંદર વેશવાળો રાજા, દેખે છે=ચિત્રકારની પુત્રીએ દોરેલા શિખિપિચ્છને જુએ છે. ॥૪॥

ગાથા :-

તે ગ્રહવા કર વાહિયો, નખ ભાગા હસી સા બોલે રે;
'મૂર્ખ મંચ ત્રિક પાદથો, તૂં હુઓ ચોથાને તોલે રે.' ભવિ૦ ૫

ગાથાર્થ :-

તે ગ્રહણ કરવા=શિખિપિચ્છને ગ્રહણ કરવા, કર વાહિયો=હાથને પ્રવર્તાવ્યો. નખ ભાંગ્યો. હસીને તે=ચિત્રકારની પુત્રી, બોલે છે. મૂર્ખ મંચ ત્રણ પાદનો તું ચોથો તે તોલે થયો=મૂર્ખ મંચના ત્રણ પાદો હતા તેમાં તું ચોથા પાદ તોલે થયો. ॥૫॥

ગાથા :-

**નૃપ કહે 'કિમ' ? તવ સા કહે, 'રાજ મારગે ઘોડો દોડાવે રે;'**
**જીવી પુણ્યે હું તેહથી, એ પહેલો પાયો મનિ આવે રે. ભવિ૦ ૬**

ગાથાર્થ :-

રાજા તે પુત્રીને પૂછે છે કેવી રીતે ? ત્યારે તે કહે છે રાજમાર્ગમાં ઘોડો દોડાવે છે. હું પુણ્યથી તેનાથી=ઘોડાથી, જીવી છું. તે પહેલો પાયો મનમાં આવે છે. ॥૬॥

ગાથા :-

**બીજો પાયો નરપતિ, સમભાગ સભા જેણે આપી રે;**
**વૃદ્ધ તરુણ કોઈ નવિ ગણ્યો, ત્રીજો તાત તે જેણે મત થાપી રે. ભવિ૦ ૭**
**દેહચિંતાયે તે ગયો, અન્ન ટાઢું થાયે તે ન જાણે રે;**
**ચોથો તૂં શિખિ-પિચ્છ ક્યાં ? કિમ સંભવે ઇણે ટાણે રે ? ભવિ૦ ૮**

ગાથાર્થ :-

બીજો પાયો રાજા, જેણે સમાન ભાગે આ સભા આપી. વૃદ્ધ તરુણ કોઈ ન ગણ્યો=વૃદ્ધ યુવાનનો ભેદ પાડ્યો નહિ. ત્રીજો મૂર્ખ મારો પિતા છે. જેણે મને થાપીને=મૂકીને, દેહચિંતાએ ગયો. અન્ન=ભોજન, ઠંડું થાય છે તે જાણતો નથી. ચોથો તું છે કે મોરપીંછ અહીં ક્યાં સંભવે ? ॥૭-૮॥

ગાથા :-

**ચિત્ત ચમક્યો રાજા ગયો, ઘરિ સા ગઈ બાપ જિમાડી રે;**
**સ્મર શર સમ તાસ ગુણે હર્યું, નૃપ-ચિત્ત તે મૂક્યું ભગાડી રે. ભવિ૦ ૯**

ગાથાર્થ :-

ચિત્તમાં ચમત્કાર પામી રાજા ગયો અને તે બાપને જમાડી ઘરે ગઈ. કામના બાણની જેમ તેના ગુણોએ રાજાનું ચિત્ત હર્યું. તેથી તે કામે નૃપના ચિત્તને ભગાડી મૂક્યું=તેના ચિત્તને પોતાની પ્રવૃત્તિમાંથી દૂર કરીને ચિત્રકારની પુત્રીમાં લાગી રહ્યું. ||૯||

ગાથા :-

વેધક વયણેં મારકે, પારકે વશ કીધો રાજા રે,
વિણ માશુક ને આસકી, કહો કિમ કરી રહેવે તાજા રે ?
ભવિ૦ ૧૦

ગાથાર્થ :-

મારક એવા પારકા વેધક વચનથી રાજા વશ કીધો=ચિત્રકારની પુત્રીએ રાજાને વશ કર્યો. માશુક વિના=બાલિકા વિના, આસક્ત=પ્રેમ, કેવી રીતે તાજા રહે ? ||૧૦||

ગાથા :-

હુઈ ત્રિયામા શત યામિની, તસ માત તે પ્રાત બોલાવી રે,
કહે 'તુમ્હ પુત્રી દીજીએ' 'કિમ દારિદ્રેં વાત એ થાવી રે?'
ભવિ૦ ૧૧

ગાથાર્થ :-

રાત્રી સો રાત્રી જેવી થઈ=રાજાની એક રાત્રી સો રાત્રી જેવી થઈ. સવારમાં તેની માતાને=કન્યાની માતાને બોલાવી રાજા કહે છે. તમારી પુત્રી આપો. તેની માતા કહે છે દારિદ્રમાં આ વાત કઈ રીતે થાય ? ||૧૧||

ગાથા :-

રાજાએ ઘર તસ ધન ભરિઉં, મનોહરણી તે વિધિસ્યું પરણી રે;
દાસી કહે 'નૃપ જિહાં લગે, નાવે કથા કહો એક વરણી રે.'
ભવિ૦ ૧૨

ગાથાર્થ :-

રાજાએ તેનું ઘર ધનથી ભર્યું અને મનને હરનારી એવી=ચિત્રકારની પુત્રીને, વિધિથી પરણ્યો. હવે તે પુત્રી રાણી થયા પછી દાસીને કહે છે. નૃપ=રાજા, જ્યાં સુધી આવે નહિ ત્યાં સુધી "એક સુંદર કથા કહો". એમ તારે મને કહેવું. ||૧૨||

ગાથા :-

સા કહે 'એક પુત્રી તણા, સમકાલે ત્રણ વર આવ્યા રે;
નિજ ઈચ્છાએ જૂઆ જૂઆ, માએ ભાઇએ બાપે વરાવ્યા રે.
ભવિ૦ ૧૩

ગાથાર્થ :-

રાજરાણી કહે છે કે એક પુત્રી તણા સમકાલે ત્રણ વર આવ્યા. પોતાની ઈચ્છાએ માએ, ભાઈએ, બાપે જુદા જુદા વરાવ્યા=પુત્રી આપવાનું નક્કી કર્યું. ||૧૩||

ગાથા :-

રાત્રે સા સાપે ડસી, તે સાથે બાલ્યો એક રે,
અણસણ એક કરી રહ્યો, સુર આરાધે એક સુવિવેક રે.
ભવિ૦ ૧૪

આપે સંજીવિની મંત્ર તે, જીવાડ્યાં તે બિહુ તેણે રે;
ત્રણ્યે મિલિયા સામટા, કેહને દીજે કન્યા કેણે રે ?
ભવિ૦ ૧૫

દાસી કહે 'જાણું નહિ, તું કહે જે જાણે સાચું રે;'
સા કહે 'અબ નિદ્રાલૂ છું, કાલે કહેશ્યું જાણું જે જાચું રે.'
ભવિ૦ ૧૬

ગાથાર્થ :-

રાત્રે સાપે તેને ડંસી તેની સાથે એકને બાલ્યો=તે ત્રણ વરમાંથી એક બળીને મર્યો. બીજો અનશન કરીને રહ્યો અને ત્રીજો વિવેકપૂર્વક સુર=દેવને, આરાધે છે. તે સુરે સંજીવનીમંત્ર આપ્યો. જેનાથી કન્યા અને સાથે મરેલા બન્નેને જીવાડ્યાં. ત્રણે સામટા મળ્યા. તેથી કન્યા કોને આપવી જોઈએ ? તે પ્રમાણે ચિત્રકારની પુત્રી દાસીને પૂછે છે. દાસી કહે હું જાણતી નથી તું કહે તે સાચું. ત્યારે ચિત્રકારની પુત્રી કહે છે હવે હું નિદ્રાલુ છું કાલે કહીશ. ॥૧૪-૧૫-૧૬॥

ગાથા :-

રાજા પ્રચ્છન્ન તે સાંભલે, બીજે પણ દિન દિએ વારો રે;
ગુણે કરી વેચાતો લીએ, ચીતારી કહે ઉત્તર સારો રે. ભવિ૦ ૧૭

ગાથાર્થ :-

રાજા પ્રચ્છન્ન=છૂપી રીતે, તે કથા સાંભળે છે. બીજા દિવસે પણ તે રાજા તેણીને વારો આપે છે. ગુણે કરીને=કથા કહેવાના ગુણે કરી, વેચાતો લીયે=તે ચિત્રકારની પુત્રીએ રાજાને પોતાને વશ કર્યો.

બીજા દિવસે ચિતારી કહે ઉત્તર સારો છે=સુંદર જવાબ છે. તે ઉત્તર બતાવે છે. ॥૧૭॥

ગાથા :-

સાથે જીવ્યો તે ભ્રાતા હુઓ, જેણે જીવાડી તે તાતો રે;
અનશનીયાને દીજીયે, એ તો પ્રાણનું પણ વિખ્યાતો રે. ભવિ૦ ૧૮

ગાથાર્થ :-

બળીને મરનારો અને સાથે જીવ્યા તે ભ્રાતા હુઆ. સંજીવની આપી જીવાડી તે તાત=પિતા થયો. અનશનીયાને દીધી તે પ્રાણનું વિખ્યાત છે=તે પ્રેમી તરીકે વિખ્યાત છે. ॥૧૮॥

ગાથા :-

દાસી કહે 'બીજી કહો,' સા કહે 'એક નૃપ તે સારો રે;
ઘડે આભરણ અંતેઉરે, ભોયરમાં રહ્યા સોનારો રે. ભવિ૦ ૧૯
તિહાંથી નીકલવું નથી, પણિ દીપતણું અજુઆલું રે;
'કુણ વેલા' ! એકે પૂછ્યું કહે, 'તે રાતિ, અંધારું છે કાલું રે.'
ભવિ૦ ૨૦

ગાથાર્થ :-

વળી દાસી કહે છે બીજી કથા કહો. ત્યારે તે ચિતારી કહે : એક સુંદર રાજા હતો. તેના અંતેઉરના ભોંયરામાં રહીને સોનારો=સોનીઓ આભરણો ઘડે છે. તે સોનીઓને ત્યાંથી નીકળવું નથી પણ દીવાનું અજવાલું વર્તે છે. તે સોનીઓમાંથી એક પૂછે છે : કઈ વેલા છે ? તો તે એક સોની કહે છે કે કાલું અંધારું છે માટે રાત્રી છે. ।।૧૯-૨૦।।

ગાથા :-

'કિમ જાણે' ? દાસી કહે, 'જે સૂર્ય ચંદ્ર ન દેખે રે';
'કાલે કહશ્યું આજે ઉંઘશ્યું, મોજમાં કહિએ તે લેખે રે.'
ભવિ૦ ૨૧

ગાથાર્થ :-

ભોંયરામાં સૂર્ય ચંદ્ર દેખાતા નથી છતાં તે સોનીએ કઈ રીતે જાણ્યું ? તે પ્રમાણે દાસી પૂછે છે. "કાલે કહીશું, આજે ઊંઘશું" કેમ કે મોજમાં કહીને તે લેખે=લેખે લાગે, અર્થાત્ ઊંઘ વગર સ્વસ્થતાથી કહીએ તે લેખે લાગે. ।।૨૧।।

ગાથા :-

બીજે દિન સા તિમ વદે, 'રાત્ર્યંધ તે જાણે વેલા રે;'
અવર કથા પૂછી કહે, નૃપ એક ને ચોર બે ભેલા રે. ભવિ૦ ૨૨
પેટીમાં ઘાલી સમુદ્રમાં, વહી સા તટ કિહાં લાગી રે;
કેણે ઉઘાડી દેખીયા, પૂછ્યું 'કેતે દિને ત્યાગી રે ?' ભવિ૦ ૨૩

'ચોથો દિન છે' એક કહે, 'દાસી કહે તે કિમ જાણે રે ?'
બીજે દિને સા હસી કહે, 'તુર્યજ્વરને પરમાણે રે' ભવિ૦ ૨૪

ગાથાર્થ :-

બીજે દિવસે તે=ચિત્રકારની પુત્રી, તેમ કહે છે : "રાત્ર્યંધ તે વેળાને જાણે છે. સોની રાત્ર્યંધ હોવાને કારણે તે રાત્રીમાં દેખતો બંધ થયો એટલે જાણ્યું કે રાત્રિ પડી છે. અવર કથા=બીજી કથા, દાસીએ પૂછી. તે કહે છે : રાજા એક અને બે ચોર ભેલા=એક રાજાએ બે ચોરને ભેગા, પેટીમાં નાંખીને તે પેટી સમુદ્રમાં મૂકી જે વહેતી વહેતી કિનારા પર ક્યાંક લાગી. કોઈએ ઉઘાડી પૂછ યું કેટલા દિવસે ત્યાગી ? એક કહે છે "ચોથો દિવસ છે" દાસી કહે કેમ જાણે ? બીજે દિવસે તે હસીને કહે છે તુર્યજ્વરના પરિણામને કારણે=ચોથે દિવસે તાવ આવે તેવા પરિણામને કારણે, તે ચોથો દિવસ છે એમ કહે છે=તે ચોરને ચોથીઓ તાવ આવતો હતો, તેથી પેટીમાં નાખ્યો તેને આગલે દિવસે તાવ આવેલો તે પાછો નીકળ્યો તે દિવસે આવ્યો. માટે ચોથો દિવસ કહી શક્યો. ॥૨૨-૨૩-૨૪॥

ગાથા :-

પૂછી કહે 'દો શોક્ય છે, એક નગરે રત્નવતી પહેલી રે;
વિશ્વાસ બીજીનો નહિ કરે, ઘટે ઘાલે રતન તે વહેલી રે. ભવિ૦ ૨૫
લીંપી મુંદી ઘટ મુખ રહે, બીજી રતન લેઈ ઘટ મુંદે રે;
રતન ગયા તેણીએ જાણીયા, દાસી કહે 'તે કિમ વિંદે રે ?'
ભવિ૦ ૨૬

ગાથાર્થ :-

દાસીએ ફરી કથા પૂછી તેથી તે કથા કહે છે : એક નગરમાં બે શોક્યાઓ છે. એક શોક્ય રત્નવાળી અને બીજી ધન વગરની છે. બીજીનો વિશ્વાસ નહિ કરે=પહેલી વિશ્વાસ કરતી નથી, તે વહેલી= અગાઉથી, ઘટને લીંપીને મુદ્રા કરીને રહે છે. બીજી રત્નને લઈને ઘટને

ફરી મુદ્રા કરે છે. રત્ન ગયાં તેણીએ જાણ્યાં=પહેલી સ્ત્રીએ રત્ન ગયાં તે જાણ્યાં, દાસી પૂછે છે તે કેમ જાણ્યાં ? ।।૨૫-૨૬।।

ગાથા :-

**બીજે દિન કહે 'ઘટ કાચનો, છતાં દીસે હરિયાં ન દીસે રે;'**
**પૂછી કહે બીજી કથા, 'ઈક નૃપ ને સેવક ચાર હીસે રે. ભવિ૦ ૨૭**
**સહસ્રયોધી, વૈધ, રથકરૂ, ચોથો નિમિત્તવેદી છે સારો રે;**
**પુત્રી એક છે મનહરૂ, કિહાં લઇ ગયો ખેચર પ્યારો રે. ભવિ૦ ૨૮**

ગાથાર્થ :-

બીજે દિવસે તે કહે છે. ઘટ કાચનો છે છતાં=વિધમાન હોય તો દેખાય છે. હરાયા છે માટે દેખાતા નથી=રત્નો ચોરાયા છે માટે દેખાતા નથી. ફરી દાસીએ કથા પૂછી તે=ચિત્રકારની પુત્રી, બીજી કથા કહે છે. એક રાજાને ચાર સેવક હતા. સહસ્રયોધી, વૈધ, રથકાર અને ચોથો નિમિત્તવેદી. તે રાજાને એક મનોહર પુત્રી છે. ક્યાંકથી ખેચર પ્યારો= પ્રેમવાળો કોઈક ખેચર, તે પુત્રીને લઈ ગયો. ।।૨૭-૨૮।।

ગાથા :-

**જે આણે તસ નૃપ દિએ, ઈમ સુણી નિમિત્તિયો દિશિ દાખે રે;**
**રથકાર તે રથ ખગ કરે, ચારે ચાલ્યા રથ આખે રે. ભવિ૦ ૨૯**

ગાથાર્થ :-

રાજાએ કહ્યું કે જે પુત્રીને આણશે તેને રાજા પુત્રી આપશે. એમ સાંભળીને નિમિત્તિયો દિશા બતાવે છે. રથકાર તે રથ ખગ કરે=રથકાર આકાશમાં રથને કરે છે. તે ચારેય આખા રથ સાથે ચાલ્યા. ।।૨૯।।

ગાથા :-

**સહસ્રેં ખેચર હણ્યો, તેણે મરતે, કન્યા મારી રે;**
**વૈધ જીવાડે ઔષધે, ચારેને દિએ નૃપ અવિચારી રે. ભવિ૦ ૩૦**

ગાથાર્થ :-

સહસ્ત્રે ખેચરને હણ્યો, તેણે=ખેચરે મરતાં મરતાં કન્યાને મારી. વૈદ્ય ઔષધથી જીવાડે છે. અવિચારી નૃપ ચારેયને પોતાની કન્યા આપે છે. ॥૩૦॥

ગાથા :-

કન્યા કહે 'એક ચારની, નવિ થાઉં, જે પેસે આગે રે;
હું તેહની છું સ્ત્રી' 'હવે કહે પેસશે તિહાં કુણ રાગે રે ?'
ભવિ૦ ૩૧

ગાથાર્થ :-

કન્યા કહે છે : એક એવી હું ચારની થાઉં નહીં. જે મારી સાથે આગમાં પેસે તેની હું સ્ત્રી થાઉં. હવે રથકાર કહે છે ત્યાં=અગ્નિમાં, રાગથી કોણ પેસશે ? ॥૩૧॥

ગાથા :-

દાસી કહે 'બીજો કુણ કહે ?' બીજે દિને કહે સા 'તે નિમિત્તી રે;
જે નિમિત્તે જાણે મરે નહિ, ચય સાથે પેઠો સુચિત્ત રે. ભવિ૦ ૩૨

ગાથાર્થ :-

દાસી કહે છે : બીજો કુણ કહે=આનો જવાબ બીજું કોણ કહે ? ત્યારે તે ચિત્રકારની પુત્રી કહે છે બીજે દિવસે કહીશ. તે બીજે દિવસે કહે છે જે નિમિત્તથી જાણે છે હું મરવાનો નથી તે નિમિત્તી=નિમિત્તિયો, પેસશે=જે નિમિત્ત જાણે છે કે મરશે નહિ=આ કન્યા અને હું મરવાનાં નથી. તેથી તે નિમિત્તિયો સ્ત્રી સાથે ચયમાં=બળવા માટે તૈયાર કરેલી ચિતામાં, સુચિત્ત=નિશ્ચિંત ચિત્ત, સાથે પેઠો. ॥૩૨॥

ગાથા :-

રંગે સુરંગે નીકલી, અંગે સાજો પરણે કન્યા રે;'
બીજી કથા કહે 'એક સ્ત્રી, માગે હેમ-કટક દુગ ધન્યા રે.
ભવિ૦ ૩૩

મૂલ રૂપક દેઈ કોઈ દિએ, તેણે ઘાલ્યાં સુતાને હાથે રે;
પ્રૌઢ થઈ તે ન નીસરે, માગે મૂલ રૂપક સાથે રે. ભવિ૦ ૩૪
બીજા દીધાં વાંછે નહિ' 'શું કરવું ?' કહે ઈહાં દાસી રે;
સા કહે 'અવર ન ચતુર છે, તું કહે ને કરે શું હાંસી રે ?'
ભવિ૦ ૩૫
બીજે દિને કહે 'તેહ જો, રૂપક દીયે કટક તો દીજે રે;'
ભૂપ આખ્યાને એહવે, નિજ ઘરે ષટ્ માસ આણીજે રે. ભવિ૦ ૩૬

ગાથાર્થ :-

અને રંગપૂર્વક તે કન્યા સાથે સુરંગથી નીકળી અંગે સાજો=સાજા અંગવાળો, કન્યાને પરણે છે. દાસી કહે છે : બીજી કથા કહો. તેથી તે કથા કહે છે. ધન્ય એવી એક સ્ત્રી સુવર્ણનાં બે કડાં તેના મૂલ્યના બદલામાં અનામત રૂપિયા આપીને પાછા આપવાની શરતે માંગ્યાં અને કોઈએ તે કડાં આપ્યાં જે તેણે પુત્રીના હાથમાં પહેરાવ્યાં. પુત્રી પ્રૌઢ થઈ ત્યારે તે કડાંનો ધણી કડાં માંગે છે અને કહે છે તમારા પૈસા લો. પરંતુ તે પુત્રી પ્રૌઢ થયેલી હોવાથી તે કડાં નીકળતાં નથી અને તે પુરુષ રૂપક=પૈસા, આપીને તે કડાં માંગે છે. બીજાં કડાં ઈચ્છતો નથી=તે સ્ત્રીએ કહ્યું કે તારાં કડાં જેવાં જ બીજાં નવાં કડાં કરાવી આપું તોપણ તે પુરુષ નવાં કડાં નહિ પણ પોતે આપેલાં કડાં જ માંગે છે. ત્યારે તે સ્ત્રી બોલી કે "શું હું મારી પુત્રીના હાથ કાપીને તારાં કડાં કાઢી આપું ?" તો તે સ્ત્રી શું કરે ? એ પ્રમાણે ચિત્રકારની પુત્રી દાસીને કહે છે : ત્યાં દાસી કહે છે તું જ કહે. બીજો કોઈ ચતુર નથી. મારી શું હાંસી કરે છે ? તેણીએ કહ્યું કે બીજે દિવસે કહીશ. બીજે દિવસે રાણીએ (ચિત્રકારની પુત્રીએ) ખુલાસો કર્યો કે "પેલી સ્ત્રીએ યુક્તિ વિચારીને તે પુરુષને કહ્યું કે "જો તારે તે કડાં જ જોઈતાં હોય તો મેં જે રૂપિયા આપેલા તે જ મને પાછા આપ" આમ સાંભળીને તે પુરુષ ચૂપ થઈને ચાલ્યો ગયો.

આ રીતે કથા દ્વારા તે ચિત્રકારની પુત્રી છ માસ સુધી રાજાને પોતાના ઘરે લાવે છે. ॥૩૩-૩૪-૩૫-૩૬॥

ગાથા :-

**શોક્ય જૂવે છિદ્ર તેહનાં, ઓરડામાં રહી ચીતારી રે;**
**પહેરી વસ્ત્રાદિક મૂલગાં, જીવને કહે સંભારી રે. ભવિ૦ ૩૭**

ગાથાર્થ :-

શોક્ય સ્ત્રીઓ તેનાં છિદ્ર જુએ છે. ચિત્રકારની પુત્રી ઓરડીમાં રહી. વસ્ત્રાદિક મૂલગાં=જૂનાં વસ્ત્રાદિને, પહેરી પોતાની પૂર્વાવસ્થાને સંભારી જીવને કહે છે. ।।૩૭।।

અવતરણિકા :-

તે ચિત્રકારની પુત્રી જૂનાં વસ્ત્રાદિ પહેરી જીવને શું કહે છે તે કહે છે -

ગાથા :-

**રાજવંશ પત્ની ઘણી, રાજાને તું સીકારું રે;**
**નૃપ માને જે પુણ્ય તે, બીજી મૂકી રૂપે વારુ રે. ભવિ૦ ૩૮**

ગાથાર્થ :-

રાજવંશની ઘણી પત્ની રાજાને છે. તું સીકારું=તું સ્વીકાર્ય છે. તારા પુણ્યના કારણે બીજી રૂપવાળી સ્ત્રીઓને મૂકીને રાજા તને માને છે. ।।૩૮।।

ગાથા :-

**ઈમ કરતી તે દેખી સદા, રાજાને શોક્ય જણાવે રે;**
**કામણ એ તુઝને કરે, રાખો જીવને જો ચિત્ત ભાવે રે. ભવિ૦ ૩૯**

ગાથાર્થ :-

આ પ્રમાણે સદા કરતી તેને દેખીને શોક્ય રાણીઓ રાજાને જણાવે છે. આ ચિત્રકારની પુત્રી તમને કામણ કરે છે. જો ચિત્તને ગમે તો રાખો=પોતાનું રક્ષણ કરો. ।।૩૯।।

ગાથા :-

**આત્મનિંદા કરતી નૃપે, દેખી કીધી સા પટરાણી રે;**
**દ્રવ્ય-નિંદા એ ભાવથી, કરે જે સંયત સુહ નાણી રે. ભવિ૦ ૪૦**

ગાથાર્થ :-

**રાજાએ તે ચિત્રકારની પુત્રીને આ રીતે આત્મનિંદા કરતી જોઈ પોતાની પટ્ટરાણી કરી. આ દ્રવ્યનિંદા છે. જે સંયત=સાધુ, ભાવથી નિંદા કરે તે સુખી અને જ્ઞાની થાય. ॥૪૦॥**

અવતરણિકા :-

હવે, સાધુ કઈ રીતે ભાવથી નિંદા કરે તે સજ્ઝાયકાર કહે છે –

ગાથા :-

**દશ દ ષ્ટાંતે દોહિલો લહી, નરભવ ચારિત્ર જો લહિયું રે;**
**તો બહુશ્રુત મદ મત કરો, બુધ કહવું સુજસ તે કહિયું રે.**
**ભવિ૦ ૪૧**

ગાથાર્થ :-

**દસ દૃષ્ટાંતથી દોહિલો નરભવ=મનુષ્યભવ, પામીને જો ચારિત્ર પામ્યો છે તો બહુશ્રુતનો મદ કરો નહિ. તે પ્રમાણે બુધે વિચારવું તે 'સુજસ'ને કરનારું છે. ॥૪૧॥**

ભાવાર્થ :-

જેમ નિપુણ બુદ્ધિવાળી એવી તે ચિત્રકારની પુત્રી રાજાને પોતાની બુદ્ધિથી આવર્જિત કરી શકી છતાં પોતાની ચતુરાઈનું અભિમાન કરતી નથી પરંતુ વિચારે છે કે રાજાને તો રાજવંશની ઘણી પત્નીઓ છે તોપણ મને માન આપે છે તે મારું પુણ્ય છે. આમ વિચારીને પોતાની નિંદા કરે છે અને તે નિંદા ગુણને જોઈને રાજાએ તેને પટ્ટરાણી કરી. તેમ જે સાધુઓ દુર્લભ એવા મનુષ્યભવને પામીને ચારિત્ર ગ્રહણ કરે છે, બહુ શાસ્ત્રો ભણે છે તેથી સંસારી જીવો "ત્યાગી

અને બહુશ્રુત" તરીકે તે મહાત્માને આદર આપે છે પરંતુ જે સાધુ વિચારે છે કે તીર્થંકરો, ગણધરો, પૂર્વના ઋષિઓ આદિ જેવા ગુણસંપન્ન હતા તેવો ગુણસંપન્ન હું નથી છતાં આ મારા ત્યાગના અને યત્કિંચિત્ શાસ્ત્ર-અભ્યાસના માહાત્મ્યથી લોકો મને આદર-સન્માન આપે છે તોપણ "હું ચારિત્રી બહુશ્રુત છું માટે લોકોએ મને માન આપવું જોઈએ" તેવી બુદ્ધિરૂપ મદને ધારણ કરતા નથી તેઓ ચારિત્રના અને શ્રુતના મદ વગરના થઈને 'સુયશ'ને પ્રાપ્ત કરે છે.

વિશેષ એ છે કે અહીં પ્રતિક્રમણના પર્યાયરૂપ 'નિંદા' શબ્દથી પોતાના દુષ્કૃતની નિંદા નથી પરંતુ પોતાને બહુશ્રુતનો મદ ન થાય તે પ્રમાણે પૂર્વના બહુશ્રુત આગળ પોતે અલ્પશ્રુતવાળા છે તે પ્રકારની આત્મનિંદા દ્વારા મદના પરિહારના યત્નરૂપ પ્રતિક્રમણનો 'નિંદા' પર્યાય છે. **॥૧થી ૪૧॥**

# ઢાળ સત્તરમી – પ્રતિક્રમણ શબ્દના સાતમા “ગર્હા” પર્યાય ઉપર દૃષ્ટાંત

(રાગ : રાજાજી હો રાણાજી, અથવા રાણાજી હો જાતીરો કારણ માહરે કોઈ નહિ-એ દેશી)

ગાથા :-

ગર્હા તે નિંદા પરસાખિશ્યુંજી, તે પડિક્કમણ પરયાય;
દૃષ્ટાંત તિહાં પતિ-મારિકાજી, વર્ણવ્યો ચિત્ત સુહાય.
સાચલો ભાવ મન ધારજોજી. ૧

ગાથાર્થ :-

‘ગર્હા’ તે પરસાક્ષીક નિંદા. તે ‘પ્રતિક્રમણ’નો પર્યાય છે. ત્યાં “પતિ-મારિકા”નું દૃષ્ટાંત વર્ણવ્યું છે. જે ચિત્તને સોહાય છે. સાચો ભાવ મનમાં ધારણ કરજો=ગર્હાનો સાચો ભાવ મનમાં ધારણ કરજો. ।।૧।।

ગાથા :-

કિહાં એક અધ્યાપક વિપ્ર છેજી, છે રે તરુણી તસ ભજ્જ;
‘કાક બલિ દેહિ પ્રિય !’ ઇમ કહેજી, સા કહે ‘બિહું હું અજ્જ.’
સાચલો૦ ૨

ગાથાર્થ :-

કોઈક નગરમાં એક અધ્યાપક વિપ્ર છે. તરુણી=યુવાન, તેની ભાર્યા છે. તે અધ્યાપક પ્રિયાને કહે છે “કાકને બલિ આપ.” પત્ની કહે છે “હે આર્ય ! હું બીહું=ડરું છું.” ।।૨।।

ગાથા :-

ભીરુ તે જાણી રાખે ભલેજી, વારે વારે ઘણા છાત્ર;
ઉપાધ્યાયના રે આદેશથીજી, માન્ય છે તેહ ગુણપાત્ર. સાચલો૦ ૩

ગાથાર્થ :-

તે ભીરૂ જાણી=તે સ્ત્રીને ડરપોક જાણી, ભલાપણાથી વિપ્ર વારે વારે=વારાફરતી ઘણા છાત્ર રાખે છે. અર્થાત્ તેને ભય ન લાગે તેના માટે પોતાના છાત્ર=વિદ્યાર્થીને, તેની સંભાળ રાખવા રાખે છે. ઉપાધ્યાયના આદેશથી તે ગુણપાત્ર એવો એક=છાત્ર, માન્ય છે=પત્નીની સંભાળ રાખવા માટે માન્ય છે. ॥૩॥

ગાથા :-

મહાઠગ તે ઠગને ઠગેજી, એક કહે 'મુગ્ધ ન એહ;
જાણું હું ચરિત્ર સવિ એહનુંજી, સહજથી કપટ અછેહ.'
સાચલો૦ ૪

નર્મદાના પર કૂલમાંજી, ગોપશ્યું સા નિશિ આય;
અન્યદા નર્મદા ઉતરેજી, કુંભે સા ચોરપણે જાય. સાચલો૦ ૫

ગાથાર્થ :-

મહાઠગ એવો તે છાત્ર ઠગ એવી તે સ્ત્રીને ઠગે છે. અને કહે છે કે "આ મુગ્ધ નથી"=આ સ્ત્રી ભોળી નથી. હું એનું સર્વ ચારિત્ર જાણું છું. આ સ્ત્રી સહજથી કપટવાળી છે. આ પ્રમાણે વિચારીને તે છાત્ર તે સ્ત્રીના કપટને જાણવા માટે યત્ન કરે છે. તે સ્ત્રી રાત્રે નર્મદાના સામા કિનારે ગોવાળિયાઓ સાથે આવે છે અને અન્યદા કુંભ વડે=ઘડા વડે, નર્મદાને ઊતરે છે અને ચોરની જેમ જાય છે=પતિને ખબર ન પડે તે રીતે જાય છે. ॥૪-૫॥

ગાથા :-

ચોર એક ગ્રહ્યો રે જલજંતુએજી, રોઈ કહે સા દગ ઢાંકી;
'તીરથ મેલ્હીને મ ઉતરોજી, જાઈ કુતીર્થ તે વાંકી.' સાચલો૦ ૬

ગાથાર્થ :-

તે નદીમાં ચોરો ઊતરતા હતા તેમાંથી એક ચોરને જલજંતુએ પકડ્યો.

રડતા તેવા તે ચોરને તે=અધ્યાપકની સ્ત્રી, કહે છે : આંખ ઢાંકી દે=જલજંતુની આંખ ઢાંકી દે, તો તને મૂકશે. એ રીતે કરતાં તે ચોર જલજંતુથી મુકાયો. ત્યારપછી તે સ્ત્રી તે ચોરને કહે છે : તીર્થને મૂકીને=માર્ગને મૂકીને, ઊતરશો નહિ. જાઈ કુતીર્થ=જાણી કુતીર્થ વાંકી એવી તે સ્ત્રી નદીથી ઊતરીને પોતાના ઈષ્ટ સ્થાને જાય છે. ॥૬॥

ગાથા :-

**જોઈ ઈમ છાત્ર પાછો વલ્યોજી, બીજે દિને બલિ દેત;**
**રાખતો છાત્ર ભલી પરે કહેજી, શ્લોક એક જાણણ હેત. સાચ૦ ૭**

ગાથાર્થ :-

આ રીતે જોઈને તે છાત્ર=તેની રક્ષા માટે રહેલો તે છાત્ર, તેનું ઠગ ચરિત્ર જોઈને પાછો વળ્યો. બીજે દિવસે બલિને આપતો અને તેની સંભાળ રાખતો છાત્ર ભલી પરે શ્લોક એક જાણણ હેત=તે સ્ત્રીને જણાવવા માટે એક શ્લોક, કહે છે.

दिवा बिभेषि काकेभ्यो रात्रौ तरसि नर्मदाम् ।
कुतीर्थानि च जानासि जलजंत्वक्षिरोधनम् ।।

દિવસમાં કાકથી ડરે છે, રાત્રીએ નર્મદાને તરે છે, કુતીર્થ ને જાણે છે=નદીના કુમાર્ગોને અને જલજંતુના અક્ષિરોધનને જાણે છે. ॥૭॥

ગાથા :-

**સા કહે 'શું કરું ઉપવરેજી, તુઝ સરિખા નવિ દક્ષ;'**
**તે કહે 'બીહું તુજ પતિ થકીજી,' હુઈ તે પતિ મારી વિલક્ષ.**
**સાચ૦ ૮**

ગાથાર્થ :-

તેણી=તે સ્ત્રી, કહે છે શું કરું ? તુજ સરિખા દક્ષ નવિ ઉપવરેજી=તારા જેવા દક્ષ મારો સ્વીકાર કરતા નથી. તેથી રાત્રે નર્મદા ઊતરી જાઉં છું. તે=છાત્ર, કહે છે : તારા પતિથી ડરું છું. (ત્યારે) તે સ્ત્રી પતિને મારીને

**વિલક્ષ થઈ=(છાત્ર સાથે સંબંધ રાખવા માટે પતિને મારીને) વિચિત્ર થઈ. ॥૮॥**

**ગાથા :-**

**પોટલે ઘાલી અટવી ગઈજી, થંભે શિર વ્યંતરી તેહ;**
**વન ભમે માસ ઉપર લગેજી, ભૂખ ને તૃષા રે અછેહ. સાચ૦ ૯**

**ગાથાર્થ :-**

**પોટલે ઘાલી=પતિના મૃતદેહને પોટલામાં નાંખી, અટવી ગઈ=પોટલાને ફેંકવા માટે જંગલમાં ગઈ. વ્યંતરીએ તેના શિર ઉપર તે પોટલીને સ્થિર કરી. મહિના સુધી વનમાં ભમ્યા કરે છે. ભૂખ-તરસ ઘણી છે. ॥૯॥**

**ગાથા :-**

**ઘરિ ઘરિ ઈમજ ભિક્ષા ભમેજી, પતિ મારીને દિયો ભિખ;**
**ઈમ ઘણે કાલે જાતે થકેજી, ચિત્તમાં લહિઅ સા દિક્ખ. સાચ૦ ૧૦**
**અન્યદા સંયતી વંદતાંજી, શિરથકી પડીયો તે ભાર;**
**વ્રત ગ્રહી તે હલુઈ થઈજી, ગર્હાએ સુજસ સુખકાર. સાચ૦ ૧૧**

**ગાથાર્થ :-**

**ભૂખ-તરસથી આ રીતે ઘરે ઘરે ભિક્ષા માટે ભમે છે અને કહે છે પતિ મારીને=પતિને મારનાર એવી મને, ભિક્ષા આપો. આ પ્રમાણે ચિત્તમાં દિક્ખ લઈ=ખેદ લઈને, તે સ્ત્રી ઘણો કાલ થયે છતે અન્યદા= એકવાર, સંયતી=સાધ્વીને, વંદન કરતાં માથા ઉપરથી તે ભાર પડ્યો. વ્રત ગ્રહી તે હલકી થઈ. 'ગર્હા' તે સુજસ અને સુખને કરનાર છે. આ રીતે દુષ્કૃતની ગર્હા કરવી જોઈએ. ॥૧૦-૧૧॥**

**ભાવાર્થ :-**

જેમ તે અધ્યાપકની પત્નીએ નિ:શૂક ભાવથી પતિને મારવાનું પાપ કર્યું. ત્યારપછી પતિના મૃતદેહને પોટલામાં બાંધી ફેંકવા માટે જંગલમાં ગઈ. ત્યારે વ્યંતરીએ તે પોટલાને માથા ઉપર સ્થંભન કર્યુ. તેથી તેને=સ્ત્રીને, પશ્ચાત્તાપ

થાય છે અને પશ્ચાત્તાપને કારણે ઘરે-ઘરે ભિક્ષા માટે ફરતાં કહે છે : પતિને મારનારી એવી મને ભિક્ષા આપો. આ રીતે લોકોની સાક્ષીએ તેણે ઘણો કાળ નિંદા કરી. તેથી પોતાના પાપની ગર્હા=સ્વીકારના, કારણે પશ્ચાત્તાપવાળી એવી તે સંયતીને=સાધ્વીને, વંદન કરે છે ત્યારે તે પાપ હલકું થવાથી તે પોટલીનો ભાર તે સ્ત્રીના મસ્તક પરથી પડ્યો. અને પાપથી હલકી થયેલી એવી તેણીએ વ્રત ગ્રહણ કર્યું. તેમ જે સાધુ કે શ્રાવક કર્મને વશ થઈને વ્રતની મર્યાદાથી વિરુદ્ધ પાપો કરી લે ત્યારપછી કોઈક રીતે પોતાનાં પાપોનો તીવ્ર પશ્ચાત્તાપ થાય અને ગુરુ આદિની સાક્ષીએ તે પાપની નિંદા કરીને હલકા થાય અને સ્વીકારેલા વ્રતના વિષયમાં સ્થિર બને તો તેઓની તે "ગર્હા" સુજસ અને સુખને કરનાર થાય. **॥૧થી ૧૧॥**

# ઢાળ અઢારમી - પ્રતિક્રમણના આઠમા "શુદ્ધિ" પર્યાય પર પહેલું દૃષ્ટાંત

(રાગ : તે તરિયા રે ભાઈ તે તરિયા, જે વિષય ન સેવે વિરુઆરે - એ દેશી)

ગાથા :-

તે તરિયા રે ભાઈ તે તરિયા, ક્રોધાદિકથી જે ઉતરિયા રે;
સોહી-પડિક્કમણે આદરિયા, વસ્ત્ર દૃષ્ટાંત સાંભરિયા રે.
તે તરિયા૦ ૧ એ આંકણી૦

ગાથાર્થ :-

હે ભાઈ ! તેઓ તર્યા છે, તેઓ તર્યા છે જેઓ ક્રોધાદિથી ઊતર્યા છે. પ્રતિક્રમણમાં સોહી=શુદ્ધિને, આદરિયા=પ્રતિક્રમણમાં શુદ્ધિને આદરી છે અને વસ્ત્રના દૃષ્ટાંતથી=શુદ્ધિના વિષયમાં વસ્ત્રના દૃષ્ટાંતથી સાંભરિયા=પ્રતિક્રમણથી અતિચારની શુદ્ધિ સંભળાય છે. ||૧||

ગાથા :-

વસ્ત્ર અમૂલ્ય રાજાદિક ધરિયા, મલિન જાણી પરિહરિયા રે;
રજક લેઈ ગ્રંથિ બાંધિ ફરિયા, રાસભ ઉપરિ તે કરિયાં રે.
તે તરિયા૦ ૨

ગાથાર્થ :-

અમૂલ્ય એવા વસ્ત્રને રાજાદિક ધારણ કરે છે અને મલિન જાણીને પરિહરે છે=ત્યાગ કરે છે. ધોબી ધોવા માટે લઈ ગ્રંથિ બાંધીને=પોટલું બાંધીને, રાસભ=ગધેડા, ઉપર તે પોટલાને લઈ જાય છે=રાજાના મહેલથી પોતાના સ્થાને જાય છે. ||૨||

ગાથા :-

લેઈ જલે શિલકૂટે પાથરિયા, પગે મર્દી ઉધરિયા રે;
ખાર દેઈ વર નીરે ઝરિયા, અગુરુ-વાસ વિસ્તરિયા રે.
તે તરિયા૦ ૩

ગાથાર્થ :-

રાજાનાં વસ્ત્રો લઈને જલમાં=પાણીમાં, શિલા ઉપર પાથરે છે. પગથી મર્દન કરીને ઉદ્ધરણ કરે છે. ખાર આપીને વસ્ત્રને પાણીમાં ઝારે છે. અગરુ=ધૂપ, વગેરે સારાં દ્રવ્યોથી વાસિત કરે છે અને રાજાને પાછાં આપે છે. ॥૩॥

ગાથા :-

ભૂપતિને ભૂપતિ પીતરિયા, તસ શિર પરિ સંચરિયા રે;
એમ જે રાગાદિક ગણ વરિયા, ભ્રષ્ટ થઈ નીસરિયા રે.
તે તરિયા૦ ૪

ગાથાર્થ :-

ભૂપતિ=રાજા, તથા તેના પિતરિયાં=કુટુંબીઓ, તે વસ્ત્રોને શિર પર સંચરિયા=ધારણ કરે છે. એમ જે રાગાદિક ગણ વરિયા ભ્રષ્ટ થઈ=એ પ્રમાણે જેઓ રાગાદિના સમૂહથી ઘેરાયેલા સંયમથી ભ્રષ્ટ થઈ, નીસરિયા=સંયમસ્થાનથી નીચે ઊતરે છે. જેમ તે મલિન થયેલાં વસ્ત્રો રાજાએ ઉતાર્યાં અને ધોવા માટે આપ્યાં તેમ જે સાધુઓ કે શ્રાવકો રાગાદિના સમુદાયથી મલિન થયા હોય અને જેમ તે વસ્ત્રો રાજાના મસ્તકથી ભ્રષ્ટ થઈને ધોબી વડે કુટાયાં, પિટાયાં તેમ ભ્રષ્ટ થઈને તે સાધુ કે શ્રાવક કર્મોથી કુટાયા, ઊંચા સ્થાનેથી નીચા સ્થાને ફેંકાયા. ॥૪॥

ગાથા :-

મહિમા મૂકી હુઆ ઠીકરિયા, વિરુદ્ધ કર્મ આચરિયાં રે;
પ્રાયશ્ચિત્તે હુવા પાખરિયા, તે પણ ગુરુ ઉદ્ધરિયા રે.
તે તરિયા૦ ૫

ગાથાર્થ :-

તેથી મહિમાને મૂકીને ઠીકરિયા થયા=જેમ તે રાજાનાં વસ્ત્રો રાજા ધારણ કરતા હતા ત્યારે મહિમાવાળાં હતાં અને મલિન થયાં ત્યારે મહિમાને મૂકી ઠીકરિયાં થયાં=ધોબીને ધોવા માટે અપાયાં. તેમ જે

સાધુ કે શ્રાવકે વિરુદ્ધ કર્મ આચર્યાં તેઓ મહિમાને મૂકીને ઠીકરિયા થયા. પ્રાયશ્ચિત્તે હુઆ પાખરિયા=પાપ રૂપ પ્રાયશ્ચિત્તથી પાખરિયા થયા=તે વસ્ત્રો જેમ ધોવા યોગ્ય થયાં તેમ તે સાધુ કે શ્રાવક પાપરૂપ પ્રાયશ્ચિત્તથી ધોવા યોગ્ય થયા. તે પણ ગુરુથી ઉદ્ધરિયા=જેમ તે મલિન વસ્ત્રોને ધોબીએ સારાં કર્યાં તેમ ગુરુએ પ્રાયશ્ચિત્ત વગેરે દ્વારા, સાધુ કે શ્રાવકને, શુદ્ધ કર્યા. ॥૫॥

ગાથા :-

તે ફરિ હુઆ મહિમાના દરિયા, શિષ્ટજને આદરિયા રે;
પાલી જ્ઞાન સહિત વર કિરિયા, ભવવન તે નવિ ફરિયા રે.
તે તરિયા૦ ૬

ગાથાર્થ :-

તે ફરી હુઆ મહિમાના દરિયા=જેમ ધોઈને શુદ્ધ થયેલાં વસ્ત્રો ફરી રાજા વગેરે ધારણ કરે છે ત્યારે તે મસ્તકે ધારણ કરવા રૂપ મહિમાને પામે છે તેમ શુદ્ધ થયેલા તે સાધુ કે શ્રાવક શોધનની ક્રિયાથી મહિમાના દરિયા થાય છે. અને જેમ તે શુદ્ધ થયેલાં વસ્ત્રોને રાજા સ્વીકારે છે તેમ શુદ્ધ થયેલા એવા તે સાધુ કે શ્રાવક શિષ્ટજન વડે સ્વીકારાય છે. જ્ઞાન સહિત શ્રેષ્ઠ ક્રિયા પાળીને તે સાધુ કે શ્રાવક ભવવનમાં ફરતા નથી. ॥૬॥

ગાથા :-

ભીત તણા હુઆ તે વિહરિયા, ઘર રાખણ પિયરિયા રે;
અનુભવ ગુણના તે જાહરિયા, મુનિ મનના માહરિયા રે.
તે તરિયા૦ ૭

ગાથાર્થ :-

ભીત તણા હુઆ તે વિહરિયા=પાપથી ભીતપણાથી તે વિહરે છે. ઘર રાખણ પિયરિયા રે=પોતાના સ્થાનની રક્ષા કરવામાં પ્રવૃત્ત થયા છે=પોતાના સંયમસ્થાનરૂપ ઘરની રક્ષા કરવામાં પ્રવૃત્ત થયા છે. અનુભવગુણના તે જાહરિયા છે=અનુભવગુણના તે જાણકાર છે જે મુનિ મનના માહરિયા=મનને મારણ કરનારા છે. ॥૭॥

ગાથા :-

**પાલે તેહ અચુઇ જાગરિયા, બુદ્ધ સમા વાગરિયા રે;**
**એમ શોધેં બહુજન નિસ્તરિયા, સુજસે ગુણ ઉચ્ચરિયા રે.**
**તે તરિયા૦ ૮**

ગાથાર્થ :-

**તેઓ=મુનિઓ, જાગૃત થઈને અચૂક પાળે છે=લીધેલાં વ્રતોને શોધન કર્યા પછી પાળે છે. અને તેવા સાધુઓ બુદ્ધ સમા વાગરિયા=બુદ્ધ જેવા કહેવાય છે. એમ શોધેં=શોધનની ક્રિયાથી, ઘણા જીવો નિસ્તારને પામ્યા અને 'સુયશ'ના ગુણનો વિસ્તાર કર્યો. ॥૮॥**

ભાવાર્થ :-

ક્રોધ, માન, માયા અને લોભ આ ચારને વશ થઈને આત્મા અશુદ્ધ બને છે. તેથી કહે છે : જેઓ ક્રોધાદિથી ઊતર્યા છે તેઓ ભવસમુદ્રથી તર્યા છે. અને ક્રોધાદિને વશ થઈને ગ્રહણ કરાયેલા સંયમમાં જે સાધુ અશુદ્ધિને પ્રાપ્ત કરે છે તેની શોધી પ્રતિક્રમણથી કરાય છે અને શાસ્ત્રમાં વસ્ત્રના દૃષ્ટાંતથી તે સંભળાય છે.

રાજાદિક સારાં વસ્ત્રો ધારણ કરે છે તેથી તે વસ્ત્રો માનપાત્ર બને છે. તેમ જે સાધુ સંયમને ધારણ કરે છે તે આદરપાત્ર થાય છે અને મલિન થયેલાં વસ્ત્રોનો રાજા પરિહાર કરે છે તેમ અતિચારોના સેવનથી સંયમ પરિહાર કરવા યોગ્ય બને છે. તે રીતે જે સાધુનું સંયમ રાગાદિ ગણને વશ થઈને મલિન થયું છે અને વ્રતના મહિમાને મૂકીને ઠીકરિયાં જેવું થયું છે તે સંયમ શુદ્ધ કરવા યોગ્ય બન્યું છે.

વળી, તે મલિન વસ્ત્રોને શુદ્ધ કરવા ધોબી લઈ જાય છે. તેને શિલા ઉપર કૂટે છે, શુદ્ધ કરે છે અને ઉત્તમ દ્રવ્યોથી વાસિત કરે છે ત્યારે તે વસ્ત્રો ફરી રાજાના મસ્તકને પ્રાપ્ત કરે છે. તેમ ગુરુ પણ પાપની શુદ્ધિ કરાવીને તેના=સાધુના કે શ્રાવકના સંયમને શુદ્ધ કરે છે. તેથી તે સાધુ આદિ મહિમાના દરિયા થાય છે, શિષ્ટ લોકો દ્વારા આદરપાત્ર થાય છે. અને ગુરુના ઉપદેશરૂપ જ્ઞાનથી સહિત શ્રેષ્ઠ ક્રિયા કરીને ભવવનમાં ફરતા નથી.

વળી, શુદ્ધ થયા પછી તે સાધુ કે શ્રાવક અશુદ્ધિ ન થાય તેવા ભાવને ધારણ કરતા રહે છે અને પોતાના સંયમરૂપી ઘરનું રક્ષણ કરે છે. વળી, સંયમના અનુભવગુણને કારણે તેઓ જાહોજલાલીવાળા થાય છે, મનને મારનારા થાય છે જેથી ફરી મલિનતા પ્રાપ્ત થતી નથી. આવા સાધુ સદા જાગૃત થઈને સંયમ પાળે છે અને બુદ્ધ જેવા પ્રાજ્ઞ બને છે. આ રીતે પાપને પામેલા ઘણા સાધુઓ શોધનની ક્રિયાથી નિસ્તારને પામ્યા. તેઓએ "આ મહાત્મા સુસાધુ છે" એ પ્રમાણેના સુયશ ગુણનો વિસ્તાર કર્યો છે. **॥૧થી ૮॥**

## પ્રતિક્રમણ શબ્દના આઠમા
## 'શોધિ' પર્યાય પર બીજું "ઔષધ"નું દૃષ્ટાંત

ગાથા :-

વલી અગદ દૃષ્ટાંત છે, શોધિ તણે અધિકાર;
પરદલેં પરપુર આવતે, અધિપતિ કરે વિચાર. ૧
વૈદ્ય તેડ્યા જલ નાશવા, વિષ દિયે જબ એક;
થોડું દેખી નૃપ કોપિયો, દાખે વૈદ્ય વિવેક. ૨

ગાથાર્થ :-

'શોધિ' તણા અધિકારમાં અગદ=ઔષધ, દૃષ્ટાંત છે.

પરપુરનું પરદલ=પરરાજાનું સૈન્ય, આવતે છતે રાજા વિચાર કરે છે. જલના નાશ માટે વિષ નાંખવા વૈદ્યને તેડ્યા ત્યારે (વૈદ્ય) જવમાત્ર એક વિષ આપે છે=જવમાત્ર જેટલું વિષ આપે છે. થોડું દેખી નૃપ કોપિયો=થોડું વિષ જોઈને રાજા કોપ્યો. વૈદ્ય વિવેક બતાવે છે. ।।૧-૨।।

ગાથા :-

સહસ્રવેધિ એ કોપિમાં, કરિને મૂર્ચ્છા દેઈ;
તે વિષ હુઓ તદ્ ભક્ષિઓ, એમ સહી શાતા ધરેઇ. ૩

ગાથાર્થ :-

આ વિષ સહસ્રવેધિ છે. કોઈમાં પણ કરીને=પ્રયોગ કરીને, મૂર્છા દે=તે વિષ મૂર્છા આપે. તેનો ભક્ષિયો=તે વિષનો ભક્ષણ કરનારો, તે વિષ થાય. આ સાંભળી રાજા શાંત થાય છે. ।।૩।।

ગાથા :-

રાજા કહે છે 'વાલના,' વૈદ્ય કહે 'છે સાર;'
ઔષધ લવ દેઈ વિષ હરે, વ્યાપક જીવ હજાર. ૪

ગાથાર્થ :-

**રાજા કહે છે : વાલના=વારણા, છે ?=આ વિષનું વારણ છે ? વૈદ્ય કહે છે. સાર છે=સુંદર છે. લવ ઔષધ આપી વિષ હરે છે. વ્યાપક જાવ હજાર=હજાર જીવના વિષ હરે છે. ॥૪॥**

ગાથા :-

**અતિચાર વિષ જે હુઓ, ઓસરે તેથી સાધ;**
**નિંદા અગદેં સુજસ ગુણ, સંવર અવ્યાબાધ. ૫**

ગાથાર્થ :-

**જે અતિચાર થયો છે તે વિષ છે. તેથી સાધુ ઓસરે છે=ક્ષીણ થાય છે. નિંદારૂપી અગદથી=વાલનાથી, સુજસ ગુણ સંવરનો અવ્યાબાધ થાય છે=સાધુ ફરી સંવરના પરિણામને પામે છે. ॥૫॥**

ભાવાર્થ :-

પ્રતિક્રમણનો આઠમો પર્યાય શુદ્ધિ છે. તેમાં 'વિષ'નું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે છે : કોઈ રાજા ઉપર પરદલ=પરસૈન્ય, ચઢી આવે છે. તેને ખાળવા માટે=રસ્તામાં આવતા જલમાં વિષ નાંખવા માટે, તેણે=રાજાએ, વૈદ્યને વિષ લાવવા કહ્યું. તે વૈદ્યે થોડું વિષ આપ્યું તેથી રાજા ગુસ્સે થયો. ત્યારે વૈદ્યે વિવેક બતાવ્યો કે આ "સહસ્રવેધિ વિષ" છે. કોઈ એકમાં તેનો પ્રયોગ કરવામાં આવશે તો તેનું ભક્ષણ કરનાર પણ વિષ થશે. આમ હજાર સુધી તે વિષની પરંપરા ચાલશે.

તેની જેમ જે સાધુ સંયમ ગ્રહણ કરીને પ્રમાદાચરણ કરે છે તે સહસ્રવેધિ વિષ જેવો છે; કેમ કે તેના પ્રમાદના નિમિત્તને પામીને અન્ય અન્ય પણ પ્રમાદી બને છે અને જેમ તે વિષ ખાનારને મારે છે અને સહસ્રવેધિ હોવાથી અન્ય અન્યને મારે છે તેમ વ્રત સ્વીકારીને વ્રત વિરુદ્ધની સેવના તે સાધુને દુર્ગતિમાં લઈ જાય છે. માટે તેને મારે છે. અને અન્ય પ્રમાદી સાધુઓને પણ દુર્ગતિમાં લઈ જાય છે. માટે અન્યોને પણ મારે છે. વળી, જો તેની તે આચરણા તે સાધુઓએ વ્રત લીધા વિના ગૃહસ્થવેશમાં કરી હોત તો તે આચરણાથી તેવી

દુર્ગતિ તે સાધુને થાત નહિ પરંતુ વ્રતની પ્રતિજ્ઞા કર્યા પછી તે આચરણાથી તે સાધુઓને વ્રતના ઉલ્લંઘનરૂપ પાપની પ્રાપ્તિથી અવશ્ય દુર્ગતિ મળે છે. અને અન્ય અન્ય સાધુને પ્રમાદ કરાવીને ઘણાનો વિનાશ કરે છે. તેથી તે પ્રમાદાચરણા સહસ્રવેધિ વિષ જેવી છે.

વળી, રાજા તે વૈદ્યને વિષનું વારણ પૂછે છે તો વૈદ્ય તેનું વારણ બતાવતાં લવ ઔષધ આપીને તે વિષનું વારણ બતાવે છે. તે રીતે જે સાધુ અનાભોગાદિથી કે પ્રમાદવશ સ્ખલના પામેલા હોય તેઓ પણ તે પાપપ્રવૃત્તિ પર તીવ્ર જુગુપ્સા ઉત્પન્ન થાય તે રીતે નિંદારૂપી ઔષધનું સેવન કરે તો તે વિષનું વારણ થાય છે. વળી, જેમ તે વૈદ્ય ઔષધલવ આપીને વ્યાપક હજાર જીવોના પ્રાણનું રક્ષણ કરે છે તેમ જે સાધુ સ્ખલના પામ્યા પછી પોતાના દુઃચરિત્રની સદા નિંદા કરે છે અને યોગ્ય જીવોને તે આચરણા અનુચિત છે તેમ કહે છે તેના તે કથનથી અન્યજીવોને તેવી પ્રમાદાચરણા કરવા રૂપ ઉલ્લાસ થતો નથી. તેથી તે નિંદા કરનાર સાધુ અન્ય સાધુઓના પ્રાણનું પણ રક્ષણ કરે છે. આ રીતે શુદ્ધ પરિણામથી નિંદા કરીને તે સાધુ 'સુયશ'ને કરનાર એવા ગુણકારક સંવરભાવને બાધા વગરનો કરે છે. જેથી તેનો ચારિત્રરૂપી દેહ નાશ પામતો નથી. **॥૧થી ૫॥**

# ઢાળ ઓગણીસમી

(રાગ : ટોડરમલ્લ જીત્યો રે-એ દેશી)

ગાથા :-

**હેતુ-ગર્ભ પૂરો હુઓ રે,**
**પહોતા મનના કોડ, વૈરાગ-બલ જીત્યું રે.**
**દલિય તે દુર્જન દેખતાં રે,**
**વિઘ્નની કોડાકોડ; વૈરાગ-બલ જીત્યું રે. વૈ૦ ૧**

ગાથાર્થ :-

હેતુ ગર્ભ=પ્રતિક્રમણના હેતુનું વર્ણન છે ગર્ભમાં જેની તેવી, સજ્ઝાય પૂરી થઈ. પહોતા મનના કોડ=પ્રતિક્રમણ કરનાર મહાત્માના મનના કોડ ઉલ્લસિત થયા તેથી વૈરાગ્યબળ જીત્યું. તે દુર્જનને દેખતાં=પ્રતિક્રમણની પ્રવૃત્તિમાં પ્રમાદ કરાવે તેવા દુર્જનને દેખતાં, વિઘ્નની કોડાકોડ દલીયે=પ્રતિક્રમણમાં પ્રમાદને કરાવનાર કોડાકોડ વિઘ્નને દૂર કરીને વૈરાગ્યબલ=વૈરાગ્યસૈન્ય જીત્યું. ॥૧॥

ગાથા :-

**ગઈ આપદા સંપદા રે આવી, હોડાહોડિ; વૈ૦**
**સજ્જન માંહે મલપતા રે, ચાલે મોડામોડિ. વૈ૦ ૨**

ગાથાર્થ :-

આપદા ગઈ=મોહના જોર રૂપ આપદા ગઈ, સંપદા આવી=પ્રતિક્રમણની ક્રિયામાં ઉચિત ઉદ્યમ કરાવે એવી સંપદા હોડાહોડથી આવી. સજ્જન પુરુષો અંદરથી મલકાતા મોડામોડિ ચાલે=ખુશ થઈને ચાલે. ॥૨॥

ગાથા :-

**જિમ જિન વરસીદાનમાં રે, નર કરે ઓડાઓડિ; વૈ૦**
**તિમ સદ્ગુરુ ઉપદેશમાં રે, વચન વિચારસું છોડી. વૈ૦ ૩**

ગાથાર્થ :-

જેમ તીર્થંકરોના વરસીદાનમાં નર કરે ઓડાઓડિ="હું વરસીદાન ગ્રહણ કરું, હું વરસીદાન ગ્રહણ કરું" એ પ્રમાણે માણસો હોડાહોડિ કરે છે તેમ સદ્ગુરુના ઉપદેશમાં છોડી=પ્રમાદને છોડી, વચન વિચારશું. ॥૩॥

ગાથા :-

લીયો લીયો ઘેરમાં મોહરાય રે, હરાવ્યો મુંછ મરોડિ; વૈ૦
અશુભ પ્રકૃતિ સેના દલી રે, શુભની તો નહિ ખોડિ. વૈ૦ ૪

ગાથાર્થ :-

લીયો લીયો ઘેરમાં=પોતાના આત્મભાવમાં પ્રાપ્ત થયો, મૂછ મરોડી મોહરાજાને હરાવ્યો. અશુભ પ્રકૃતિરૂપ સેનાને દલી=મોહને પેદા કરનારી અશુભ પ્રકૃતિરૂપ સેનાને નાશ કરી. શુભની તો નહિ ખોડી રે=શુભ પ્રકૃતિની ખામી નથી. ॥૪॥

ગાથા :-

કર્મ વિવર વર પોલિયો રે, પોલિ દિએ છે છોડી; વૈ૦
તખત વખત હવે પામસૂં રે, હુઈ રહી દોડાદોડી. વૈ૦ ૫

ગાથાર્થ :-

કર્મવિવર નામનો વર પોલિયો=પ્રધાન દ્વારપાળ, પોલિ દિએ છે છોડી=દરવાજા ખુલ્લા કરી દે છે=આત્મભાવમાં જવા માટેના દરવાજા પોલા કરી દે છે. તખત વખત=તે સમય હવે પામશું, દોડાદોડી હુઈ રહી=અંતરંગ દુનિયામાં જવા માટે દોડાદોડી થઈ રહી છે. ॥૫॥

ગાથા :-

સૂરત ચોમાસું રહી રે, વાચક જસ કરી જોડી; વૈ૦
યુગ યુગ મુનિ વિધુ વત્સરે રે, દેજો મંગલ કોડી. વૈ૦ ૬

**ગાથાર્થ :-**

**ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ યુગયુગ મુનિ વિધુ વત્સરે=વિક્રમ સંવત ૧૭૪૪માં સુરત ચોમાસું રહીને જોડી કરી="પ્રતિક્રમણ હેતુગર્ભ સજ્ઝાય"ની રચના કરી, (જે) ક્રોડો મંગલને આપજો. ||૬||**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી "પ્રતિક્રમણ હેતુ-ગર્ભ સજ્ઝાય"નું જે વર્ણન કર્યું તે અહીં પૂરું થાય છે. અને તેની રચના કરનાર સજ્ઝાયકારના હૈયામાં વૈરાગ્ય ઉલ્લસિત થાય છે. તેથી કહે છે : પોતાના મનમાં કોડ=ઉલ્લાસ, હતા કે આ સજ્ઝાયની રચના કરીને હું આત્માને તે તે ભાવોથી ભાવિત કરીશ તે મનના કોડ પૂરા થયા અને આત્મામાં ઉલ્લસિત થયેલું વૈરાગ્યબળ જીત્યું. જીવમાં પ્રમાદ કરાવનાર જે દુર્જન=મોહનો પરિણામ છે, તેના દેખતાં જ પ્રતિક્રમણ વગેરેની પ્રવૃત્તિમાં પ્રમાદ કરાવનાર કોડાકોડ વિઘ્નોને દલીને વૈરાગ્યબળ જીત્યું. પ્રસ્તુત સજ્ઝાયના બળથી પ્રતિક્રમણમાં ઉલ્લસિત થયેલા અપ્રમાદને કારણે આપદા ગઈ અને સમ્યગ્ રીતે કરાયેલા પ્રતિક્રમણના બળથી હોડાહોડી કરતી સંપદાઓ આવી.

આ રીતે સજ્ઝાયથી ભાવિત થયેલા સજ્જનો અંદરમાં મલકાય છે; કેમ કે પ્રસ્તુત સજ્ઝાયના પદાર્થને પામીને શુદ્ધભાવો થવાથી તેઓ અંતરંગ રીતે આનંદિત થાય છે અને તેથી મોડામોડી ચાલે છે=ઉત્સાહમાં આવીને સદ્અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે. જેમ તીર્થંકર ભગવંતના વરસીદાનમાં લોકો હોડાહોડપૂર્વક વરસીદાન લેવા જાય છે તેમ યોગ્ય જીવો સર્વ પ્રમાદ છોડીને સદ્ગુરુના ઉપદેશનાં વચનો વિચારવામાં હોડાહોડીથી યત્ન કરે છે. આ રીતે સજ્ઝાયના બળથી આત્મા વાસિત થવાને કારણે પ્રસ્તુત સજ્ઝાયથી ભાવિત થયેલા સાધુઓ પોતાના આત્મઘરમાં=પોતાના આત્મભાવમાં આવે છે. અને જેમ વીરપુરુષ મૂછ મરડીને શત્રુને હરાવે છે તેમ પોતાના ઘરમાં પેઠેલ મોહરાજાને વિધિશુદ્ધ પ્રતિક્રમણ કરવા દ્વારા સજ્જનપુરુષ હરાવે છે અને વિધિપૂર્વક પ્રતિક્રમણમાં યત્ન કરવાથી અશુભપ્રવૃત્તિસેના=અશુભ પ્રકૃતિની મોહની સેના દલાય છે=નાશ પામે છે અને સંયમની શુભક્રિયામાં કોઈ ખોડિ નથી=ઘણી શુભ ક્રિયાઓ થાય છે.

વળી, આ સજ્ઝાયથી ભાવિત થયેલા સાધુઓને અને શ્રાવકોને ભગવાનના શાસનમાં પ્રવેશ કરવામાં અટકાયત કરનાર મોહરાજાના રાગાદિરૂપ દ્વારપાળોએ પૂર્વમાં દ્વારો પિધાન=બંધ કરેલાં જેથી તે મહાત્માઓને સંયમની ક્રિયા કરવા છતાં ભગવાનના શાસનની પ્રાપ્તિ થતી નહોતી. હવે તે મહાત્માઓ સજ્ઝાયના ભાવોથી ભાવિત થયેલા હોવાથી "કર્મવિવર" નામના દ્વારપાલે તે દ્વારોને ખુલ્લાં કરી દીધાં. તેથી તે મહાત્માઓમાં શાસ્ત્રના પરમાર્થને જોવાની દૃષ્ટિ ખૂલી ગઈ તેથી તે મહાત્માઓ વિચારે છે કે હવે, તત્કાલ તત્ત્વને પામશું અને તેના માટે દોડાદોડી થઈ રહી છે. અર્થાત્ ભગવાનના શાસનમાં પ્રવેશ્યા પછી પરમાર્થને જાણવા માટે સતત ઉદ્યમ તે મહાત્માઓથી થઈ રહ્યો છે.

સુરતમાં ચોમાસું રહીને પૂ. મહામહોપાધ્યાય યશોવિજયજી મ. સા.એ યુગ યુગ મુનિ વિધુ વરસમાં પ્રસ્તુત "પ્રતિક્રમણ હેતુ-ગર્ભ સજ્ઝાય" જોડી છે જે સજ્ઝાય યોગ્ય જીવોને ક્રોડ મંગલને આપજો તે પ્રકારે પૂ. યશોવિજયજી મહારાજ સાહેબ ભાવના કરે છે. **॥૧-૬॥**

**'પ્રતિક્રમણ'ના આઠ પર્યાયવાચી શબ્દોનો સારાંશ :-**

સાધુ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યના સ્થાનમાં વર્તતા હોવા છતાં અને ગુપ્તિપૂર્વક વીતરાગભાવથી વાસિત થવા માટે ઉદ્યમ કરતા હોવા છતાં પ્રમાદને વશ ઉપયોગમાં સ્ખલના પામતા હોય ત્યારે સંયમસ્થાનથી નીચે ઊતરે છે તે ફરી, યત્નપૂર્વક પોતાના સ્થાનમાં આવે તે પ્રતિક્રમણ કહેવાય. વળી, ઉત્સર્ગથી તો સાધુ સ્ખલના વગર ત્રણ ગુપ્તિમાં યત્ન કરતા હોય તો તે પાપથી પાછા જ ફરેલા હોવાથી પ્રતિક્રમણ કરનાર છે. પરંતુ કોઈક રીતે સંયમસ્થાનમાં સ્ખલના પામ્યા હોય ત્યારે તે સ્થાનમાં જવા માટે જે અંતરંગ ક્રિયા કરે તેનો હેતુ એવી ક્રિયા તે અપવાદથી પ્રતિક્રમણ છે. આ પ્રતિક્રમણનું ફલ શમરસની પ્રાપ્તિ છે.

પ્રતિક્રમણમાં "બે ગામડિયા"નું દૃષ્ટાંત આપેલ છે તે પ્રમાણે કોઈ સાધુએ જે પાપ સેવ્યું હોય તે પાપને જે રીતે સેવ્યું હોય તે રીતે સમ્યગ્ આલોચન કરીને તેના વિરુદ્ધ ભાવો ઉલ્લસિત થાય તે રીતે પ્રતિક્રમણ કરે=પાછા પગલે ફરે, તે પ્રતિક્રમણ કહેવાય છે.

પ્રતિક્રમણનો બીજો પર્યાય 'પ્રતિચરણ' છે. તેમાં "પ્રાસાદ"નું દૃષ્ટાંત આપેલ છે. જેમ તે સ્ત્રી રત્નના પ્રાસાદનું સતત પાલન કરે છે અને પ્રાસાદ ક્યાંય તૂટે તો તરત સમારકામ કરે છે તેમ જે સાધુ પોતાના સંયમજીવનમાં અતિચાર ન થાય તેની સતત કાળજી રાખે છે અને સંયમરૂપી પ્રાસાદ ક્યાંય તૂટે તો તરત તેને સાંધી દે છે તે 'પ્રતિચરણ'ની ક્રિયા કરે છે.

પ્રતિક્રમણમાં વિપરીત સ્થાનથી મૂળસ્થાનમાં પાછા ફરવાની ક્રિયા છે અને પ્રતિચરણામાં તૂટે નહિ તેની સતત કાળજીપૂર્વક તૂટેલા સ્થાનને ફરી સાંધવાની ક્રિયા છે. તેથી જેઓ સતત કાળજીપૂર્વક સંયમસ્થાનનું રક્ષણ અને તૂટેલાનું પ્રતિચરણ કરે છે તેઓની તે ક્રિયા 'પ્રતિચરણ' કહેવાય છે.

પ્રતિક્રમણનો ત્રીજો પર્યાય "પ્રતિહરણા" છે. જેમાં "કુલપુત્ર"નું દૃષ્ટાંત છે. જેમ તે કુલપુત્રએ દૂધનું રક્ષણ કરવાનું કહ્યું હતું પણ જલ્દી દૂધ આણવાનું નહોતું કહ્યું. તેમ જે સાધુ ચારિત્ર રૂપી દૂધનું રક્ષણ થાય=અંદરનો ગુપ્તિનો પરિણામ ટકે, તે પ્રકારે સંયમની ઉચિતક્રિયાઓ કરે તો ચારિત્રરૂપી દૂધનું રક્ષણ થાય. વળી, શરીરનો વિચાર કર્યા વગર કઠોર આચરણા કરે તો બાહ્યથી અધિક તપ આદિ થતાં દેખાય તોપણ અંતરંગ રીતે ગુપ્તિના પરિણામનું રક્ષણ થાય નહિ માટે **"શક્તિથી અધિક અનુષ્ઠાનના પરિહરણપૂર્વક ચારિત્ર રૂપી દૂધના રક્ષણની ક્રિયા તે "પડિહરણા" છે.** તેથી જે સાધુ કે શ્રાવક પોતાની શક્તિના સમાલોચનપૂર્વક પોતાની ભૂમિકાના ઉપરના અનુષ્ઠાનનો પરિહાર કરીને સ્વ ભૂમિકા અનુસાર અનુષ્ઠાન સેવીને ચારિત્રરૂપી દૂધનું રક્ષણ કરે છે તેઓ "પડિહરણા"ને સેવે છે. પરંતુ માત્ર પ્રતિક્રમણની ક્રિયા કરનારા "પડિહરણા" પર્યાય સેવનારા નથી.

પ્રતિક્રમણનો ચોથો પર્યાય પ્રમાદથી "વારણા" છે. તેમાં "વિષભુક્ત તલાવરો"નું દૃષ્ટાંત છે. ભગવાને સ્વભૂમિકા પ્રમાણે બાહ્ય ત્યાગાદિ અનુષ્ઠાન સેવીને સંવરભાવની વૃદ્ધિમાં યત્ન કરવાનું કહ્યું છે તેથી જે સાધુ અનુકૂળ વિષયોનું વારણ કરીને શક્તિ અનુસાર સંયમમાં ઉદ્યમ કરે છે તેને પ્રમાદથી "વારણા" છે. તે પ્રમાણે જે સાધુ આત્માને પ્રમાદથી વારે છે તેઓ પ્રતિક્રમણના "વારણા" નામના પર્યાયને સેવનારા છે.

પ્રતિક્રમણનો પાંચમો પર્યાય “નિવૃત્તિ” છે. તેમાં “રાજકન્યા”નું દૃષ્ટાંત છે. તે દૃષ્ટાંતમાં જેમ શાલાપતિની પુત્રી ધૂર્ત સાથે રત હતી અને તેની સાથે મિત્રતાને કારણે રાજકન્યા પણ તે શાલાપતિની પુત્રી સાથે જવા તૈયાર થઈ. તેમ જે કુલવાન સાધુ વિષયોમાં રત એવા ધૂર્ત પાસત્થા સાથે પ્રીતિવાળા થઈ ગીતાર્થને છોડીને સ્વતંત્ર વિચરવા તત્પર થયા હોય તેને કોઈ ગીતાર્થ સાધુ ઉપદેશ આપે અને તે ઉપદેશને સાંભળીને તે રાજકન્યાની જેમ તે સાધુ પાસત્થા સાથે જવાથી નિવર્તન પામે તો સુસાધુના સંગમાં રહીને તે મહાત્મા હિતની પ્રાપ્તિ કરે. તે સાધુને પ્રતિક્રમણના પાંચમા પર્યાયની પ્રાપ્તિ છે.

વળી “નિવૃત્તિ”માં અન્ય દૃષ્ટાંત છે. કોઈ સાધુ સંયમ પાળતાં પાપકર્મના જોરથી ગચ્છ બહાર નીકળીને ભોગો ભોગવવાની ઇચ્છાથી સંસારમાં જવા તત્પર થાય છે તે વખતે સત્ત્વના વર્ધક એવા ગીતને સાંભળીને પાછા ફરવાના પરિણામવાળા થાય છે તે પ્રતિક્રમણનો “નિવૃત્તિ” નામનો પર્યાય છે.

પ્રતિક્રમણનો છટ્ઠો પર્યાય “નિંદા” છે. જેમાં “ચિત્રકારની પુત્રી”નું દૃષ્ટાંત છે. જેમ તે ચિત્રકારની પુત્રી રાજરાણી થયા પછી પણ પોતાની પૂર્વાવસ્થાને યાદ કરીને માનથી ગર્વિષ્ઠ થતી નથી પરંતુ પોતે રૂપવાળી, રાજવંશી નથી ઇત્યાદિ વિચારીને પોતાની નિંદા કરે છે તેમ જે સાધુ શાસ્ત્રો ભણ્યા પછી કે ચારિત્રના ભાવને પામ્યા પછી પૂર્વના મહાચારિત્રવાળા સંયમી, બહુશ્રુત પુરુષોને યાદ કરીને પોતાના અલ્પભાવની નિંદા કરે છે તેઓને બહુશ્રુતનો કે પોતે ચારિત્ર પાળે છે તેનો મદ થતો નથી. તેઓ પ્રતિક્રમણના “નિંદા” પર્યાયને પામે છે.

પ્રતિક્રમણમાં સાતમો ‘ગર્હા’ પર્યાય. જેમ પતિમારક સ્ત્રીએ લોકસમક્ષ ગર્હા કરી તેમ જે સાધુ સંયમજીવનમાં ક્યાંયે સ્ખલના પામ્યા હોય તો તેની ગુણવાન ગુરુ આગળ “ગર્હા” કરીને ફરી સંયમમાં સ્થિર થાય છે તે પ્રતિક્રમણનો સાતમો “ગર્હા” પર્યાય છે.

પ્રતિક્રમણનો આઠમો પર્યાય “શોધિ” છે જેમ રાજાના વસ્ત્રોનું શોધન ધોબી કરે છે તેમ જે સાધુ થયેલી સ્ખલનાનું પ્રાયશ્ચિત્તથી શોધન કરે છે તે પ્રતિક્રમણના “શુદ્ધિ”ના પર્યાયને પ્રાપ્ત કરે છે.

"શોધિ" પર બીજા દૃષ્ટાંતમાં જેમ તે વૈદ્ય રાજાને સહસ્રવેધિ ઝેર આપે છે તેમ જે સાધુ પ્રમાદાચરણા કરે છે અને તેની તે પ્રમાદાચરણાને કારણે અન્ય અન્ય સાધુઓ પણ પ્રમાદી થાય છે તેથી સહસ્રવેધિ વિષની જેમ તે પ્રમાદરૂપી વિષ ઘણા સાધુઓનું મારણ કરે છે. અને જેમ તે વૈદ્યે તેનું વારણ બતાવ્યું તેમ જે સાધુ અનાભોગ આદિથી પ્રમાદ સેવ્યા પછી નિંદા-ગર્હા કરે છે તેનાથી તેમનામાં રહેલા અતિચારરૂપી વિષનું મારણ થાય છે અને અન્ય આગળ પણ તે પ્રમાદ અતિચારરૂપ છે તેમ કહીને અન્યને પણ તે વિષથી વારણ કરે છે. તેથી તે સહસ્રવેધિ વિષથી સર્વના મૃત્યુનું વારણ થાય છે. **॥૧થી ૬॥**

## સ્તવન

(રાગ : આનંદની ઘડી આઈ......)

**ગાથા :-**

**આનંદકી ઘડી આઈ, સખીરી આજ આનંદકી ઘડી આઈ,**
**કરકે કૃપા પ્રભુ દરિશન દિનો, ભવકી પીડ મીટાઈ,**
**મોહનિદ્રાસે જાગૃત કરકે, સત્યકી બાત સુણાઈ,**
**તનમન હર્ષ ન માઈ. સખીરી. ૧**

**ગાથાર્થ :-**

**ભગવાનને જોઈને સ્તવનકાર કહે છે - હે સખી ! આનંદની ઘડી આવી છે, આજે આનંદની ઘડી આવી છે.**

હવે, કેમ આનંદની ઘડી આવી છે ? તેથી કહે છે –

**કૃપા કરીને ભગવાને દર્શન આપ્યું જેથી ભવની પીડા મટાડી અને મોહનિદ્રાથી જાગૃત કરીને સત્યની વાત સંભળાવી, તેથી તન અને મનમાં હર્ષ સમાતો નથી. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તવનકાર ભગવાનને જોઈને સમતાની પરિણતિરૂપ પોતાની સખીને કહે છે - હે સખી ! આજે આનંદની ઘડી આવી છે; કેમ કે અનંતકાળમાં ક્યારેય ભગવાનનું દર્શન થયું ન્હોતું. આજે ભગવાને મારા પર કૃપા કરી જેથી મને ભગવાનનું દર્શન થયું. આનાથી એ પ્રાપ્ત થાય કે અનાદિકાળથી આત્મા પર કર્મનું જોર હતું તેથી ભગવાન, ભગવાનસ્વરૂપે દેખાતા જ ન હતા. હવે આત્મા પરથી કર્મનું જોર કાંઈક ઘટ્યું એટલે ભગવાનની યોગનિરોધ સ્વરૂપ પ્રતિમાને જોવાથી ભગવાન વીતરાગ સ્વરૂપે દેખાયા. તેથી સ્તવનકારને વિશ્વાસ થયો કે મને ભગવાનનું દર્શન થયું છે તેથી હવે મારી આ ભવની પીડા મટશે એટલે દર્શન આપી ભગવાને મારી ભવની પીડા મિટાવી છે. તે આનંદ હૈયામાં સમાતો નથી. તેથી પોતાની સખીને ઉદ્દેશીને કહે છે – "આનંદ કી ઘડી આઈ..." અર્થાત્ આજે આનંદની ઘડી આવી છે.

વળી, ભગવાને મને અનાદિની મોહનિદ્રામાંથી જાગૃત કરી સત્યનો માર્ગ બતાવ્યો છે કે, "જો તું આત્માનો અસંગભાવ પ્રગટ કરીશ તો તું પણ મારી જેમ સંસારની સર્વ કદર્થનાથી પર થઈશ." ભગવાનનું આ વચન સાંભળી તન-મનમાં હર્ષ સમાતો નથી. ॥૧॥

**અવતરણિકા :-**

**હવે, મોહની નિદ્રાથી જાગૃત કરી ભગવાને કઈ સત્ય વાત બતાવી છે તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**ગાથા :-**

**નિત્યાનિત્યકા ભેદ બતાકર, મિથ્યાદૃષ્ટિ હરાઈ,**
**સમ્યગ્જ્ઞાનકી દિવ્યપ્રભાકો અંતરમે પ્રગટાઈ,**
**સાધ્ય સાધન દિખલાઈ. સખીરી. ૨**

**ગાથાર્થ :-**

**ભગવાને નિત્ય એવા આત્મા અને અનિત્ય એવા તેના પર્યાયોનો ભેદ બતાવી મિથ્યાદૃષ્ટિ દૂર કરી છે. તથા સમ્યગ્જ્ઞાનના દિવ્યપ્રકાશને અંતરમાં પ્રગટાવ્યો છે. અને પોતાના આત્મા માટે સાધ્ય અને તે સાધ્યના સાધનરૂપ યોગમાર્ગ બતાવ્યો. ॥૨॥**

**ભાવાર્થ :-**

નિત્યાનિત્યનો ભેદ બતાવી મિથ્યાદૃષ્ટિ હરાઈ એટલે પોતાનો આત્મા આત્મા તરીકે નિત્ય છે અને તે તે પર્યાયરૂપે અનિત્ય છે તેમ નિત્યાનિત્યનો ભેદ બતાવીને નિત્ય એવા આત્માના હિત માટે શું કરવું જોઈએ ? તો કહે છે કે : અનિત્ય એવા ક્ષણભંગુર પર્યાયનો મોહ છોડી આત્માનો શુદ્ધ પર્યાય પ્રગટ કરવો જોઈએ જેથી નિત્ય એવા આત્માનું હિત થાય વગેરે બતાવીને ભગવાને મિથ્યાદૃષ્ટિને હરણ કરી છે=દૂર કરી છે. વળી, સમ્યગ્જ્ઞાનની દિવ્યપ્રભાને અંતરમાં પ્રગટાવી છે. કઈ રીતે પ્રગટાવી છે તે સ્પષ્ટ કરવા સાધ્ય-સાધન

અવસ્થા બતાવે છે. અર્થાત્ આત્માને જે પૂર્ણ સુખ સાધ્ય છે તે મોક્ષમાં છે અને તેનો ઉપાય યોગમાર્ગ છે તે પ્રકારે સમ્યગ્જ્ઞાનની દિવ્યપ્રભાને આત્મામાં પ્રગટાવી છે. ॥૨॥

**અવતરણિકા :-**

**આત્માને કયા પ્રકારની સાધન અવસ્થા બતાવી તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**ત્યાગ વૈરાગ્ય ઓર સંયમ યોગ સે, નિઃસ્પૃહ ભાવ જગાઈ,**
**સર્વસંગપરિત્યાગ કરાકર, અલખ ધૂન મચાઈ,**
**અપગત દુઃખ કહલાઈ. સખીરી. ૩**

**ગાથાર્થ :-**

**ત્યાગ, વૈરાગ્ય અને સંયમના યોગોથી નિઃસ્પૃહ ભાવ જગાડ્યો છે. સર્વસંગનો પરિત્યાગ કરાવીને અલખની ધૂન મચાવી છે. આ અલખની ધૂન અપગત દુઃખ કહેવાય છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

ભગવાને સાધ્ય તરીકે સિદ્ધ અવસ્થા બતાવી અને તેના સાધનરૂપ યોગમાર્ગ બતાવ્યો. તે સાંભળી સ્તવનકારને સંસારના ભોગોનો ત્યાગ, વિરક્તભાવ અને સંયમયોગ ગમ્યો. અને તેના બળથી જગતના ભાવો પ્રત્યે નિઃસ્પૃહ થવાનો ભાવ આત્મામાં જગાડ્યો અને આત્મામાં નિઃસ્પૃહભાવ જાગવાને કારણે સ્તવનકારને સંસારના સર્વસંગનો પરિત્યાગ કરી અલખની ધૂન લાગી.

છદ્મસ્થ જીવોને આત્માનું શુદ્ધ સ્વરૂપ દેખાતું નથી માટે છદ્મસ્થ જીવો માટે આત્મા અલખ છે છતાં તે અલખ સ્વરૂપી આત્માને જ પ્રગટ કરવા જેવો છે; કેમ કે તે પ્રગટ કર્યા પછી જીવને સંસારની કોઈ વિડંબના રહેતી નથી. તેથી અલખ એવા તે આત્માના સ્વરૂપને પ્રગટ કરવાની ધૂન ભગવાને સ્તવનકારમાં પ્રગટ કરી અને આ અલખની ધૂન સંસારનાં બધાં દુઃખ દૂર થઈ ગયાં હોય એવી કહેવાય છે.

આશય એ છે કે જેને અલખ એવા આત્માની ધૂન લાગે છે તેને સંસારના સંયોગો સ્પર્શી શકતા નથી પરંતુ સંસારના સર્વભાવોના સ્પર્શ વગરની અરૂપી ચેતના સાથે એકતા થવા માંડે છે. આ પ્રકારની એકતા થવાથી અત્યાર સુધી સંસારનાં દુઃખો જીવને રંજાડતાં હતાં તે સર્વ અલખની ધૂનને કારણે દૂર થાય છે માટે અલખની ધૂન અપગત દુઃખવાળી કહેવાય છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**હવે, આ અલખની ધૂનથી શું પ્રાપ્ત થાય છે તે આગળ ગાથા-૪માં કહે છે –**

**ગાથા :-**

**અપૂર્વકરણ ગુણસ્થાનક સુખકર, શ્રેણી ક્ષપક મંડવાઈ,**
**વેદ તીનોકા છેદ કરાકર, ક્ષીણમોહી બનવાઈ**
**જીવન મુક્તિ દિલાઈ. સખીરી. ૪**

**ગાથાર્થ :-**

**સુખને કરનાર એવું 'અપૂર્વકરણ ગુણસ્થાનક' આપીને ક્ષપકશ્રેણી મંડવાઈ એટલે ભગવાને ક્ષપકશ્રેણી મંડવાઈ. ત્રણવેદનો છેદ કરાવીને ક્ષીણમોહી બનવાઈ=ક્ષીણમોહવાળા બનાવ્યા. જે જીવનમુક્તિદશા ભગવાને આપી. ॥૪॥**

**ભાવાર્થ :-**

ભગવાન પાસેથી જેને 'અલખની ધૂન' પ્રાપ્ત થાય છે તેને વીર્યનો પ્રકર્ષ થાય તો ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે અપૂર્વકરણગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે અને જીવને વિડંબના કરનાર પુરુષવેદ વગેરે ત્રણ વેદનો છેદ કરે છે. જેથી તે આત્મા ક્ષીણમોહી બને છે. જીવ જ્યારે ક્ષીણમોહી બને છે ત્યારે તેને દેહધારી અવસ્થામાં જ મુક્તિની અવસ્થાતુલ્ય નિર્લેપ અવસ્થાની પ્રાપ્તિ થાય છે. તેથી ભગવાને ક્ષીણમોહી બનાવી જીવનમુક્તિ અવસ્થા આપી. આ સર્વ ભગવાને અલખની ધૂન પ્રગટ કરાવી જીવને પ્રાપ્ત કરાવ્યું.

અહીં સ્તવનકાર બધું પામ્યા પછી કહે છે - "જીવન-મુક્તિ અવસ્થા અપાવી;" કેમ કે સમ્યગ્દર્શનથી માંડી મોક્ષ સુધીની બધી અવસ્થા ભગવાન આપતા હોવાથી ભગવાને અપાવ્યું એમ કહેવાય છે. ॥૪॥

**અવતરણિકા :-**

**હવે, સ્તવનકારશ્રી અંતમાં આ ભગવાન કેવા છે તે કહે છે –**

**ગાથા :-**

**ભક્ત વત્સલ પ્રભુ કરુણાસાગર, ચરણ શરણ સુખદાઈ,**
**જશ કહે ધ્યાન પ્રભુકા ધ્યાવત, અજર અમર પદ પાઈ,**
**દ્વંદ્વ સકલ મિટ જાઈ. સખીરી. ૫**

**ગાથાર્થ :-**

**ભક્ત પ્રત્યે વત્સલ એવા ભગવાન કરુણાના સાગર છે અને શરણે આવેલાને માટે શરણરૂપ સુખ દેનાર છે. એમ 'જસ' કહે છે : પ્રભુના ધ્યાનને ધ્યાનારો અજરામર પદને પામે છે ત્યારે બધા 'દ્વંદ્વ' મટી જાય છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

જેઓને ભગવાન પ્રત્યે ભક્તિ છે તેના પ્રત્યે ભગવાન વાત્સલ્યવાળા છે; કેમ કે જેમ જેમ ભગવાન પ્રત્યે ભક્તિ વધે છે તેમ તેમ જીવને ભગવાનનું વચન સમ્યક્ પરિણમન પામે છે અને સમ્યક્ પરિણમન પામેલ ભગવાનનું વચન તેના કલ્યાણને કરનારું છે. તેથી ભક્ત પ્રત્યે વાત્સલ્યવાળા પ્રભુ જગતના જીવોને હિત કરનાર એવી કરુણાના સાગર છે. જેઓ સંસારના પાપથી આકુળ થઈને ભગવાનના ચરણમાં શરણું સ્વીકારે છે તેઓને ભગવાન શરણું આપી સુખ આપનાર થાય છે. આથી જ ભગવાનને શરણે ગયેલા જીવો કર્મથી વિડંબના પામ્યા વિના સુખપૂર્વક સંસારસમુદ્રને તરી જાય છે. વળી, યશોવિજયજી મ. સા. કહે છે કે જેઓ ભગવાનનું ધ્યાન ધરે છે તેઓ ભગવાનના ધ્યાનથી અવશ્ય અજરામરપદને પામે છે. એટલે જ્યાં જરા=વૃદ્ધાવસ્થા નથી, જ્યાં મૃત્યુ નથી એવા મોક્ષપદને પામે છે. તે વખતે સંસારમાં જે સુખ-દુઃખ, રતિ-

અરતિ, હર્ષ-શોક, ગમો-અણગમો વગેરે દ્વંદ્વ વર્તતાં હતાં તે સર્વ મટી જાય છે અને સંપૂર્ણ દ્વંદ્વ વગરની આત્માની સુખાકારી અવસ્થા પ્રગટ થાય છે. આ દ્વંદ્વ અવસ્થા સંસારમાં જ છે; કેમ કે સંસારી જીવ કર્મસહિત હોવાથી તેને બંને અવસ્થા પ્રાપ્ત થાય છે. મોક્ષમાં સંપૂર્ણ નિર્દ્વંદ્વ અવસ્થા છે; કેમ કે ત્યાં સુખ-દુઃખ વગેરે ધ્વંધ કરનાર કર્મ જ નથી. **॥૫॥**

**ઉપસંહાર :-**

ભગવાનને જોઈને સ્તવનકારશ્રીને ભગવાનના સ્વરૂપનો કાંઈક બોધ થવાથી ભગવાન પ્રત્યે રુચિ થઈ એ પ્રકારનું સમ્યગ્દર્શન ગાથા-૧માં બતાવેલ છે. ભગવાન પ્રત્યે રુચિ થવાથી ભગવાનના વચનને જાણવાની ઉત્કટ જિજ્ઞાસા થઈ તેથી સ્તવનકારને ભગવાનનાં શાસ્ત્રોનો બોધ થયો જેનાથી મિથ્યાદૃષ્ટિ ગઈ અને સમ્યગ્જ્ઞાનની પ્રભા પ્રગટી, જે ગાથા-૨માં બતાવેલ છે. હવે, તે સમ્યગ્જ્ઞાનની પ્રભામાં સાધ્ય એવા મોક્ષના સ્વરૂપનો બોધ થયો અને તેનું સાધન ચારિત્ર ધર્મ છે તેવો બોધ થયો તે બતાવ્યું. તે ચારિત્ર કેવા સ્વરૂપવાળું છે તે ગાથા-૩માં બતાવ્યું અને ચારિત્રમાં તન્મય થયેલા યોગીને અલખ એવા આત્માની ધૂન લાગે છે જેનાથી સદ્વીર્ય ઉલ્લસિત થાય છે ત્યારે તે યોગી મહાપથ પર પ્રયાણ કરે છે જે ક્ષપકશ્રેણી રૂપ છે તેનું સ્વરૂપ ગાથા-૪માં બતાવ્યું. અને અંતે ભગવાનના ધ્યાનથી કઈ રીતે મોક્ષ પ્રાપ્ત થાય છે તે ગાથા-૫માં બતાવેલ છે.

આ રીતે પૂ. યશોવિજયજી મ. સા.એ પાંચ કડીના આ નાના સ્તવનમાં પણ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષપ્રાપ્તિ સુધીનો આખો મોક્ષમાર્ગ બતાવી દીધો છે.

હેતુ-ગર્ભ પૂરી હુઆ રે,

પહોતા મનના કોડ, વૈરાગ-બલ જીતીયું રે.

દલિય તે દુર્જન દેખતાં રે,

વિઘ્નની કોડાકોડ; વૈરાગ-બલ જીતીયું રે.

તુ ગર્ભ=પ્રતિક્રમણના હેતુનું વર્ણન છે ગર્ભમાં જેની તેવી, સજ્ઝાય પૂરી થઈ. પહોતા મનના કોડ=પ્રતિક્રમણ કરનાર મહાત્માના મનના કોડ ઉલ્લસિત થયા તેથી વૈરાગ્યબળ જીત્યું. તે દુર્જનને દેખતાં=પ્રતિક્રમણની પ્રવૃત્તિમાં પ્રમાદ કરાવે તેવા દુર્જનને દેખતાં, વિઘ્નની કોડાકોડ દલીયે=પ્રતિક્રમણમાં પ્રમાદને કરાવનાર કોડાકોડ વિઘ્નને દૂર કરીને વૈરાગ્ય બલ=વૈરાગ્યસૈન્ય જીત્યું.


: પ્રકાશક :

ગીતાર્થ ગંગા



શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦

E-mail : gitarthganga@yahoo.co.in